★ ૭૮૬/૯૨ ★

અહલે સુન્નત કા હૈ બેડા પાર, અસ્હાબે હુઝૂર,
નજમ હૈં, ઔર નાવ હૈ ઈત્રત રસૂલુલ્લાહ કી.

# શીઆ ફિર્કા નો ઈતિહાસ અને અકીદાઓ

⊡ હસ્બે ફરમાઈશ ⊡

ફખ્રે સાદાતે ગુજરાત, ખલીફ-એ-તાજુશ્શરીયહ

**હઝરત અલ્લામા સૈયદ સલીમબાપૂ**

બેડી (જામનગર)


⊡ લેખક ⊡

ખલીફ-એ-મુફતી આઝમે હિન્દ, મુનાઝિરે એહલે સુન્નત,

**અલ્લામા અબ્દુસ્સતાર હમદાની 'મસ્રૂફ'**

(બરકાતી-નૂરી) પોરબંદર



પ્રકાશક

**મરકઝે એહલે સુન્નત બરકાતે રઝા**

ઈમામ અહમદ રઝા રોડ, પોરબંદર (ગુજરાત) મો. ૯૮૭૯૩૦૩૫૫૭





સર્વે હક પ્રકાશકને આધિન

(Subject to Porbandar Jurisdiction)



| | |
|---|---|
| કિતાબનું નામ | : **શીઆ ફિર્કાનો ઈતિહાસ અને અકીદાઓ** |
| કૌના આદેશ થી લખી | : કાઝીએ-ગુજરાત, હઝરત સૈયદ સલીમબાપૂ બેડી (જામનગર) |
| લેખક | : ખલીફ-એ-મુફતી આઝમે હિન્દ, મુનાઝિરે એહલે સુન્નત, **અલ્લામા અબ્દુસ્સતાર હમદાણી 'મસ્રૂફ'** (બરકાતી-નૂરી) |
| કંપોઝીંગ-ડીઝાઈનીંગ | : શાહિદરઝા યુસુફખાન શેરવાની-પોરબંદર (બી. એસ. ગ્રાફીકસ - પોરબંદર) |
| પ્રુફ રિડીંગ | : હાજી શબ્બીર અબ્દુલ સત્તાર હામદાણી |
| પ્રકાશન માસ/વર્ષ | : ફેબ્રુઆરી - ઈ. સ. ૨૦૨૦ |
| આવૃતિ | : પ્રથમ |
| પ્રત | : ૩૦૦૦ (ત્રણ હજાર) |

⊡ **હદીયો :- ૧૫૦/- (એકસો પચાસ રૂપિયા)**

**-: પ્રાપ્તિ સ્થાનો :-**

1) **KALIM BOOK DEPOT** - NEAR ALIF MASJID - **AHMEDABAD.**
2) **DARUL ULOOM GAUSE AZAM** - IMAM AHMED RAZA ROAD, **PORBANDAR.**
3) **MAKTABA-E-RAZA.** - DONGRI, BOMBAY.
4) **NEW SILVER BOOK DEPOT.**- MOHAMMAD ALI ROAD, **BOMBAY.**
5) **NOORI ENTERPRISE** - Opp. Dr. VIYAS HOSPITAL, **ANAND-GUJARAT.**

# ''અનુક્રમિકા''


| નં. | વિષય | પેઈજ |
|---|---|---|
| ૧ | અર્પણ | 02 |
| ૨ | અભિપ્રાય :- કાઝી-એ-ગુજરાત હઝરત સૈયદ સલીમબાપુ | 03 |
| ૩ | પ્રસ્તાવના | 06 |
| ૪ | ઈસ્લામની વિરૂધ્ધ યહૂદી ષડયંત્ર એટલે શીઆ ફિર્કો | 11 |
| ૫ | હુઝૂરે અકદસનું (૧૦)વર્ષ મદની જીવન અને તે દરમિયાનની ઘટનાઓ | 13 |
| ૬ | સન હિજરી :- ૧, ૨, ૩ અને ૪, ની ઘટનાઓ | 14 |
| ૭ | સન હિજરી :- ૫, ૬, ૭ અને ૮, ની ઘટનાઓ | 15 |
| ૮ | સન હિજરી :- ૯ (નવ)ની ઘટનાઓ | 16 |
| ૯ | સન હિજરી :- ૧૦ અને ૧૧ ની ઘટનાઓ | 18 |
| ૧૦ | ઈસાઈઓ દ્વારા ઈસ્લામ ઉપર ત્રીજા ભયંકર આક્રમણની તૈયારી | 19 |
| ૧૧ | હુઝૂરે અકદસની દુઆ લેવા હઝરત ઉસામા પડાવ થી મદીના પરત | 19 |
| ૧૨ | હઝરત સિદ્દિકે અકબર પ્રથમ ખલીફા તરીકે નિયુકત થયા. | 20 |
| ૧૩ | ઈસ્લામના પ્રથમ ચાર (૪) ખલીફઓના શાસન કાળની વિગત | 22 |
| ૧૪ | હઝરત સિદ્દીકે ખિલાફતની ધૂરા સંભાળતાં જ ફિત્નાઓની આંધી | 23 |
| ૧૫ | હઝરત સિદ્દિકના શાસન કાળની મહત્વની ઘટનાઓ | 24 |
| ૧૬ | હઝરત સિદ્દિકે અકબરને ઝેર આપવામાં આવતાં ઈન્તેકાલ થયો | 25 |
| ૧૭ | ખિલાફતે હઝરત ફારૂકે આઝમ | 27 |
| ૧૮ | હઝરત અલી શૈરે ખુદાનો અભિપ્રાય | 27 |
| ૧૯ | ફઝીલતે ફારૂકે આઝમ - બ ઝુબાને મૌલા અલી | 28 |





| નં. | વિષય | પેઈજ |
|---|---|---|
| ૨૦ | હઝરત ઉમરનો લકબ 'ફારૂક' શા માટે પડયો ? | 28 |
| ૨૧ | હઝરત ઉમર ફારૂકના શાસન કાળની મહત્વની ઘટનાઓ | 29 |
| ૨૨ | હઝરત ઉમર ફારૂકની અન્ય વિશિષ્ટતાઓ | 32 |
| ૨૩ | હઝરત ઉમર ફારૂકની ફઝીલત-હદીષો દ્વારા | 33 |
| ૨૪ | હઝરત ઉમર ફારૂકની શહાદત | 34 |
| ૨૫ | હઝરત ઉમરની શહાદત ની ઘટના સંક્ષિપ્ત માં | 35 |
| ૨૬ | અશર-એ-મુબશ્શેરાની પ્રમાણિત નામાવલી | 37 |
| ૨૭ | ઈસ્લામના પહેલા અને બીજા ખલીફા ની નિમણુંક | 38 |
| ૨૮ | ત્રીજા ખલીફાની નિમણુંકના મામલા અંગે હઝરત ઉમરની દૂરંદેશી | 39 |
| ૨૯ | ત્રીજા ખલીફા ચુંટી કાઢવાની સભાનું આયોજન | 40 |
| ૩૦ | હ. અબ્દુર્રહમાન બિન ઔફ નું સ્પર્ધા માંથી ખસી જઈ નિર્ણાયક બનવું. | 41 |
| ૩૧ | સૌ પ્રથમ હઝરત અલીને ઓફર અને આપનું સવિનય અસ્વીકાર કરવું | 41 |
| ૩૨ | વિવાદનું મૂળ અને જૂના ઝખ્મો ફરી તાજા થયા. ફિત્નાઓનો આરંભ | 43 |
| ૩૩ | યહૂદીઓ અને ઈસાઈઓની શત્રુતાની એરણ | 44 |
| ૩૪ | કાયર યહૂદીઓ દ્વારા ખટપટો અને ફિત્નાઓની વણથંભી વણઝાર | 48 |
| ૩૫ | શીઆ ફિર્કાના સ્થાપક અબ્દુલ્લાહ બિન સબા યહૂદીની ગુપ્ત પ્રવૃતિઓ | 49 |
| ૩૬ | ખાનદાને બની હાશિમ અને ઉમય્યાનો વિવાદ ફરી શરૂ થયો | 50 |
| ૩૭ | ખિલાફતે ઉસ્માની ની ધાક ઓસરી અને વહીવટી પકડ ઢીલી પડી | 51 |
| ૩૮ | ઈજીપ્તના હાકિમની નફફટાઈ-અબ્દુલ્લાહ બિન સબાની પ્રપંચી જાળ | 52 |
| ૩૯ | ઈજીપ્તના હાકિમને પદભ્રષ્ટ કરવાની માંગણી | 55 |

| નં. | વિષય | પેઈજ |
|---|---|---|
| ૪૦ | ગર્વનરની બરતરફીનો ઓર્ડર બજાવવા જનારને મારી નાખવાનું કાવત્રું | 57 |
| ૪૧ | ઊંટડી સ્વાર હબશી ગુલામની જડતી-હઝરત ઉસ્માનનો પત્ર મળ્યો | 58 |
| ૪૨ | વિસ્ફોટક પરિસ્થિતીનું નિર્માણ અને હઝરત ઉસ્માનની શહાદત | 60 |
| ૪૩ | ફિત્નાઓનો દ્વારા ખુલ્યો નહીં બલ્કે તૂટી ગયો, જે કદી બંધ નહીં થાય | 62 |
| ૪૪ | હઝરત ઉમર પછી ફિત્નાઓનો દ્વાર તૂટી જવા અંગેની હદીષ | 63 |
| ૪૫ | ફિત્નાનું આરંભ - ત્રીજા ખલીફા ચુંટી કાઢવામાં સભાસદોની ઉગ્ર ચર્ચા | 68 |
| ૪૬ | હઝરત ઉસ્માનની શહાદત પછીની પદુષિત પરિસ્થિતી | 70 |
| ૪૭ | ચોથા ખલીફા તરીકે હઝરત અલીની વરણી અને ફિત્નાઓ શરૂ થયા | 71 |
| ૪૮ | હઝરત અલીનો ખિલાફત કાળ અનેક વિટંબણાઓ થી ભરપૂર | 72 |
| ૪૯ | હઝરત ઉસ્માનના હત્યારાઓ 'લશ્કરે-હયદરી'માં ભરતી થઈ ગયા | 73 |
| ૫૦ | હઝરત ઝુબૈર અને તલ્હાનું હઝરત અલીની બયઅત કરવું | 74 |
| ૫૧ | શીઆ ફિર્કાની પ્રવૃતિઓ વેગવંતી બનાવવા ઈબ્ને સબા યહૂદીના... | 75 |
| ૫૨ | 'જંગે-જમલ' પૂર્વ ભૂમિકા અને સંક્ષિપ્ત વર્ણન | 81 |
| ૫૩ | ઈબ્ને સબા યહૂદીની યોજનાનું ફળીભૂત થવું-સમયની બલિહારી | 83 |
| ૫૪ | મુનાફિકોનું ભયંકર કાવત્રું અને યુધ્ધની અગ્નિના લબકારા | 87 |
| ૫૫ | 'જગે-જમલ' અનુસંધાને મહત્વની બાબતો | 90 |
| ૫૬ | વિટંબણાઓથી વ્યસ્થ અને વ્યથીત હઝરત અલીનું જીવન | 92 |
| ૫૭ | ખારજીઓએ હઝરત અલી સહીત ત્રણ હસ્તીઓની હત્યાનું કાવત્રું ઘટયું | 94 |
| ૫૮ | હઝરત અલીની શહાદત | 95 |
| ૫૯ | ઈબ્ને સબા યહૂદી દ્વારા શીઆ ફિર્કાનું વિસ્તરણ અને પ્રસાર... | 96 |





| નં. | વિષય | પેઈજ |
|---|---|---|
| ૬૦ | શીઆ ફિર્કાનો આરંભ લશ્કરે હયદરીમાં કરવામાં આવ્યો | 97 |
| ૬૧ | શીઆ ફિર્કાની જન્મકૂંડળી અને જનન પ્રક્રિયા પછીની સ્થિતિ | 100 |
| ૬૨ | શીઆ ફિર્કાના અનેક અને વિવિધ પેટા-ફિર્કાઓ | 105 |
| ૬૩ | ગુલાત શીઆના કુલ ચોવીસ (૨૪) પેટા ફિર્કાઓની વિગત | 106 |
| ૬૪ | તબર્રાઈ શીઆ ફિર્કાના કુલ પચાસ (૫૦) પેટા ફિર્કાઓની વિગત | 114 |
| ૬૫ | વર્તમાન યુગના મોટા ભાગના શીઆ તબર્રાઈ શીઆ ફિર્કાના છે | 116 |
| ૬૬ | શીઆ ફિર્કાના ઝડપી વિસ્તરણના મહત્વના મુખ્ય ચાર(૪) કારણો | 119 |
| ૬૭ | નં.૧ :- એહલે બૈયત અને હઝરતે અલી ની ફઝીલત નું વર્ણન | 120 |
| ૬૮ | નં.૨ :- સહાબાએ કિરામને અજ્ઞાન, દગાખોર વગેરે પુરવાર કરવા | 123 |
| ૬૯ | નં.૩ :- સહાબાએ હઝરત અલી અને એહલે બૈયત ઉપર કરેલા .... | 125 |
| ૭૦ | નં.૪:- શીઆ બનવાના ફાયદા-શરીઅતનું બંધન નહીં... | 129 |
| ૭૧ | શીઆ ફિર્કાના પ્રચાર માધ્યમના મુખ્ય ચાર(૪) મુદ્દાઓની છણાવટ | 131 |
| ૭૨ | મુદ્દા-૧ :- એહલે બૈયતની ફઝીલત અનુ. શીઆ ફિર્કાની કિતાબો... | 134 |
| ૭૩ | મુદ્દા-૨:- સહાબા-એ-કિરામની વિરૂધ્ધ પ્રચાર અને ખોટા આક્ષેપો... | 140 |
| ૭૪ | આક્ષેપ-૧ :- હઝરત અબૂબકર અને ઉમર જંગ માંથી ભાગી ગયા | 141 |
| ૭૫ | આક્ષેપ-૨:- હઝરત અલી વિરોધી મહાન સહાબાનું લીસ્ટ | 142 |
| ૭૬ | આક્ષેપ-૩:- નમાઝની ઈમામત કરવા હઝરત ઝુબૈર અને તલ્હા... | 143 |
| ૭૭ | આક્ષેપ-૪:- સહાબાની વિરૂધ્ધ વંશીય અને વ્યકિતગત આરોપો... | 143 |
| ૭૮ | આક્ષેપ-૫:- હઝરત ઉસ્માનની શહાદત માટે લોકોને હઝરત આઈશા.. | 144 |
| ૭૯ | આક્ષેપ-૬:- હઝરત ઉસ્માનની લાશ ત્રણ દિવસ સુધી દફન કર્યા.... | 145 |

| નં. | વિષય | પેઈજ |
|---|---|---|
| ૮૦ | આક્ષેપ-૭:- હઝરત અમીર મુઆવિયાએ હઝરત આઈશાની હત્યા... | 146 |
| ૮૧ | શીઆ લેખકોની પોકળતા નો ઘટસ્ફોટ | 159 |
| ૮૨ | આક્ષેપ-૮:-હઝરત ઉમરની પુત્રી હઝરત હફસાને હુઝૂરે અકદસે તલાક | 160 |
| ૮૩ | આક્ષેપ-૯:- હ. અબૂબકર અને ઉમર મૂર્તિપૂજક હતા. (મઆઝલ્લાહ) | 160 |
| ૮૪ | આક્ષેપ-૧૦:-હ. આઈશાએ કુરૈશી યુવાનોને ફસાવવા યુવતી ઉછેરેલી | 161 |
| ૮૫ | આક્ષેપ-૧૧:-ફરિશ્તાઓ દર વર્ષે હઝરત અબૂબકર અને ઉમરને ફાંસી | 162 |
| ૮૬ | આક્ષેપ-૧૨:- હઝરત ઉમર 'વલદુઝ-ઝના'એટલે કે અનૌરસ સંતાન | 162 |
| ૮૭ | આક્ષેપ-૧૩:-સહાબાએ કુરઆન શરીફમાં છેડછાડો અને ફેરફારો... | 163 |
| ૮૮ | મુદ્દા-૩ સહાબાએ કિરામ એહલે બૈયત અને હઝરત અલીના શત્રુ હતા... | 165 |
| ૮૯ | શીઆ ફિર્કાનો સહાબા એ કિરામ ઉપર જબરો પ્રહાર | 166 |
| ૯૦ | બાગે ફિદકના પ્રંસગની વાસ્તવિક છણાવટ | 167 |
| ૯૧ | હુઝૂરે અકદસની ઔલાદ અને અઝવાજ (પૂનિત પત્નિઓ)નું લીસ્ટ | 169 |
| ૯૨ | સ્થાવર મિલ્કતોની આવકનો હુઝૂર અકદસ દ્વારા સખાવતી કાર્યો... | 170 |
| ૯૩ | હુઝૂરે અકદસની સ્થાવર મિલ્કતોના ટ્રસ્ટી હઝરત અબૂબકર બન્યા | 173 |
| ૯૪ | હઝરત ફાતેમાને નારાજ કરવાનો હઝરત અબૂબકર ઉપર આક્ષેપ | 176 |
| ૯૫ | નબીની મિલ્કતોનો વારસો વહેંચણી નહી થાય તે અંગેની હદીષ | 179 |
| ૯૬ | ઉપરોકત હદીષને અનૂસરી નબીના વારસાની વહેંચણીનો ઈન્કાર | 181 |
| ૯૭ | હુઝૂરે અકદસના વંશીય વારસદારો અને વારસમાં તેઓની ટકાવારી | 185 |
| ૯૮ | હઝરત અબૂબકર પછી વર્ણનીય મિલ્કતો હઝરત ઉમરના નિયંત્રણ... | 187 |
| ૯૯ | હઝરત ઉમરે તે મિલ્કતોનુ વહીવટ હઝરત અલી અને અબ્બાસને સોંપી | 191 |





| નં. | વિષય | પેઈજ |
|---|---|---|
| ૧૦૦ | હઝરત અલી પછી બાગે ફિદકની મિલ્કતનું શું થયું ? | 192 |
| ૧૦૧ | બાગે ફિદક તથા અન્ય મિલ્કતોની વહીવટી તબદીલીઓ ની વિગત | 193 |
| ૧૦૨ | શીઆ ફિર્કાના ગાલ ઉપર તમતમતો તમાચો | 197 |
| ૧૦૩ | સહાબા-એ-કિરામ ઉપર શીઆ ફિર્કાના અન્ય ત્રણ (૩) આક્ષેપો | 198 |
| ૧૦૪ | મુદ્દા-૪:- શીઆ બની જવામાં લાભમલાભ-આનંદ પ્રમોદની છૂટછાટ | 199 |
| ૧૦૫ | શીઆ ફિર્કાના ભ્રષ્ટ અકીદાઓ અને માન્યતાઓ | 201 |
| ૧૦૬ | અકીદો-૧:- શીઆ લોકો જન્નતમાં ભવ્ય શાન થી જશે | 201 |
| ૧૦૭ | અકીદો-૨:- જહન્નમની આગ શીઆ ને નહીં સ્પર્શે | 201 |
| ૧૦૮ | અકીદો-૩:- હઝરત અલીની મહોબ્બત રાખનાર યહૂદી, ઈસાઈ, હિન્દુ | 201 |
| ૧૦૯ | અકીદો-૪:-સહાબાને ગાળો આપવી અલ્લાહના ઝિક્રથી અફઝલ છે | 201 |
| ૧૧૦ | અકીદો-૫:- દરેક નમાઝ પછી સહાબા ઉપર લઅનત કરવી વાજિબ... | 202 |
| ૧૧૧ | અકીદો-૬:- હઝરત ઉમર ઉપર લઅનત કરવી કુરઆનની તિલાવત... | 202 |
| ૧૧૨ | અકીદો-૭:- પાપ અને પૂણયના ફરિશ્તાઓ શીઆ લોકોને નજાત આપે | 202 |
| ૧૧૩ | અકીદો-૮:- ગમે તેવા ગુનાહ હોય, ઈમામિયા શીઆને અઝાબ નહી... | 202 |
| ૧૧૪ | અકીદો-૯:- શીઆ માટે કયામતમાં અમલોની સજા નથી | 203 |
| ૧૧૫ | અકીદો-૧૦:- ગમે તેવા ગુનાહગાર શીઆને કબ્રમાં અઝાબ ના બદલે... | 203 |
| ૧૧૬ | અકીદો-૧૧:- એહલે સુન્નતના લોકો યહૂદી અને ઈસાઈથી વધુ નાપાક | 203 |
| ૧૧૭ | શીઆ રાફઝી માટે શરીઅતના હુકમો | 205 |
| ૧૧૮ | હદીષ : આખરી ઝમાનામાં રાફઝી કૌમ જાહેર થશે, જે ઈસ્લામના..... | 206 |
| ૧૧૯ | હદીષ: અંતિમ યુગના લોકો અગાઉના લોકોને બુરૂં ભલું કહેશે. | 207 |

| નં. | વિષય | પેઈજ |
|---|---|---|
| ૧૨૦ | હઝરત અબુબકર સિદ્દીકની અને હઝરત ઉમરની ખિલાફતનો ..... | 208 |
| ૧૨૧ | શૈખેનને ગાળો આપનારો કાફિર છે અને તેનો કત્લ જરૂરી છે. | 209 |
| ૧૨૨ | શૈખેનને ગાળ આપનાર અને લઅનત કરનાર કાફિર છે. તેની તૌબા... | 210 |
| ૧૨૩ | શૈખેનને લઅન-તઅન કરનાર કાફિર છે તેની તૌબા સ્વીકારવા... | 210 |
| ૧૨૪ | ઈમામોને અંબિયા થી અફઝલ અને કુરઆનમાં હસ્તક્ષેપ માનનારો... | 211 |
| ૧૨૫ | વલીને મરતબામાં નબી થી અફઝલ અને વધીને કહેનારો કાફિર છે | 212 |
| ૧૨૬ | ઔલિયા-એ-ઈઝામથી અંબિયા-એ-કિરામ અફઝલ છે | 214 |
| ૧૨૭ | કોઈપણ ગૈર નબી ને ફકત એક નબી થી અફઝલ કહેવું,, તમામ નબી.. | 214 |
| ૧૨૮ | વલીને નબી થી અફઝલ કહેવામાં નબીનું અનાદર અને તુચ્છકાર છે | 215 |
| ૧૨૯ | નબી દરેક વલી થી અફઝલ છે. તે પુરવારિત છે. તેની વિરૃધ્ધ... | 216 |
| ૧૩૦ | કુરઆન શરીફના એક અક્ષર નો ઈન્કાર કરનારો કાફિર છે | 217 |
| ૧૩૧ | રાફઝીઓ (શીયાઓ) વિષે આલા હઝરત ઈમામ અહમદ રઝાનો ફત્વો | 218 |
| ૧૩૨ | ફતાવા શામી ના લેખક અલ્લામા શાનીનો ફાઈનલ-જજમેન્ટ | 221 |
| ૧૩૩ | હવાલામાં રજૂ કરેલી કિતાબોની સૂચિ | 223 |


## "ચારોં યકજાન-યકદિલ"

**તેરે ચારોં હમદમ હૈં, યકજાન-યકદિલ,**
**અબૂબક્રો ફારૂક ઉસ્માન અલી હૈ.**

(અઝ :- હઝરત 'રઝા' બરેલ્વી)



# "અર્પણ"

મારા આકાએ નેઅમત, મુર્શિદે ઈજાઝત, હાદી અને રહેબર, પ્યારા પીરો મુર્શિદ, તાજદારે એહલે સુન્નત, શહેઝાદ-એ-આ'લા **હઝરત, મુફતી આઝમે આલમ, હઝરત અલ્લામા મુસ્તફા રઝાખાં** (રદીઅલ્લાહો તઆલા અન્હો) કે જેમની એક નિગાહે લુત્ફો-ઈનાયતે મને બદ મઝહબ અને બદ-અકીદા બનતો બચાવીને ઈમાન ની અનમોલ દૌલત અર્પણ ફરમાવી છે.

તેઓની બારગાહમાં મારી આ કૃતિ ખિરાજે અકીદત સ્વરૂપે અર્પણ કરતાં આનંદની લાગણી અનુભવું છું.

અલ્લાહ તઆલા તેઓની મુકદ્દસ આરામગાહ ઉપર રહેમતોના પુષ્પોની વર્ષા સતત નાઝિલ ફરમાવી તેઓના દરજાત અતિ બુલંદ ફરમાવી તેઓના ફૈઝ થી સર્વે સુન્નીને નવાઝે.

આમીન.

પોરબંદર
તા. ૧૪, રબ્બીઉલ નૂર
સ.હિ. ૧૪૪૧
પ્રમાણે : ૧૨-૧૧-૨૦૧૯
બુધવાર

:: દુઆગો ::
**અબ્દુસ્સત્તાર હમદાની**
'મસ્રૂફ' (બરકાતી-નૂરી)

ફખ્રે સાદાતે ગુજરાત, કાઝી-એ-ગુજરાત, ખલીફ એ તાજુશ્શરીયાહ, આલિમે જલીલ, મુજાહિદે એહલે સુન્નત, વાઈઝે શોઅલા બયાં, ખતીબે શીરીં લિસાં, **હઝરત અલ્લામા સૈયદ સલીમબાપૂ કિબ્લા** બેડી-જામનગરનો

# ''અભિપ્રાય''

'મુનાઝિરે એહલે સુન્નત, **ખલીફ-એ-મુફ્તી આઝમે હિન્દ**, સાહિબે તસાનિફે કષીરા, માહિરે રઝવીયાત, **અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાની 'મસ્રૂફ'** (બરકાતી-નૂરી)ની કિતાબ **'શીઆ ફિર્કાનો ઈતિહાસ અને અકીદાઓ'** ના નિરક્ષણનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. જે ટૂંક સમયમાં પ્રકાશન પામશે. આ કિતાબ શીઆ ફિર્કાના અકીદાઓ અને આચરણના ખંડનમાં છે.

**અલ્લામા હમદાની સાહેબ**ના કલમને **અલ્લાહ તઆલા** એ **હુઝૂર સરકાર ગૌષે આઝમ દસ્તગીર, હુઝૂર સૈયદના શાહ સરકાર આલે રસૂલ મારેહરવી અને હુઝૂર સરકારે આલા હઝરત** (રદીઅલ્લાહો અન્હુમ)ની નિગાહી કરમના સદકામાં **'કિલ્કે રઝા'** ની બરકતોથી એવી ચમક-દમક અને ધારદાર તીક્ષ્ણતા અર્પણ કરી છે કે હામદાણી સાહેબની કલમ બાતિલ ફિર્કાઓના માથે હકનો પ્રહાર અને એહલે ઈમાન લોકોના ઈમાનની સુરક્ષાની સાચી સેવા બજાવનારો રક્ષક છે.

**અલ્લામા હમદાની** બાતિલ ફિર્કાના ખંડન, નિકંદન અને સફાયામાં **'કિલ્કે રઝા'**નો પરચો દેખાડનાર પાણીદાર શમશીર બની ને બાતિલોના હાહાકાર મચાવી દે છે, પછી તે બાતિલ ફિર્કો દેવબંદી હોય, કે ગૈર મુલ્લિદ એહલે હદીષ હોય, કાદિયાની હોય, સુલેહ કુલ્લી હોય કે પછી શીઆ હોય. બધાને ગાજર-મૂળાની જેમ વાઢી નાખે છે.

ઈસ્લામમાં જન્મનારો સૌથી પ્રાચીન ફિર્કો એટલે કે શીઆ ફિર્કાએ ફરી એક વખત માથું ઉંચકીને **'શીયઅત'** અને **'રાફઝીયત'**ના ગુમરાહ કરનારા બાતિલ અકીદાઓને મિલ્લતે ઈસ્લામીયામાં વ્યાપક સ્વરૂપે પ્રચલિત કરવાની ઝુંબેશ અને



ચળવળ આરંભી છે. **હુબ્બે એહલે બૈયત** ના સોહામણા ઓઠા હેઠળ મુસ્લિમ જનસમુદાય પૈકીના ભોળા અને અજ્ઞાન સુન્ની મુસ્લિમોને અને ખાસ કરીને દરગાહોના ગાદીનશીંનો અને મુજાવરો પૈકીના બે-ઈલ્મોને **હઝરત અલી** અને **સાદાતે કિરામ** ની મહોબ્બતના ગુણગાન દ્વારા આંજી નાખીને પ્રભાવિત કરી દઈને, એહલે સુન્નતના સત્યપંથની પ્રાચીન માન્યતાઓથી વિચલીત કરી દઈને તેઓને શીયઅતના ગંધાતા કીચડથી ખરડી નાખીને, તેને સહાબા-એ-કિરામ અને ઉમ્મહાતે મોઅમેનીનાની જનાબમાં ગુસ્તાખ અને બે-અદબ બનાવી દઈને, તેની આખેરત બરબાદ કરી નાખે છે.

શીઆ ફિર્કાના અકીદાઓ એટલી હદે ઈમાનને બરબાદ અને તબાહ કરનારા ભયંકર છે, કે તેના કારણે એક મુસ્લિમ ઈસ્લામ થી ખારિજ (બહાર) થઈ જાય છે. જેમ કે અલ્લાહ તઆલાની રૂહ હઝરત અલીના શરીરમાં હુલૂલ અને સરાયત કરી ચુકી છે એટલે પ્રવેશી ચુકી છે. (મઆઝલ્લાહ)

**હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે દુનિયાથી પર્દો ફરમાવ્યા બાદ આપની સ્થાયી મિલ્કત 'બાગે ફિદક'ની જમીન અનુસંધાને ઘણી જ ગેરસમજો ફેલાવીને હઝરત અબુબક્ર સિદ્દીક અને હઝરત ફારૂકે આઝમ રદીઅલ્લાહો અન્હુમાની શાનમાં ઘણી  જ ખતરનાક ગુસ્તાખીઓ કરે છે અને એવો આક્ષેપ કરે છે કે તેમણે હઝરત ફાતેમા રદીઅલ્લાહો અન્હાનો વારસાઈ હક મારીને જમીન હડપ કરી જઈને અન્યાય અને અત્યાચાર કર્યો છે.

આ બધી વિવાદાસ્પદ બાબતોનો સંતોષ પ્રદાન કરતો ખુલાસો અને શીઆ ફિર્કાના બાતિલ અને ગંદા અકીદાઓનો જડબાતોડ જવાબ આ કિતાબમાં આપવામાં આવ્યો છે. **અલ્લામા હમદાની** સાહેબે શીઆ ફિર્કાના બાતિલ અકીદાઓના ખંડનમાં આધારભૂત કિતાબોના હવાલાઓ અને ખૂદ શીઆ ફિર્કાની કિતાબોના હવાલાઓ પ્રસ્તુત કરી ને જે છણાવટ કરી છે, તેનું ધ્યાનપૂર્વક વાંચન કરવાથી શીઆ ફિર્કાના ષડયંત્ર અને પ્રપંચીજાળના ચક્રવ્યુહમાં ફસાવવાથી બચી શકાય તેમ છે.

વર્તમાન યુગમાં શીઆ ફિર્કાના ખંડનમાં જે કિતાબની અતિ બલ્કે અનિવાર્ય

આવશ્યકતા હતી, તેને અલ્લામા હામદાણીએ પુરી કરીને શીઆ ફિર્કાના અતિ વેગથી ધસમસતા પૂર (Flood) નેરોકવા એક મજબૂત બંધ (Dam) બાંધી આપ્યો છે.

બિરાદરે આ'લા હઝરત, ઉસ્તાદે ઝમન, હઝરત અલ્લામા હસન રઝા સાહેબ 'હસન' બરેલ્વી ફરમાવે છે કે :-

**'હસન' સુન્ની હૈ, ફિર ઉસ સે અફરાતો તફરીત કયૂં કર હો,**
**અદબ કે સાથ રહેતી હૈ રવિશ અરબાબે સુન્નત કી.**

નાચીઝ દુઆ કરે છે કે અલ્લાહ તઆલા તેના પ્યારા હબીબેપાક હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના સદકામાં **અલ્લામા હમદાની 'મસ્ફ'** સાહેબની આ કિતાબને તમામ વર્ગના મુસ્લિમોમાં મકબૂલ ફરમાવી આ કિતાબને મઝહબે એહલે સુન્નત અને મસ્લકે આ'લા હઝરતના પ્રચાર, પ્રસાર અને અડગતા માટે નિમિત બનાવી લેખકને અજ્રે અઝીમ અતા ફરમાવે. આમીન.

આમીન-યા રબ્બલ આલમીન-બજાહે હબીબેકલ-અકરમ-સય્યેદિલ મુરસેલીન અલૈહે અફઝલુસ્સલાતે-વત-તસ્લીમ.

ફકત દુઆગો. ખૈર અંદેશ.

અહકર :- **સૈયદ મુહમ્મદ સલીમ અહમદ કાદરી-બેડી (જામનગર)**
ખાદિમ :- સુન્ની બરેલ્વી દારૂલ કઝા. જામનગર (ગુજરાત)
તારીખ :- ૨૦, રબીઉન્નૂર-સન હિજરી :- ૧૪૪૧
પ્રમાણે :- ૧૭, નવેમ્બર ૨૦૧૯, રવીવાર.



# -: પ્રસ્તાવના :-

ઈસ્લામમાં પ્રગટય બાતિલ ફિર્કાઓ એટલે કે વિચલિત પંથોમાં સૌથી પ્રાચીન ફિર્કો એટલે કે શીઆ ફિર્કો. આ ફિર્કાનું અસ્તિત્વ એક પૂર્વયોજિત ષડયંત્ર હેઠળ થયું છે. યહૂદીઓની ઈસ્લામ પ્રત્યેની શત્રુતા કોઈ થી પણ છૂપી નથી. યહૂદીઓની ઈસ્લામ પ્રત્યેની દુશ્મની જગ જાહેર છે. જેની શાક્ષી કુરઆને મજીદની મુકદ્દસ આયતમાં એ પ્રમાણે છે કેઃ-

''لَتَجِدَنَّ أَشَدَّ النَّاسِ عَدَاوَةً لِلَّذِينَ آمَنُوا الْيَهُودَ وَالَّذِينَ أَشْرَكُوا.''

(قرآن شریف، پارہ:٦، سورة المائدہ،آیت نمبر: ٨٢)

ترجمہ:۔''ضرور تم مسلمانوں کا سب سے بڑھ کر دشمن یہودیوں اور مشرکوں کو پاؤ گے۔'' (کنزالایمان)

**:: ગુજરાતી અનુવાદ ::**

**'ચોકકસ તમો મુસલમાનોના સૌથી મોટા દુશ્મન યહૂદીઓ અને મુશરિકોને પામશો'**

ઈસ્લામની વિશ્વવ્યાપી પ્રગતિના કારણે યૂહદીઓ અતિ ચિંતાતુર હતા. ઈસ્લામના ધસમસતા પૂર ને રોકી શકવા માટે તેઓ અસમર્થ હતા. જેથી જ તેઓએ યોજના ઘડી કાઢી કે મુસ્લિમોની વચ્ચે વિખવાદ અને ધાર્મિક વિવાદ ઉત્પન્ન કરીને તેઓની ધાર્મિક માન્યતાઓને નબળી અને શંકાશીલ બનાવી દેવામાં આવે, જેથી તેઓની ધાર્મિક સ્પ્રીટ નષ્ટ પામે અને તેઓ ફકત નામના જ તથા નમાલા અને કાયર મુસલમાન બની જાય. આ ખતરનાક યોજનાની અમલવારીના ભાગરૂપે તેઓએ મુનાફિક સ્વરૂપે એટલે કે બનાવટી દેખાવ અને પાખંડ (Hypocritical) રૂપે પોતાના મુસલમાન હોવાનું જાહેર કર્યુ અને દંભ આચરીને મુસ્લિમ સમુદાયમાં ભળી જઈને ઈસ્લામને ડેમેજ કરવાની પ્રવૃતિઓઆદરી.

આ સમગ્ર પાખંડની જવાબદારી **અબ્દુલ્લાહ ઈબ્ને સબા નામના યહૂદીને** સોંપવામાં આવી. અબ્દુલ્લાહ ઈબ્ને સબા અત્યંત હોંશિયાર, ચબરાક, બુધ્ધિશાળી અને પાખંડ વ્યકિત હતો. તેણે ઈસ્લામ ધર્મ અંગિકાર કરવાનો ઢોંગ અને દંભ આચરીને મુસ્લિમ જનસમુદાયમાં આદરભર્યુ સ્થાન મેળવી લીધું. પોતાને ઈસ્લામ ધર્મના નિયમોનો ચુસ્ત પાબંદ હોવાનો દેખાવ કરવા લાગ્યો અને એક સાચા હમદર્દ તરીકે ઈસ્લામ પ્રત્યેની આસ્થા વ્યકત કરવા લાગ્યો. મુસ્લિમોની વચ્ચે રહીને ઈસ્લામની મૂળભુત માન્યતાઓ પ્રત્યે એવા પ્રશ્નાર્થ ઉપસ્થિત કરતો કે કોઈને શંકા જ

ન જાય કે આ ઈસ્લામનો શત્રુ ઈસ્લામના પાયા હચમચાવી નાખવા આવા સવાલો કરે છે. પરિણામે તેની વાકચાતુર્યની છટા અને વર્ણનશૈલીથી મુસ્લિમો પ્રભાવિત થઈને ઈસ્લામની પાયાની માન્યતાઓમાં શંકા-કુશંકા કરવા લાગ્યા. અબ્દુલ્લાહ બિન સબા એ પોતાની વાતોના સમર્થનમાં **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમથી સબંધિત અને સંકલિત (Attribute) ખોટી હદીષો ઘડી કાઢી અને મુસ્લિમો વચ્ચે પ્રચલિત કરી.

**અબ્દુલ્લાહ ઈબ્ને સબા** ઈસ્લામના ત્રીજા ખલીફા **હઝરત ઉસ્માન ગની** રદીઅલ્લાહો અન્હોની ખિલાફતના સમયકાળનાં અંત ભાગમાં પ્રકાશમાં આવ્યો અને નામચીન થયો. તેનો મુખ્ય ધ્યેય અને હેતૂ ઈસ્લામ ધર્મને નબળો પાડી ઈસ્લામની પ્રગતિને રૂંધી નાખવી હતો. શીઆ ફિર્કાના પ્રસારને વેગવંતો બનાવવા અને દરેક મુસ્લિમ તેનો સ્વીકાર કરી લે, તેવા આશયથી શીઆ ફિર્કાનો પાયાનો મૂળ મુદ્દો એહલે બૈયતની ફઝીલત, અઝમત અને મહત્વતા બતાવવામાં આવ્યો અને તેના અનૂસંધાને ઈમામતનો સિધ્ધાંત ઉપજાવી કાઢવામાં આવ્યો.

ઈબ્ને સબા યહૂદીએ **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનું મહત્વ ઘટાડવાના દુષ્ટ આશયથી 'ઈમામત અને ઈમામોનું માસૂમ હોવું' નો સિધ્ધાંત રજૂ કર્યો. માસૂમ એટલે કે જેને ગુનોહ લાગૂ જ ન પડે. ઈબ્ને સબા યહૂદીએ એક વાત એ પ્રચલિત કરી કે દરેક નબીનો એક 'વસી' (વહીવટદાર - Executor) હોય છે અને **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના **'વસી' અમીરૂલ મોઅમેનીન સૈયદના હઝરત અલી** રદીઅલ્લાહો અન્હો છે.

શીઆ મઝહબમાં ઈમામતના અકીદાને પાયાની હૈસિયત પ્રાપ્ત છે. બાકીના તમામ અકીદાઓ ઈમામતના આ અકીદાના રક્ષણ, પહેરા અને આશ્રય માટે છે. ત્યાં સુધી કે ઈમામતનો અકીદો તૌહીદ અને રિસાલતના અકીદા ઉપર પણ અગ્રતા ધરાવે છે.

શીઆ ફિર્કાનો અકીદો છે કે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોની ઈમામત અંગે નિવેદન (Narration) અને ક્રમબદ્ધ વર્ણન દ્વારા ખુલાસો કર્યો છે જેથી :-

(૧) પહેલા ઈમામ :- **હઝરત અલી શૈરે ખુદા છે.** આપના પછી :- (ક્રમવાર)
(૨) બીજા ઈમામ :- **હઝરત ઈમામ હસન ઈબ્ને અલી**
(૩) ત્રીજા ઈમામ :- **હઝરત ઈમામ હુસૈન ઈબ્ને અલી**



(૪) ચોથા ઈમામ :- **હઝરત ઈમામ અલી બિન હુસૈન (ઝૈનુલ આબેદીન)**
(૫) પાંચમા ઈમામ :- **હઝરત ઈમામ અબૂ જાફર**
(૬) છઠ્ઠા ઈમામ :- **હઝરત ઈમામ જાફર સાદિક**
(૭) સાતમા ઈમામ :- **હઝરત ઈમામ મૂસા કાઝિમ**
(૮) આઠમા ઈમામ :- **હઝરત ઈમામ અલી રઝા**
(૯) નવમા ઈમામ :- **હઝરત ઈમામ મુહમ્મદ તકી**
(૧૦) દસમા ઈમામ :- **હઝરત ઈમામ અલી નકી**
(૧૧) અગ્યારમા ઈમામ :- **હઝરત ઈમામ હસન અસ્કરી**
(૧૨) બારમા ઈમામ :- **હઝરત ઈમામ મુહમ્મદ બિન હસન અસ્કરી**
(રદીઅલ્લાહો તઆલા અન્હુમ અજમઈન)

ઉપર મુજબના બાર (૧૨) ઈમામોથી શીઆ ફિર્કાનો પેટા ફિર્કો એટલે કે શીઆનો મશહૂર ફિર્કો **'ઈમામિયા'** સબંધિત છે. આ ફિર્કાને **'ઈષના–અશરિયા'** પણ કહેવામાં આવે છે. ઈમામિયા ફિર્કો પણ પોતાના કુલ સત્તર (૧૭) પેટા ફિર્કાઓમાં વિભાજીત છે. જેની માહિતી માટે આ કિતાબનો **પેઈજ નં. ૧૦૮** જુઓ.

## ⊙ બાર (૧૨) ઈમામો વિષે શીઆ ફિર્કાનો અકીદો :–

ઉપરોક્ત બાર (૧૨) ઈમામો વિષે શીઆ ફિર્કાનો અકીદો છે કેઃ -

**'બાર (૧૨) ઈમામો અંબિયા, અવસિયા અને ફરિશ્તાઓ વગેરે તમામ મખ્લૂકાતથી અફઝલ છે અને અંબિયા ફરિશ્તાઓથી અફઝલ છે.'**

(હવાલા માટે જુઓ :- કિતાબ **'અલ–ફુસૂલુલ–મહેમતુન'** લેખકઃ - શીઆ મુહદ્દિષ મુહમ્મદ બિન હસન મશગરી આમેલી, અવસાન :- રમઝાન સ. હિ. ૧૧૦૪, મૃત્યુ સ્થળ :- ખુરાસાન, **પેઈજ નં. ૧૫૨**)

એહલે બૈયતની મહોબ્બતના નામે બલ્કે ઓઠા હેઠળ આવી અનેક ઈબારતો શીઆ ફિર્કાની કિતાબોમાં પ્રાપ્ય છે. જેનું વિસ્તૃત વર્ણન અહીં શકય નથી. ઈન્શાઅલ્લાહ! શીઆ ફિર્કાના ખંડનમાં મારી કિતાબોના સિલસિલામાં તેનું વિગતવાર હવાલાઓ સાથે વર્ણન કરવામાં આવશે.

ટૂંકમાં ઈસ્લામને શીઆ ફિર્કા દ્વારા જે નુકશાન પહોંચ્યું છે અને પહોંચી રહયું છે, તેવું નુકશાન કોઈપણ કટ્ટર શત્રુ ફિર્કા, કૌમ કે ધર્મ દ્વારા નથી પહોંચ્યું. શીઆ ફિર્કાના પ્રતાપે એક હજાર વર્ષોથી પણ વધુ સમયથી મિલ્લતે ઈસ્લામિયા ભયંકર

નુકસાન ભોગવી રહી છે અને ન જાણે કયાં સુધી ભોગવશે.

સૈકાઓથી મુસ્લિમો ઈસ્લામના મૂળભુત સિંધ્ધાંતો, નિયમો અને કાનૂનોને ચુસ્તપણે વળગી રહીને સંપૂર્ણપણે ઈસ્લામની શરીઅતના નિયમો ને અનુસરીને નમાઝ, રોઝા, હજ, ઝકાત અને અન્ય કાનૂનોની ચુસ્ત પાબંદી કરવામાં શારીરીક શ્રમ અને તકલીફો વેઠીને ઈબાદત, રિયાઝત, તકવા, પરહેઝગારી, શરીઅતની પાબંદી વગેરે દ્વારા આત્મ શુધ્ધી, નૈકી ઉપર આધારિત અમલો કરીને પોતાનું જીવન સંપૂર્ણપણે 'ઈસ્લામી-ઝિન્દગી' બનાવતા હતા. તેની હવે શીઆ ફિર્કા દ્વારા એવી ખતરનાક સ્વરૂપે અવગણના કરવામાં આવી છે કે શરીઅતની પાબંદી કરવા માટે કોઈપણ પ્રકારનો શારીરિક કષ્ટ ભોગવવાની લેશમાત્ર જરૂર નથી. ફકત એક જ સરળ માર્ગ અપનાવી લો, અને તે છે **હઝરત અલીની મહોબ્બત.**

શીઆ ફિર્કા દ્વારા 'હઝરત અલીની મહોબ્બત' ના ઓઠા હેઠળ મુસ્લિમોને ગુમરાહ કરીને શરીઅતની પાબંદી અને ફરાઈઝની અદાઈગી થી વંચિત કરી નાખવા એવી માન્યતા પ્રચલિત કરવાની કુઃચેષ્ટા કરવામાં આવે છે **કે, જો તમારા દિલમાં હઝરત અલીની મહોબ્બત છે, તો હવે તમારે નમાઝ, રોઝા, હજ, ઝકાત વગેરે અદા કરવાની કોઈ જરૂરત નથી. તમારી નજાત અને જન્નતમાં પ્રવેશ મેળવવા માટે ફકત 'મહોબ્બતે અલી' કાફી છે.**

બસ પત્યું, ફકત હઝરત અલીની મહોબ્બત કાફી છે. પોતાની કિતાબોમાં ત્યાં સુધી લખે છે કે ગમે તેવા ભયંકર કક્ષાના ગુનાહો આચરનારો અને મહા-પાપી પણ જો દિલમાં હઝરત અલીની મહોબ્બત રાખતો હશે, તો તેને જહન્નમથી છુટકારો અને જન્ન્તમાં પ્રવેશ મળશે. કેમ કે **હઝરત અલી થી મહોબ્બત કરનારા પ્રત્યે અલ્લાહ તઆલા માટે લાઝિમ** (જરૂરી) **છે કે તેને જહન્નમ થી છુટકારો અને જન્ન્તમાં પ્રવેશ આપે.**

(હવાલા માટે જુઓ :- (૧) **કિતાબુલ ખેસાલ**, જિલ્દ નં. ૨, પેઈજ નં. ૧૮૦
(૨) **'તફસીર કુમી'**, મુફસ્સિર :- અલી ઈબ્ને ઈબ્રાહીમ શીઆ. જિલ્દ નં. ૧, પેઈજ નં. ૮૩ અને ૮૪
(૩) **'તફસીરે અયાશી'**, અઝઃ મુહમ્મદ બિન મસ્ઉદ અયાશી, શીઆ મુફસ્સિર. જિલ્દ નં. ૧, પેઈજનં. ૧૩૫.

યહૂદીઓ દ્વારા પ્રેરિત અને સ્થાપિત શીઆ ફિર્કાએ મુસ્લિમોને સૌ પ્રથમ નમાઝ-રોઝા અને અન્ય ઈબાદતોથી મહોબ્બતે અલીના નામે વંચિત કરી નાખ્યા.



ત્યારબાદ તેઓના ચારિત્રને ભ્રષ્ટ કરવા 'ઝિના' એટલે કે 'વ્યભિચાર' ના રવાડે ચડાવવા માટે 'મુતઆ' ના રૂડા-રૂપાળા નામે ટેમ્પરેરી મેરેજ અને શોર્ટ ટાઈમ મેરેજના નામે 'સેકસ સ્કીમ' (વાસના તૃપ્તિ પ્રવૃતિ)ને પ્રચલિત કરી અને તેના માટે હળાહળ, મનઘડત અને જૂઠી હદીષો ઘડી કાઢી.

દિલ ફેંક આશિકો અને સેકસના રસીયા શીઆ ફિર્કાના 'મુતઆ' થી અતિ પ્રભાવિત થયા. મુતઆ એટલે એક પુરૂષ અને સ્ત્રી એકાંતમાં એકબીજાને ટેમ્પરેરી ટાઈમ પુરતા પતિ-પત્નિ તરીકે સ્વીકારે. ગવાહ, વકીલ, કે નિકાહ ખ્વાની ની કોઈ જરૂરત નથી. આ રીતે બન્ને સંમતિપૂર્વક શારીરિક સબંધ બાંધી વાસનાની તૃપ્તિ કરે તો તેને 'મુતઆ' કહે છે. જેમાં કોઈ વાંધો નથી. બલ્કે આ કામ એટલે કે ખુલ્લો અને સ્પષ્ટ વ્યભિચાર (ઝના) અતિપૂણયનું કામ છે. મુતઆના અનુસંધાને શીઆ ફિર્કા દ્વારા વાસના તૃપ્તિની જે છૂટછાટો અને પ્રોત્સાહનો આપવામાં આવ્યા છે, તે એટલા બધા ધૃણાસ્પદ છે કે દુનિયાનો કોઈપણ ધર્મ આવી અનૈતિક પ્રવૃતિનો કદી પણ સ્વીકાર કરે નહીં. પણ શીઆ ફિર્કામાં આનંદ પ્રમોદ અને મોજમજા તથા વાસના તૃપ્તિ દ્વારા દેહ સુખની પ્રવૃતિને અતિ મહત્વ અને પ્રોત્સાહન પણ આપવામાં આવે છે.

અહીં એટલી શકયતા નથી કે, 'મુતાઆ'ના અનુસંધાને કોઈપણ પ્રકારની છણાવટ કે વિવેચન કરવામાં આવે. ઈન્શાઅલ્લાહ ટુંક સમયમાં શીઆ ફિર્કાના અતિ પ્રિય આચરણ 'મુતઆ' ના ખંડનમાં વિસ્તૃત છણાવટ સાથે મારી લખેલી કિતાબ **'ગંદુકામ અને પુણયની આસ્થા શીઆ મુતઆ'** પ્રકાશન પામશે.

અંતમાં મુસ્લિમ જનસમુદાયથી સાદર વિનંતી કે બાતિલ ફિર્કાઓ દ્વારા ફેલાવવામાં આવતી અકીદાઓની પ્રદુષિતતાથી દૂર રહી, પોતાના અને આપ્તજનોના ઈમાનની હિફાઝત માટે મસ્લકે આલા હઝરતના મજબૂત કિલ્લાને આશ્રય સ્થાન બનાવી પોતાની આખેરત ને બરબાદ થતી બચાવો.

ખુદા દરેક સુન્ની મુસલમાનના ઈમાનને સલામત રાખે અને શરીઅતની ચુસ્તપણે પાબંદી કરવાની પ્રેરણા અર્પે.

પોરબંદર.
તા. ૧૨, રબીઉલ અવ્વલ શરીફ
સન હિજરી ૧૪૪૧
પ્રમાણે તા. ૧૦-૧૧-૨૦૧૦
રવીવાર

બસ એજ,
ખૈરઅંદેશ -ખાક પાએ સાદાતે કિરામઃ-

**અબ્દુસ્સત્તાર હમદાની**
(મસ્રૂફ-બરકાતી-નૂરી)

''બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ''

**''અસ્સલાતો–વસ્સલામો–અલૈકા–યા રસૂલલ્લાહ''**

# ઈસ્લામની વિરૂધ્ધ યહૂદી ષડયંત્ર એટલે શીઆ ફિર્કો...

ઈ.સ. ૫૭૧ (હિજરતના ૫૩, વર્ષ પૂર્વે) સોમવારના દિવસે સુબ્હા સાદિકના સમયે સમગ્ર વિશ્વની કિસ્મત ચમકી ઉઠી. **અલ્લાહ તઆલા** નો મહેબૂબે આઝમ **હુઝૂરે અકદસ, હઝરત મુહમ્મદ મુસ્તફા** સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ નૂરાની પડદા થી આ ધરતી ઉપર મકકા શહેરમાં તશરીફ લઈ આવ્યા. શીશૂ અવસ્થા, બાળાવસ્થા, કિશોરાવસ્થા અને યુવાનીના સમયકાળ દરમિયાન અનેક મોઅજઝાઓ (Miracles/ચમત્કારો) દ્વારા લોકોને આંજી નાખીને સીધું સાદું, સરળ, નિર્મલ, નિષ્કલંક, નિષ્કપટ, નિષ્પાપ, નિર્દોષ, શુધ્ધ, સદાચારી, સુંદર,મધૂર, પ્રેમાળ, પરોપકાર, પાવન, પવિત્ર, નમ્ર, મધુર, હેતાળ, માયાળુ, મિષ્ટ, મૃદુ, સુવાળું, કોમળ, ઉદાર, નિખાલસ, ભકિતમય અને તેના જેવા અસંખ્ય સદગુણો ઉપર આધારિત ઉમદા જીવનના **ચાલીસ (૪૦)** વર્ષોમાં સમગ્ર સમાજમાં ઈઝઝત, આબરૂ, આદર, સન્માન, વિશ્વાસ મેળવીને અતિ ભરોસાપાત્ર વ્યકિત તરીકે **''મુહમ્મદે અમીન''** (સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ)નું માનવતું બિરૂદ હાસિલ કર્યું. ચાલીસ (૪૦) વર્ષની ઉમ્રે - શરીફ (Age/વય) થઈ અને આપના ઉપર ફરિશ્તા મારફત **''વહી''** (Dirine Inspiriation /ઈશ્વરીય સંદેશો) શરૂ થયો.

ઈસ્લામિક પરિભાષામાં ''વહી'' એટલે કુરઆન નાઝિલ (આગમન) થવું. વહી નો આરંભ થતાં જ આપે લોકોને **''તૌહીદ''** (એકેશ્વરવાદ)નો પૈગામ આપ્યો અને **બુત–પરસ્તી** (મૂર્તિપૂજા) અને ખુદાની સાથે અન્યોની ઈબાદત (Paganisum / અનેક દેવદેવીઓની પૂજા - આરાધના) ને નિષેધ ઠરાવી. ઉપરાંત દારૂ, જુગાર, વ્યાભિચાર, ચોરી, લૂંટ, હત્યા, વિશ્વાસઘાત વગેરે અપરાધો અને અત્યાચારો ના સામાજિક દુષણો વિરૂધ્ધ પણ ઝુંબેશ ચલાવી. નમાઝ, રોઝા, ઝકાત તથા અન્ય ફર્ઝી (Compelsary) ઈબાદતો નિયમિત અદા કરવાની પ્રેરણા આપી.



આપે અલ્લાહ તઆલાનો પૈગામ લોકો સુધી પહોંચાડીને ઈસ્લામ ધર્મથી લોકોને એવા પ્રભાવિત અને આકર્ષિત કરી દીધા કે અજ્ઞાનતાના ઘોર અંધકારમાં ભટકતાઓને સત્યનો પ્રકાશ અને પંથ આપ્યો. લોકો પોતાના પૂર્વજોના અજ્ઞાનતા અને અંધશ્રધ્ધાના ધર્મને તિલાંજલી આપીને હોંશેહોંશે ઈસ્લામધર્મ અંગિકાર કરવા લાગ્યા. શહેર **મકકા–મોઅઝઝમા** ના અનેક ખ્યાતનામ સરદારો, શૂરવીરો અને નામાંકિત મહાનુભાવો ઈસ્લામમાં દાખિલ થયા. મકકા - શહેરના આસપાસના વિસ્તારના કાફિરો અને મુશ્રિકો ઉપરાંત અનેક યહૂદી અને ઈસાઈ પણ મુસ્લિમ બન્યા. પણ તે સંખ્યા મર્યાદિત હતી.

ઈસ્લામના મૂળભુત સિધ્ધાંતો અને જનજીવન અંગેના ઉત્તમ આદેશોનો પ્રચાર અને પ્રસાર વ્યાપક બનતાં જ અનેક વિધર્મીઓ ખરા અંતકરણથી ઈસ્લામના પ્રસંશક, સમર્થક, ચાહક અને આગ્રહી બન્યા. ટૂંકા સમય ગાળામાં જ ઈસ્લામ અરેબીયન પ્રદેશના સીમાડાઓ ઓળંગીને અનેક દેશોમાં ઉચ્ચ આદર્શ ધરાવતા ધર્મ તરીકે વ્યાપ અને વ્યાસ પામી ફેલાઈ અને છવાઈ ગયો.

સ્થાનિક ઈસ્લામ શત્રુઓ ઈસ્લામની આગેકુચ રોકવા માટે અનેક અડચણોના ઉધામા કર્યા પણ ઈસ્લામની આગેકુચ આન - બાન - શાન સાથે આગળ વધતી રહી. છેવટે પોતાના પ્રયાસો થી નિષ્ફળ અને નાસીપાસ થએલા શત્રુઓએ અંતિમ ઉપાય સ્વરૂપે **હુઝૂરે અકદસ, રહમતે આલમ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ** ની જાતીય સતામણી, ઝુલ્મો - સિતમ અને અનૈતિક અત્યાચારો નો આશરો લીધો ત્યાં સુધી કે આપને **'શહીદ'** કરી દેવાનું કાવત્રું રચ્યું.

અંતે અલ્લાહ તઆલાના હુકમથી આપે પોતાની વ્હાલી જન્મભૂમી **મકકા મોઅઝઝમા** ને કાયમી ધોરણે અલ - વિદા કરીને **મદીના મુનવ્વરા** તરફ હિજરત ફરમાવી. હિજરત વખતે આપની ઉમ્રે શરીફ (વય) **ત્રેપન (૫૩) વર્ષ** ની હતી. એટલે કે **એલાને નબુવ્વત** નો તેરમો (૧૩) વર્ષ હતો. મકકાથી હિજરત કરીને આપ કાયમી ધોરણે મદીનામાં સ્થાયી થયા અને મદીના મુનવ્વરામાં **દસ (૧૦) વર્ષ** સુધી સ્થાયી રહીને જાહેરી હયાત ના કુલ ત્રેસઠમાં (૬૩) વર્ષે આપે આ ફાની દુનિયાથી પર્દો ફરમાવીને કાયમી ધોરણે **ગુંબદે ખીઝરા** ની મુકદ્દસ આરામગાહ માં વિશ્રાંત ફર્મા થયા.

મદીના મુનવ્વરા ખાતેની આપની જાહેરી હયાત શરીફના કુલ દસ (૧૦) વર્ષો દરમિયાન અનેક ઐતિહાસિક ઘટનાઓ અસ્તિત્વમાં આવી. જેનું વિસ્તૃત વર્ણન અહીં શકય ન હોય, સંક્ષિપ્તમાં તેમાંની મહત્વની ઘટનાઓ પ્રત્યે મૂક સંકેત કરવામાં આવે છે.

આપ મકકાથી હિજરત ફરમાવીને મદીના પહોંચ્યા, તે સમય થી ઈસ્લામી કેલેન્ડર વર્ષનો આરંભ થયો છે.

# હુઝૂરે અકદસનું દસ (૧૦) વર્ષ સુધીનું મદીના શરીફનું જીવન અને તે દરમિયાન ની ઘટનાઓ

**હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ મકકા **મોઅઝ્ઝમા** ના કાફિરોના ત્રાસના કારણે હિજરત ફરમાવીને **મદીના મુનવ્વરા** માં સ્થાયી થએલા. મકકાના કાફિરો, યહૂદીઓ અને ઈસાઈઓએ આપને મદીના શરીફમાં પણ રંજાડવા માટે અનેક કાવાદાવા, ષડયંત્રો, ખટપટો, હુમલાઓ, ચઢાઈઓ, યુધ્ધો તથા અન્ય અત્યાચારો યેનકેન આચરવા કાંકરીચારો સતત કરતા જ રહયા. સામી છાતીએ (Face to Face) લડવા માટે વિશાળ સશસ્ત્ર લશ્કર સાથે આક્રમણો પણ કર્યા પણ તે બધામાં તેઓને સરિયામ નિષ્ફળતા જ મળી અને ઈસ્લામનો પ્રકાશિત સૂર્ય પૂર્ણ સ્વરૂપે ઉત્તરોત્તર વિકાસ પામતો જ રહયો અને ઈસ્લામ અતિ ઝડપી સ્વરૂપે સમગ્ર વિશ્વમાં પ્રસારિત અને પ્રચારિત થતો રહયો.

## ◙ સન હિજરી : ૧, ની ઘટનાઓ :-

✪ મસ્જિદે કુબાનું બાંધકામ ✪ ઈસાઈ ધર્મના મહાજ્ઞાની અને ગ્રંથકાર હઝરત અબ્દુલ્લાહ બિન સલામનું ઈસ્લામ અંગિકાર કરવું ✪ મસ્જિદે નબ્વીનું બાંધકામ ✪ હઝરત સલ્માન ફારસીનો ઈસ્લામ સ્વીકાર ✪ નમાઝની જાહેરાત માટે અઝાન પોકારવાની શરૂઆત ✪ ફર્ઝ નમાઝની રકાતોની સંખ્યામાં વધારો. ઝોહર, અસર અને ઈશાની નમાઝની ફર્ઝ રકાતો બે (૨)માંથી ચાર (૪) કરવામાં આવી.



## ◙ સન હિજરી -૨,ની ઘટનાઓ :-

✪ તહવીલે કિબ્લા એટલે કે બયતુલ મુકદ્દસની સામે મોઢું રાખીને નમાઝ પઢવાના બદલે ખાન-એ-કાબા પ્રત્યે મોઢું રાખી નમાઝ પઢવાની શરૂઆત થવી. ✪ ઝકાત આપવી ફર્ઝ થવું ✪ રમઝાન મહિનાના રોઝા રાખવા ફર્ઝ થયા ✪ ઈદની નમાઝનો આરંભ ✪ સદક-એ-ફિત્ર આપવાનો હુકમ ✪ જેહાદ અને જંગનો હુકમ ✪ જંગે-બદર એટલે કે બદરનું યુધ્ધ ✪ કાફિરોનો સરદાર અબૂ-જહલ જંગે-બદરમાં માર્યો ગયો. ✪ સાત(૭) ગઝવાત અને પાંચ (૫) સિર્યા મળી કુલ બાર (૧૨) લડાઈઓ થઈ.

**નોટ :** ◙ **ગઝવા** ( غزوہ ) એટલે તે યુધ્ધ સૈન્ય કે જેમાં હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ સ્વંય તશરીફ લઈ ગયા હોય.

◙ **(સિર્યા)** سریہ એટલે તે યુધ્ધ સૈન્ય કે જેમાં હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ સ્વયં શામેલ ન હોય પણ પોતાના સહાબાઓને દુશ્મનોના મુકાબલામાં મોકલેલ હોય.

## ◙ સન હિજરી :- ૩, ની ઘટનાઓઃ-

✪ મકકાથી કાફિરોના લશ્કરે મદીના શરીફ ઉપર કરેલી ચઢાઈ એટલે જંગે-ઓહદ ✪ સૈયદુશ્શોહદા હઝરત હમઝા રદીઅલ્લાહો અન્હોની શહાદત જંગે ઓહદમાં ✪ યહૂદીઓના સરદાર કઅબ બિન અશરફ યહૂદીની હત્યા ✪ ગઝવએ (જંગે) નજરાન. આ જંગને જંગે બની સુલૈમ પણ કહે છે. ✪ આ વર્ષે બે (૨) ગઝવા અને ચાર (૪) સિર્યા મળીને કુલ છ (૬) લડાઈઓ થઈ.

## ◙ સન હિજરી :- ૪,ની ઘટનાઓ :-

✪ શરાબ હરામ હોવા અંગેની કુરઆનની આયત નાઝિલ થવી ✪ ચોરી ની સજા રૂપે ચોરના હાથ કાપવાનો કાનૂન ✪ ઝિના એટલે કે વ્યભિચારની સજા રૂપે સ્ત્રી અને પુરૂષ બન્નેને 'રજમ' એટલે કે Stoning પથ્થરો મારીને મારી નાખવાની શિક્ષા નો કાનૂન આવ્યો. ✪ જંગે બની નઝીર ✪ જંગે બદરે સુગરા ✪ મૌલા-એ-કાએનાત, હઝરત અલીના વાલેદા ફાતેમા બિન્તે અસદ બિન હાશિમનો ઈન્તેકાલ ✪ આ એક વર્ષમાં બે (૨) ગઝવા અને એક (૧) સિર્યા મળીને કુલ ત્રણ (૩) જંગો થઈ.

## ▣ સન હિજરી :-૫, ની ઘટનાઓ :-

✪ જંગે બની મુસ્તલિક (ગઝવા) આ ગઝવા ને ગઝવ-એ-મુરયસયહ પણ કહેવામાં આવે છે. ✪ તયમ્મુમની આયતનું નાઝિલ થવું ✪ કઝીય-એ-ઈફક એટલે ઉમ્મુલ-મોઅમેનીન હઝરત આએશાની પાક દામની ઉપર ઈલ્ઝામની ઘટના. ✪ કુરઆન શરીફની સૂર-એ-નૂર માં હઝરત આએશા રદીઅલ્લાહો તઆલા અન્હાની નિર્દોષતા અનૂસંધાને આયતોનું નાઝિલ થવું ✪ જંગે ખંદક (ગઝવા). આ ગઝવાને જંગે અહઝાબ પણ કહેવામાં આવે છે. ✪ જંગે બનૂ-કુરૈઝા (ગઝવા). ✪ જંગે દોમતુલ જુન્દલ(ગઝવા) ✪ સ્ત્રીઓએ ગૈરમર્દથી પડદો કરવા અંગેની કુરઆન શરીફની ''આયતે હિજાબ'' નું નાઝિલ થવું ✪ આ વર્ષે ચાર (૪) ગઝવા અને એક (૧) સિર્યા મળીને કુલ પાંચ (૫) જંગો થઈ.

## ▣ સન હિજરી :-૬, ની ઘટનાઓ :-

✪ હજ્જ ફર્ઝ થવું ✪ જંગે ઝાતુર - રેકાઅ (ગઝવા) ✪ જંગે બનૂલ હયાન (ગઝવા) ✪ જંગે ઝી-કર્દ (ગઝવા) ✪ સુલેહ હુદયબિયા ✪ વિવિધ દેશોના રાજાઓને ઈસ્લામનું આમંત્રણ પાઠવતા પત્રો લખ્યા, પ્રતિનિધી મંડળ રવાના કર્યા અને ફરમાનો જારી કર્યા ✪ હઝરત અબૂ હુરૈરા રદીઅલ્લાહો અન્હોનો ઈસ્લામ સ્વીકાર ✪ મદીનામાં દુષ્કાળ - દુઆ - એ - ઈસ્તેસ્કા એટલે કે વરસાદની દુઆ - સતત એક અઠવાડિયા સુધી મુશળધાર વરસાદ ✪ નમાઝે-ઈસ્તેસ્કા એટલે કે વરસાદ માટે ની નમાઝ ✪ કઝીય-એ-અકલ (عکل) - કબીલ-એ-અકલ અને ઉરૈના લોકોનું ઈસ્લામ સ્વીકાર, ત્યાર બાદ મુર્તદ થવું (ફરી જવું). હુઝૂરે અકદસના ખાદિમ હઝરત યાસિરને શહીદ કરીને ઊંટો લઈને નાસી ગયા - ત્યારબાદ પકડાયા - તેઓની આંખોમાં લોખંડના સળીયા ગરમ કરી આંખો ફોડી નાખી, હાથ કાપી, તડકામાં નાખી દઈને મૃત્યુની સજા આપવી ✪ આ વર્ષે પણ ત્રણ (૩) ગઝવા અને ચૌદ (૧૪) સિર્યા મળીને કુલ સતર (૧૭) જંગો થઈ.

## ▣ સન હિજરી :- ૭ ની ઘટનાઓ :-

✪ જંગે ખૈબર (ગઝવા) ✪ ખૈબરના સ્થળે ઝયનબ બિન્તે હારેષા નામની યહૂદી મહિલાએ હુઝૂરે અકદસને ઝેર (Poision) આપ્યું ✪ સહબા નામના સ્થળે હઝરત અલી રદીઅલ્લાહો અન્હોની નમાઝ માટે ડૂબી ગએલા સૂરજનો હુઝૂરે



અકદસે ફરી ઉદય ફરમાવ્યો. ✪ ફતહે ફિદક ✪ જંગે વાદીયુલ-કુર્રા (ગઝવા) ✪ આ વર્ષ દરમિયાન બે (૨) ગઝવા અને પાંચ (૫) સિર્યા મળીને કુલ સાત (૭) જંગો થઈ.

## ▣ સન હિજરી :- ૮, ની ઘટનાઓ :-

✪ **ફતહે મક્કા** (મક્કા વિજય) ✪ જંગે હુનૈન (ગઝવા). આ જંગને જંગે હવાઝિન પણ કહેવામાં આવે છે. ✪ મસ્જિદે-નબ્વીમાં મિમ્બર શરીફનું બાંધકામ ✪ જંગે તાઈફ (ગઝવા). જંગે તાઈફમાં હઝરત અબ્દુલ્લાહ બિન હઝરત અબુબક્ર સિદ્દીકનું શહીદ થવું ✪ જંગે મૌતા (સિર્યા) ✪ જંગે ખબ્ત (સિર્યા). આ જંગ ને ''સૈફુલ-બહર'' પણ કહેવામાં આવે છે. તેનું કારણ એ છે કે ''સૈફ'' સમુદ્રના કાંઠાને કહેવામાં આવે છે. આ લશ્કરની અંતિમ હદ સમુદ્રનો કિનારો હતો. આ જંગમાં લશ્કરના સેનાપતિ તરીકે હઝરત અબૂ ઉબૈદા બિન જર્રાહ રદીઅલ્લાહો તઆલા અન્હો હતા. હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ રિવાયત કરે છે કે લશ્કરમાં ખાદ્ય સામગ્રી ખૂટી ગઈ અને સૈનિકોને ''ફાકા કશી'' (ભુખમરા)નો સામનો કરવો પડયો. અચાનક સમુદ્રમાંથી એક મહાકાય (અતિ મોટી સાઈઝ)ની માછલી બહાર આવી. આવી મોટી સાઈઝની માછલી આ અગાઉ અમોએ કદી જોઈ ન હતી. તે માછલીનું નામ ''અંબર'' કહેવામાં આવે છે. લશ્કરના બધા સૈનિકોએ પંદર (૧૫) દિવસ સુધી તે માછલી ખાઈને ખોરાકની જરૂરત પુરી પાડી. તે માછલીની વિશાળ કાયાની પરિસ્થિતી એ હતી કે તેની એક પાંસળી (Rib) ને અર્ધ વર્તુળ આકારે . જમીનમાં ખોડવામાં આવે, તો ઉંટ ઉપર સવાર વ્યકિત તેની નીચેથી સરળતાથી પસાર થઈ જાય.

હઝરત જાબિર ફરમાવે છે કે, અમો જયારે મદીના મુનવ્વરા પરત ફર્યા, તો અમોએ **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમથી તે માછલીનું વર્ણન કર્યુ. આપે ફરમાવ્યું કે તમોએ તે રિઝક (ખોરાક) ખાધું છે, જે **અલ્લાહ તઆલા** એ તમારા માટે સમુદ્રથી બહાર કાઢેલું. જો તેમાંથી કંઈ બચ્યું (વધ્યું) હોય, તો મને પણ ચખાડો. (હવાલો :- **''મહારેજુન્નબુવ્વત''** (ઉર્દુ અનુવાદ) - **ભાગ-૨, પેઈજ નં. ૪૬૮**) ✪ આ વર્ષે અનેક મહાનુભાવો એ દીને ઈસ્લામ સ્વીકાર કર્યો જેમ કે ✪ હઝરત અમ્ર ઈબ્ને આસ બિન વાઈલ કર્શી સહમી ✪ હઝરત ઉસ્માન બિન તલ્હા

ખેબરી - ખાનકે કાબાના તાળાની ચાવી સાચવનાર ✪ હઝરત ખાલિદ બિન વલીદ ✪ હઝરત ઈક્રમા બિન અબૂ જહલ ✪ હઝરત અબૂ સુફિયાન બિન હારિષ ✪ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમય્યા વગેરે ✪ આ વર્ષ દરમિયાન બે (૨) ગઝવા અને છ (૬) સિર્યા મળીને કુલ આઠ (૮) જંગો થએલી.

## ▣ સન હિજરી :- ૯, ની ઘટનાઓ :-

✪ જંગે તબૂક (ગઝવા). આ જંગને ''ગઝવ-એ-જૈશે-ઈસરત'' પણ કહેવામાં આવે છે. ✪ મસ્જિદે કુબાની સામે મુનાફિકોએ ''મસ્જિદે ઝિરાર'' બનાવી. આ મસ્જિદ ઈસાઈ પાદરી અબૂ આમિર ની સુચના અને દોરવણી હેઠળ મુસ્લિમોની અંદર વિખવાદ પૈદા કરવાના આશયથી બનાવવામાં આવેલી. મુનાફિકોએ મસ્જિદ તૈયાર કરીને **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની ખિદમતમાં આવ્યા અને તેમાં નમાઝ પઢવાની (ઉદઘાટન સ્વરૂપે) વિનંતી કરી. ત્યારે હુઝૂરે અકદસ જંગે તબૂક માટે રવાના થઈ રહયા હતા. જંગથી પરત આવીને ખુદાને મંઝૂર હશે તો આવીશ તેવું ફરમાવ્યું. જંગથી પાછા ફરી રહયા હતા અને મદીનાથી અમુક માઈલના અંતરે હતા, ત્યારે તે મસ્જિદે-ઝિરાર ના મુનાફિક આયોજકો ફરી ખિદમતમાં હાઝિર થઈને મસ્જિદમાં પધારીને નમાઝ પઢવાની ફરી વિનંતી કરી. અલ્લાહ તઆલાએ ''વહી'' નાઝિલ ફરમાવીને તે મસ્જિદમાં જવાની મનાઈ ફરમાવી દીધી. હુઝૂરે અકદસે પોતાના સહાબાને મોકલીને તે મસ્જિદ તોડી પાડી અને ઈમલાનો માલ-સામાન સળગાવી નખાવ્યો. (હવાલા અને વિસ્તૃત જાણકારી માટે :- **કુરઆન શરીફ,** પારા નં. ૧૧, સુરએ-તૌબા, **આયત નં. ૧૦૭** તથા તેની તફસીર જુઓ) ✪ મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબઈ બિન સલૂલ મૃત્યુ પામ્યો ✪ હબશા (Ethopia)ના બાદશાહ નજાશી નો ઈન્તેકાલ ✪ આ વર્ષે એક (૧) ગઝવા અને એક (૧) સિર્યા મળીને કુલ બે (૨) જંગો થએલી.

## ▣ સન હિજરી :- ૧૦, ની ઘટનાઓ :-

✪ હજ્જતુલ-વિદા- (આખરી હજ્જ) ✪ હજ્જતુલ-વિદાથી પાછા ફરતી વખતે માર્ગમાં ''ગદીર-ખમ'' નામના સ્થળે ''મન-કુન્તો-મવલાહુ-ફ-અલીયુન મવલાહુ'' ફરમાવ્યું ✪ આ વર્ષે ફકત બે (૨) સિર્યા જંગો જ થઈ.



## ▣ સન હિજરી :- ૧૧, ની ઘટનાઓ :-

✪ આ વર્ષે નબુવ્વતના જૂઠા દાવેદારો ફૂટી નિકળ્યા ✪ મુસયલમતુલ કઝઝાબ અને અસ્વદ અન્સી નામના શખ્સોએ ''પોતે નબી હોવાનો'' જૂઠા દાવો કરી દીધો ✪ મુસયલમા કઝઝબા ખિલાફતે સિદ્દીકી માં હઝરત ખાલિદ બિન વલીદના સરદારી હેઠળના લશ્કર સામે વિશાળ લશ્કર સાથે ટકરાયો અને તેનો કરૂણ અંજામ આવ્યો. ✪ અસવદ અન્સી **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની ઝાહેરી હયાત ના અંતિમ દિવસના આગલા દિવસે એટલે કે ૧૧, રબીઉલઅવ્વલ સન હિજરી -૧૧ ના રવીવારની રાત્રીએ હબશા (ઈથોપીઆ)ના રાજા **નજાશા બાદશાહ અસ્મહા** ના ભાણેજ ''ફીરોઝ''ના હાથે કત્લ થયો. ✪ અન્ય બે (૨) નબુવ્વતના જૂઠા દાવેદારો તલીહા બિન ખુવૈલદ અસદી અને બીજી મહિલા દાવેદાર ''સુજાહ બિન્તે હારિષ''એ બન્નેએ પણ નબુવ્વતનો દાવો કરેલો. આ બન્નેમાંથી તલીહા બિન ખુવૈલદ અસદી ખિલાફતે સિદ્દીકીમાં તૌબા કરી પુનઃ ઈસ્લામનો સ્વીકાર કર્યો અને ઈસ્લામી લશ્કર વતી લડતા લડતા ''જંગે નિહાવંદ''માં શહીદ થયા. ✪ નબુવ્વતની મહિલા દાવેદાર ''સુજાહ બિન્તે હારિષ'' વિષે બે (૨) રિવાયતો છે. ✪ પહેલી એ કે ખિલાફતે હઝરત અમીર મુઆવિયા રદીઅલ્લાહો અન્હોના સમયમાં તેણીએ પોતાના સમગ્ર અનુયાયીઓ સાથે ફરી ઈસ્લામ સ્વીકાર કર્યો અને તેણીનું ફરી વખત મુસલમાન થવું નૈક અને મકબૂલ થયું ✪ બીજી રિવાયત એ છે કે તેણીએ નબુવ્વતના પ્રથમ જૂઠા દાવેદાર મુસયલમા કઝાબ સાથે લગ્ન કરી લીધા અને બન્ને કહેવાતા પતિ-પત્નિ નબુવ્વતના સંયુકત ભાગીદાર બની ગયા. જયારે ખિલાફતે સિદ્દીકીમાં હઝરત ખાલિદ બિન વલીદે નબુવ્વતના પ્રથમ જૂઠા દાવેદાર મુસયલમા કઝઝબા ઉપર ઈસ્લામી સૈન્ય દ્વારા આક્રમણ કરેલું, ત્યારે તેણી જે ટાપુ (Island) માં મુસયલમા કઝઝબા છુપાતો ત્યાં નાસી ગઈ અને ભૂગર્ભમાં ઉતરી ગઈ. થોડાક સમય પછી તેણી તે ટાપુમાં જ વિનાશ પામી. તે ટાપુ ઉપર નાસી ગયા બાદ તેણીનું નામો નિશાન ન રહયું અને તેણી અંગેની કોઈપણ જાતની માહિતી પ્રાપ્ત થઈ શકી નથી.

## ''ઈસાઈઓ દ્વારા ઈસ્લામ ઉપર ત્રીજા ભયંકર આક્રમણની તડામાર તૈયારી અને પેરવી''

સન હિજરી આઠ (૮) ઈ.સ. ૬૨૯માં **જંગે મવતા** અને સન હિજરી નવ (૯) ઈ.સ. ૬૩૦ની **જંગે તબૂક** એ બન્ને યુધ્ધોમાં નામોશીભર્યો પરાજય અને દુર્દશા વેઠયા છતાં પણ મુલ્કે શામ (સિરીયા) ની સલ્તનતના કૈસરે રૂમ **બાદશાહ હરકુલ** (હરકિલ)ની શાન ઠેકાણે આવી નહીં, ઉલ્ટાનું ભ્રષ્ટ બુધ્ધિના લવારા રૂપે તેણે વિશાળ સૈન્ય એકત્રિત કરવાનું આરંભી દીધું અને સન હિજરી અગ્યાર (૧૧) એટલે કે ઈ.સ. ૬૩૨માં મદીના મુનવ્વરા ઉપર ભયંકર આક્રમણ કરવાની યોજનાની તડામાર તૈયારી આરંભી દીધી.

હરકુલ બાદશાહના કાવત્રાની જાણ **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને થઈ, તો આપે ઈસાઈ આક્રમણનો મુંહતોડ જવાબ રૂપે મુકાબલો કરવા એક સૈન્ય તૈયાર કર્યુ અને **હઝરત ઉસામા બિન ઝૈદ** રદીઅલ્લાહો અન્હોના સેનાપતિ પદ હેઠળ તે સૈન્ય મદીના શરીફથી રવાના કર્યો.

**હઝરત ઉસામા** ઈસ્લામી સૈન્યને લઈને મદીના મુનવ્વરાથી **તારીખ ૨૬, સફર સ.હિ. ૧૧** (ઈ.સ. ૬૩૨) ના દિવસે રવાના થયા અને અમુક માઈલના અંતરે આવેલા **''જર્ફ''** નામના સ્થળે સૈન્યનો પડાવ કર્યો કે જેથી આસપાસના વિસ્તારના મુજાહિદ સૈનિકો લશ્કરમાં શામિલ થવા ત્યાં આવી પહોંચે.

## ''હુઝૂરે અકદસની દુઆ લેવા હઝરત ઉસામા પડાવ થી મદીના શરીફ પરત આવ્યા અને....''

**તારીખ ૨૮, સફર સ.હિ. ૧૧**ના દિવસે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ''દર્દ-સર'' (Head Ache /માથાનો દુઃખાવો) અને સખ્ત તાવના કારણે જાહેરી શારીરિક દ્રષ્ટિએ (Physically) બીમાર પડી ગયા. જેની ખબર હઝરત ઉસામા ને પડી. જેથી ઈસ્લામી લશ્કર સૈનિકોની ભરતી અને શસ્ત્ર સરંજામ વગેરે બાબતોથી પૂર્ણ સ્વરૂપે તૈયાર થઈ ગયું હોવા છતાં હઝરતે ઉસામાએ સૈન્યને



આગેકૂચ કરવાની સુચના આપી નહીં અને 'જર્ફ'નામના સ્થળે જ પડાવ કરી પડયા રહેવાની સુચના આપી. આપ **તા. ૧૧, રબીઉલ અવ્વલ સ.હિ. ૧૧, રવીવાર** ના દિવસે મદીના શરીફ આવીને **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની ખિદમતમાં હાઝિર થયા અને સૈન્યની રવાનગીની પરવાનગી માંગી. આપે **હુઝૂરે અકદસ** ની પૈશાની (કપાળ) અને હાથ ને ચુમ્યા. **હુઝૂરે અકદસ, જાને ઈમાન** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે આકાશ તરફ દ્રષ્ટિ કરીને હઝરત ઉસામાની સફળતાની દુઆ માંગી.

**૧૨, રબીઉલ અવ્વલ સ.હિ. ૧૧ પ્રમાણે ઈ.સ. ૬૩૨, સોમવાર** ના દિવસે હઝરત ઉસામાએ ઈસ્લામી સૈન્યને કૂચ કરવાનો આદેશ આપ્યો જ હતો કે મદીનાશરીફથી કાળજું કંપાવી નાખનારી ખબર આવી કે **આફતાબે રિસાલત, માહતાબે નબુવ્વત, હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્મે આ ફાની દુનિયાને ''અલ-વિદા'' કરીને પર્દો ફરમાવી લીધો છે. હઝરત ઉસામા બિન ઝૈદ રદીઅલ્લાહો અન્હોએ ઈસ્લામી સૈન્યની આગેકૂચ થંભાવી દીધી અને તરત જ ફરી વખત મદીના શરીફ પહોંચી ગયા.

## હઝરત સિદ્દીકે અકબર ઈસ્લામના પ્રથમ ખલીફા તરીકે નિયુકત થયા

મદીના શહેરનો દરેક રહેવાસી **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની જુદાઈના રંજ અને ગમમાં એવો ગરકાવ થઈ ગયો કે તેઓના જાણે હોશકોશ જ ઉડી ગયા. પ્રત્યેક વ્યકિત દુઃખ અને વિષાદના સમુદ્રમાં ડૂબી ગયો. બેચૈની, વ્યાકુળતા અને બેકરારીની પરિસ્થિતિમાં ભગ્ન હદયે હતપ્રતની દશામાં સહાબા-એ-કિરામ રિદવાનુલ્લાહે તઆલા અજમઈન વલોપાત, અજંપો, ખિન્નતા, વિલાપ, આક્રંદ, ખેદ અને નિરાશાની ભિન્ન લાગણીથી નાસીપાસ થઈ ગએલા. કોણ કોને આશ્વાસન આપે ? કોણ કોને દિલાસો આપે ? કોણ કોને સાચવે ? બધા સમ દુઃખિયા હતા.

**હઝરત અનસ બિન માલિક** રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે ''મદીના તય્યેબામાં તે દિવસથી ઉચ્ચતમ અને પ્રકાશિત દિવસ કોઈ ન હતો કે જે

દિવસે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ અહીં તશરીફ લાવેલા અને મદીના તય્યેબામાં તે દિવસથી નઠારૂં અને અંધકારમય દિવસ કોઈ ન હતો કે જે દિવસે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે આ ફાની દુનિયાથી પર્દો ફરમાવ્યો. **હઝરત ઉમર ફારૂકે આઝમ** રદીઅલ્લાહો અન્હોની કક્ષાના મહાન સહાબાની સહન શકિત, ધીરશીલતા અને સહિષ્ણુતા જવાબ દઈ ચુકી હતી. પ્યારા આકા-વ-મૌલાના નૂરાની અને પ્રકાશિત ''રૂખે-ઝેબા'' (મુખમુદ્રા)ના દીદારથી હવે આપણે મેહરૂમ (વંચિત) થઈ ગયા, તે વિચાર માત્રથી તેઓના શરીરમાં કંપારી નું લખલખું વછૂટતું અને તેઓને પોતાનું જીવન બોજ સમાન હોવાની ભ્રાંતિ થવા લાગી. કેમ કે:-''

**ઈક તેરે રૂખ કી રોશની, ચૈન હૈ દો જહાંન કી,**
**ઈન્સ કા ઉન્સ ઉસી સે હૈ, જાન કી વોહી જાન હૈ.**

(અઝ :- ઈમામે ઈશ્કો-મહોબ્બત હઝરત **'રઝા'** બરેલ્વી)

સહાબા-એ-કિરામ માટે પ્યારા મહેબૂબની જુદાઈ, વિરહ અને વિયોગ એટલું બધું વ્યથિતકર્તા હતું કે ચક્ષુઓથી અશ્રુઓની વણથંભી અને અવિરત વણઝાર ચાલુ જ હતી. દરેકના ચહેરાનું નૂર હણાઈ ગયું હતું કે આપણા હદય અને પ્રાણનો ચૈન, કરાર અને સાંત્વના હવે આંખોથી ઓઝલ થઈ ગયો.

આવા કપરા સંજોગમાં સહાબા-એ-કિરામના વ્યાકુળ, વ્યથિત અને વ્યગ્ર સમુહને અમીરૂલ મોઅમેનીન, ખલીફતુલ મુસ્લેમીન, **હઝરત સય્યેદેના અબુબકર સિદ્દીકે અકબર** રદીઅલ્લાહો અન્હોએ પંપાળીને, પ્રેમપૂર્વક જતન કરીને, દિલાસો આપીને સંભાળી લીધો.

**તા. ૧૪, રબીઉલ અવ્વલ, સ.હિ. ૧૧,** બુધવારની રાત્રીમાં **શહેનશાહે કૌનેન** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને 'હુજર-એ-આએશા' (ગુંબદે ખીઝરા)ની પવિત્ર ધરતીમાં આખરી આરામગાહરૂપે 'કબ્રે-અન્વર'માં ગૌરવપૂર્વક આરામફર્મા કરી દેવામાં આવ્યા.

સમગ્ર મોઅમેનીનના સર્વાનુમતે **હઝરત સિદ્દીકે અકબર** રદીઅલ્લાહો તઆલા અન્હોને **''ખલીફતુલ-મુસ્લેમીન''** તરીકે ચુંટી કાઢવામાં આવ્યા.



**-: ખાસ નોંધ :-**

હવે પછીના પૃષ્ઠોમાં ''ખિલાફત'' અંગેની ચર્ચા, ઘટનાઓ અને તેના અનૂસંધાને નિર્માણ ઉત્પાત અને વિખવાદોની માહિતી પ્રદાન કરવામાં આવશે. જેથી વાંચક મિત્રોની વાંચન રસીકતા એકબંધ રૂપે જળવાઈ રહે, તેવા નૈક મકસદથી ઈસ્લામના પ્રારંભિક ચાર (૪) ખલીફાઓની પદગ્રહણ અને શાસનકાળની મુદતનું કૌષ્ટક અત્રે રજૂ કરવામાં આવે છે.

# ઈસ્લામના પ્રથમ ચાર (૪) ખલીફાઓના શાસનકાળની વિગત

| નં. | ખલીફાનું નામ | ખલીફા બન્યા ની તારીખ | વફાત/શહાદત ખિલાફત પુરી | સમયગાળો | | |
|---|---|---|---|---|---|---|
| | | | | વર્ષો | મહિના | દિવસો |
| ૧ | હઝરત અબુબકર સિદ્દીકે અકબર | ૧૨, રબી. અવ્વલ સન. હિ. ૧૧ | ૨૨, જમા.આખીર સન. હિજરી-૧૩ | ૨ | ૩ | ૯ |
| ૨ | હઝરત ઉમર ફારૂકે આઝમ | ૨૨, જમા આખર સન. હિ. ૧૩ | ૨૬, ઝિલ હિજહ સન. હિજરી-૧૩ | ૧૦ | ૭ | ૬ |
| ૩ | હઝરત ઉસ્માને ગની | ૨૯, ઝિલ હિજહ સન. હિ. ૨૩ | ૧૮, ઝિલ હિજહ સન. હિજરી-૩૫ | ૧૧ | ૧૧ | ૧૯ |
| ૪ | હઝરત મૌલા અલી શૈરે ખુદા | ૧૮, ઝિલ હિજહ સન. હિ. ૩૫ | ૨૧, રમઝાન સન. હિજરી-૪૦ | ૪ | ૦૮ | ૨૯ |

(રદીઅલ્લાહો તઆલા અન્હુમ અજમઈન)

# હઝરત સિદ્દીકે અકબરે ખિલાફતની ધુરા સંભાળતા જ ફિત્નાઓની આંધી

ઈસ્લામના પ્રથમ ખલીફા તરીકે હઝરત સિદ્દીકે અકબર સત્તારૂઢ થયાની સાથે જ અનેક ફિત્નાઓની આંધી ફૂંકાવવા લાગી જેમ કે :-

✪ અરબસ્તાનના અમુક લોકોએ ''ઝકાત''નો ઈન્કાર કરી દીધો.
✪ નબુવ્વતના જૂઠા દાવેદારોએ પોતાની પ્રવૃત્તિઓ વેગવંતી બનાવી.
✪ મુનાફિકોએ માથું ઉંચક્યું અને ઈસ્લામ વિરૂધ્ધની ચેષ્ટાઓ આરંભી.
✪ યહૂદીઓએ કાફિરો સાથે સંગઠિત થઈને મદીના મુનવ્વરા ઉપર ચઢાઈ કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી.

ઉપરોક્ત બાબતોના કારણે મુસ્લિમોમાં ભય, ગભરાટ, બેચૈની અને બીકની લાગણી ફેલાણી. આવી નાજુક અને વિસ્ફોટક પરિસ્થિતી ને પહોંચી વળવા અમુક સહાબા-એ-કિરામે **હઝરત સિદ્દીકે અકબર**ને સુચન અને સલાહ આપતા કહયું કે ''મુલ્કેશામ'' (સિરીયા)ના યુધ્ધ માટે રવાના થવાના આશરયથી હઝરત ઉસામા બિન ઝૈદનું લશ્કર કે જે મદીનાથી નજીકના અંતરે ''જર્ફ'' નામના સ્થળે પડાવ કરીને પડયો છે, તેને મુલ્કે શામના યુધ્ધના સાહસકાર્ય ઉપર જવાનું મુલ્તવી કરીને મદીના શરીફ પરત બોલાવી લો. કેમ કે જો શત્રુઓને એવી બાતમી અને માહિતી મળશે કે ઈસ્લામી સૈન્ય રાજધાની મદીનામાં નથી, બલ્કે વિદેશમાં છે અને રાજધાની મદીનાશરીફ સૈન્ય વિહોણી છે, તો તેઓ પ્રોત્સાહનના પૂરક બળ દ્વારા મહત્વાકાંક્ષી અને ઉત્સુક બનીને મદીનાશરીફ ઉપર આક્રમણ કરી દે. માટે અત્યારના સંજોગોમાં હઝરત ઉસામાના લશ્કરનું મદીના મુનવ્વરામાં ઉપસ્થિત હોવું અતિ આવશ્યક અને જરૂરી છે કે જેથી કાફિરો, મુનાફિકો અને યહૂદીઓ ઉપર ધાક અને નૈતિક દબાણનો દાબ રહે અને જો જરૂરત પડે તો સૈન્યનો ઉપયોગ કરીને શત્રુઓનું કચ્ચણઘાણ કાઢી નાખી શકાય.

**હઝરત સિદ્દીકે અકબર** રદીઅલ્લાહો તઆલા અન્હોના ઈશ્કે રસૂલના જઝબાને લાખો સલામ. આપે પ્રત્યુત્તર આપતાં ફરમાવ્યું કે જે લશ્કરને **રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે** રવાના કર્યો હોય, તેને પરત બોલવી લેવાની મારી શું મજાલ છે? તે લશ્કર રવાના થઈને જ રહેશે. સંજોગો ગમે તેવા વિસ્ફોટક હોય, તે લશ્કર રોકાશે નહીં. આપે ત્યાં સુધી ફરમાવ્યું કે જો મને ખાત્રીપૂર્વકની જાણ થઈ જાય કે આ લશ્કરે ઉસામાને મુલ્કે શામ મોકલી દેવાના કારણે હૂં શત્રુઓ દ્વારા કાળનો કોળિયો બની જઈશ, તો પણ હૂં **રસૂલુલ્લાહ** સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ દ્વારા રવાના કરવામાં આવેલા સૈન્યને પરત નહીં બોલાવું. અંતે, આપે હઝરત ઉસામા બિન ઝૈદના લશ્કરને આગેકૂચ કરવાનો આદેશ આપ્યો. તે સૈન્યનું રબીઉલ આખિર સ.હિ. ૧૧માં 'અબ્ના' નામના સ્થળે ઈસાઈઓના સૈન્ય સાથે ઘમસાણનું યુધ્ધ થયું. જેમાં ઈસાઈ લશ્કર કારમો પરાજય વેઠવીને ઉભી પૂંછડીએ નાસી ગયું. હઝરત ઉસામા **'ફતહે-મુબીન'**ના પતાકા લહેરાવીને ચાલીસ (૪૦) દિવસ પછી ભવ્ય વિજય સાથે મદીના શરીફ પાછા આવ્યા.



# હઝરત સિદ્દીકે અકબરના શાસનકાળ દરમિયાનની મહત્વની ઘટનાઓ અને બનાવો

✪ આપે અકલ્પનીય અડગતા અને આત્મવિશ્વાસનું પ્રદર્શન કરી ને માથું ઉંચકી રહેલા તમામ ફિત્નાઓ કચડી નાખ્યા.
✪ ઝકાત આપવાનો ઈન્કાર કરનારાઓ સાથે આપે તલવાર ઉગામી અને જેહાદ ફરમાવીને ઝકાતની રકમ સંપૂર્ણપણે વસૂલ કરીને બયતુલ માલમાં જમા કરી દીધી.
✪ નબુવ્વતના જૂઠા દાવેદાર **મુસયલમા બિન ષમામા કઝ્ઝાબ** ના ચાલીસ (૪૦) હજારના લશ્કર સામે આપે **હઝરત ખાલિદ બિન વલીદ**ની સરદારી હેઠળ ચોવીસ (૨૪) હજારનું લશ્કર મોકલ્યું. યમામા નામના સ્થળે **''જંગે યમામા''** થઈ, જેમાં મુસયલમા માર્યો ગયો, તેની પત્નિ કે તેણીએ પણ નબુવ્વતનો દાવો કરેલો તે **સુજાહ બિન્તે હારિષ** પોતાના પતિ મુસયલમાને કમોતે મરતો જોઈને એક ટાપુ તરફ નાસીને છુપાઈ ગઈ અને ત્યાં જ તેણી નાશ પામી.
✪ નબુવ્વતનો અન્ય એક જૂઠો દાવેદાર **અસ્વદ બિન કઅબ અન્સી** મુજાહિદોના હાથે કપાઈ મુવો.
✪ નબુવ્વતનો જૂઠો દાવેદાર **તલીહા બિન ખુવૈલદ અસદી** મુલ્કે શામ ભાગી ગયો.

અને બાદમાં તૌબા કરી પુનઃ ઈસ્લામ અંગિકાર કર્યો અને દીને ઈસ્લામની સાચા અર્થમાં ખિદમત કરતાં કરતાં **''જંગે નેહાવંદ''** માં શહીદ થયો.

✪ આપની ખિલાફતના સમયકાળ દરમિયાન મુલ્કેશામના ⊙ અરેકા ⊙ સખના ⊙ તદમ્મુર ⊙ બયતે લહિયા ⊙ બસરા ⊙ અજનાદીન અને ⊙ **દમિશ્ક** ના કિલ્લાઓ ફતેહ થયા.

✪ સન હિજરી અગ્યાર (૧૧) ના રમઝાન મહિનામાં **ખાતૂને જન્નત, જાને અહમદ કી રાહત, હઝરત ફાતેમતુઝઝહરા** રદીઅલ્લાહો તઆલા અન્હાએ દુનિયાથી પર્દો ફરમાવ્યો.

## હઝરત સિદ્દીકે અકબરના ઈન્તેકાલનું કારણઃ આપને પણ ઝેર આપવામાં આવેલું

હઝરત સિદ્દીકે અકબર રદીઅલ્લાહો અન્હોના ઈન્તેકાલનું મુખ્ય કારણ **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની જુદાઈ હતું. હુઝૂરે અકદસના વિરહમાં આપ સતત વ્યાકુળ રહેતા હતા. પરિણામે આપનું શરીર ધીરેધીરે ઘસાતું ગયું.

ઈબ્ને સઅદ અને હાકિમે ઈબ્ને શિહાબથી રિવાયત કરી છે આપના ઈન્તેકાલનું જાહેરી કારણ એ બનેલું કે કોઈએ આપને ''ખઝીરા'' (દાળમિશ્રીત મટનનો ખીમો) હદીયા સ્વરૂપે મોકલેલો. આપ અને હઝરત હારિષ બન્ને સંગાથે બેસીને તે જમી રહયા હતા. જમતા જમતા હઝરત હારિષે કહયું કે એ **ખલીફ-એ-રસૂલ !** જમવા થી હાથ રોકી લો. આ ખાણું ન જમો કેમ કે તેમાં ઝેર (Poision) નાખેલું છે. તે ઝેર અતિ ધીમી ગતિએ કામ કરે તેવું છે. આ ઝેરની અસર એક વર્ષે દેખાશે. આપે અને મૈં બન્નેએ આ ખાણું એકીસાથે ખાધું છે. જેથી એક (૧) વર્ષની મુદ્દતની અંદર આપણે બન્ને એકી સાથે મૃત્યુ પામશું. આ સાંભળીને હઝરત સિદ્દીકે અકબર રદીઅલ્લાહો અન્હોએ જમવાનું તજી દીધું પણ થોડુંક તો ખાઈ લીધું હતું. જેથી ઝૈર શરીરમાં પ્રવેશી ચુકયું હતું અને તેની અસર આરંભ થઈ ચુકી હતી.



જેથી આપ અને હઝરત હારિષ તે દિવસથી જ બીમાર થઈ ગયા અને એક વર્ષ પસાર થતાં જ બન્નેનું ઐકી સાથે ઈન્તેકાલ થયું.

(હવાલો :- **''તારીખુલ-ખુલફા''** (ઉર્દુ અનુવાદ) લેખક :- ઈમામ જલાલુદ્દીન અબ્દુર્રહમાન સુયૂતી (ઈન્તેકાલ :- સન હિજરી :૯૧૧) પ્રકાશક : પ્રોગ્રેસીવ બુકસ - લાહોર - પાકિસ્તાન. **પેઈજ નં :- ૨૧૯**)

⊙ ઉમ્મુલ મોઅમેનીન, **હઝરત આએશા સિદ્દીકા** રદીઅલ્લાહો અન્હા બયાન ફરમાવે છે કે વાલિદે મોહતરમે **૭, જમાદિલ આખિર** ના દિવસે ગુસલ (સ્નાન) કરેલું. તે દિવસે અતિશય ઠંડી હતી, જેથી આપને તાવ (Fever) આવી ગયો. આપ સતત પંદર (૧૫) દિવસ સુધી બીમાર રહયા અને ત્રેસઠ (૬૩) વર્ષની વયે તા. ૨૨, જમાદિલ આખિર સન હિજરી :- ૧૩, ના દિવસે દુનિયાથી પર્દો ફરમાવ્યો. (હવાલો :- સદર, **પેઈજ નં. ૨૨૦**)

⊙ ઈન્તેકાલના દિવસે આપે લોકોથી પૂછયું કે આજે કયો દિવસ છે? લોકોએ પ્રત્યુત્તર આપતા કહયું કે આજે પીર (સોમવાર)નો દિવસ છે. આપે ફરમાવ્યું કે જો હું આજ રાત સુધીમાં અવસાન પામું, તો મને દફન કરવામાં આવતીકાલ સુધી વિલંબ કરશો નહીં કેમ કે **રસૂલુલ્લાહ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ પાસે જેટલું બને તેટલું જલ્દી પહોંચી જાઊં.

⊙ હઝરત **ઉમર ફારૂકે આઝમ** રદીઅલ્લાહો અન્હોએ આપની જનાઝાની નમાઝ ની ઈમામત ફરમાવી અને આપને **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના પહેલૂ (બાજુમાં) તે દિવસની રાતે જ દફનાવવામાં આવ્યા.

### ''હર એક-ઉસ્કી શાખ''

**મૌલા ગુલબન, રહમત ઝહરા, સ્બિતૈન ઉસ્કી કલિયાં ફૂલ,**
**સિદ્દીકો ફારૂકો ઉસ્માં, હૈદર હર ઈક ઉસ્કી શાખ.**

(અઝ :- હઝરત 'રઝા' બરેલ્વી)

# ખિલાફતે ઉમર ફારૂકે આ'ઝમ

અમીરૂલ-મોઅમેનીન, ઈમામુલ-મુત્તકીન, અસ્દકુસ-સાદેકીન, ખલીફતુલ-મુસ્લેમીન **હઝરત અબુબકર સિદ્દીકે અકબર** રદીઅલ્લાહો અન્હોએ પોતાની ''ઝાહેરી-હયાત'' (દર્શનીય-જીવન)ના અંતિમ દિવસોમાં પોતાના ઉત્તરાધિકારી ખલીફાની નિમણુંક અનૂસંધાને ચિંતિત હતા. જ્યારે આપની તબીયત વધુ કથળી ત્યારે આપે ⊙ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ ⊙ હઝરત ઉસ્માન ઈબ્ને અફફાન ⊙ હઝરત સઈદ ઈબ્ને ઝૈદ ⊙ હઝરત ઉસૈદ ઈબ્ને હુદૈર તથા ⊙ મહાજિર અને ⊙ અન્સારના નામાંકિત સહાબા-એ-કિરામને બોલાવીને દરેકની સાથે એકાંતમાં ખાનગી ચર્ચા કરીને હવે પછીના ખલીફતુલ-મુસ્લેમીનની નિમણુંક અંગેનો અભિપ્રાય જાણયો, તો દરેક સહાબીએ **હઝરત ઉમર ફારૂકે આઝમ** ની નિમણુંક પ્રત્યે સંમતિ અને અનુમતિ દર્શાવી.

(હવાલો :- **''તારીખુલ-ખુલફા''** (ઉર્દૂ અનુવાદ) પેઈજ નં. ૨૨૦)

# હઝરત અલી શેરે-ખુદાનો અભિપ્રાય

જ્યારે અમીરૂલ-મોઅમેનીન **હઝરત સિદ્દીકે અકબર** રદીઅલ્લાહો તઆલા અન્હોની તબીયત અતિ-નાઝુક પરિસ્થિતિમાં આવી, ત્યારે આપે પોતાના ઓરડાની બારી (Window) થી સર મુબારક બહાર કાઢીને લોકોને સંબોધન કરતાં ફરમાવ્યું કે મૈં એક શખ્સને તમારા ઉપર ખલીફા તરીકે નિયુકત કર્યો છે. શું તમો મારા દ્વારા કરવામાં આવેલી નિયુક્તિથી ખૂશ અને સંમત છો? ઉપસ્થિત જનસમુદાયે સર્વાનુમતે ઐકી સૂર દ્વારા કહયું કે એ રસૂલુલ્લાહના ખલીફા! અમો સંપૂર્ણપણે સંમત અને ખૂશ છીએં.

આ સાંભળીને લોકોની વચ્ચે થી ઉભા થઈને **મૌલા-એ-કાએનાત, હઝરત અલી શૈરે ખુદા** રદીઅલ્લાહો અન્હોએ ફરમાવ્યું કે, **''જો તે શખ્સ ઉમર નથી બલ્કે અન્ય કોઈ છે, તો અમો સંમત અને ખૂશ નથી''** હઝરત અબુબકર સિદ્દીકે પ્રત્યુતર આપતાં ફરમાવ્યું કે, ''બેઃશક! તે શખ્સ ઉમર જ છે''



(હવાલો :- **''તારીખુલ-ખુલફા''** - ઉર્દૂ અનુવાદ - પેઈજ નં. ૨૨૨)

# ફઝીલતે ફારૂકે આઝમ બઝબાને મૌલા અલી

✪ મૌલા-એ-કાએનાત, **હઝરત અલી શૈરે ખુદા** રદીઅલ્લાહો તઅલા અન્હો ફરમાવે છે કે ''જ્યારે તમો સાલેહીનનું વર્ણન કરો ત્યારે **હઝરત ઉમર** રદીઅલ્લાહો તઆલા અન્હોનું વર્ણન કદાપી ચુકશો નહીં. કેમકે શકય છે કે તેઓ નું કથન ''ઈલ્હામ'' (ખુદાની પ્રેરણા/Inspiration) હોય અથવા ફરિશ્તા દ્વારા ઉચ્ચારેલી વાણી હોય''

(હવાલો :- **''તારીખુલ-ખુલફા''**-ઉર્દૂ અનુવાદ - **પેઈજ નં. ૨૮૩**)

✪ હઝરત જાબિર રદીઅલ્લાહો અન્હો ફરમાવે છે કે **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હો એક વખત **હઝરત ઉમર ફારૂક** રદીઅલ્લાહો અન્હો પાસે તશરીફ લાવ્યા તે વખતે **હઝરત ઉમર** રદીઅલ્લાહો અન્હો એક ચાદર ઓઢીને બેઠા હતા. **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોએ આપને જોઈને ફરમાવ્યું કે ''મને **રસૂલુલ્લાહ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના ફરમાનો (કથનો) પછી આ ચાદર ઓઢીને બેસેલી હસ્તી એટલે કે **હઝરત ઉમર** રદીઅલ્લાહો અન્હોના ફરમાનો સૌથી વધુ પ્રિય છે.''

(હવાલો :- **''તારીખુલ ખુલ્ફા''** - ઉર્દૂ અનુવાદ - **પેઈજ નં. ૨૮૪**)

# હઝરત ઉમરનો લકબ 'ફારૂક' શા માટે પડયું ?

જ્યારે હઝરત ઉમર રદીઅલ્લાહો અન્હો **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની ખિદમતમાં હાઝિર થઈ, કલ્મો પઢીને ઈસ્લામમાં દાખિલ થયા, તે વખતે જ હઝરત ઉમરે હુઝૂર અકદસથી પૂછેલું કે **યા રસૂલલ્લાહ** ! શું આપણે 'હક' (સત્ય)

ઉપર નથી? આપે પ્રત્યુત્તર આપતાં ફરમાવ્યું કે શા માટે નહીં? આપણે ખાત્રીપૂર્વક હક ઉપર છીએં. હઝરત ઉમરે અર્ઝ કરી કે તો પછી આ ગુપ્તતા અને છાનુંમાનું ઈસ્લામનો પ્રચાર શા માટે? તરત જ હઝરત ઉમરે ઉપસ્થિત ઈમાનવાળાઓની બે (૨) સફો (Row/કતાર) બનાવી. એક કતાર (લાઈન)માં હઝરત ઉમર અને બીજી કતારમાં **હઝરત હમઝા** શહીદ રદીઅલ્લાહો અન્હો હતા. અને નાર-એ-તકબીરનો નારો બુલંદ કરતાં કરતાં બધા **મસ્જિદે હરામ** માં દાખિલ થયા. મુસ્લિમોના સમુહમાં બે (૨) કુરૈશ મહાનુભાવો **હઝરત ઉમર** અને **હઝરત હમઝા** ને જોઈને મક્કાના કાફિરો હતપ્રત અને નાસીપાસ થઈ ગયા. તે દિવસે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે **હઝરત ઉમર** રદીઅલ્લાહો અન્હોને ''**ફારૂક**''નો ખિતાબ એનાયત ફરમાવ્યો. કેમ કે હવે ઈસ્લામ જાહેર થઈ ગયો અને હક અને બાતિલ વચ્ચે ''**ફર્ક**'' એટલે કે ''તફાવત'' જાહેર થઈ ગયો. અરબી ભાષામાં ''ફારૂક''નો અર્થ સત્ય અને અસત્ય વચ્ચે તફાવત કરનાર થાય છે.

⊙ બુખારી શરીફમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઉદ રદીઅલ્લાહો અન્હોથી રિવાયત છે કે જે દિવસે **હઝરત ઉમર** રદીઅલ્લાહો અન્હો ઈમાન લાવેલા, તે દિવસથી ઈસ્લામ સદાય પ્રગતિ અને ઉન્નતિ પામતો ગયો.
(હવાલો :- ''**તારીખુલ ખુલફા**'' - ઉર્દૂ અનુવાદ - **પેઈજ નં. ૨૭૪ અને ૨૭૫**)

## હઝરત ઉમર ફારૂકે આઝમના શાસનકાળ દરમિયાનની મહત્વની ઘટનાઓ અને બનાવો

✪ આપની ખિલાફતના સમયકાળ દરમિયાન ઈસ્લામ ધર્મ અરબસ્તાનના સીમાડા ઓળંગીને વિશ્વસ્તરે ફેલાઈ ગયો.
✪ આપની ખિલાફતના સમયકાળ દરમિયાન ⊙ અરેકા ⊙ સખના ⊙ તદમ્મુર ⊙ બસરા ⊙ બયતે લહિય્યા ⊙ અજનાદીન ⊙ દમિશ્ક ⊙ જૌસિયા ⊙ હુમસ ⊙ શીરાઝ ⊙ રૂસ્તન ⊙ હમ્માત ⊙ કન્સરીન ⊙ બઅલબક ⊙ યરમૂક ⊙ બયતુલ



મુકદ્દસ ⊙ હલ્બ ⊙ એઝાઝ ⊙ ઈન્તાકિયા ⊙ કિલ્લ-એ-નજમ જેવા મુલ્કેશામ (સિરીયા)ના મશ્હૂર શહેરો અને કિલ્લાઓ ફતેહ થયા.
✪ આપની ખિલાફતના શાસનકાળ દરમિયાન વિશ્વના નામાંકિત દેશો ફતેહ થયા અને ત્યાં ઈસ્લામી હુકૂમત સ્થાપિત થઈ. જેમ કે ⊙ ઈરાક ⊙ ઈરાન ⊙ ઈજિપ્ત ⊙ રોમ ⊙ નૈશાપૂર ⊙ હલ્વાન ઉપરાંત અનેક ટાપૂઓ અને શહેરો જેવા કે ⊙ સમ્માત ⊙ હિરાન ⊙ મૌસલ ⊙ કૈસારિયા ⊙ તુસ્તર ⊙ નેહાવંદ અને પશ્ચિમ આફ્રિકાના અનેક દેશો ⊙ ઈસ્કન્દરિયા વગેરે.
✪ સન હિજરી - ૧૬ માં ઈરાનના મશ્હૂર શહેર 'તકરીત' તશરીફ લઈ ગયા અને 'ઈરાન-વિજય'નો મહોત્સવ મનાવી ત્યાં ઈસ્લામી હુકૂમત સ્થાપિત કરી.
✪ સન હિજરી-૧૬માં મુલ્કે-શામ સંપુર્ણપણે ઈસ્લામી શાસનના અંકૂશમાં આવી જતાં આપ બયતુલ-મુકદ્દસ (જૈરૂસ્સલેમ) તશરીફ લઈ ગયા અને સિરીયાના મશ્હૂર શહેર 'જાબિયા'માં જુમ્આની નમાઝનો મશ્હૂર ખુત્બો આપ્યો.
✪ હિજરી સન અને તારીખ લખવાનું શરૂ થયું.
✪ ''બયતુલ-માલ'' એટલે કે સરકારી તિજોરી સ્થાપવામાં આવી.
✪ રમઝાન મહિનામાં ''તરાવીહ''ની નમાઝ જમાઅતની સાથે પઢવાની શરૂઆત કરવામાં આવી.
✪ ''**મુતઆ**'' એટલે ટેમ્પરેરી લગ્ન સબંધનું હરામ હોવું પ્રચલિત કર્યુ અને કોઈ પણ વ્યક્તિ માટે આવા હંગામી ધોરણના લગ્નને જાઈઝ ન ઠરાવ્યો.
✪ નમાઝે જનાઝામાં ચાર (૪) તકબીરો કહેવાનો હુકમ જારી કર્યો.
✪વારસદારોને પૂર્વજોની સંપતિ અને મિલ્કતમાંથી શરીઅતના નિયમોને અનૂસરીને થતો હિસ્સો અપાવવાનું શરૂ કરવામાં આવ્યું.
✪ મસ્જિદે - નબવીના ક્ષેત્રફળને વિસ્તારીને મસ્જિદ મોટી બનાવી.
✪ શરાબ પીનારને એંશી (૮૦) કોરડા (ફટકા) મારવાની ઈસ્લામી શિક્ષાની અમલવારી શરૂ કરવામાં આવી.
✪ કોરડા (ફટકા)ની સજા આપવા માટે આપે ''દુર્રો'' (Whip/ચાબખો) બનાવ્યો કે જે એટલો બધો ત્રાસદાયક અને ડરામણું (Terrible) હતું અને તે એટલો બધો મશ્હૂર થએલો કે ''દુર્ર-એ-ફારૂકી'' (એટલે કે ઉમરનો કોરડો)ની એટલી ધાક હતી કે લોકો તલવારથી પણ વધુ તેનાથી થરથર કાંપતા.

✪ વહીવટી શાખા અને અન્ય સરકારી કામો માટે કચેરીઓ ખોલવામાં આવી.
✪ વિજયી દેશો અને શહેરોમાં ગવર્નરો (હાકિમો)ની નિમણુંકો કરવામાં આવી.
✪ લોકોને ઝડપી અને સરળતાથી ન્યાય મળી રહે, તે હેતૂથી દરેક શહેરમાં કાઝી એટલે કે ન્યાયધિશો નિમવામાં આવ્યા.
✪ વેપાર, વાણિજય અને પ્રવાસન ક્ષેત્રે આજે પણ વિશ્વના અસંખ્ય લોકો જેનો લાભ લઈ રહયા છે, તે 'સુએઝ-નહેર' (Suez Canal) ઈસ્લામના ખલીફા હઝરત ઉમર ફારૂકે આઝમ રદીઅલ્લાહો અન્હોની શોધ છે. ભુમધ્ય સમુદ્ર (Mediterrahen Sea) અને રાતા સમુદ્ર (Red Sea)ને જોડતી ૧૯૩.૩૦ કિલોમીટર (૧૨૦.૧૧ માઈલ) લાંબી આ નહેર (કેનાલ)નો પ્લાન (નકશો) હઝરત ઉમર ફારૂકે બનાવેલો. જે નકશાનો સેંકડો વર્ષો પછી સદુપયોગ કરવામાં આવ્યો અને ઈ.સ. ૧૮૫૯ થી ઈ.સ. ૧૮૬૯ દરમિયાન દસ (૧૦) વર્ષ સુધી નહેર (Canal) નું ખોદકામ અને બાંધકામ અદ્યતન સાધનો દ્વારા કરવામાં આવ્યો. તા. ૧૭-૧૧-૧૮૬૯ના દિવસે ઉદઘાટન કરીને આ નહેરનો ઉપયોગ શરૂ થયો છે.
✪ દમ્પત્ય જીવનની આવશ્યકતાને અનુલક્ષીને આપે એવો આદેશ જારી કર્યો કે કોઈપણ મુજાહિદ (સૈનિક) વધુમાં વધુ ચાર(૪) મહિના સુધી જ ઘરની બહાર રહી શકે છે. જેથી દરેક સૈન્યના સેનાપતિને આદેશ આપવામાં આવ્યો કે કોઈપણ મુજાહિદને ચાર (૪) મહિનાની વધુ સમય સુધી યુધ્ધના મેદાનમાં રોકી રાખવામાં આવે નહીં.
✪ આપે **'નજદ'** (રિયાધ)માં વસતા યહૂદીઓ ને 'મુલ્કે શામ' (સિરીયા) અને **'નજરાન'** ના યહૂદીઓને 'કુફા' (ઈરાક) ખદેડી મુકયા.
✪ આપે 'અન્ન સંગ્રહ' માટે ગોદામો બાંધ્યા, જેમાં લોટ, ખજૂરો, સત્તુ (શેકેલા જવનો આટો), મુનકકા (સુકવેલી દ્રાક્ષ) તથા અન્ય ખાદ્યસામગ્રી સંગ્રહીને રાખવામાં આવતી. જેથી સ્થાનિક લોકો અને પ્રવાસીઓને જરૂરત મુજબની વસ્તુઓ સરળતાથી મળી રહે.
✪ **'મકકા મોઅઝઝમા'** અને **''મદીના મુનવ્વરા''** ના માર્ગે આપે પ્રવાસીઓ માટે સુવિધાઓ અને સગવડો સ્થાપિત કરવાનું આયોજન કર્યુ. જેથી મુસાફરોને માર્ગમાં કોઈ તકલીફ ન પડે.



✪ શહેરી વિકાસ યોજના બનાવી તેની ઝડપી અને વ્યવસ્થિતરૂપે અમલવારી કરીને કુફા, બસરા, જઝીરા, મોસલ તથા ઈજીપ્ત અને સિરીયાના અનેક મહત્વના શહેરોનો વિકાસ કર્યો.
✪ ઈજીપ્ત (મિસર)થી મદીના જીવન જરૂરિયાતની વસ્તુઓ આયાત કરવા માટે 'બેહરાયેલા'નો ટૂંકો અને સરળ સલામત માર્ગ શોધી કાઢયો.
✪ પ્રજાજનોની જીવન નિર્વાહ પરિસ્થિતિ જાણવા માટે સ્વયં રાત્રીના સમયે રહેણાંક વિસ્તારોમાં પેટ્રોલીંગ (નિરીક્ષણ) માટે નિકળવાની પદ્ધતી આરંભી.

## હઝરત ઉમરની અન્ય વિશિષ્ટતાઓ

⊙ શરીઅતે મુતહહેરાની ચુસ્તપણે પાબંદી સ્વયે કરવી અને પ્રજાના દરેક વર્ગના લોકોથી તેનો આગ્રહ રાખવો અને શરીઅતના કાનૂન ભંગના મામલામાં કોઈની પણ શેહ-શરમ, ઓળખાણ, ભલામણને અવગણીને તાત્કાલિક કડકમાં કડક શિક્ષા કરવી અને જાહેરમાં જ કોરડાની શિક્ષાની અમલવારી કરવી.

⊙ હઝરત ઉમરના ખિલાફતના સમયકાળ દરમિયાન કાયદો અને વ્યવસ્થા અને અપરાધ નિયંત્રણ એટલું ઉચ્ચકક્ષાનું હતું કે હત્યા, લૂંટ, બળાત્કાર જેવા ગંભીર અપરાધો સંપૂર્ણપણે નામશેષ હતા. બલ્કે ચોરી-ચપાટી, સામાન્ય કક્ષાની મારપીટ અને અન્ય ગંભીર ન ગણાય તેવા અપરાધો પણ બહુ જ અલ્પ સંખ્યામાં બનતા. ટૂંકમાં ક્રાઈમ રેટ નો ગ્રાફ (ગુનાહિત પ્રમાણનો આંક) લગભગ નહીંવત હતું.

⊙ **હઝરત ઉમર** ફારૂક રદીઅલ્લાહો અન્હોની ધાર્મિક, વાણિજય, સામાજિક, રાજકીય અને અન્ય ક્ષેત્રો ઉપર એવી મજબૂત પકડ અને ધાક હતી કે ધાર્મિક ક્ષેત્રે કે સામાજિક કે રાજકીય ક્ષેત્રે માથું ઉંચકીને બળવો, ખોટો વિરોધ, અશાંતિ કે કોઈપણ પ્રકારની ગરબડ ફેલાવવાની કોઈની હિંમત ન હતી. અપરાધકાર્ય વિચારનાર આપના ''દુર્રા'' (કોરડા)ના ભયથી ધ્રુજી ઉઠતો. ટૂંકમાં પ્રજા અમન, અમાન અને શાંતિપૂર્વક પોતાના રોજીંદા ધાર્મિક, સામાજિક, ધંધા અને રોજગાર અને વહીવટી ક્ષેત્રે કોઈપણ પ્રકારની ચિંતા, વ્યથા, ભય કે કષ્ટ વગર પોતાના નિત્યકર્મો ઘણા જ આરામ, સુખ, શાંતિથી, જંપ અને નિરાંતે નિર્વિવાદીત સ્વરૂપે બજાવતા હતા.

# હઝરત ઉમરની ફઝીલત હદીષો દ્વારા

## (૧) મારા પછી જો કોઈ નબી હોત તો....?

તિર્મિઝી અને હાકિમે ઉકબા બિન આમિરની સત્યતા સાથે રિવાયત છે, ઉપરાંત તિબ્રાની એ હઝરત અબૂ સઈદ ખુદરી અને અસમા બિન માલિક દ્વારા તથા ઈબ્ને અસાકિરે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર રદીઅલ્લાહો અન્હોથી રિવાયત કરી છે કે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ઈર્શાદ ફરમાવે છે કેઃ -

**''જો મારા પછી કોઈનું નબી હોવું શકય હોત, તો ઉમર ઈબ્ને ખત્તાબ નબી હોત.''**

## (૨) મારા પછી હક (સત્ય) ઉમરની સાથે રહેશે :-

તિબ્રાનીએ 'અવસત' માં હઝરત અબૂ હુરૈરા રદીઅલ્લાહો અન્હોથી તથા હઝરત ફઝલ ઈબ્ને અબ્બાસ રદીઅલ્લાહો અન્હુમાથી રિવાયત કરી છે કે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ઈર્શાદ ફરમાવે છે કેઃ -

**''મારા પછી 'હક''** (સત્ય) **ઉમરની સાથે રહેશે, તેઓ જયાં પણ હોય''**

## (૩) જે રસ્તાથી ઉમર પસાર થશે, ત્યાંથી શૈતાન પસાર નહીં થાય :-

બુખારી અને મુસ્લિમે હઝરત સઅદ બિન અબી વકકાસ રદીઅલ્લાહો અન્હોથી રિવાયત કરી છે કે **હુઝૂરે અકદસ, જાને ઈમાન** સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ ઈર્શાદ ફરમાવે છે કેઃ -

**''એ ઉમર! કસમ છે તે ઝાતની જેની કુદરતના કબ્જામાં મારા પ્રાણ છે! જે રસ્તાથી તમો પસાર થશો, તે રસ્તાથી શૈતાન પસાર નહીં થાય બલ્કે અન્ય રસ્તાથી ચાલ્યો જશે.''**

## (૪) જયાં સુધી ઉમર હયાત છે, ત્યાં સુધી ફિતનાઓ નહીં થાયઃ-

બઝારે કુદામા બિન મઝઊનના આદરણીય કાકા ઉસ્માન બિન મઝઊનના મુખેથી વર્ણન કર્યુ છે કે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે



વસલ્લમે હઝરત ઉમર પ્રત્યે ઈશારો (સંકેત) કરીને ઈર્શાદ ફરમાવ્યું કે :-

**''આ તે વ્યકિત છે, જેના કારણે ફિત્ના અને ફસાદના દરવાજાઓ બંધ છે, જયાં સુધી તેઓ જીવંત રહેશે, ત્યાં સુધી તમારી અંદર કોઈપણ ફાટફૂટ અને ફિત્ના-ફસાદ નહીં નાખી શકે''**

## (૫) ઈસ્લામ હઝરત ઉમરની મૌત ઉપર રડશે :-

તિબ્રાનીએ હઝરત ઉબઈ ઈબ્ને કઅબ રદીઅલ્લાહો અન્હો થી રિવાયત કરી છે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે ફરમાવ્યું કેઃ -

**''મને જિબ્રઈલે કહયું કે ઈસ્લામ હઝરત ઉમરની મૌત ઉપર રડશે''**
**(એટલે કે તેઓના ઈન્તેકાલથી ઈસ્લામને ભારે નુકશાન થશે)**

(ઉપરોકત હદીષ નં. ૧ થી ૫ સુધીનો હવાલો :- **''તારીખુલ-ખુલફા''** - ઉર્દૂ અનુવાદ - લેખકઃ ઈમામ જલાલુદ્દીન સુયૂતી - ઈન્તેકાલ :- હિજરી સન ૯૧૧, **પેઈજ નં. ૨૮૦, ૨૭૮, ૨૭૯ અને ૨૮૧**)

# હઝરત ઉમરની શહાદત

**હઝરત ઉમર** રદીઅલ્લાહો અન્હોનું સમગ્ર જીવન **ઈશ્કે-રસૂલ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના પવિત્ર જઝબાથી પ્રેરિત રહીને ચુસ્તપણે શરીઅતે મુતહહરાની પાબંદી કરવા અને કરાવવામાં પસાર થયું. આપના શાસનકાળ દરમિયાન સમગ્ર ઈસ્લામી સામ્રાજયના દેશો અને શહેરોમાં પ્રજાજનો સુખ, શાંતિ અને ભયમુકત જીવન પ્રસાર કરતા હતા. ઈસ્લામી કાનૂનનું ઉલંઘન અને અન્ય સામાજિક કે નૈતિક અપરાધો નામશેષ થઈ ગએલા.

**હઝરત ઉમર** રદીઅલ્લાહો અન્હો દીર્ઘદ્રષ્ટિ, વહીવટી કુનેહ, શાસકીય વર્ચસ્વ, સમય પારખું, કોઈપણ ઘટના કે મામલાના ભીતરની વાસ્તવિકતાના જાણકાર, સ્વચ્છ, સાદું, સરળ અને પવિત્ર જીવન ચરિત્ર ધરાવનાર ન્યાયપ્રિય ખલીફા તરીકે વિશ્વમાં નામાંકિત થએલા અને આજે પણ પ્રતિષ્ઠિત છે.

આપનું જીવન વૃતાંત સંપૂર્ણપણે અહીં આલેખવું શકય નથી. આપ ધાર્મિક, રાજકીય, સામાજિક કે અન્ય કોઈપણ ક્ષેત્રે ગજબના નાડપારખું, નિશ્રાંત અને હૈયા ઉકલત ધરાવનારા માસ્ટર માઈન્ડ સમાજ નિર્માણક અને નિર્માતા હતા.

આપના દ્વારા અનેક કરામતો જાહેર થએલી છે, ઉપરાંત આપની સલાહ અને સુચનને સુસંગત કુરઆન શરીફમાં અનેક આયતો નાઝિલ થઈ છે. ટૂંકમાં આપ એક એવા નિરનિરાળા, નિરપવાદ, નિયંત્રક, નિયામક, ચતુર, નિપુણ અને નિષ્ણાંત ખલીફા થઈ ગયા છે કે આપના શાસનકાળ માં ઈસ્લામની આન-બાન-શાન અને કીર્તમાનને ચાર (૪) નહીં બલ્કે ચાલીસ (૪૦) ચાંદ લાગી ગએલા. ઈસ્લામ ધર્મના ઉચ્ચ આદેશો અને સિધ્ધાંતો ની સુવાસ વિશ્વના ખૂણેખૂણા સુધી ફેલાઈ ગઈ. આપની વહીવટી શકિત અને લશ્કરી કવાયતની યુકિતની ધાક-ધમકનો ધ્રુજારો તે સમયની ઈસાઈ અને યહૂદી સલ્તનતો પણ અનુભવતી બલ્કે થરથર કાંપતી. ઈસ્લામી સૈન્ય સામે ખુલ્લા મેદાનમાં સામી છાતીએ લડવાની તેઓમાં હામ જ નહોતી રહી.જેથી કાવત્રા, ષડયંત્રો, પ્રપંચો, ખટપટો, છળકપટો, આંતરિક વિખવાદો, ભાગલા નિતી, છેતરપિંડી, દગલબાજી, દગાબાજી, દગોફટકો અને ગદ્દારી જેવા કાયરતા ઉપર આધારિત દુષણોનો આશરો લીધો અને અઢળક સંપતિ ખર્ચી ને દગાબાજો અને ગદ્દારો દ્વારા ઈસ્લામને હાનિ પહોંચાડવાની નિતી અપનાવી અને તે સિલસિલાની પ્રથમ કરી રૂપે **હઝરત ઉમર ફારૂક** રદીઅલ્લાહો અન્હોની શહાદતની આઘાતજનક ઘટના અસ્તિત્વમાં આવી.

### ⊙ શહાદની ઘટના સંક્ષિપ્તમાં :-

કુફા (ઈરાક)થી આવેલો **અબૂ-લૂઅલૂહ** નામનો શખ્સ કે જે એક ગુલામ હતો. તેણે એક બે (૨) ધાર વાળી છુરીને ઝેર પાઈને તૈયાર કરેલી અને તે છરીને છુપાવીને ફજરની નમાઝમાં મસ્જિદે નબ્વીમાં બા-જમાઅત નમાઝ પઢવા આવી પહોંચ્યો. **હઝરત ઉમર** રદીઅલ્લાહો અન્હોનો નિયમ હતો કે આપ જમાઅત માટે કહેવામાં આવતી તકબીર પહેલા ફરમાવતા કે એ લોકો ! સફો સીધી કરી લો. આ સાંભળીને 'અબૂ-લૂઅલૂહ' પહેલી સફમાં આપની સમીપ આવી ને ઉભો રહી ગયો અને અચાનક હઝરત ઉમર ઉપર પડખામાં છુરીના બે (૨) ઉંડા અને કારમા ઘા કરી દીધા. જેથી આપ જમીન ઉપર પડી ગયા. ત્યારબાદ તેણે અન્ય નમાઝીઓ ઉપર આક્રમણ કરી દીધું અને કુલ તેર (૧૩) જણાઓને ઝખ્મી કરી દીધા. જેમાંથી છ (૬) જણા શહીદ થઈ ગયા.

સુર્યોદયનો સમય બિલ્કુલ નઝીક હતો. જેથી નમાઝ કઝા ન થઈ જાય, તે માટે **હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ** રદીઅલ્લાહો અન્હોએ જલ્દી જલ્દી નમાઝ પઢાવી દીધી અને હઝરત ઉમર રદીઅલ્લાહો અન્હોને તેઓના નિવાસ સ્થાને લઈ



આવ્યા. આપને લાગેલા છરીના ઘા ઘાતક નિવડયા અને આપને ઘરે લાવીને શરબત પીવડાવવામાં આવ્યું, તો ઝખમોથી બહાર નિકળી ગયું.

આપને ઘાયલ કરનારો અન્ય નમાઝીઓ ઉપર પણ સતત જનુનપૂર્વક પ્રહારો કરતો હતો, ત્યારે એક નમાઝીએ તેના ઉપર પોતાનો ધાબડો (બ્લેન્કેટ) નાખી દીધો. તે ધાબડામાં ગુચવાઈ ગયો એટલે તરત જ તેને પકડી લેવામાં આવ્યો. હત્યારાએ હત્યા નો ભેદ અકબંધ રહે અને પોતે પણ આકરી શિક્ષા ભોગવવાથી બચી જાય, તેણે તે છરી પોતાના પેટમાં મારીને ખૂદકુશી (આત્મહત્યા) કરી લીધી.

**હઝરત ઉમર** રદીઅલ્લાહો અન્હોની તબીયત અત્યંત લથડી ગઈ ત્યારે આપે **હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ** રદીઅલ્લાહો અન્હોથી પુછયું કે મારો હત્યારો કોણ છે? હઝરત અબ્દુલ્લાહે પ્રત્યુતર આપતાં કહયું કે એક અગ્નિપુજક ગુલામ છે. હઝરત ઉમર રદીઅલ્લાહો અન્હોએ ફરમાવ્યું કે, ખુદાનો શુક્ર છે કે મારી હત્યા કોઈ મુસલમાનના હાથથી નથી થઈ.

ત્યારબાદ આપે પોતાના સાહબજાદા (પુત્ર) **હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર** રદીઅલ્લાહો અન્હોથી ફરમાવ્યું કે, બેટા ! તમો ઉમ્મુલ મોઅમેનીના **હઝરત આએશા સિદ્દીકા** રદીઅલ્લાહો અન્હા પાસે જાઓ, તેઓને મારા સલામ કહેશો અને વિનંતી કરશો કે આપના હુજરામાં **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના કદમોમાં દફન થવાની ઉમર આપનાથી પરવાનગી ચાહે છે.

હઝરત ઉમરના આદેશ મુજબ હઝરત અબ્દુલ્લાહ જયારે ઉમ્મુલ-મોઅમેનીન હઝરત આએશા સિદ્દીકાની ખિદમતમાં હાઝિર થયા, તો શું જુએ છે કે, હઝરત આએશા પણ હઝરત ઉમરના રંજ અને ગમમાં ચૌધાર આસૂં રડી રહયા છે. હઝરત અબ્દુલ્લાહે આદાબો સલામ બાદ હઝરત ઉમરની દફન થવા અંગેની ઈચ્છા જણાવી. હઝરત આએશાએ ફરમાવ્યું કે, આ જગ્યા મૈં મારા માટે દફન થવા માટે રાખેલી પણ અમીરૂલ મોઅમીન **હઝરત ઉમર** રદીઅલ્લાહો અન્હોની જાનને મારી જાન થી વધુ અગત્યતા આપુ છું અને તેઓને તેઓની ઈચ્છા મુજબ દફન થવાની પરવાનગી આપુ છું.

**હઝરત ઉમર** રદીઅલ્લાહો અન્હોએ **૨૬, ઝિલ હિજજહ, સ.હિ. ૨૩, બુધવાર** ના દિવસે દુનિયાથી પર્દો ફરમાવ્યો.

જે દિવસે હઝરત ઉમર રદીઅલ્લાહો અન્હોએ આ ફાની દુનિયાથી પર્દો ફરમાવ્યો, તે દિવસે સૂરજને ગ્રહણ લાગ્યો અને સમગ્ર મદીના શહેર ઉપર અંધકાર

છવાઈ ગયો. એક તરફ તો હઝરત ઉમરના વિયોગમાં હિબકે ચડીને લોકોનું રૂદન અને ઉપરથી વળી અંધારપટ છવાઈ જવું. જાણે કે કયામતનું દ્રશ્ય ખડુ થઈ ગયું હતું. બાળકો પોતાની માં ને પૂછતા હતા કે શું આજે કયામત છે? ત્યારે ચૌધાર આંસૂઓ સારતી માતાઓ કહેતી કે નહીં બેટા, આજે કયામત નથી પણ અમીરૂલ મોઅમેનીન **હઝરત ઉમર** રદીઅલ્લાહો અન્હોનો ઈન્તેકાલ થયો છે.

**''અશર–એ–મુબશ્શેરહ'' એટલે કે તે દસ (૧૦) સહાબા કે જેઓને હુઝૂરે અકદસે દુનિયામાં જ જન્નતી હોવાની ખુશખબરી આપી દીધેલી.**

(૧) હઝરત સય્યેદેના **અબૂબકર સિદ્દીકે અકબર** - અમીરૂલ મોઅમેનીના
(૨) હઝરત સય્યેદેના **ઉમર ફારૂકે આઝમ** - અમીરૂલ મોઅમેનીના
(૩) હઝરત સય્યેદેના **ઉસ્માન ઈબ્ને અફફાન** - અમીરૂલ મોઅમેનીના
(૪) હઝરત સય્યેદેના **મૌલા અલી મુશકિલ કુશા** - અમીરૂલ મોઅમેનીના
(૫) હઝરત સય્યેદેના **સઅદ ઈબ્ને અબી વકકાસ** -
૧૭, વર્ષે ઈમાન - ત્રીજા મો'મિન
(૬) હઝરત સય્યેદેના **અબૂ ઉબૈદા બિન જર્રાહ** - અમીનુલ ઉમ્મત
(૭) હઝરત સય્યેદેના **અબ્દુલરહેમાન ઈબ્ને ઔફ** -
જેમને હુઝૂરે અકદસની ઈમામતનો સૌભાગ્ય પ્રાપ્ત થએલો.
(૮) હઝરત સય્યેદેના **તલ્હા બિન ઉબૈદુલ્લાહ** -
૧૮, વર્ષે ઈમાન - આઠમા મોમિન
(૯) હઝરત સય્યેદેના **ઝુબૈર ઈબ્ને અવામ** - હુઝૂરે અકદસની ફઈના દિકરા -
૧૬, વર્ષની વયે ઈમાન લાવ્યા.
(૧૦) હઝરત સય્યેદેના **સઈદ ઈબ્ને ઝૈદ** - હઝરત ઉમર ફારૂકના બનેવી
૧૫, વર્ષની વયે ઈમાન લાવ્યા.
(રદીઅલ્લાહો તઆલા અન્હુમ અજમઈન વ-અરદાહુમ-અન્ના)



# ખલીફાઓની નિમણુંક

**હુઝૂરે અકદમસ, રહમતુલ–લિલ–આલમીન** સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમને **અલ્લાહ તઆલા** એ ''ખાતેમુન્નબીય્યીન'' એટલે કે **અંતિમ નબી** તરીકે દુનિયામાં મોકલેલા, નબુવ્વતનો દ્વાર આપના ઉપર બંધ થઈ ગયો. હવે કોઈ નબી કયામત સુધી નહીં આવે બલ્કે તેની શકયતા જ નથી. કયામત પહેલાં **હઝરત ઈસા ઈબ્ને મરીયમ** અલૈહિસ્સલાતો વસ્સલામ અવશ્ય તશરીફ લાવશે, પણ તેઓ નબી હોવાની હૈસિયત થી નહીં બલ્કે **ઉમ્મતી** હોવાની હૈસિયતથી તશરીફ લાવશે અને **શરીઅતે મુહમ્મદી** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને અનૂસરીને અમલ કરશે અને કરાવશે. હવે કોઈ નવો **'દીન'** (ધર્મ) પણ નહીં આવે. દીને ઈસ્લામ ખુદાએ તઆલા તરફથી અંતિમ દીન તરીકે કયામત સુધી અમલમાં રહેશે.

**હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ પછી ઉમ્મત (અનુયાયીઓ)ની રહેબરી અને માર્ગદર્શન માટે ખલીફાઓ અને ઔલિયા આવતા રહેશે અને આ સિલસિલો જારી રહેશે.

## ⊙ ઈસ્લામના પહેલા ખલીફા :–

**હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે દુનિયાથી પર્દો ફરમાવ્યા બાદ સમગ્ર સહાબા-એ-કિરામ રિદવાનુલ્લાહે તઆલા અલૈહિમ અજમઈને સર્વાનુમતે **હઝરત અબુબક્ર સિદ્દીક** રદીઅલ્લાહો અન્હોને ઈસ્લામના પહેલા ખલીફા તરીકે ચુંટી કાઢયા. આપ લગભગ **સવા બે (૨া) વર્ષ** સુધી ખલીફા તરીકે નિષ્ઠાપૂર્વક ફરજો અદા કરીને ૨૨, જમાદિલ આખિર સન હિજરી ૧૩ના રોજ દુનિયાથી પર્દો ફરમાવ્યો.

## ⊙ ઈસ્લામના બીજા ખલીફા :–

**હઝરત અબુબક્ર સિદ્દીકે** પોતાના ઉતરાધિકારી તરીકે સહાબા-એ-કિરામ પૈકીના મહાનુભાવોની સલાહ અને સમંતિથી **હઝરત ઉમર ફારૂકે આઝમ** ને ઈસ્લામના બીજા ખલીફા તરીકે નિયુકત કરી દીધા હતા. જેને સમગ્ર સહાબા-એ-કિરામના સમુદાયે સહર્ષ માન્ય અને સ્વીકૃત કરેલા.

## ⊙ ઈસ્લામના ત્રીજા ખલીફા નિયુકત કરવાનો મામલો અને તે અંગે હઝરત ઉમરની દૂરંદેશી

**હઝરત ઉમર ફારૂકે આઝમ** રદીઅલ્લાહો અન્હોના સન હિજરી :- ૧૩ થી સન હિજરી :- ૨૩ સુધીનાલગભગ **સાડા દસ (૧૦ાા) વર્ષ**ના શાસનકાળ દરમિયાન દીને ઈસ્લામે અનેક કપરા ચઢાણો ચડીને પ્રગતિના શિખરો સર કરેલા અને વિશ્વ સ્તરે ઈસ્લામનો ઝંડો લહેરાઈ ગયો હતો. ઉપરાંત આપની સાથે રહીને વહીવટી શકિતની કુનેહ અને કૌશલ્યનું શિક્ષણ મેળવીને અનેક મહાનુભાવ સહાબા વહીવટી ક્ષેત્રે એટલા બધા શિક્ષિત અને પ્રાવીણ્ય બની ગએલા કે અનેક સહાબી ખિલાફતના પદ માટે સમર્થ, સક્ષ્મ અને લાયક હતા. આવા સંજોગમાં કોઈપણ એક વ્યકિત ના નામનું ખલીફા તરીકે સુચન કરવું અનેકો ને અન્યાય કરવા સમાન હતું. જેથી આપે દીર્ઘદ્રષ્ટિ વાપરીને છ (૬) વ્યકિતઓના નામો સુચવ્યા અને સાથેસાથે એવી તાકીદ અને ભારપૂર્વક આદેશ (Emphasis Enjoin) આપ્યો કે આ છ (૬)માંથી ગમે તે એકને 'ત્રીજા ખલીફા' તરીકે ચર્ચા - વિચારણા અને સલાહ સુચન કર્યા પછી જ ચુંટી કાઢવો અને આ કામ ત્રણ (૩) દિવસની અંદર અંજામ આપી દેવું.

હઝરત ઉમર ફારૂક રદીઅલ્લાહો અન્હોએ **ત્રીજા ખલીફા** તરીકે જે છ (૬) મહાન સહાબાના નામો સુચવેલા, તે નીચે મુજબ હતા :-

**(૧) હઝરત અલી ઈબ્ને અબી તાલિબ**
**(૨) હઝરત ઉસ્માન ઈબ્ને અફફાન**
**(૩) હઝરત ઝુબૈર ઈબ્ને અવામ**
**(૪) હઝરત તલ્હા ઈબ્ને ઉબૈદુલ્લાહ**
**(૫) હઝરત સઅદ ઈબ્ને અબી વકકાસ**
**(૬) હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ**

(રદીઅલ્લાહો તઆલા અન્હુમ અજમઈન)

⊡ હઝરત ઉમર ફારૂકે આઝમ રદીઅલ્લાહો અન્હોએ એક આદેશ અને સુચન એ પણ કરેલું કે, ત્રીજા ખલીફાને ચુંટી કાઢવાના મામલે કોઈપણ પ્રકારનો વાંધો કે વિવાદ ઉત્પન્ન થાય, તો તેવા સંજોગમાં **'લવાદ'** અને **'મધ્યસ્થ'** (Arbiter) તરીકે ની ફરજ **હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર** રદીઅલ્લાહો અન્હોએ બજાવવી પરંતુ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરને ખલીફા તરીકેનો ઉમેદવાર બનવાનો હક અને અધિકાર રહેશે નહીં.



⊡ ખંજરનો પ્રાણઘાતક ઘા લાગ્યો હોવા છતાં હઝરત ઉમર ફારૂકે આઝમ રદીઅલ્લાહો અન્હોની દીર્ઘદ્રષ્ટિ અને બુધ્ધી કૌશલ્યની સર્તકતા એટલી હદે જાગૃત હતી કે જયારે આપનો જનાઝો તૈયાર થઈ ગયો અને નમાઝે જનાઝા માટે મસ્જિદે નબ્વી (ખારિજે મસ્જિદ)માં લાવવામાં આવ્યો, ત્યારે **હઝરતે અલી** અને **હઝરત ઉસ્માને ગની** રદીઅલ્લાહો અન્હુમા બન્ને એવું ઈચ્છતા હતા કે તેઓ નમાઝે જનાઝાની ઈમામત કરે. પણ ઉમર ફારૂકે આઝમ જાણતા હતા કે નમાઝે જનાઝા પઢાવનારને મહત્વતા મળી જશે અને જેની અસર ખલીફા તરીકેની ચુંટણી ઉપર પડશે. જેથી આપે વિખવાદ, વિવાદ કે મતભેદનું નિરાકરણ અગાઉથી જ કરીને એવી વસીય્યત ફરમાવી દીધી હતી કે ખલીફા તરીકે ચુંટાવવા માટે ઉભા રહેનારા છ (૬) શખ્સોમાંથી કોઈપણ મારા જનાઝાની નમાઝ ની ઈમામત ન કરે બલ્કે **હઝરત સુહયબ** રદીઅલ્લાહો મારા જનાઝાની નમાઝ પઢાવે.

⊡ હઝરત ઉમર ફારૂકે આઝમ રદીઅલ્લાહો અન્હોએ પોતાના ઈન્તેકાલની થોડીક ક્ષણો પહેલા સહાબી - એ - રસૂલ **હઝરત અબૂ તલ્હા અન્સારી** રદીઅલ્લાહો અન્હોને સુચના આપેલી કે ખલીફા ચુંટી કાઢવા માટેની જે મકાનમાં મિટિંગ થાય, તે મકાનની બહાર તમો પચાસ (૫૦) માણસો લઈને પહેરો (Watch/ ચોકી) ભરજો. અને ખલીફાના ઉમેદવાર સિવાયની અન્ય કોઈપણ વ્યકિતને અંદર પ્રવેશ કરવા દેશો નહીં. જયાં સુધી ખલીફા ચુંટી કાઢવામાં ન આવે, ત્યાં સુધી તમો મકાનના દરવાજા પાસે સતત ચોકી - પહેરો રાખશો. (ઈબ્ને - માજા)

(હવાલો :- **''તારીખુલ ખુલફા''** (ઉર્દુ અનુવાદ) **પેઈજનં. ૩૪૧**)

# ખલીફા ચુંટી કાઢવાની સભાનું આયોજન થવું

**હઝરત ઉમર ફારૂકે આઝમ** રદીઅલ્લાહો અન્હોની દફનવિધી પછી ખલીફાના ઉમેદવારોની મિટીંગ ભેગી થઈ. ઘણી જ વિસ્તૃત ચર્ચાઓ થઈ. સલાહ સુચનો, મંતવ્યો, અભિપ્રાયો, સમર્થનો, વિરોધો વગેરેનો સિલસિલો વણથંભી વણઝાર સ્વરૂપે ચાલુ રહયો. પણ કોઈ નિર્ણય ન થઈ શકયો. ત્યારબાદ ચર્ચાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ. અકેબીજાના સ્વરો ઊંચા થઈ ગયા. બહાર ચોકી પહેરો કરનારા

હઝરત અબૂ તલહા અન્સારી રદીઅલ્લાહો અન્હોના કાને ઉમેદવારોની ઉગ્ર ચર્ચાના બુલંદ આવાઝો સ્પષ્ટ સંભળાતા હતા. મુકત અને નિખાલસ ચર્ચા મતભેદો અને વિખવાદોમાં રૂપાંતર થઈ રહી હોય, તેવું લાગ્યું એટલે હઝરત અબૂ તલ્હા રદીઅલ્લાહો અન્હો મિટિંગ ખંડમાં પ્રવેશ્યા અને ઉપસ્થિતોને કડક સુચના આપતાં જણાવ્યું કે ખિલાફત અંગેની ચર્ચામાં તમારા વર્તનથી મને એવો ભય લાગે છે કે તમો કયાંક આંતરિક વિખવાદમાં અટવાઈ જશો. માટે ત્રણ (૩) દિવસની અંદર જ ચર્ચા આટોપીને નિશ્ચીત નિર્ણય ઉપર આવી જાઓ. મરહુમ બીજા ખલીફાએ આપેલા આદેશ મુજબ ત્રણ દિવસથી વધુ સમય નહીં મળે. જો ત્રણ દિવસની અંદર તમો કોઈ નિર્ણય ઉપર નહીં આવો કે હૂં તમને ત્રણ (૩) દિવસથી વધુ મુદ્દત નહીં આપું અને કડક પગલા લઈશ.

## હઝરત અબ્દુર્રહમાન બિન ઔફનું સ્પર્ધા માંથી ખસી જવું અને નિર્ણાયક બનવું

સતત ત્રણ (૩) દિવસ સુધી ત્રીજો ખલીફા ચુંટી કાઢવાની મંત્રણા ચાલી પણ છેવટનો નિર્ણય થઈ શકયો નહીં. એટલે ઉમેદવાર નં. ૬ **હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ** રદીઅલ્લાહો અન્હોએ એક 'નવો - પ્રસ્તાવ 'મુકયો કે **''આપણા છ (૬)માંથી જે કોઈ ખલીફા તરીકેની ઉમેદવારી પાછી ખેંચી લેશે, તેને ત્રીજા ખલીફાને ચુંટવાનો અધિકાર પ્રાપ્ત થશે.''** આ પ્રસ્તાવનો બધાએ સહર્ષ સ્વીકાર કર્યો પણ કોઈએ પણ પોતાની ઉમેદવારી પાછી ખેંચી નહીં. અંતે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ રદીઅલ્લાહો અન્હોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી અને ત્રીજા ખલીફાને ચુંટી કાઢવાનો સંપૂર્ણ અધિકાર મેળવી લીધો. ત્યારબાદ મિટીંગ બરખાસ્ત થઈ અને હવે સૌ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ પ્રત્યે મીટ માંડી પ્રતિક્ષા કરવા લાગ્યા કે ખિલાફતનો તાજ કોના શીરે આવે છે.

**''હઝરત અબ્દુર્રહમાને સૌ પ્રથમ હઝરત અલીને ઓફર કરેલી, જેનો હઝરત અલીએ સવિનય અસ્વિકાર કર્યો.''**

મુસ્નદે ઈમામ અહમદ બિન હમ્બલમાં હઝરત અબી વાઈલથી રિવાયત છે



કે મૈં હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ રદીઅલ્લાહો અન્હોથી પુછયું કે તેમાએ હઝરત ઉસ્માન રદીઅલ્લાહો અન્હોની નિમણુંક કરી અને **હઝરત અલીને શા માટે મુકી દીધા? તેઓની બયઅત શા માટે ન કરી?** આપે પ્રત્યુતર આતા ફરમાવ્યું કે તેમાં મારો કશો જ વાંક નથી. કેમકે મૈં સૌ પ્રથમ હઝરત અલી રદીઅલ્લાહો અન્હો થી કહેલું કે હું તમારાથી કિતાબુલ્લાહ, સુન્નતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહેવસલ્લમ, સુન્નતે હઝરત અબૂબકર અને હઝરત ઉમર રદીઅલ્લાહો અન્હુમા પર બયઅત કરૂં છું. તો તેમણે ફરમાવ્યું કે, હૂં આ કામની શકિત નથી ધરાવતો. ત્યારબાદ મૈં હઝરત ઉસ્માન રદીઅલ્લાહો અન્હોથી આ વાત કહી, તો તેમણે સ્વીકાર કરી લીધો.

(હવાલો :- **''તારીખુલ-ખુલફા''** - લેખક :- અલ્લામા જલાલુદ્દીન સુયૂતી. ઈન્તેકાલ સન હિજરી :- ૯૧૧, ઉર્દુ અનુવાદ, **પેઈજ નં. ૩૪૨**)

ત્યારબાદ હઝરત અબ્દુર્રહમાને પાંચેય ઉમેદવારોને એક પછી એક (વારા ફરતી) ખાનગીમાં બોલાવીને તેઓના મંતવ્યો જાણયા. જેમ કે :-

✪ હઝરત ઉસ્માનથી ખાનગીમાં પુછયું કે જો હું તમારા હાથ ઉપર બયઅત ન કરૂં એટલે કે તમારી ખલીફા તરીકે નિમણૂંક ન કરૂં, તો તમો મને કોને ખલીફા તરીકે નિમણુંક કરવાની સલાહ આપો છો ? હઝરત ઉસ્માને કહયું કે **હઝરત અલીને.**

✪ તે પ્રમાણે જ હઝરત અલી ને ખાનગીમાં ખલીફાની નિમણુંક અંગે પુછયું તો હઝરત અલીએ **હઝરત ઉસ્માનના નામનું સુચન કર્યુ.**

✪ હઝરત ઝુબૈર ઈબ્ને અવામથી આ બાબતે ખાનગીમાં સલાહ લીધી તો હઝરત ઝુબૈરે ફરમાવ્યું કે હઝરત અલી અથવા હઝરત ઉસ્માન.

✪ હઝરત સઅદ બિન અબી વકકાસથી ખાનગીમાં પુછયું તો હઝરત સઅદે કહયું કે **હઝરત ઉસ્માન.**

✪ ત્યારબાદ આગેવાન સહાબા અને સમગ્ર સહાબાનું મંતવ્ય જાણયું તો મોટાભાગના સહાબાએ કિરામે હઝરત ઉસ્માન ના નામનું સુચન કર્યુ.

(હવાલો :- **''તારીખુલ-ખુલફા''** - ઉર્દુ અનુવાદ - **પેઈજ નં. ૩૪૨**)

ત્રીજા ખલીફા તરીકે **હઝરત ઉસ્માન ગની** રદીઅલ્લાહો અન્હોના નામની બહુમત ભલામણ પ્રાપ્ત થતાં હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ રદીઅલ્લાહો અન્હોએ સમગ્ર મુસ્લિમ સમુદાયને મસ્જિદે નબ્વીમાં એકઠા કરીને ત્રીજા ખલીફા

તરીકે **હઝરત ઉસ્માન ઈબ્ને અફફાન**ના નામની જાહેરાત કરી દીધી અને સૌ પ્રથમ તેમણે હઝરત ઉસ્માનના હાથ ઉપર બયઅત કરી. તેઓ પછી હઝરત ઉસ્માનના હાથ ઉપર બયઅત કરનારાઓમાં હઝરત અલી શૈરેખુદા રદીઅલ્લાહો અન્હો સૌથી મોખરે હતા. ત્યારબાદ **''આમ-બયઅત''** થઈ અને આ રીતે ઈસ્લામ ના ત્રીજા ખલીફા તરીકે હઝરત ઉસ્માન ગની રદીઅલ્લાહો અન્હોની સર્વાનુમતે વરણી થઈ. હઝરત ઉસ્માન ગની **તા. ૨૯, ઝિલ હિજ્જહ સન હિજરી ૨૩** ના દિવસે ઈસ્લામના ત્રીજા ખલીફા તરીકે સત્તારૂઢ થયા અને **૧૮, ઝિલ હિજ્જહ સન હિજરી ૩૫** એટલે કે **૧૧ વર્ષ, ૧૧ મહિના અને ૨૦ દિવસ** એટલે કે લગભગ બાર (૧૨) વર્ષ પછી શહીદ થયા અને જન્નતુલ બકીઅ - મદીના મુનવ્વરામાં દફન થયા.

◉ ઈસ્લામ નો સુવર્ણ ઈતિહાસ આલેખનારા ઈતિહાસકારો એ હકીકતથી સહમત છે કે **હઝરત ઉમર ફારૂક** રદીઅલ્લાહો અન્હોએ ઈસ્લામી વિજયોની હરણફાળની જે દિવાલો ઉઠાવી હતી, તેને **હઝરત ઉસ્માન ગની** રદીઅલ્લાહો અન્હોએ ગગનચુંબી કક્ષાએ બુલંદ કરી હતી, આપના શાસનકાળ દરમિયાન મહાન વિજયોની સાથે મુસલમાનોને અખુટ ધન સંપતિ પ્રાપ્ત થએલી અને ઈજિપ્ત, રોમ, આફ્રિકા, સ્પેન, ખુરાસાન, નૈશાપૂર તથા ઈરાન ના મશહૂર શહેરો તુર્સ, મુર્દ, બહીક વગેરે ઉપર વિજય પ્રાપ્ત થએલો.

## ''વિવાદનું મૂળ અને જૂના ઝખ્મો ફરી તાજા થયા અને ફિત્નાઓની પરંપરા''

**હઝરત ઉસ્માન ગની** રદીઅલ્લાહો અન્હો નરમ સ્વભાવ, ભોળા અને ઉદાર પ્રકૃતિના હતા. **હઝરત ઉમર ફારૂક** રદીઅલ્લાહો અન્હો વહીવટી ક્ષેત્રે અતિ કડક, અપરાધીઓને આકરી શિક્ષા કરનારા અનેશરીઅતનું ઉલ્લંઘન કરનાર ગમે તેવો ચમરબંધી હોય તેને જાહેરમાં ''કોરડા'' વિંઝીને એવી સખ્ત નસીહત ફરમાવતા કે જીવનના અંતિમ શ્વાસ સુધી તે **''ફારૂકી કોરડા''**ની કલ્પના માત્રથી થરથર કાંપતો. ગદ્દારી, દ્રોહ કે બળવા જેવા દુષણો નામશેષ જ હતા. અન્ય અપરાધો જેમ કે લુંટફાટ, ચોરી, હત્યા, વ્યભિચાર, દારૂ, જુગાર જેવા અસામાજિક મોટા



અપરાધો તો એકબાજુ રહયા, સામાન્ય કક્ષાના અપરાધો આચરતા પણ પ્રજાજનો હઝરત ઉમર ફારૂકની ધાક અને હાકના કારણે એવા ધ્રુજતા કે સામાન્યકક્ષાના અપરાધો પણ અલ્પ સંખ્યક હતા. ઉપરાંત હઝરત ઉમર ફારૂક રદીઅલ્લાહો અન્હો હમેંશા સીધું, સાદું બલ્કે ફકીરી જીવન જીવતા હતા. મહાન વિજયોના કારણે તે સમયે મુસ્લિમ સંપ્રદાય આર્થિક રીતે ઘણો જ સધ્ધર બની ગએલો પણ હઝરત ઉમરે લોખંડી વહીવટી શાસન દ્વારા સંપતિ અને ઐશઆરામના દૈત્ય ઉપર હંમેશા ''ફારૂકી કોરડા'' વિંઝીને તેને સંપૂર્ણપણે અંકુશમાં રાખેલો. આપની વહીવટી શાસનની કુનૈહ, કુશળતા, ચતુરતા અને અંકુશના કારણે લોકો અતિ શાંત, સાદુ, સરળ અને સંસ્કારી જીવન શૈલીના આગ્રહી બની ગએલા.

હઝરત ઉસ્માન ગની રદીઅલ્લાહો અન્હો પોતાની સરળ અને ભોળી પ્રકૃતિના કારણે હઝરત ઉમર ફારૂક રદીઅલ્લાહો અન્હો જેવી ધાક, હાક, અંકુશ કે નિયંત્રણ ન કરી શકયા. પરિણામે આપના શાસનના **બાર(૧૨)** વર્ષોમાંથી પ્રથમ છ (૬) વર્ષો કોઈપણ જાતના વિવાદ, વિખવાદ કે અસંતોષ વગર સરળતા થી પસાર થઈ ગયા પણ અંતિમ **છ (૬) વર્ષો** વહીવટી અંધાધૂંધી, પ્રજાકીય અસંતોષ, ફીત્ના - ફસાદ, આંતરિક વિવાદો અને વિખવાદો, ભ્રષ્ટાચાર, અત્યાચાર, વંશીય શત્રુતા અને ખટપટોથી ભયંકર સ્વરૂપે ખરડાયેલા પસાર થયા જેના દુ:ખદ અને આઘાતજનક પરિણામ સ્વરૂપે આપની શહાદતની ઘટના અસ્તિત્વમાં આવી.

## યહૂદીઓ અને ઈસાઈઓની શત્રુતાની એરણ

ઈસ્લામના ઉદય પહેલા યહૂદી અને ઈસાઈ સલ્તનતો વિશ્વના મહત્વના દેશો ઉપર સત્તારૂઢ હતી. ઈસ્લામના આગમનના કારણે પોતાની સલ્તનતો ભયમાં આવી જતાં યહૂદીઓ અને ઈસાઈઓ સંગઠિત બનીને ઈસ્લામને નેસ્તો - નાબૂદ કરી નાખવાના મલિન અને દૃષ્ટ આશયથી બધી જ શકિતઓ ખર્ચી નાખી.અનેક ધર્મયુધ્ધો થયા. મુઠીભર મુસ્લિમ મુજાહિદોને ચપટી વગાડતાં જ કચડીને કાળનો કોરિયો બનાવી નાખશું, તેવા ભ્રામિક આત્મવિશ્વાસના કૈફમાં લાખોની સંખ્યામાં સશસ્ત્ર સૈનિકોને યુધ્ધના મેદાનમાં ઉતાર્યા પણ **ઈસ્લામના નજીવી સંખ્યાના કફન-બર-દોશ-મુજાહિદોએ શત્રુઓના વિશાળ સૈન્યને ગાજર-મૂળાની જેમ કાપીને ફેંકી દીધા.**

ઈતિહાસના પૃષ્ઠો મુકસાક્ષી છે કે **ઈશ્કે રસૂલ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના દીવાના, હથિયાર વિહોણા, અશક્ત, વૃધ્ધ અને ખાદ્યસામગ્રીની તંગી ધરાવનારા મુઠીભર 'મુજાહિદો' એ **ઈશ્કે રસૂલની તાકતના જોરે** રણસંગ્રામમાં જે વીરતા બતાવી છે. તેનાથી પ્રભાવિત થઈને યહૂદીઓ અને ઈસાઈઓના લાખોની સંખ્યા ધરાવનારા સશસ્ત્ર સૈનિકો નમાલા, બાયલા, કાયર અને એવા ડરપોક પુરવાર થાય છે કે ઈતિહાસના પૃષ્ઠો તેઓના કપાળે રૂસ્વાઈ અને બદનામીની કાલિમા ના થપેડા ચોપડાવે છે.

હઝરત અબૂબક્ર સિદ્દીક અને હઝરત ફારૂકે આઝમ રદીઅલ્લાહો અન્હુમાની ખિલાફતના કાળમાં તેઓને દરેક જંગમાં કારમા પરાજય અને લશ્કરનું નિકંદન નિકળી જવાની નામોશી અને લાંછનનો જે સામનો કરવો પડેલો, તેનાથી બોધપાઠ ગ્રહણ કરીને ખુલ્લા રણ મેદાનમાં યુધ્ધ કરવાની તેઓ હામ હારી ચુકયા હતા. કેમ કે :-

▣ **હુઝૂરે અકદમસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની જાહેરી હયાતમાં જ ઈસ્લામને નેસ્તો નાબૂદ કરવાના દૃષ્ટ આશયથી કાફિરો, યહૂદીઓ અને ઈસાઈઓએ અનેક આક્રમણો કરેલા ⊙ સન હિજરી - (૨) માં **જંગે બદર, જંગે બવાત, જંગે અશીરા, જંગે કુરકુરતુલ કુદ્દા અને જંગે સવીક** ⊙ સન હિજરી - (૩) માં **જંગે ઓહદ, જંગે ગતફાન, જંગે નજરાન** ⊙ સન હિજરી (૪) માં **જંગે બની નઝીર અને જંગે બદરે સુગરા** ⊙ સન હિજરી - (૫) માં **જંગે બનીમુસ્તલિક, જંગે અહઝાબ (ખંદક), જંગે બનૂ કુરૈઝા અને જંગે દોમતુલ જુન્દલ** ⊙ સન હિજરી - (૬) માં **જંગે ઝાતુલ રિકાઅ, જંગે ઝી–કર્દ** ⊙ સન હિજરી - (૭) માં **જંગે ખૈબર અને જંગે વાદીયુલ કુર્રા** ⊙ સન હિજરી - (૮) માં **જંગે ફતહે મકકા, જંગે હુનૈન (હવાઝિન) અને જંગે તાઈફ** ⊙ સન હિજરી - (૯) માં **જંગે તબૂક અને જંગે જયશિલ ઈશ્રત** જેવી મશહૂર જંગો થઈ.

આવી કુલ **સતાવીસ (૨૭)** જંગો થએલી અને તે બધી જંગોમાં **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ 'બ-નફસે-નફીસ' એટલે કે સ્વ્યં ખૂદ તશરીફ લઈ ગએલા. ઉપરાંત કુલ સતાવીસ (૨૭) જંગોમાંથી **નવ (૯) જંગો** માં યુધ્ધ થએલું અને બાકીની **અઢાર (૧૮)** જંગોમાં યુધ્ધ થએલું નહીં બલ્કે સમાધાન અને સુલેહ દ્વારા વિજય પ્રાપ્ત થએલો.



આવી જંગોને ઈસ્લામી પરિભાષામાં **''ગઝવાત''** કહેવામાં આવે છે.

✪ **ગઝવાત :** A War against infidels in which the Holy Prophet him Self took Part.

(હવાલો - English-urdu-English Combined Dictionary - પ્રકાશક : - **સ્ટાર પબ્લીકેશન પ્રા.લી. દિલ્હી - પેઈજ નં. ૧૦૨૪**)

✪ **ગઝવાત :** વો જેહાદ જિસ મેં રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ શરીક હૂએ - દીની જંગ - જમા :- ગઝવાત.
(હવાલો :- **''ફિરોઝુલ્લુગાત''**, પ્રકાશક :- ફરીદ બુક - દિલ્હી, **પેઈજ નં. ૯૧૩**)

▣ હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની જાહેરી હયાતમાં અમુક જંગો એવી થઈ છે, જેમાં હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ સ્વંય તશરીફ નથી લઈ ગયા બલ્કે પોતાના સહાબામાંથી ગમે તે એકની સરદારી હેઠળનું લશ્કર શત્રુઓના મુકાબલામાં મોકલી આપ્યું હોય જેમે કેઃ -

⊙ **જંગે દાર અરકમ** ⊙ **જંગે કુર્વા** ⊙ **જંગે રજીઅ** ⊙ **જંગે બીરે મઊના** ⊙ **જંગે સૈફુલ– બહર** ⊙ **જંગે બની કેલાબ** ⊙ **જંગે બની ષઅલબા** ⊙ **જંગે નજદ** ⊙ **જંગે બની અસદ** ⊙ **જંગે વાદીલ – કુર્રા** ⊙ **જંગે બની કઅબ** ⊙ **જંગે ફિદક** ⊙ **જંગે ઝાતુલ સલાસિલ** ⊙ **જંગે ઔતાસ** ⊙ **જંગે દૌમતુલ જુન્દુલ** ⊙ **જંગે ઝીલ કેલાઅ.**

આવી કુલ - સુડતાલીસ (૪૭) જંગો થએલી. આવી જંગો કે જેમાં હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ખૂદ તશરીફ લીઈ ગયા ન હોય તેવી જંગોને ઈસ્લામી પરિભાષામાં **''સરાયા''** કહેવામાં આવે છે.

▣ **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે જાહેરી દુનિયાથી પર્દો ફરમાવ્યા બાદ **''ખિલાફતે સિદ્દીકી''** અને **''ખિલાફતે ફારૂકી''** એટલે કે સન હિજરી - ૧૧ થી સન હિજરી ૨૩ સુધીના લગભગ **બાર (૧૨) વર્ષો** ના સમય ગાળામાં ઈસ્લામી લશ્કરના જાંબાઝ અને જવાંમર્દ મુજાહિદોએ યહૂદી અને ઈસાઈઓના વિશાળ સૈન્યની જે બૂરી વલે અને નામોશી કરેલી છે, તે ઈતિહાસના પૃષ્ઠોમાં સોનેરી અક્ષરોથી અંકિત છે. ઈસ્લામી લશ્કરથી બાથ ભીડવામાં યહૂદીઓ અને ઈસાઈઓને નામોશીભર્યા પરાજય અને વિશાળ લશ્કરનું ગાજર - મૂળાની જેમ

કપાઈ જઈને નિકંદન નિકળી જવા સિવાય કશું જ પ્રાપ્ત થએલું નહીં. જેથી ખુલ્લા મેદાનમાં સામી છાતીએ લડવાનું તેઓ હંમેશા ટાળતા રહયા. ઈસ્લામના મુજાહિદોની તલવારોના પ્રહારો ઝીલવાની યહૂદી અને ઈસાઈ સૈન્યના સૈનિકોમાં લેશમાત્ર શકિત ન હતી.

ઈસ્લામના કફન-બર-દૌશ અને જાંબાઝ મુજાહિદો ઈશ્કે રસૂલની તાકતના જોરે જે શૌર્ય અને બહાદુરીનું પ્રદર્શન કરેલું, તેનું દ્રષ્ટાંત શોધ્યો જડે તેમ નથી. અહીં એટલી શકયતા નથી કે જેનું વિસ્તૃત વર્ણન કરી શકાય. અહીં ફકત એક ઝલક રૂપે ખિલાફતે ફારૂકીમાં **''મુલ્કે શામ''** (રિસીયા) ખાતે થએલી એક અને ઐતિહાસિક જંગ એટલે કે **''જંગે યરમૂક''**ના અંશો સંક્ષિપ્તમાં અત્રે રજૂ છે.

⊙ યહૂદી અને ઈસાઈ સંયુકત સૈન્યની સંખ્યા :- ૧૦,૬૦,૦૦૦ (દસ લાખ સાંઈઠ હજાર)

✪ ઈસ્લામી મુજાહિદો ના લશ્કરની સંખ્યા :- ૪૦,૦૦૦ (ફકત ચાલીસ હજાર)

⊙ શત્રુ સેનાનો દરેક સૈનિક છાતી, પડખા અને બે ખંભા સમેત પીઠ ના ઉપલા ભાગને લોખંડના બખતર ના કવચ દ્વારા ઢાંકીને, ગરદનના ભાગે લોખંડી સાંકળની ઝાળી અને માથે લોખંડના હેલ્મેટ દ્વારા સજજ અને સુરક્ષિત બનીને, શત્રુની તલવારના પ્રહારને ઝીલવાની અતિ મજબુત લોખંડની ઢાલ, હાથમાં ધારદાર તલવાર, કમરે બરછી, પીઠ ઉપર ભાલો લટકાવીને પાણીદાર ઘોડા ઉપર સવાર થઈને રણ મેદાનમાં આવેલો.

✪ ઈસ્લામી લશ્કરના મુજાહિદોમાંથી કફત અડધા ભાગના મુજાહિદો પાસે ઘોડા હતા, બાકીના બધા પાયદળ તરીકે હતા. બધા સૈનિકો પાસે તલવારો અને ઢાલો પણ ન હતી. ખજૂરના ઝાડની ડાળખીઓ તલવાર તરીકે અને ઝાડના થડની છાલનો ઢાલ તરીકે ઉપયોગ કરતા હતા. માથે હેલ્મેટ અને બખ્તર તો ગણયા ગાંઠયા જ મુજાહિદો પાસે સુરક્ષા કવચ તરીકે હતા.

⊙ લડાઈના પ્રથમ દિવસે સાઈઠ હજાર (૬૦,૦૦૦) કબીલ-એ-બની-ગસ્સાનના આરબ મુશરિકો મેદાનમાં આવેલા. જેનો મુકાબલો કરવા હઝરત ખાલિદ બિન વલીદ રદીઅલ્લાહો અન્હો ફકત સાઈઠ (૬૦) મુજાહિદો દ્વારા લડયા.

⊙ પહેલા દિવસની લડાઈ સુર્યાસ્ત વખતે પૂરી થઈ, ત્યારે ઈસાઈ લશ્કરના કુલ પાંચ હજાર (૫૦૦૦) સૈનિકો ગાજર-મૂળાની જેમ કપાઈ મૂઆ.



✪ ઈસ્લામી લશ્કરના ફકત દસ (૧૦) મુજાહિદો શહીદ થએલા.

⊙ કુલ ચૌદ (૧૪) દિવસ સુધી લડાઈ ચાલી. ઈસ્લામના શત્રુઓ એક લાખ, પાંચ હજાર (૧,૦૫,૦૦૦)ની સંખ્યામાં માર્યા ગયા.

✪ ઈસ્લામી લશ્કરના **ચાર હજાર (૪૦૦૦)** મુજાહિદો શહીદ થયા.

ઉપરોક્ત જંગનો વિસ્તૃત અહેવાલ ઉપરાંત **જંગે કન્સરીન** કે જેમાં ફકત **બાર (૧૨)** સહાબી-એ-રસૂલ **દસ હજાર (૧૦,૦૦૦)**ના ઈસાઈ લશ્કરથી બાથ ભીડેલી. તે સિવાય ⊙ **જંગે અજનાદીન** ⊙ **જંગે દમિશ્ક** ⊙ **જંગે હુમસ** ⊙ **જંગે બઅલબક** ⊙ **જંગે હલ્બ** વગેરે જંગોમાં ઈસ્લામી લશ્કરના મુજાહિદોની શોર્યગાથા અને બહાદૂરીની દિલધડક અને વાંચતી વખતે રૂવાંડા ખડા થઈ જાય, તેવી જવાંમર્દીની દાસ્તાનની રજેરજની માહિતી મેળવવા મારી લખેલી કિતાબ **''સર કટાતે હૈં તેરે નામ પે મર્દાને અરબ''** જે બે (૨) ભાગમાં, એક હજાર થી વધુ પૃષ્ઠોમાં ઉર્દુ અને ગુજરાતીમાં છે. તેનું વાંચન અવશ્ય કરવા પ્રિય વાંચક વર્ગને સુચનની સાથે વિનંતી છે.

## કાયર અને નમાલા યહૂદીઓ દ્વારા કાવત્રા અને આંતરિક વિખવાદની ખટપટોનું દુષણ અને ફિત્નાઓની વણથંભી વણઝાર

ઈસ્લામના કાયમી શત્રુ **યહૂદીઓ** અને **ઈસાઈઓ** ખુલ્લા મેદાનની લડાઈ લડવાનું માંડી વાળીને હળાહળ કયારતા, નીચતા, નામર્દી અને અધમતાનો આશરો લીધો અને મુસ્લિમોને ધર્મના નામે આંતરવિગ્રહની અગ્નિમાં હોમી દેવાનું ષડયંત્ર રચ્યું. જેના પ્રથમ પ્રહારરૂપે મોટી સંખ્યાના યહૂદીઓ ને ઈસ્લામ ધર્મ અંગિકાર કરવાનું દંભ અને દેખાવડો કરીને મુસ્લિમ સમુદાયમાં ભેળવી દેવા અને તે ફકત નામના અને દેખાવના મુસ્લિમો કે જે વાસ્તવમાં કટરપંથી યહૂદી હતા, તેઓને અનિવાર્ય ઈસ્લામી કાનૂનોની જાણકારી અને વ્યવહાર કુશળતાની આવડતનું શિક્ષણ આપીને મુસ્લિમોની અંદર એવી રીતે ફેલાવી દીધા કે કોઈને તેની ગંધ પણ ન આવી.

સામાન્ય જનસમુદાય પૈકી ના મુસ્લિમો જેને શરીઅતના પાબંદ, નેક-નમાઝી, મુત્તકી - પહરેઝગાર, એહલે બયઅતના ચાહક, ઈસ્લામના હમદર્દ, મુસ્લિમોના ખૈરા અંદેશ (શુભચિંતક) અને ઈસ્લામ માટે પોતાનું સર્વત્ર કુરબાન કરી દેવાની ભાવના ધરાવનારા સમજીને જેનો આદર, સન્માન અને સત્કાર કરીને પોતાના રહેબર સમજતા હતા. તે મૂળભૂત સ્વરૂપે મુસ્લિમ જ નહોતા. બલ્કે મુસ્લિમોના કટ્ટર શત્રુ યહૂદીઓ હતા. જેઓ કફત મુસ્લિમ હોવાનો સ્વાંગ રચીને આંતર વિગ્રહની અગ્નિ પેટાવવાનો જ ધ્યેય અને આશય ધરાવતા હતા. જેની પ્રથમ કડી એટલે **શીયા ફિર્કા**નો આયોજક અને પ્રસારક કટ્ટર યહૂદી **અબ્દુલ્લાહ બિન સબા યમની સન્આની** ની સાથે વિશાળ સંખ્યાના યહૂદીઓ કલ્મ-એ-શહાદત પઢીને ઈસ્લામ ધર્મ અંગિકાર કરવાનો દંભ અને નાટક કરીને 'મુલ્કે હિજાજ' (આરબ પ્રદેશ)માં ઘૂસી આવ્યા અને અલગઅલગ શહેરો અને ગામોમાં સ્થાયી થઈ ગયા અને ઈસ્લામ વિરૂધ્ધની પ્રવૃત્તિઓ ઘણી જ સાવચેતી રૂપે આચરવા લાગ્યા અને મૌકાની પ્રતિક્ષા કરવા લાગ્યા. મુલ્કે હિજાજના જુદા-જુદા શહેરો અને ગામોમાં ફેલાએલા યહૂદીઓ પોતાની દરેક પ્રવૃતિ **અબ્દુલ્લાહ બિન સબા** ની સુચના અને માર્ગદર્શનને અનૂસરીને કરતા હતા. દરેક યહૂદી એજન્ટ અબ્દુલ્લાહ બિન સબાના સીધા સંપર્કમાં હતો.

## શીયા ફિર્કાના સ્થાપક અબ્દુલ્લાહ બિન સબા યહૂદીની પ્રવૃતિઓ અને ગુપ્ત હિલચાલ

**અબ્દુલ્લાહ બિન સબા યહૂદી** ઈસ્લામની રાજધાની **મદીના શરીફ**માં સ્થાયી થઈ ગયો. મદીના શરીફમાં રહીને મુસ્લિમની દરેક આંતરિક, ધાર્મિક અને રાજકીય બાબતો સુક્ષ્મ દ્રષ્ટિથી નિરક્ષણ કરતો. મુલ્કે હિજાજ, ઈરાક, ઈજીપ્ત અને અરબસ્તાનથી નજીકના અંતરે (સલંગ્ન) દેશોમાં પણ અને ખાસ કરીને ઈરાકના મુખ્ય શહેર ''કુફા''માં તેણે પોતાના યહૂદી એજન્ટોને ફેલાવી રાખ્યા હતા. મુસ્લિમ સમુદાયની દરેક ધાર્મિક, રાજકીય અને આંતરિક બાબતની રજેરજની માહિતી એકઠી કરતો હતો અને ઈસ્લામને કારમો પ્રહાર કરીને પારાવાર નુકસાન



પહોંચાડવાના પ્લાન ઘડતો હતો અને યોગ્ય સમય, સંજોગ અને સાનુકૂળ અવસરની પ્રતિક્ષામાં હતો.

## ખાનદાને બની-હાશિમ અને ખાનદાને બનૂ-ઉમય્યાનો વિવાદ ફરી શરૂ થયો

ઈસ્લામના જાહેરી આગમન પૂર્વે અરબસ્તાનમાં **''કુરૈશી હાશ્મી''** અને **''કુરૈશી ઉમ્વી''**ની શત્રુતા ચરમસીમાએ હતી. બન્ને ખાનદાન વચ્ચે અનેક લડાઈઓ, હત્યાઓ અને વિખવાદો થએલા. પણ **હુઝૂરે અકદમસ, રહેમતે આલમ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે પોતાની શાને રહેમો -કરમથી લોકોના દિલોમાં શત્રુતા અને કડવાશના બીજ ના સ્થાને પ્રેમ, સહાનુભૂતિ અને ભાઈચારાની ભાવનાનું રોપણ કરીને કુરઅઅને મજીદના ફરમાન **''ઈન્નમલ - મોઅમેનૂના ઈખ્વતુન''** (પારા નં. ૨૬, સૂર-એ-હુજરાત, આયત નં. ૧૦) અનુવાદઃ (મુસલમાન મુસલમાનભાઈ હૈ-કન્ઝુલ ઈમાન) ની તાલીમ લોકોના દિલોમાં કોતરી ને ઈસ્લામી બંધૂત્વ ની લાગણીને તીવ્ર સ્વરૂપે એટલી ફેલાવી કે સૈકાઓ જૂના વિખવાદની સરહદોના સિમાડા ભૂંસાઈ ગયા. ઈસ્લામના પહેલા ખલીફા હઝરત અબુબક્ર સિદ્દીક અને બીજા ખલીફા હઝરત ઉમર ફારૂક રદીઅલ્લાહો અન્હુમા એ બન્નેમાંથી કોઈનો પણ વંશીય સબંધ ''હાશ્મી'' અને ''ઉમ્વી'' સાથે ન હોવાના કારણે તેઓની ખિલાફતોના કાળમાં કોઈપણ પ્રકારનું મતભેદ કે વિખવાદનું કારણ ઉપસ્થિત થએલું નહીં. પણ ઈસ્લામના ત્રીજા ખલીફા હઝરત ઉસ્માન ગની રદીઅલ્લાહો અન્હોનો વંશીય સબંધ 'ખાનદાને-બનૂ- ઉમય્યહ' સાથે હતો.

ખાનદાની વિખવાદ એટલે કે **''બનૂહાશિમ''** અને **''બનૂ ઉમય્યહ''**ના વિખવાદના દૈત્યને નાથી ને તેના મડદાને દફનાવી દેવામાં આવેલો, તે મડદું વર્ષો બાદ આળસ મરડીને કબરમાંથી બહાર આવ્યો. બનૂ હાશિમ અને બનૂ-ઉમય્યહ ખાનદાનો વચ્ચેના વિખવાદોની જે સરહદો નામશેષ થઈ ગએલી, તે સરહદોને હવે નવા વાઘા પહેરાવીને નવેસરથી શણગારીને પુનઃ કંડારવાનું વ્યવસ્થિત અને સુઆયોજિત અભિયાન આરંભાઈ ચુક્યું હતું અને તેનો મુખ્ય સુત્રધાર **અબ્દુલ્લાહ બિન સબા** યહૂદી જ હતો.

આ વિખવાદ દ્વારા મુસ્લિમોની એકતા ભંગ કરવાની આ પહેલી તક અબ્દુલ્લાહ બિન સબાને સાંપડેલી. જેના પ્રસાર અને પ્રચાર માટે તેણે કુફા અને તેના આસપાસના વિસ્તારના તથા મુલ્કે હિજાજના વિવિધ સ્થળો એ સ્થાયી પોતાના યહૂદી એજન્ટોને તાત્કાલિક **રાજધાની મદીના મુનવ્વરા** પહોંચી જવાના સંદેશા મોકલ્યા અને મુસ્લિમ વેશભુષાધારી યહૂદીઓ એક કાવત્રા ને અંજામ આપવા મદીના શરીફમાં એકઠા થઈ ગયા.

## ખિલાફતે ઉસ્માનીની ધાક ઓસરવી અને વહીવટી ક્ષેત્રની પકડ ઢીલી પડવી

**હઝરત ઉસ્માન ગની** રદીઅલ્લાહો અન્હોની ખિલાફતના શરૂઆતના છ (૬) વર્ષો વ્યવસ્થિત વહીવટ, સુખ - શાંતિ અને કોઈપણ જાતના વિવાદ - વિખવાદ વગર પસાર થયા. પણ જયારથી **અબ્દુલ્લાહ બિન સબા યહૂદી** અને તેની યહૂદી સેના મુસ્લિમોના સ્વાંગમાં ઘૂસી આવ્યા અને મુસ્લિમ સમુદાયમાં ભળી ગયા, ત્યારથી વિવાદો અને વિખવાદોનો સિલસિલો શરૂ થઈ ગયો. યહૂદી ઈબ્ને સબાએ એહલે બયઅતના સાચા આશિક હોવાની પોતાની આગવી છાપ ઉભી કરી અને મુસલમાનો એવા ભ્રમમાં રાચવા લાગ્યા કે અબ્દુલ્લાહ બિન સબા સાચો આશિકે અહલે બયઅત છે. તે જે કંઈપણ કહે છે અને કરે છે, તેમાં અહલે બયઅત અને મુખ્યત્વે **હઝરત અલી શૈરેખુદા** કર્રમલ્લાહો વજહુ ની મહોબ્બત અને અકીદત ભારોભાર છલકાય છે. તે સાચા અર્થમાં ઈસ્લામનો વફાદાર અને મુસ્લિમોને એહલે બયઅતની મહોબ્બત અને અકીદતની પ્રેરણા આપે છે. મુસ્લિમોમાં પોતાના પ્રત્યેના આવા સદપ્રતિભાવ અને અંધવિશ્વાસની લાગણી જોઈને અબ્દુલ્લાહ બિન સબાને ખાત્રી થઈ ગઈ કે તેનું તીર ધાર્યા નિશાને પડયું છે. જેથી તેણે **હઝરત ઉસ્માન ગની** રદીઅલ્લાહો અન્હો વિરૂધ્ધ બંધ શબ્દોમાં બંડ પોકારવાની ચેષ્ટા આરંભી અને ખિલાફતના સાચા હકદાર, લાયક, યોગ્ય, સક્ષમ અને કુશળ તરીકે **ખાનદાને બની હાશિમના** વંશજ હોવાના કારણે **હઝરત મૌલા અલી** રદીઅલ્લાહો અન્હો જ છે. આ પ્રચાર એવી સુઆયોજિત અને સંસ્કારી પધ્ધતિથી કરવામાં આવ્યો કે સામાન્ય



વ્યકિતને તેમાં ખિલાફતે ઉસ્માની વિરૂધ્ધ બંડ અને બળવાની ગંધ પણ ન આવે. ઈબ્ને સબા અને તેની મંડળીએ **''બની હાશિમ''** અને **''બની ઉમય્યા''**ના ખાનદાની વિખવાદની પ્રદુષિત હવા પણ વ્યાપક સ્વરૂપે પ્રસારી દીધી.

બીજી બાજુ **અમીરૂલ મોઅમેનીન, હઝરત ઉસ્માનગની** રદીઅલ્લાહો અન્હો નમ્ર સ્વભાવ, મિલનસાર પ્રવૃતિ, ભોળા અને જતું કરવાની નિતી ધરાવનારા અને અતિ સંસ્કારી વ્યકિત હતા. બીજા ખલીફા **હઝરત ઉમર ફારૂક** રદીઅલ્લાહો અન્હોમાં જે વહીવટી સખ્તાઈ, કાયદો અને વ્યવસ્થાની કડક અમલવારી, શિસ્તનો આગ્રહ, કડક સ્વભાવ અને શાસનની ધૂરાના વ્યવસ્થિત સંચાલનની જે ધાક અને હાક હતી, તેવી ધાક અને પ્રભાવ **હઝરત ઉસ્માન ગની** રદીઅલ્લાહો અન્હોના વર્તનમાં ન હતો. પરિણામે કર્મચારીઓ અને અધિકારીઓ આપના શાસનના અંતિમ છ (૬) વર્ષમાં મીંઢા અને ખંધા થઈ ગએલા અને વહીવટી બાબતોમાં ઉદ્ધત, અવિવેકી, નિષ્ક્રીય , આળસુ, વિલાસી અને કર્તવ્યભાન વિહોણા બની ગએલા. ફરજનું પાલન ન કરવું અને ઉપરીના આદેશનું ઉલ્લંઘન કરવામાં લેશમાત્ર ક્ષોભ કે ભય નહોતા અનુભવતા. ત્યાં સુધી કે ખૂદ અમીરૂલ મોઅમેનીન, ખલીફતુલ મુસ્લેમીનના આદેશ અને ફરમાનની અવગણના કરવા લાગ્યા. એક ઘટના અત્રે રજૂ છે.

### ◉ ઈજીપ્તના હાકિમની નફફટાઈ :–

હઝરત ઉસ્માન ગની રદીઅલ્લાહો અન્હોએ મિસર (ઈજીપ્ત)ના ગવર્નર તરીકે **''ઈબ્ને અબી સુરહ''**ની નિમણુંક કરેલી. તેની કાર્ય પધ્ધતી અને ઉદ્ધત વર્તનથી ઈજીપ્તના લોકો ત્રાહીમામ પોકારી ગએલા. જેથી ઈજીપ્તથી એક પ્રતિનિધી મંડળ મદીના શરીફ અમીરૂલ મોઅમેનીન હઝરત ઉસ્માન ગની રદીઅલ્લાહો અન્હો પાસે આવ્યો અને ઈજીપ્તના ગવર્નર ઈબ્ને અબી સુરહ વિરૂધ્ધ ફરિયાદો કરી. હઝરત ઉસ્માને ઈજીપ્તથી આવેલા પ્રતિનિધી મંડળની ફરિયાદ ધ્યાનપૂર્વક સાંભળી અને તેઓને આશ્વાસન આપ્યું અને ઈજીપ્તના ગર્વનર ઉપર **''ઠપકાનો પત્ર''** લખ્યો અને પોતાની અસભ્ય વર્ણતુક અને રીતભાત સુધારવાના કડક સુચના લખી. જયારે આ ઠપકાનો પત્ર ઈજીપ્તના ગર્વનર પાસે પહોંચ્યો, તો તેણે હઝરત ઉસ્માન ગની રદીઅલ્લાહો અન્હોના તે ઠપકાપત્રની અવહેલના અને અનાદર કર્યો અને હઝરત ઉસ્માને જે બાબતોની મનાઈ ફરમાવી હતી, તેને તજી દેવાને બદલે તે બાબતો ઉપર વધુ આચરણ કરવા લાગ્યો. બલ્કે તેની વિરૂધ્ધ ફરિયાદ લઈને ઈજીપ્તથી મદીના

શરીફ જે પ્રતિનિધી મંડળના સભ્યો ગયા હતા, તે બધાને કત્લ કરી નાખ્યા.

(હવાલો :- **''તારીખુલ-ખુલફા''** - ઉર્દૂ અનુવાદ - **પેઈજન નં. ૩૪૬**)

પ્રતિનિધી મંડળની ઈજીપ્તના ગર્વનર દ્વારા કરવામાં આવેલી હત્યા ના અધમ કૃત્યથી હાહાકાર મચી ગયો. ફિત્ના પરવર તત્વોએ તેની જવાબદારી **હઝરત ઉસ્માન ગની** રદીઅલ્લાહો અન્હોની ઠરાવી અને પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપે આપને હત્યાના સહભાગી પુરવાર કરવા વ્યવસ્થિત ઝુંબેશ ચલાવી અને આપને ખલીફાના પદેથી પદભ્રષ્ટ કરવાની ચળવળ આરંભી દીધી. જેમાં અબ્દુલ્લાહ બિન સબા યહૂદીએ મહત્વનો ભાગ ભજવ્યો અને ચળવળના મુખ્ય સુત્રધાર તરીકે **બસરા, કુફા અને ઈજીપ્ત** નો પ્રવાસ કર્યો અને લોક સંપર્ક કરીને હઝરત ઉસ્માન ગની રદીઅલ્લાહો અન્હોના વિરોધમાં લોક જુવાળનો અગ્નિ પેટાવીને ખલીફતુલ મુસ્લેમીનના સત્તાપલ્ટાની માંગણી બળવંત બનાવી.

## ◉ અબ્દુલ્લાહ બિન સબા યહૂદીની પ્રપંચીજાળ :-

ઈજીપ્તના પ્રતિનિધી મંડળની ઈજીપ્તના ગવર્નરે નિર્લજ્જપણે ઘાતકી હત્યા કરેલી, જેથી ઈજીપ્તના લોકોમાં આક્રોશનો જવાળામુખી ખદબદતો હતો. જેનો દુરૂપયોગ કરીને ગેરફાયદો ઉઠાવવા ઈબ્ને સબા ડેરા-તંબૂ તાણીને ઈજીપ્તમાં પડયો રહયો અને લોકોને ગેરમાર્ગે દોરવવા એવો તર્ક ઉપજાવી કાઢયો કે લોકો તેની પ્રપંચી જાળમાં આબાદ સપડાઈ ગયા.

અબ્દુલ્લાહ ઈબ્ને સબા યહૂદી લોકોને પૂછતો કે બતાવો, **હઝરત ઈસા** અલૈહિસ્સલામનો મરતબો મોટો છે કે **હઝરત મુહમ્મદ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનો ? જવાબમાં લોકો કહેતા કે નિઃશંક! **હઝરત મુહમ્મદ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનો મરતબો જ મોટો છે. ત્યારે ઈબ્ને સબા લોકોને કહેતો કે આ તે વળી કેવી માન્યતા છે કે **હઝરત ઈસા** અલૈહિસ્સલામ તો કયામત પહેલા ફરી વખત દુનિયામાં તશરીફ લાવીને કાફિરોને તબાહ કરશે પણ તેઓથી મોટા મરતબાવાળા હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ફરી વખત દુનિયામાં પાછા ન આવી શકે? આરીતે તે લોકોને **''રજઅત''** એટલે કે **''પુનઃ આગમન''** ની થીયરી સમજાવતો. ત્યારબાદ એવું કહેતો કે દરેક નબીનો એક **''વસી''** એટલે કે ધોરણસર અધિકૃત વહીવટદાર હોય છે અને **હઝરત મુહમ્મદ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના **''વસી''**



તરીકે **હઝરત અલી** રદીઅલાહો અન્હો છે. અને નિયમ મુજબ ખિલાફતનો હક **''વસી''** નો થાય છે. ઉસ્માન ગની એ ખિલાફતનું સ્થાન પચાવી પડાયું છે. હઝરત અલીનો હક છીનવી લીધો છે. માટે ઉસ્માનને પદભ્રષ્ટ કરીને હઝરત અલીને ખિલાફતના હોદા ઉપર આરૂઢ કરો.

ત્યારબાદ તે **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોની બહાદૂરી, વીરતા, શૌર્યતા, વહીવટી શકિત, ન્યાયપ્રિય નિતી અને શાસન કરવાની કુનેહ વગેરેના મોં-ફાટ વખાણ અને **હઝરત ઉસ્માન** રદીઅલ્લાહો અનેહની વહીવટી નબળાઈઓ વગેરે અનેક મનઘડત આક્ષેપો અને ક્ષતિઓના રોદણાં રડી રડીને લોકોને હઝરત ઉસ્માન રદીઅલ્લાહો અન્હોને ખિલાફતના હોદાથી બરતરફ કરીને તેઓના સ્થાને **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોને ખલીફા તરીકે નીમવાની હાકલ કરતો. લોકોને ત્યાં સુધી ઉશ્કેરતો કે **હઝરત ઉસ્માન** દ્વારા નિમણુંક કરવામાં આવેલા હાકિમો અને અધિકારીઓ તમારા ઉપર અમાનુષી ઝુલ્મો-સિતમ ગુઝારે છે. સૌ પ્રથમ તેવા અત્યાચારી ગર્વનરો અને અધિકારીઓ વિરૂધ્ધ બંડ પોકારો અને બધા લોકો એકત્રિત થાઓ. દરેક વ્યકિત પોતાના પરિચિતને લૈખિક અને મૌખિક સંદેશાઓ મોકલીને આવા અત્યાચારીઓ વિરૂધ્ધ બંડ પોકારે. ખલીફા પાસે તેઓને બરતરફ કરવાની માંગણી મુકો અને વિશાળ સંખ્યામાં રેલી સ્વરૂપે ખલીફા સમક્ષ વિરોધ પ્રદર્શન કરો. જો ખલીફા યોગ્ય દાદ ન આપે, તો તેને પણ પદભ્રષ્ટ કરવાની અને હઝરત અલીને ખલીફા તરીકે નિમણુંક કરવાની ચળવળ અને લડત ચલાવો.

અબ્દુલ્લાહ ઈબ્ને સબા યહૂદી લોકોને **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોને ખલીફા બનાવવા પ્રેરતો હતો. જાહેરમાં હઝરત અલીના ગુણગાન ગાતો પણ હકીકત એ હતી કે તેને હઝરત અલી રદીઅલ્લાહો અન્હો પ્રત્યે લેશમાત્ર પણ લાગણી કે અકીદત ન હતી. તેનો મકસદ તો મુસ્લિમોમાં ખલીફાની બાબતે બે (૨) ફાંટા પડાવીને મુસ્લિમોની એકતા ખંડિત કરવાનો હતો. લાંબા સમયની પ્રતિક્ષા બાદ માંડ તેને સોનેરી તક સાંપડી હતી કે મુસ્લિમ સંગઠન અને એકતા વેરણ છેરણ કરી નાખીને ધર્મના નામે મુસ્લિમોને આંતરવિગ્રહ ની હોળીમાંહોમી દેવા અને ઈસ્લામ ધર્મ ને શકય હોય તેટલું નુકશાન પહોંચાડવું. અબ્દુલ્લાહ ઈબ્ને સબા યહૂદી અને તેની વિશાળ ગુપ્ત યહૂદી ફોજ મુસ્લિમોની અંદર વિવાદ અને વિખવાદની અગ્નિ રોદ્ર સ્વરૂપે પ્રગટાવવા કાર્યરત બની ગયા.

## ઈજીપ્ત થી સાતસો (૭૦૦) લોકોનું પ્રતિનિધી મંડળ મદીના શરીફ આવ્યું અને ઈજીપ્તના ગર્વનરને પદભ્રષ્ટ કરવાની અમીરૂલ મોઅમેનીન સમક્ષ રજૂઆત

ઈજીપ્ત (મિસર)ના ગર્વનર દ્વારા પ્રતિનિધી મંડળની હત્યાથી સમગ્ર મુસ્લિમ સમુદાયમાં આઘાત, વિરોધ અને ચળવળની લાગણી બળવંત બની. તેમાં અબ્દુલ્લાહ બિન સબા યહૂદીએ બળતામાં ઘી હોમીને તેની તીવ્રતામાં ઉમેરો કર્યો. અબ્દુલ્લાહ બિન સબાના ચમચાઓ અને ખાંધીયાઓ જયાં જયાં હતાં તેમણે પણ આ પ્રકરણને એકદમ ચગાવીને ચર્ચાના એરણ ઉપર મુકી દીધેલો. ઈજીપ્તના ગર્વનરની આ કુચેષ્ટાની ચૌમેર નિંદા થવા લાગી અને મુસ્લિમ જન સમુદાયે તેને વખોડી કાઢી અને ઈજીપ્તના ગર્વનરને હોદાથી પાણીચું આપી દેવાની માંગણી જોર પકડવા લાગી અને તેની આડકતરી જવાબદારી હઝરત ઉસ્માન ગની રદીઅલ્લાહો અન્હોની ગણીને હઝરત ઉસ્માનને પણ અમીરૂલ મોઅમેનીન ના પદેથી બરતરફ કરીને તેઓના સ્થાને નવા ખલીફાની નિમણુંકની માંગ આરંભાઈ જેમ કે :-

✪ ઈજીપ્તના લોકો મૌલા-એ-કાએનાત, હઝરત અલી શૈરે ખુદા રદીઅલ્લાહો અન્હોને નવા ખલીફા તરીકે બિરાજીત કરવા ઈચ્છતા હતા.

✪ **બસરા** (સિરીયા)નો પ્રજામત હઝરત તલ્હા બિન ઉબૈદુલ્લાહ રદીઅલ્લાહો અન્હોને ખલીફાના સ્થાને આરૂઢ કરવાની ઈચ્છા ધરાવતા હતા.

✪ **કુફા** (ઈરાક) વાસીઓ **હઝરત ઝુબૈર ઈબ્ને અવામ** રદીઅલ્લાહો અન્હોને નવા ખલીફા તરીકે પસંદ કરતા હતા અને તેઓને ખલીફા બનાવવા માંગતા હતા.

✪ **ઈરાક વાસીઓ** જો કે ''**કુરૈશ**''થી અદાવત રાખતા હતા, એટલું જ નહીં તેમાંના ઘણા લોકોને અરબોથી દુશ્મની હતી, તેમ છતાં તેઓ ''બની ઉમય્યહ''ની વધતી જતી તાકત અને વર્ચસ્વને તોડી પાડવા માટે હઝરત ઉસ્માન રદીઅલ્લાહો અન્હોની બરતરફી માટે એકમત અને આગ્રહી હતા.

આવા વિવાદીત ધૂંધળા વાતાવરણના કારણે **યહૂદી મુનાફિક અબ્દુલ્લાહ બિન સબા** ને મોકળો મેદાન મળી ગયો. તેણે અને તેની મંડળીએ ચારેકોર અશાંતિ,



વિવાદ, બળવા અને વિખવાદની આગ ફેલાવી દીધી. વિરોધ અને બંડની પરિસ્થિતિ દિવસે દિવસે ઉગ્રતા ધારણ કરવા લાગી. પરિસ્થિતીમાં એટલો ઝડપી પલટો આવ્યો કે શાંત સામાજિક જીવનને ફિત્નાની અગ્નિની તીવ્ર જવાળાઓ ભરખી જવા લબકારા મારવા લાગી અને ફિત્ના-ફસાદને અનુલક્ષીને અણધાર્યા એવા બનાવો બનવા લાગ્યા કે સામાજિક જીવનની શાંતિ, ઐકય અને વ્યવસ્થાનું નિકંદન નિકળી ગયું. જેનો ભરપૂર ગેરફાયદો **અબ્દુલ્લાહ ઈબ્ને સબા યહૂદી** આણી મંડળી એ ઉપાડયો અને **હુઝૂર અકદસ, ગૈબદાં નબી** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની પૈશન ગોઈ (આગાહી) અક્ષરસ સાચી ઠરી અને મિલ્લતે ઈસ્લામિયા કયામત સુધી બાકી રહેનારા વિવાદોના વમળમાં અટવાઈ ગઈ.

ઈજીપ્તના ગર્વનર વિરૂધ્ધ રજૂઆત કરવા મદીના શરીફ આવેલું **સાતસો (૭૦૦)** વ્યકિતઓનું પ્રતિનિધી મંડળ ''મસ્જિદે નબ્વી''માં રોકાયું અને દરેક નમાઝના સમયે આગેવાન મહાન સહાબા-એ-કિરામ સમક્ષ પોતાની મનોવ્યથા અને મિસરીઓ ઉપર થઈ રહેલા અમાનુષી અત્યાચારોની દારૂણ કથની વર્ણવી. જેથી **હઝરત તલ્હા ઈબ્ને ઉબૈદુલ્લાહ** તથા અન્ય સહાબા-એ- કિરામ રદીઅલ્લાહો અન્હુમે આ બાબત અનુસંધાને અમીરૂલ મોઅમેનીન હઝરત ઉસ્માન રદીઅલ્લાહો અન્હોથી વિસ્તૃત ચર્ચા અને વિવાદાસ્પદ વાટાઘાટો કરી અને ઈજીપ્તના ગર્વનર ઈબ્ને અબી સુરાહના કોભાંડો અને દુષણો વર્ણવીને તેને તાત્કાલીક બરતરફ કરવાની જોરદાર માંગણી કરી.

ઉપરાંત, ઉમ્મુલ મોઅમેનીન **હઝરત આએશા સિદ્દીકા** રદીઅલ્લાહો અન્હાએ અમીરૂલ મોઅમેનીનને કહેણ મોકલ્યું કે, **રસૂલે અકરમ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના સહાબા તમારાથી એવા શખ્સની બરતરફીની માંગ કરી રહયા છે, જેના ઉપર હત્યાનો આરોપ છે, પણ આપ તેઓની માંગણી પ્રત્યે લક્ષ નથી આપી રહયા અને ઈજીપ્તના ગર્વનરને પદભ્રષ્ટ કરીને તેની વિરૂધ્ધ શિક્ષાત્મક પગલા લેવામાં વિલંબ કરી રહયા છો. માટે આપના માટે અત્યંત ઝરૂરી છે કે આવા અપરાધી માનસ ધરાવનાર ને કડક સજાની અમલવારી કરો.

# ઈજીપ્તના ગર્વનરની બરફતરી ને ડીસમિસ ઓર્ડરની બજવણી કરવા જનારાઓને મારી નાખવાનું ભયંકર કાવત્રું પકડી પાડવામાં આવ્યું

**મૌલા-એ-કાએનાત, હઝરત અલી શૈરેખુદા** રદીઅલ્લાહો અન્હોએ પણ આ મામલામાં મધ્યસ્થી કરીને હઝરત ઉસ્માન ગની રદીઅલ્લાહો અન્હોનો સંપર્ક સાધીને કહયું કે ઈજીપ્ત થી આવેલા લોકો ઘાતકી હત્યારાની બરતરફીની આપનાથી માંગણી કરી રહયા છે, આ મામલામાં આપ તાત્કાલિક ન્યાય લક્ષી વલણ અપનાવી ને અન્ય વ્યકિતની ઈજીપ્તના ગર્વનર તરીકે નિમણુંક કરી આપો, તેવી હું તમને સલાહ આપુ છું અને સાથે સાથે માંગણી પણ કરૂં છું.

ખલીફતુલ મુસ્લેમીન **હઝરત ઉસ્માને ગની** રદીઅલ્લાહો અન્હોએ **હઝરત અલી** રદીઅલ્લાહો અનેહની સલાહ અને આગ્રહને સ્વીકારી ને તરત જ ઈજીપ્તના ઈન્ચાર્જ ગર્વનર **અબ્દુલ્લાહ બિન અબી સુરાહ**ને તાત્કાલિક અસરથી બરતરફ (ડીસમીસ)કરવાનો આદેશ જારી કર્યો અને તેના સ્થાને **ખલીફ-એ-અવ્વલ**, હઝરત અબુબકર સિદ્દીક રદીઅલ્લાહો અન્હોના પુત્ર **મુહમ્મદ બિન અબુબકર**ની ઈજીપ્તના ગર્વનર તરીકે નિમણુંક નો ઓર્ડર કરી આપ્યો.

નવા ગર્વનર મુહમ્મદ બિનઅબુબકરનો એપોઈન્ટમેન્ટ લેટર અને વર્તમાન ગર્વનર ઈબ્ને અબી સુરાહનો ડીસમીસ લેટર લઈને અમુક મુહાજિર અને અન્સાર સહાબા પણ મુહમ્મદ બિન અબુબકરની સાથે મિસર જવા તૈયાર થયા. જેથી ત્યાંની વર્તમાન પરિસ્થિતિનું પ્રત્યક્ષ નિરક્ષણ કરીને ત્યાંની સ્થાનિક સ્થિતીનો સાચો અંદાજો મેળવી શકાય. આ લોકો એક કાફલા સ્વરૂપે મદીના મુનવ્વરા થી રવાના થઈને **ઈજીપ્ત** જવા નિકળેલા.

(હવાલો :- ‘‘**તારીખુલ-ખુલ્ફા**’’, ઉર્દૂ અનૂવાદ - **પેઈજ નં. ૩૪૭**)



# ઊંટડી સવાર હબશી ગુલામની ભેદી હિલચાલ. તેને આંતરીને જડતી લેતાં ઈજીપ્તના ગવર્નર ઉપર ખલીફા ઉસ્માન દ્વારા લખાએલો પત્ર મળ્યો

ઈજીપ્ત જવા માટે મદીના મુનવ્વરાથી રવાના થએલો કાફલો માંડ ત્રણ (૩) મંઝીલ એટલે કે, અંદાજે નેવું (૯૦) k.m. જેટલું જ અંતર કાપીને એક સ્થળે વિશ્રામ માટે રોકાએલો હતો, ત્યારે ઊંટડી ઉપર સવાર એક હબ્શી ગુલામ કાફલા પાસેથી અતિ તેજ ગતિએ પસાર થયો. ઊંટડી સવારની આ હિલચાલ શંકાસ્પદ જણાતાં તેનો પીછો કરી, આંતરીને રોકવામાં આવ્યો અને તેની પુછપરછ કરતાં તેણે જણાવ્યું કે, તે અમીરૂલ મોઅમેનીન **હઝરત ઉસમાન** નો ગુલામ છે. પછી તરત ફેરવી તોળયું કે તે **મર્વાન બિન હકમ બિન અબિલ આસ** નો ગુલામ છે. કાફલાના અમુક શખ્સોએ તેને ઓળખી કાઢયો કે તે ખલીફા હઝરત ઉસ્માનનો ગુલામ છે. ઈજીપ્તના નવાનિયુકત થએલા અને કાફલા સાથે ગર્વનરનોચાર્જ લેવા જઈ રહેલા **જનાબ મુહમ્મદ બિન અબુબકર સિદ્દીકે** પુછયું કે તને આવી ઉતાવળે કોની પાસે મોકલવામાં આવેલ છે ? હબશી ગુલામે કહયું કે મને ઈજીપ્તના ગર્વનર ઈબ્ને અબી સુરાહ ને એક સંદેશો પહોંચાડવા મોકલવામાં આવ્યો છે. હબશી ગુલામને ફરી પૂછવામાં આવ્યો કે તે સંદેશા અંગેનો કોઈ પત્ર તારી પાસે છે? તો તેણે સ્પષ્ટ ઈન્કાર કર્યો. જેથી તેની જડતી લેવામાં આવતાં અમીરૂલ મોઅમેનીન હઝરત ઉસ્માન રદીઅલ્લાહો અન્હો દ્વારા ઈજીપ્તના ગર્વનર **ઈબ્ને અબી સુરાહ** ને સંબોધીને લખવામાં આવેલો પત્ર મળી આવ્યો અને તે પત્રમાં એવું લખવામાં આવ્યું હતું કે મુહમ્મદ ઈબ્ને અબુબકર પોતાના સાથીઓ સમેત તમારી બરતરફી અને તેઓની નિમણુંકનો પત્ર લઈને પહોંચે તો તે બધાને કતલ કરી નાખશો અને તેઓની સાથે મારો જે પત્ર છે, તેમાં જે ફરમાન છે તેને અર્થહીન ગણી તેના ઉપર લેશમાત્ર લક્ષ આપશો નહીં અને અત્યારે તમો તમારો હોદો જે રીતે ભોગવો છે, તેના ઉપર યથાવત ચાલૂ રહેશો.

આ પત્ર વાંચીને કાફલાના બધા લોકોએ આઘાતનો આંચકો અનુભવ્યો. પ્રવાસને આગળ ધપાવતો અટકાવીને કાફલો ત્યાંથી જ **મદીના મુનવ્વરા** પાછો ફર્યો.

**મદીના શરીફ** પરત આવીને કાફલાના આગેવાન મુહમ્મદ ઈબ્ને અબુબકરે તમામ સહાબાને એકઠા કર્યા અને હબશી ગુલામની ઘટના આરંભ થી અંત સુધી વર્ણવીને જડતી દ્વારા મળી આવેલો પત્ર **હઝરત તલ્હા, હઝરત અલી, હઝરત ઝબૈર, હઝરત સઅદ** તથા અન્ય આગેવાન સહાબાને સુપ્રત કર્યો.

સમગ્ર મદીના શહેરમાં હાહાકાર અને ખળભળાટ મચી ગયો. જે સાતસો (૭૦૦) ઈજીપ્તવાસીઓનું પ્રતિનિધી મંડળ હજુ સુધી મદીના શરીફમાં રોકાએલું હતુ, તેમાંના મોટાભાગના લોકો અબ્દુલ્લાહ બિન સબા યહૂદીના મળતીયા હતા. તેમણે આ મામલાને ખૂબ ચગાવ્યો અનેહોબાળો મચાવી દીધો કે જુઓ ખલીફા સાહેબ કેવા પ્રકારના ગંભીર કાવત્રાના ષડયંત્રો રચી રહયા છે. સમગ્ર મદીના શહેરમાં લોકમુખે આ મામલો જ ચર્ચાનો વિષય બની ગયો.

**હઝરત અમ્માર બિન યાસિર, મૌલા–એ–કાએનાત હઝરત અલી** રદીઅલ્લાહો અન્હુમા તથા અન્ય આગેવાન સહાબા તે પત્ર અને સાથે હબશી ગુલામને ઊંટડી સમેત લઈને હઝરત ઉસ્માન રદીઅલ્લાહો અન્હો પાસે આવ્યા અને નીચેમુજબની પ્રશ્નોતરી કરી. :-

(૧) શું આ ઉંટડી આપની છે? **જવાબ :–** હા,મારી છે.

(૨) શું આ હબશી ગુલામ આપનો છે? **જવાબ :–** હા, મારો છે.

(૩) શું આ પત્ર આપે લખ્યો છે? **જવાબ :–** નહીં, હરગિઝ નથી લખ્યો

(૪) શુંઆ પત્રમાં લાગેલી મહોર(સ્ટેમ્પ) આપની છે? **જવાબ :** - હા, આ મહોર મારી છે.

**હઝરત ઉસ્માન** રદીઅલ્લાહો અન્હો એ વિશેષ ખુલાસો કરતા ફરમાવ્યું કે ખુદાની કસમ ! ન તો મૈં આ પત્ર લખ્યો છે કે નતો આ પત્ર લખવાની કોઈને સુચના આપી છે. મને આ પત્ર સબંધે કોઈપણ જાતની જાણકારી નથી.

**હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોએ ફરમાવ્યું કે આશ્ચર્યની વાત છે કે, ઊંટડી તમારી છે, ગુલામ તમારો છે,મહોર(સિકકો) પણ તમારી છે, તેમ છતાં આપ એવું કહો છો કે મને કશી ખબર નથી. હઝરત ઉસ્માને ફરીવાર કહયું કે ખુદાની કસમ ન તો મૈં આ પત્ર લખ્યો છે, ન તો કોઈની પાસેથી લખાવ્યો છે, ન તો આ પત્ર મૈં હબશી ગુલામને આપીને તેને ઈજીપ્ત તરફ રવાના કર્યો છે.

તે વખતે હઝરત અલી રદીઅલ્લાહો અન્હોની સંગાથે આવેલા, અમુક સહાબાએ તે પત્રના અક્ષરો (રાઈટીંગ) ઓળખી કાઢયા કે આ લખાણના અક્ષરો ચોકકસપણે મર્વાન બિન હકમ ના છે. મર્વાન બિન હકમને શોધવામાં આવ્યો, પણ



તેનો કોઈ પત્તો લાગ્યો નહીં. મર્વાન બિન હકમ સરકારી કર્મચારી તરીકે ખલીફાના વહીવટી કાર્યાલયમાં **'કાતિબ'** (રાઈટર, મુખ્ય કારકુન) તરીકે ફરજ બજાવતો હતો અને તે હઝરત ઉસ્માનના અંગત રાઈટર ના પદે પહોંચી ગએલો. મર્વાન બિન હકમનો ભૂતકાળ, ગદ્દારી, બેવફાઈ, ખટપટો, કાવત્રા, ષડયંત્રો અને ફિત્ના-ફસાદથી ખરડાએલો છે. યહૂદી મુનાફિક અબ્દુલ્લાહ બિન સબા એ આર્થિક પ્રલોભન અને માતબર રકમની લાંચ આપીને હઝરત ઉસ્માનની મહોરનો દુરૂપયોગ કરીને મર્વાન બિન હકમ સંગાથે મળીને હઝરત ઉસ્માન ગની રદીઅલ્લાહો અન્હોને બદનામ કરવા બનાવટીપત્ર ના કાવત્રા ને અંજામ આપીને ફિત્નાની આગમાં મિલ્લતે ઈસ્લામીયાના શાંત પ્રજાજનોને હોમી દીધા. તેઓ ત્યારે સળગ્યા, આજે પણ સળગી રહયા છે અને કયામત સુધી ફિત્નાઓ, વિખવાદો, વિવાદો અને આંતરવિગ્રહની અગ્નિમાં ભયંકર સ્વરૂપે સળગતા રહેશે.

(હવાલો :- **''તારીખુલ ખુલફા''** લેખક :- અલ્લામા જલાલુદ્દીન સુયૂતી, ઈન્તેકાલ સ.હિ.૯૧૧ - ઉર્દુ અનુવાદ - **પેઈજ નં. ૩૪૭,૩૪૮,૩૪૯** ના સૌજન્યથી)

# વિસ્ફોટક પરિસ્થિતીનું નિર્માણ અને હઝરત ઉસ્માનની શહાદત

અબ્દુલ્લાહ બિન સબા યહૂદીએ હજારોની સંખ્યાના મુસ્લિમ વેશભૂષાધારી યહૂદી એજન્ટો મદીના બોલાવી લીધેલા. ઉપરાંત બસરા, કુફા તથા અન્ય દેશોના આવા મુનાફિક યહૂદીઓને તાબડતોબ મદીના શરીફની રાજધાની ખાતે એકત્રીત કરી લીધેલા. વિશેષમાં અરબસ્તાનના જૂદા-જૂદા શહેરો અને ગામોમાં જયાં જયાં તેના શાર્ગિદો હતા, તે બધાને વિના વિલંબે રાજધાની મદીના શરીફ પહોંચી જવાનું કહેણ મોકલીને ઈસ્લામ શત્રુઓનો ભવ્ય મેળાવડો અને જમાવટ કરી લીધેલી. તે બધા મુહમ્મદ બિન અબુબકર અને અન્ય વિરોધીઓની સાથે દૂધમાં સાકરની જેમ ભળી ગયા અને હઝરત ઉસ્માન વિરૂધ્ધની ચળવળ ને અતિ તીવ્ર અને ક્રુર સ્વરૂપે બળવંત બનાવી દીધી. હઝરત ઉસ્માનને હત્યાના કાવત્રાખોર તરીકે ચિતર્યા અને આપને પદભ્રષ્ટ કરવાની ઝુંબેશના ઓઠા હેઠળ આપની નિર્મમ હત્યાનું ષડયંત્ર રચી દીધું.

**મુહમ્મદ બિન અબુબકરે** પોતાના કબીલા ''બની-તમીમ''ને સાથે રાખીને હઝરત ઉસ્માન રદીઅલ્લાહો અન્હો ઉપર રીતસર ચઢાઈ કરી દીધી અને આપના નિવાસ સ્થાનને ચારેબાજુએથી ઘેરી લીધો. સુત્રોચ્ચાર, હાકલા પડકારા અને લોકોને નિરકુંશ કક્ષાએ ઉશ્કેરવાની પ્રવૃત્તિમાં ઈબ્ને સબા યહૂદીએ પણ મહત્વનો રોલ ભજવ્યો અનેમુહમ્મદ બિન અબુબકર ના કબીલા બની તમીમ સાથે જોડાઈ જઈને જનૂનપૂર્વક આક્રમણને વેગવંતુ બનાવી દીધું.શોરબકોર અને ગોકીરાની અંધાધૂંધી વચ્ચે **મારો–કાપો, મારી નાખો–કાપી નાખો** ના પડકારો જ સંભળાતા હતા.

હઝરત ઉસ્માન ગની રદીઅલ્લાહો અન્હો પોતાના પરિવાર સાથે નિઃસહાય પરિસ્થિતીમાં પોતાના મકાનની અંદર બંધ હતા. હજારોની સંખ્યામાં બળવાખોરોએ ચારેબાજુથી મકાનને ઘેરી લીધેલો અને અનાજ-પાણી તથા જીવનન નિર્વાહ ની જરૂરી અને આવશ્યક વસ્તુઓ પણ મકાનની અંદર પ્રવેશતી અટકાવી દીધેલી. અનાજ અને પાણી વગર ટળવળીને આપે કુલ પચાસ (૫૦) દિવસ સુધી બંદીવાન હાલતમાં પસાર કર્યા. અંતે અમુક આક્રમણખોરો પડોશમાં આવેલા મકાન દ્વારા આપના ઘરમાં ઘૂસી ગયા અને અતિ નિર્દયતાપૂર્વક આપને શહીદ કરી દીધા.

ઈબ્ને સબા યહૂદીની મનની મેલી મુરાદ પૂરી થઈ ગઈ. મુસ્લિમોના જ હાથે અમીરૂલ મોઅમેનીનની નિર્દય હત્યા કરાવીને મિલ્લતે ઈસ્લામીયાને એવો આઘાતનો આંચકો આપ્યો છે કે જેના માઠા પરિણામો મુસ્લિમ સંપ્રદાયે ભૂતકાળમાં અતિ કષ્ટ સાથે ભોગવ્યા છે. અતિ યાતના સાથે આજે ભોગવી રહયા છે અને ન જાણે ક્યાં સુધી દુખદ પરિણામો ભોગવવા પડશે.

### ◉ હઝરત ઉસ્માનની શહાદતની તારીખ, નમાઝે જનાઝા અને દફનવિધી :–

**અલ્લામા જલાલુદ્દીન સુયૂતી** અલૈહિર્રહમતો-વરિદવાન ફરમાવે છે કે, હઝરત ઉસ્માન ઝુન્નુરૈન રદીઅલ્લાહો અન્હોએ **૧૮, ઝિલ–હિજ્જજહ સન હિજરી ૩૫ જુમ્આ** ના દિવસે જામે-શહાદત પીધું અને બીજા દિવસે એટલે કે, ૧૯, ઝિલ હિજ્જહ શનિવારે મગરીબ અને ઈશાની નમાઝ દરમિયાન **''જન્નતુલ–બકીઅ''** માં દફન કરવામાં આવ્યા.આપની જનાઝાની નમાઝ **હઝરત ઝુબૈર ઈબ્ને અવામ** રદીઅલ્લાહો અન્હોએ પઢાવેલી અને દફન કરવા કબ્રમાં પણ તેઓ જ ઉતરેલા.
(હવાલો :- **''તારીખુલ–ખુલફા''** - ઉર્દૂ અનુવાદ - પેઈજનં. **૩૫૪ અને ૩૫૫**)



# ફિત્નાનો દરવાજો ખુલ્લો ન થયો બલ્કે તૂટી ગયો, જે કદી બંધ નહીં થાય

અબ્દુલ્લાહ બિન સબા યહૂદીની ખટપટો રંગ લાવી અને તેના બહેકાવવામાં આવી જઈને ઈજીપ્તવાસીઓ ઈસ્લામની અંદર એક મહાન ફિત્ના માટે નિમિત બન્યા. યહૂદીયતનો આ ફિત્નો **''શીયા''** સ્વરૂપ ધારણ કરીને **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોના શાસનકાળમાં રૌદ્ર સ્વરૂપે ફેલાયો. યહૂદીયત **''શીયા ફિર્કા''**ના અનેક સ્વરૂપે એટલી બધી પ્રચલિત થઈ ને પ્રચાર અને પ્રસાર પામી કે ઈસ્લામનો મૂળભુત સિધ્ધાંત એટલે કે, ''તૌહીદ'' અને ''રિસાલત''નો પૈગામ શખ્સીયત પરસ્તી એટલે કે ''વ્યકિતપૂજા''માં રૂપાંતર અને લુપ્ત થવા લાગ્યો. પ્રતિ દિન નિતાંત અને અકલ્પનીય ફિત્નાઓ ઉત્પન્ન થતા ગયા અને ઈસ્લામની છબીને વિવાદના કલંક, લાંછન, કીના, દ્રેષ અને કુટામણ દ્વારા ખરડી નાખવા માટે નિરંકુશ કક્ષાએ ફુલ્યા ફાલયા અને દિન પ્રતિ દિન તેમાં ઉતરોતર ઉન્નતિનું સીંચન થતું જાય છે.

ઈસ્લામના બીજા ખલીફા **હઝરત ઉમર ફારૂક** રદીઅલ્લાહો અન્હોની હયાતી સુધી કડક અને નિર્ધારિત વહીવટી શકિતની ધાક ના કારણે કોઈપણ પ્રકારનો વિવાદ કે વિખવાદ ફિત્ના સ્વરૂપે ઉત્પન્ન થઈ શકવાની ક્ષમતા જ નહોતો ધરાવતો કેમ કે ફિત્ના નામના દૈત્યનું હઝરત ઉમરે માથું કચડી નાખેલું. કોઈપણ વિવાદરૂપી ફિત્નાને ઉગતો જ ડામી દેવાની કુનેહ અને શકિત અલ્લાહ તઆલાએ હઝરત ઉમરને પૂર્ણ સ્વરૂપે અર્પણ ફરમાવેલી. જેથી જ **હુઝૂરે અકદસ, આલિમ–મા–કાના–વમા–યકૂન, પ્યારા ગૈબના જાણકાર નબી** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે પોતાની જાહેરી હયાતમાં જ ભવિષ્યવાણી ઉચ્ચારતા ફરમાવેલું કે, હઝરત ઉમર દ્વારા ફિત્નાઓનો દરવાજો બંધ જ રહેશે. હઝરત ઉમર પછી ફિત્નાઓનો દરવાજો ખુલશે નહીં બલ્કે તૂટી જશે. અને જે દરવાજો ખુલે છે, તેબંધ થઈ શકે છે પણ જે દરવાજો તૂટી જાય છે, તે કદી બંધ નથી થઈ શકતો બલ્કે સદાય ખુલ્લો જ રહે છે.

# હઝરત ઉમર ફારૂક પછી ફિત્નાઓનો દરવાજો ખુલવા ના બદલે તૂટી જઈને હંમેશા ખુલ્લો રહેશે અને ફિત્નાઓ બંધ નહી થાય, તે અંગેની હદીષ શરીફ

حَدَّثَنَا مُسَدَّدٌ، قَالَ :حَدَّثَنَا يَحْيَى، عَنِ الأَعْمَشِ، قَالَ :حَدَّثَنِي شَقِيقٌ، قَالَ :سَمِعْتُ حُذَيْفَةَ، قَالَ :كُنَّا جُلُوسًا عِنْدَ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُ، فَقَالَ :أَيُّكُمْ يَحْفَظُ قَوْلَ رَسُولِ اللَّهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ فِي الفِتْنَةِ، قُلْتُ أَنَا كَمَا قَالَهُ :قَالَ :إِنَّكَ عَلَيْهِ أَوْ عَلَيْهَا لَجَرِيءٌ، قُلْتُ :فِتْنَةُ الرَّجُلِ فِي أَهْلِهِ وَمَالِهِ وَوَلَدِهِ وَجَارِهِ، تُكَفِّرُهَا الصَّلاَةُ وَالصَّوْمُ وَالصَّدَقَةُ، وَالأَمْرُ وَالنَّهْيُ، قَالَ :لَيْسَ هَذَا أُرِيدُ، وَلَكِنِ الفِتْنَةُ الَّتِي تَمُوجُ كَمَا يَمُوجُ البَحْرُ، قَالَ : لَيْسَ عَلَيْكَ مِنْهَا بَأْسٌ يَا أَمِيرَ المُؤْمِنِينَ، إِنَّ بَيْنَكَ وَبَيْنَهَا بَابًا مُغْلَقًا، قَالَ :أَيُكْسَرُ أَمْ يُفْتَحُ؟ قَالَ :يُكْسَرُ، قَالَ :إِذًا لاَ يُغْلَقَ أَبَدًا، قُلْنَا :أَكَانَ عُمَرُ يَعْلَمُ البَابَ؟ قَالَ :نَعَمْ، كَمَا أَنَّ دُونَ الغَدِ اللَّيْلَةَ، إِنِّي حَدَّثْتُهُ بِحَدِيثٍ لَيْسَ بِالأَغَالِيطِ فَهِبْنَا أَنْ نَسْأَلَ حُذَيْفَةَ، فَأَمَرْنَا مَسْرُوقًا فَسَأَلَهُ، فَقَالَ :البَابُ عُمَرُ

**حوالہ:۔**

(۱) **”صحیح البخاری“**، مؤلف: محمد بن إسماعیل أبو عبدالله البخاری الجعفی(المتوفی: ۲۵۶ھ)، ناشر :دار طوق النجاة،قاھرہ (مصر) طبع اول: ۱۴۲۲ھ، جزء: ۱، صفحہ: ۱۱۱

(۲) **”صحیح مسلم“**، مؤلف: مسلم بن الحجاج ابو الحسن القشیری النیسابوری(المتوفی: ۲۶۱ھ)، ناشر: داراحیاء التراث العربی -، بیروت(لبنان)، جزء:۴، صفحہ: ۲۲۱۸



(۳) **”مسند الامام احمد بن حنبل“**، مؤلف: ابوعبدالله احمد بن محمد بن حنبل الشیبانی(المتوفیٰ: ۲۴۱ھ)،ناشر: مؤسسة الرسالة، بیروت(لبنان)، طبع اول: ۱۴۲۱ھ، جزء: ۳۸، صفحہ: ۴۱۴

**(۴) سنن الترمذی“، مؤلف:** محمد بن عیسی بن سورة الترمذی (المتوفی: ۲۷۹ھ)، ناشر: دارالغرب الاسلامی، بیروت(لبنان)، سن اشاعت: ۱۹۹۸ء، جزء: ۴، صفحہ: ۹۴

**(۵) ”سنن ابن ماجہ“**، مؤلف: ابن ماجہ ابو عبدالله محمد بن یزید القزوینی (المتوفی: ۲۷۳ھ)، ناشر: دارالرسالة، بیروت(لبنان)، طبع اول: ۱۴۳۰ھ، جزء: ۵، صفحہ: ۱۰۱

**ترجمہ:۔**

”ہم سے حدیث بیان کی مسدد نے، وہ کہتے ہیں ہم سے بیان کیا یحی نے، وہ روایت کرتے ہیں اعمش سے، انہوں نے کہا کہ ہم سے بیان کیا شقیق نے، آپ فرماتے ہیں کہ میں نے حضرت حذیفہ کو فرماتے ہوئے سنا کہ ہم حضرت عمر رضی اللہ تعالیٰ عنہ کی بارگاہ میں بیٹھے ہوئے تھے، آپ نے فرمایا کہ حضورﷺ کا فتنے کے متعلق قول کس کو یاد ہے؟ میں نے کہا کہ جیسا حضور نے فرمایا ویسے ہی مجھے یاد ہے۔ حضرت عمر نے کہا کہ تم اس بات پر جری تھے۔ حضرت حذیفہ کہتے ہیں کہ میں نے کہا کہ مرد کا وہ فتنہ جو اس کے اہل وعیال، اس کے مال واولاد اور اس کے پڑوسیوں کے متعلق ہے، نماز، روزہ، صدقہ، امر اور نہی اس کا کفارہ ہو جائیں گے، حضرت عمر نے کہا کہ میری مراد یہ نہیں ہے بلکہ وہ فتنہ مراد ہے جو سمندر کی طرح موجے مارے گا۔ حضرت حذیفہ نے کہا اے امیر المؤمنین! آپ اس کی فکر نہ کریں۔ آپ کے اور اس فتنہ کے درمیان ایک بند دروازہ ہے۔ حضرت عمر نے کہا کہ وہ بند کر دیا جائے گا یا کھول دیا جائے گا؟ حضرت حذیفہ نے کہا کہ وہ توڑ دیا جائیگا۔ حضرت عمر نے کہا کہ پھر تو وہ کبھی بند نہیں کیا جائے گا۔ ہم نے کہا کہ کیا دروازے کے متعلق حضرت عمر جانتے تھے؟ حضرت حذیفہ نے فرمایا: ہاں، ایسے ہی جیسے آج کی رات۔ میں نے کوئی غلط بات نہیں کی۔ راوی حدیث کہتے ہیں کہ ہم حضرت حذیفہ سے اس کے آگے پوچھنے سے ڈرے تو ہم نے مسروق سے کہا، تو انہوں نے ان سے پوچھ لیا۔ ان کے جواب میں حضرت حذیفہ نے فرمایا کہ: بند دروازے سے مراد حضرت عمر ہیں۔“

◉ હદીષ શરીફના ઉપરોકત ઉર્દૂ તર્જુમાનો ગુજરાતી અનુવાદ :-

**''હદીષ બયાન કરી અમારાથી મુસદ્દદે, તેઓ કહે છે કે અમારાથી વર્ણન કર્યુ યાહયાએ, તેઓ રિવાયત કરે છે કે અઅમશ થી તેમણે કહયું કે અમારાથી વર્ણન કર્યુ શફીકે, તેઓ ફરમાવે છે કે મૈં હઝરત હુઝેફાને એવું કહેતાં સાંભળ્યા કે અમો હઝરત ઉમર રદીઅલ્લાહો અન્હોની ખિદમતમાં બેઠા હતા, ત્યારે આપે ફરમાવ્યું કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનું ફિત્નાઓ અંગે નું ફરમાન કોને યાદ છે? મૈં કહયું કે જેવું હુઝુરે ફરમાવ્યું, તેવું જ અક્ષરસ મને યાદ છે. હઝરત ઉમરે કહયું કેતમો આ વાત આત્મવિશ્વાસ થી કહો છો. હઝરત હુઝૈફા કહે છે કે મૈં કહયું કે વ્યકિતનો તે ફિત્નો કે જે તેના પરિવાર, સંપતિ, સંતાન અને તેના પાડોશી અનૂસંધાને છે, તેનો કફફારો તો નમાઝ, રોઝા, સદકા, ભલાઈનો આદેશ આપવો અને બદીથી રોકવું જેવા નેક કાર્યો દ્વારા થઈ જશે. હઝરત ઉમરે કહયું કે, મારો આશય આ નથી બલ્કે તે ફિત્નાઓ છે જે સમુદ્રની જેમ ઉછાળા મારશે. હઝરત હુઝૈફાએ કહયું કે એ અમીરૂલ મોઅમેનીન! તમો તેની ચિંતા ન કરો, તમારી અને તે ફિત્નાઓની વચ્ચે એક બંધ દરવાજો છે. હઝરત ઉમરે પુછયું કે તે દરવાજો બંધ જ રહેશે કે ખોલી નાખવામાં આવશે? હઝરત હુઝૈફાએ કહયું કે તે દરવાજો તોડી નાખવામાં આવશે. હઝરત ઉમરે કહયું કે તો પછી તે કદી પણ બંધ નહીં કરી શકાય. અમોએ હઝરત હુઝૈફાથી પુછયું કે શું તે દરવાજા વિષે હઝરત ઉમર જાણતા હતા ? હઝરત હુઝૈફાએ કહયું કે, હા, એ રીતે કે જેમ કે આજની રાત, મૈં કોઈ ખોટી વાત વર્ણન નથી કરી. હદીષના વર્ણનકર્તા કહે છે કે અમો હઝરત હુઝૈફાથી તેનાથી વિશેષ કંઈપણ પૂછવાથી ડર્યા, એટલે અમોએ જનાબ મસરૂકને કહયું તો તેમણે તેઓથી પૂછી લીધું, જવાબમાં હઝરત હુઝૈફાએ ફરમાવ્યું કે તે દરવાજાથી મુરાદ હઝરત ઉમર છે. ''**

ઉપરોકત હદીષના અનુવાદને એક વખત નહીં બલ્કે અનેક વખત વાંચીને તેના પ્રત્યે ઊંડુ ચિંતન અને મનન કરશો, તો સંપૂર્ણ ખાત્રી અને વિશ્વાસના સ્વરે કહી શકશો કે **હુઝૂરે અકદસ, જાને ઈમાન** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે આ હદીષના ફકત એક જ વાકયમાં **''ગાગરમાં સાગર''** ભરી દીધું છે. **''દરવાજો તૂટી જવું''**



અને **''દરવાજો બંધ થઈ જવું''** એ બન્ને માં ધરતી, આકાશ જેટલો તફવાત છે. જે દરવાજો ખુલે છે, તેના બન્ને પડ (પાટીયા) અને તે બન્ને પડ જેમાં લટકાવેલા હોય છે તે મજાગરા પણ સલામત હોય છે. દરવાજો સરળતાથી ખોલ-બંધ કરી શકાય છે. ઉપરાંત જે દરવાજો ખુલી શકે છે, તે બંધ પણ થઈ શકે છે. દરેક મકાનના દ્વાર દિવસે તો ખુલ્લા રહે છે પણ રાત્રીના સમયે અવશ્ય બંધ કરી દેવામાં આવે છે. કેમકે બંધ દરવાજાથી મકાનના રહેવાસી સુરક્ષિત અને સલામત થઈ જાય છે. અતિશય ઠંડી, ગરમ લૂના વાયરા, ચોર દ્વારા ઘરફોડી, ડાકૂ દ્વારા લૂંટફાટ, શત્રુ દ્વારા આક્રમણ, હિંસક પશુઓના હિચકારા હુમલા એ બધાથી મકાનમાં રહેનારો (Inhabitant) ભયમુકત અને નિચિંત થઈને સુખ અને શાંતિથી ઉંઘે છે. પણ જે મકાનનો દરવાજો તૂટી જાય છે, તે ઉઘાડો અને ખુલ્લો જ રહે છે, તે બંધ નથી કરી શકાતો કેમ કે તે દરવાજાના અવશેષ ભાંગીને ભુકકો થઈ જવાના કારણે તે દરવાજા બંધ કરી શકાય,તેવી તેમાં ક્ષમતા હોતી જ નથી. પરિણામે તૂટી ગએલો અને ભાંગીને ભુકકો થઈ ગએલો દરવાજો સદાય અને સ્થાયી સ્વરૂપે (Permanent) ખુલ્લો જ રહે છે. તેમાં ગમે તે, ગમે ત્યારે, ગમે તે આશયથી, ગમે તે સ્વરૂપે કોઈપણ જાતની રોકટોક વગર પ્રવેશી શકે છે. ઉઘાડા દરવાજાવાળા મકાનમાં રહેનારાના જાન, માલ, ઈઝઝત, આબરૂ કે સંપતિ કદી પણ સુરક્ષિત નથી હોતા. ગમે તે ચોર આવીને લૂંટી જઈ શકે છે, ડાકૂ ધાડ પાડી શકે છે, શત્રુ આક્રમણ કરી શકે છે, હિસક પ્રાણી આવી શકે છે, ટૂંકમાં ફકત એટલું કે દરવાજો ખુલી જવું ભયજનક નથી કેમ કે જે દરવાજો ખુલી શકે છે, તે બંધ પણ થઈ શકે છે.ખોલબંધની હિલચાલ(Movment)ની ઉપલબ્ધતાના કારણે કોઈ પણ જાતના કષ્ટ વગર સરળતાથી તેને બંધ કરી શકાય છે પણ દરવાજો તૂટી જવાની પરિસ્થિતિમાં દરવાજો બંધ થઈ શકવાની કે કરી શકવાની કોઈ શકયતા જ નથી રહેતી. તે સદાય ખુલ્લો અને ઉઘાડો રહે છે.

**અમીરૂલ મોઅમેનીન હઝરત ઉમર ફારૂકે આઝમ** રદીઅલ્લાહો તઆલા અન્હોના દુનિયાથી ચાલ્યા ગયા બાદ **ફિત્નાઓનો દરવાજો તૂટી જશે,** તે ભવિષ્યવાણી કે જે **સરકારે દો આલમ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની **''કુન-કી-કુંજી-ઝુબાન''** થી ઉચ્ચારવામાં આવેલી, તે અક્ષરસ સાચી પડી. **હઝરત ઉમર ફારૂક**ની જાહેરી હયાત સુધી મિલ્લતે ઈસ્લામીયાના લોકો સંગઠનના એક તાંતણે બંધાએલા રહીને બંધુત્વની ભાવના,એકતા, સહકાર, સહયોગ,

સહાનુભાવ, સહાયભૂતતા, સહિષ્ણુતા અને સહૃદયની દયાળુ ભાવના અને લાગણી દ્વારા ઈસ્લામને પ્રગતિના સોપાનો સર કરાવવા કટિબધ્ધ અને ઉત્સુક હતા. કાયદો અને વ્યવસ્થાની કડક અમલવારી ના ફળ સ્વરૂપે જનજીવન અને સામાજિક પરિસ્થિતી અપરાધ અને ગુનાખોરી વિહોણી (Crime-Less) હતી. વહીવટી શાસનના ક્ષેત્રે હઝરત ઉમર ફારૂકે આઝમ રદીઅલ્લાહો અન્હોની એવી ધાક અને હાક હતી કે હજારો માઈલ દૂર ઈજીપ્ત, ઈરાન કે અન્ય દેશમાં બેઠેલો ગર્વનર કે સરકારી અધિકારી પોતાની ફરજ નિષ્ઠા અને એકાગ્રતામાં સદાય જાગૃત રહીને પ્રમાણિકપણે પોતાની ડયુટી (Duty) બજાવતો. વહીવટી ક્ષેત્રે હઝરત ઉમરની કુનેહ અને વર્ચસ્વના કારણે સરકારી વહીવટી શાખાઓમાં કયાંય પણ ભ્રષ્ટાચાર, લાંચ-રૂશ્વત,ગેરવહીવટ, નિર્ભર્ત્સના કે નિરૂત્સાહનો નામો-નિશાન નહોતું. રાજકીય ખટપટો, કાવત્રા, સ્થાપિત હિતો સિધ્ધ કરવાના આશયથી બળવા અને બંડ પોકારવા, ગદ્દારી, ખુશામતખોરી, ચાપલુસી, ચમચાગિરી, લાગવગશાહી, ખોટી અને સ્વાર્થી ભલામણો વગેરે દુષણો અસ્તિત્વમાં જ ન હતા. એકચક્રી શાસન અને કડક શિક્ષાની અમલવારીના કારણે પ્રજાજનો ભયમુકત, સુખી અને આનંદી જીવનશૈલીમાં જીવતા હતા. લગભગ સાડા દસ(૧૦.૫) વર્ષના 'ફારૂકી ખિલાફત'નો સમયગાળો મિલ્લતે ઈસ્લામીયા માટેના સોનેરી અને સુખદ યુગ તરીકે ઈતિહાસમાં અંકિત છે.

**પણ....**

મુખ્બીરે સાદિક, ગૈબ ના ઈલ્મના જાણકાર, **હુઝૂરે અકદમસ,** જાને ઈમાન સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની ''પૈશીનગોઈ'' (આગાહી) મુજબ **હઝરત ઉમર ફારૂકે આઝમ** રદીઅલ્લાહો અન્હોની શહાદત પછી ફિત્નાઓનો દરવાજા તૂટી ગયો. હઝરત ઉમર માટે હદીષના રાવી (વર્ણનકર્તા) એ સ્પષ્ટ શબ્દોમાં કહયું છે કે ફિત્નાઓને રોકી રાખનારા દરવાજા ઉમર હતા. હઝરત ઉમર શહીદ થયા એટલે **ફિત્નાઓને રોકી રાખનારો દરવાજો જે બંધ હતો, તે ખુલી જવાના બદલે તૂટી જ ગયો અને મિલ્લતે ઈસ્લામીમાં અનેક નાના-મોટા ફિત્નાઓની વણથંભી વણઝાર કાયમી ધોરણે શરૂ થઈ ગઈ.**



# ફિત્નાઓનું પહેલું સ્વરૂપ
# ત્રીજા ખલીફા ચુંટી કાઢવા માટેનો વિવાદ
# અને સભાસદોની ઉગ્ર ચર્ચા

✪ ઈસ્લામના પહેલા ખલીફા તરીકે સમગ્ર સહાબાએ-કિરામે **હઝરત અબુબકર સિદ્દીક** રદીઅલ્લાહો અન્હોને સર્વાનુમતે ચુંટી કાઢેલા અને તે અંગે કોઈપણ જાતનો વિવાદ, મનભેદ કે મતભેદ ઉપસ્થિત થએલો નહીં.

✪ ઈસ્લામના બીજા ખલીફા તરીકે **હઝરત ઉમર ફારૂક** રદીઅલ્લાહો અન્હોના નામનું **હઝરત અબુબકર સિદ્દીક** રદીઅલ્લાહો અન્હોએ સુચન કરેલું. જેનો સમગ્ર સહાબાએ-કિરામે સ્વીકાર કરેલો અને સહર્ષ એકમતે કબૂલ રાખેલો.

✪ ઈસ્લામના ત્રીજા ખલીફા હઝરત ઉસ્માન ગની રદીઅલ્લાહો અન્હોને ચુંટી કાઢવાનો મામલો ઘણો જ ગુંચવણ ભર્યો રહેલો. ખલીફા તરીકેના કુલ છ (૬) ઉમેદવારો હતા. સતત ત્રણ (૩) દિવસ સુધી ખલીફા ચુંટવાની પ્રક્રિયા રહી પણ કોઈ નિર્ણય આવ્યું નહીં. જેથી હઝરત અ.રહેમાન બિન ઔફ રદીઅલ્લાહો અન્હોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી અને ખલીફા ચુંટી કાઢવાનો સંપૂર્ણપણે અધિકાર (veto-Power) મેળવી લીધો અને તે અધિકારની રૂએ તેમણે ત્રીજા ખલીફા તરીકે હઝરત ઉસ્માન ગની રદીઅલ્લાહો અન્હોને નિમી (Appoint) દીધા.

✪ ત્રીજા ખલીફા તરીકે **હઝરત ઉસ્માન**ની નિમણુંક થતાં વર્ષો જૂનો **ખાનદાને બની હાશિમ** અને **ખાનદાને બની ઉમય્યા**નો ઝઘડો કે જે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે સુખદ સમાધાન દ્વારા દફનાવી દીધેલો. તે મડદૂં આળસ મરડીને બેઠો થયો અને આ ભૂલાઈ ગએલો વિવાદ ફરી આરંભાયો. કેમ કે હઝરત ઉસ્માન રદીઅલ્લાહો અન્હોનો વંશીય સબંધ ખાનદાને બની ઉમય્યા સાથે હતો.

✪ વહીવટી ક્ષેત્રે શરૂઆત ના છ (૬) વર્ષો સુધી હઝરત ઉસ્માનનું શાસન સ્થિરતાપૂર્વક અને સુઘડતાપૂર્વક ચાલ્યું પણ ખિલાફતના અંતિમ (છ) ૬ વર્ષોમાં વહીવટી ક્ષેત્રે અને કાયદો તથા વ્યવસ્થા ક્ષેત્રે ખલીફાની પકડ ઘણી જ ઢીલી પડતાં અનેક દુષણો, ભ્રષ્ટાચારો અને ગેરવહીવટો પ્રચલિત થયા.

✪ ખિલાફતના અંતિમ ૬ (છ) વર્ષો દરમિયાન અબ્દુલ્લાહ બિન સબા યહૂદીની પ્રવૃત્તિઓ વ્યાપક સ્વરૂપે વહીવટી શાસન ક્ષેત્રે પ્રસરી. ત્યાં સુધી કે ઉચ્ચ હોદાના અધિકારીઓ સાથે ઈબ્ને સબા યહૂદીએ મિત્રતાના સબંધો વિકસાવીને તેઓની ફરજ નિષ્ઠા, પ્રમાણિકતા, ઈસ્લામી શરીઅતની પાબંદી અને માનવતાના ઉચ્ચ સંસ્કારોથી ભ્રષ્ટ બનાવવા અનેક પેંતરા રચયા, કૌંભાડો અને ષડયંત્રોના કાવત્રા અને આયોજનો કર્યા. અધિકારી વર્ગોને આભારવશ (Obligel) કરવા તેઓને કિંમતી ભેટ-સોગાદો અને રોકડ રકમની બક્ષિસો આપીને ખરીદી લીધા અને એવા ગાઢ સબંધો વિકસાવ્યા કે તેની યહૂદીયતની ભાંગફોડીયા પ્રવૃત્તિ ઉપર શંકાની શકયતા જ ન રહે.

✪ મર્વાન બિન હકમ નામનો મુનાફિક લાગવગ અને ભલામણોના માધ્યમથી મામૂલી કારકુનમાંથી ખલીફાના કાતિબ (રાઈટર)ની પદવી ઉપર પહોંચી ગયો અને તેણે જ હબશી ગુલામ મારફત ઈજીપ્તના ગર્વનરને હઝરત ઉસ્માન ના નામે તેઓની મહોર (સ્ટેમ્પ) મારીને બનાવટી પત્ર રવાના કરેલો.

✪ વહીવટી ક્ષેત્રની નબળાઈ અને ગેરવ્યવસ્થાનો જીવતો પુરાવો એ પણ છે કે હઝરત ઉસ્માને પોતાના માસીના દિકરા વલીદ બિન ઉકબા બિન મુહીત ને ઉચ્ચ કક્ષાની પદવી એટલે કે કુફાના ગર્વનર તરીકે નિમણુંક કરેલા. આ ગર્વનર ઓફ કુફા એટલે કે વલીદ બિન ઉકબા **'મચ-નૌશ'** (દારૂડીયો) હતો. એક દિવસ શરાબના નશાની હાલતમાં ફજરની નમાઝની ઈમામત કરી. બે (૨)ના બદલે ફજરની ફર્ઝની ચાર (૪) રકાતો પઢાવી દીધી. નમાઝથી સલામત ફેરવીને મુકતદીઓથી કહયું કે જો તમો કહો તો હજી વધુ નમાઝ પઢાવી દઉં.

એવું કહેવામાં આવે છે કે વર્ણનીય વલીદ બિન ઉકબાની નિમણુંકના કારણે જ હઝરત ઉસ્માન રદીઅલ્લાહો અન્હો વિરૂધ્ધ સગાવાદના આક્ષેપો ની શરૂઆત થયેલી.

(હવાલો :- **''તારીખુલ-ખુલફા''** - ઉર્દુ અનુવાદ - **પેઈજનં. ૩૪૩**)

✪ ઈજીપ્તના ગર્વનર **'ઈબ્ને અબી સુરહ'**ની આપખૂદી અને નફફટાઈ એટલી હદે પહોંચી હતી કે તે ખલીફાના આદેશની પણ અવગણના કરતો હતો. ખલીફા તરફ થી મળતા આદેશનું ઉલંઘન અને અવગણના કરતો. ત્યાં સુધી કે ખલીફાના આદેશનું પાલન કરવાના બદલે આદેશ વિરૂધ્ધની ચેષ્ટાઓ અને પ્રવૃત્તિઓ બેધડક કરતો.



✪ ઈજીપ્તના ગર્વનરના અત્યાચારો અને નિર્દોષોની હત્યાની ઘટનાઓ હઝરત ઉસ્માનની વિરૂધ્ધ બળવો પોકારવાનું કારણ બની અને નવા ગર્વનર તરીકેની નિમણુંકનો પત્ર લઈ આવનારા મુહમ્મદ ઈબ્ને અબુબકર અને તેમના સાથીઓને મારી નાખવાનો મર્વાન બિન હાકીમ મુનાફિક દ્વારા લખાએલા પત્રએ બળતામાં ઘી હોમ્યું અને અનેક બનાવોના અંતે હઝરત ઉસ્માન રદીઅલ્લાહો અન્હોની શહાદતની ઘટના અસ્તિત્વમાં આવી અને અનેક ફિત્નાઓની આંધી ફુંકાઈ.

## હઝરત ઉસ્માન ગનીની શહાદત પછીની પરિસ્થિતી અને વાતાવરણની પ્રદુષિતતા

**ઈબ્ને સબા યહૂદી** નું તાકેલું તીર ધાર્યા નિશાને પડયું અને મિલ્લતે ઈસ્લામીયાની એકતા કાયમી ધોરણે ખંડિત કરી દેનારી **હઝરત ઉસ્માન**ની શહાદતની ઘટના અસ્તિત્વમાં આવી.

**હઝરત ઉસ્માન** રદીઅલ્લાહો ઉપર લાદવામાં આવેલા આરોપોમાં તેઓ સંપૂર્ણ નિર્દોષ અને નિષ્પાપ હતા. સમગ્ર અપરાધ મર્વાન બિન હકમનો જ હતો. તે સમયે લોકોના મતો અને અભિપ્રાયો મુજબ :-

⊙ હઝરત ઉસ્માન નિર્દોષ છે અને તેઓને શહીદ કરવું અયોગ્ય અને પાપ છે.

⊙ હઝરત ઉસ્માન દોષિત છે અને તેઓની હત્યા યોગ્ય અને પાપરહિત છે.

ઉપર મુજબના બે (૨) અભિપ્રાયોમાં લોકો ફંટાઈ ગયા હતા. ઉપરાંત વંશીય, વ્યકિતગત અને સ્થાપિત આશયને અનૂસરીને મિલ્લતે ઈસમીયા અનેક ગ્રુપોમાં વહેંચાઈ ગએલી :-

(૧) ખાનદાને ''બની-હાશિમ''ના વંશજો અને સમર્થકો
(૨) ખાનદાને ''બની ઉમય્યા''ના વંશજો અને તેમના સમર્થકો
(૩) ખાનદાને ''બની અબ્બાસ''નાવંશજો અને સમર્થકો
(૪) હઝરત ઉમાનની શહાદતને અયોગ્ય અને નિંદનીય કહેનારાઓ.
(૫) હઝરત ઉમાનની શહાદતને યોગ્ય ઠરાવનારાઓ.
(૬) હઝરત ઝુબૈર ઈબ્ને અવામનો ગ્રુપ
(૭) હઝરત મૌલાએ કાએનાત અલી શેરેખુદાના અકીદતમંદો અને સમર્થકો.

(૮) મુહમ્મદ ઈબ્ને અબુબક્ર સિદ્દીકના સમર્થકો.
(૯) વીટો વાપરી હઝરત ઉસ્માનને ખલીફા નિમનારા હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ થી નારાજ લોકોનો સમુદાય.
(૧૦) હઝરત અબ્દુર્રહમાન બિન ઔફના સમર્થકો.
(૧૧) હઝરત તલ્હા બિન ઉબૈદુલ્લાહના ચાહકો.
(૧૨) હઝરત સઅદ બિન અબી વકકાસના સમર્થકો.
(૧૩) નિષ્પક્ષ અને ગ્રુપબંદી થી દૂર રહેનારા તટસ્થ લોકો.
(૧૪) ઈજીપ્તથી આવેલા તથા તેઓની સાથે ભળેલા બસરા કુફા વગેરે સ્થળના લોકો.

ઉપરોકત કક્ષાના લોકોમાં મુસ્લિમ સંપ્રદાય વિભાજીત થઈ ગયો અને તે બધા ગ્રુપોમાં અબ્દુલ્લાહ બિન સબા યહૂદીના ચુનંદા, બાહોશ, કપટી, પ્રપંચી, ખટપટી અને ફિત્નાખોરો શામેલ હતા. કોઈને શંકાની ગંધ સુધ્ધા ન આવે, તેવી સિફત અને તકેદારીથી **'બિન સબા યહૂદી'**એ પોતાના માણસો ઘૂસેડી દીધેલા.

## હઝરત અલી શૈરે ખુદાની ચોથા ખલીફા તરીકે વરણી અને ફિત્નાઓની પરંપરાનો આરંભ

હજી તો હઝરત ઉસ્માન રદીઅલ્લાહો અન્હોની દફનવિધી પણ ન થઈ હતી કે અમુક લોકો વિશાળ જનસંખ્યામાં મૌલા-એ-કાએનાત, **હઝરત મૌલા અલી** રદીઅલ્લાહો અન્હો પાસે ટોળા સ્વરૂપે ધસી આવ્યા અને હઝરત અલીથી **''બયઅત''** કરવાની દરખ્વાસ્ત કરી. આ બયઅતની ઝંખના કરનારાઓમાં મોટાભાગના લોકો ઈજીપ્તના તથા ઈબ્ને સબા યહૂદીના માણસો હતા. હઝરત અલી રદીઅલ્લાહો અન્હોએ ફરમાવ્યું કે, **''મને શર્મ આવે છે કે હૂં એવા લોકોથી ''બયઅત'' લઉં, જેમણે હઝરત ઉસ્માનને શહીદ કર્યા છે. ''** વિશેષમાં હઝરત અલીએ ફરમાવ્યું કે તેનાથી પણ વધુ શરમને લાયક વાત એ છે કે હઝરત ઉસ્માનની દફનવિધી પણ નથી થઈ અને હું લોકોથી બયઅત લઊં. **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોના ઉપરોકત વિસ્મય સૂચક બોલ સાંભળીને લોકો પાછા ચાલ્યા ગયા.

ત્યારબાદ લોકો ફરી વખત ''બયઅત'' માટે આવ્યા. ત્યારે હઝરત અલીએ



ફરમાવ્યું કે **ખલીફાની વરણીનો ફકત તે સહાબાને અધિકાર છે, જેઓ અસ્હાબે બદર એટલે કે જંગે બદરની લડાઈમાં શામેલ હતા.** અસ્હાબે બદર જેનાથી રાજી અને સમંત હોય, તે વ્યકિત જ ખલીફા બની શકે છે.

થોડીવાર પછી અસ્હાબે-બદર-સહાબા રદીઅલ્લાહો અન્હુમ અજમઈન બધા એકત્રિત થઈને હઝરત અલીની ખિદમતમાં હાઝિર થયા અને વિનંતી કરી કે અમો તમારાથી વિશેષ લાયકાત ધરાવનારો ખલીફા કોઈને નથી સમજતા. જેથી હાથ લંબાવો, જેથી અમો તમારા હાથ ઉપર ''બયઅત'' કરીએં. અસ્હાબે-બદર-સહાબાની વિનંતી સ્વીકારીને હઝરત અલીએ તેઓની અને ત્યારબાદ તમામ લોકોની બયઅત લીધી અને ચોથા ખલીફા તરીકે નિયુકત થયા.
(હવાલો :- **''તારીખુલ ખુલફા''** - ઉર્દુ અનુવાદ :- **પેઈજ નં. ૩૫૨ અને ૩૫૬**)

હઝરત અલી રદીઅલ્લાહો અન્હોને ઈસ્લામના ચોથા (૪) ખલીફા તરીકે સમગ્ર સહાબા-એ-કિરામે સ્વીકૃત કર્યા પણ તે બે (૨) સહાબી કે જેઓ ''અશર-એ-મુબશ્શેરહ''માં શામેલ છે. તે બે (૨) સહાબી **હઝરત ઝુબૈર ઈબ્ને અવામ** અને **હઝરત તલ્હા બિન ઉબૈદુલ્લાહે** આપનાથી બયઅત કરેલ નહીં.
(હવાલો :- **''તારીખુલ-ખુલફા''** - ઉર્દૂ અનુવાદ - **પેઈજ નં. ૩૭૧**)

## હઝરત અલીનો ખિલાફત કાળ અનેક સમસ્યાઓ અને વિટંબણાઓથી ભરપૂર

**મૌલા-એ-કાએનાત, હયદરે કર્રાર, ખૈબર શિકન, મુશ્કિલ કુશા હઝરત અલી** કર્રમલ્લાહો તઆલા વજહહુલ કરીમે ત્રીજા ખલીફા હઝરત ઉસ્માન ની શહાદત ના બીજા દિવસે એટલે કે ૨૦, ઝિલ હિજ્જહ સ.હિ. ૩૫ ના રોજ ખિલાફત ના હોદાનો ચાર્જ સંભાળ્યો અને ૨૧, રમઝાનુલ મુબારક સ.હિ. ૪૦ ના દિવસે આપની શહાદતનો આઘાતજનક બનાવ બનેલો.
(હવાલો :- **''તારીખુલ-ખુલફા''** લેખક : અલ્લામા જલાલુદ્દીન સુયૂતી, ઈન્તેકાલ સનહિજરી : ૯૧૧, ઉર્દુ અનુવાદ, **પેઈજ નં. ૩૭૧ અને ૩૭૩**)

ઉપરોકત હિસાબે આપ ૪ વર્ષ, ૮ મહિના અને ૨૯ દિવસ ખિલાફતના હોદા ઉપર રહયા પણ તે સમગ્ર સમય દરમ્યાન આપની સમક્ષ અનેક બલ્કે વિકટ

સમસ્યાઓ અને વિટંબણાઓ હતી. ફિત્ના અને ફસાદની ભયંકર આંધી એવા રોદ્ર સ્વરૂપે ફૂંકાણી કે તેનો મુકાબલો કરવાની હઝરત અલી રદીઅલ્લાહો અન્હો સિવાય કોઈ ની તાકત ન હતી. તે કપરા સંજોગમાં ચોથા ખલીફા તરીકે અન્ય કોઈની વરણી થઈ હોત, તો તેનું શાસન બે-ત્રણ મહિનામાં જ ડગુમગુ થઈને સમેટાઈ ગયું હોત. **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોની સમક્ષ જે સમસ્યાઓ હતી, તે બાહય સંકટરૂપે નહોતી, કાફિરો, યહૂદીઓ અને ઈસાઈઓ સામે જંગે ચડવાની કોઈપણ સમસ્યા ન હતી. આવી સમસ્યાઓ તો **હઝરત અલી** માટે ગૌણ હતી. દુશ્મનો ના ગમે તેવા વિશાળ સૈન્ય સામે શૈરેખૂદા શૌર્યપૂર્વક બાથ ભીડીને ચપટી વગાડતાં જ ધૂળ ભેગા કરી દેવાની ક્ષમતા ધરાવતા હતા. દુશ્મને ઈસ્લામના ગમે તેવા આક્રમણનો મુંહતોડ જવાબ આપવાની હઝરત અલી શકિત અને કુનેહ ધરાવતા હતા. પણ હઝરત અલી રદીઅલ્લાહો સમક્ષ મોટાભાગની સમસ્યાઓ આંતરિક હતી. મિલ્લતે ઈસ્લામીયાની અંદર જ ફિત્નાઓની આંધી અને આંતરવિગ્રહની જવાળાઓ એવી ભડકેલી કે તેને નાથી ને તેના શમનની કપરી કસોટી બલ્કે અગ્નિ પરિક્ષા એ **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોને હંમેશા ગુંચવાએલા અને ઉલઝાએલા રાખ્યા. આપની મોટાભાગની શકિત આંતરિક વિદ્રોહો અને વિગ્રહો ઉકેલવામાં ખર્ચાઈ ગએલી. પરિણામે અન્ય દેશો ઉપર વિજય મેળવી ત્યાં ઈસ્લામનો ઝંડો ફરમાવવાની આપને ફુરસદ અને નવરાશ મળેલી નહીં.

આપના શાસનકાળમાં ⊙ હઝરત ઉસ્માનના હત્યારાઓને પકડી પાડીને કડક સજા આપવાની માંગણી ⊙ જંગે જમલ ⊙ જંગે સફીન ⊙ ખારજી લોકોનું બંડ અને તેઓની સાથે થએલી જંગ ⊙ રાજધાની મદીના મુનવ્વરાથી કુફા ટ્રાન્સફર કરવી વગેરે જેવી મહત્વની ઘટનાઓના કારણે હઝરત અલી રદીઅલ્લાહો અન્હોનો મોટા ભાગનો સમય અને શકિત તેમાં વેડફાઈ ગઈ.

## હઝરત ઉસ્માનના હત્યારાઓ અને ઈબ્ને સબા યહૂદીના માણસોનું હઝરત અલીના લશ્કરમાં ભરતી થઈ જઈને સુરક્ષિત બનવાના પ્રયાસો

હઝરત ઉસ્માન ગની રીઅલ્લાહો અન્હોની શહાદતના થોડાક જ દિવસો



પછી લોકોને વિશ્વાસની કક્ષામાં ખ્યાલ આવી ગયો કે હઝરત ઉસ્માન સંપૂર્ણપણે નિર્દોષ હતા. સમગ્ર કાવત્રુ **મરવાન બિન હકમ** ના કપટી ભેજાની ઉપજ હતું. જેથી જનસમુદાય દ્વારા એવી માંગણી ઉઠેલી કે **હઝરત ઉસ્માન**ના હત્યારાઓની તાત્કાલિક અને વિલંબ વિના અટકાયત કરવામાં આવે અને ખલીફાની હત્યાના મહાઅપરાધ બદલ તેઓને કડકમાં કડક શિક્ષા કરવામાં આવે બલ્કે દેહાતદંડની સજા કરવામાં આવે.લોકોની આ માંગણીના મુખ્ય સુત્રધાર **હઝરત ઝુબૈર ઈબ્ને અવામ** અને **હઝરત તલ્હા બિન ઉબૈદુલ્લાહ** રદીઅલ્લાહો અન્હુમા હતા.

લોકોની બદલા (કિસાસ)ની ભાવના દિન પ્રતિદિન ઉગ્ર અને ઉત્તેજિત બનતી ગઈ અને **ખલીફા હઝરત અલી** રદીઅલ્લાહો અન્હો વિરૂધ્ધ બંડ અને બળવા જેવી પરિસ્થિતિ નિર્માણ થઈ ગઈ.

હઝરત ઉસ્માનના હત્યારાઓ અને ઈબ્ને સબા યહૂદીના માણસોએ સુરક્ષા કવચ પ્રાપ્ત કરવાના આશયથી ''**હયદરી લશ્કર**''માં ભરતી થઈ ગયા. કિસાસ એટલે કે બદલાની લોકમાંગના કારણે તેઓના પેટમાં તેલ રેડાયું અને અંદરખાને તેઓ ફફડી ઉઠયા.

હઝરત અલી રદીઅલ્લાહો અન્હો કાયદો અને વ્યવસ્થાને થાળે પાડી શાંતિ સ્થાપિત કરવા સતત ઝઝુમી રહયા હતા. અફવાઓ, આક્ષેપો, પ્રતિ આક્ષેપો અને એક બીજા ઉપર દોષારોપણનું બજાર ગરમ હતું. લોકો ઉચક જીવે અને આવતી કાલે શું થશે? તેવી ઉત્કંઠા અને જિજ્ઞાસા સાથે અજ્ઞાતભયના ઓથાર હેઠળ તડફડી રહયા હતા. ફિત્ના અને ફસાદનો જવાળામુખી અંદરખાને ભભૂકી રહયો હતો અને વાદ-વિવાદ તથા વિખવાદનો લાવા બહાર ધસી આવવા માટે થનગની રહયું હતું.

## ▣ હઝરત ઝુબૈર અને તલ્હાનું હઝરત અલીના હાથ ઉપર બયઅત કરવી :–

વર્તમાન સ્થાનિક પરિસ્થિતિની ગંભીરતા લક્ષમાં લઈને અને હજુ વધુ પરિસ્થિતિ વણસે નહિ, તેવા નેક ઈરાદાથી **હઝરત ઝુબૈર** અને **હઝરત તલ્હા** રદીઅલ્લાહો અન્હુમા બન્ને જણા અમીરૂલ મોઅમેનીન, ખલીફતુલ મુસ્લેમીન હઝરત અલી રદીઅલ્લાહો અન્હોની ખિદમતમાં હાઝિર થયા અને આપના દસ્તે હક પરસ્ત ઉપર બયઅત કરી. બયઅત કર્યા બાદ બન્ને સહાબીએ વર્તમાન પરિસ્થિતિનો અમીરૂલ મોઅમેનીનને ચિતાર રજૂ કર્યો અને કહયું કે હઝરત ઉસ્માનના કાતિલોથી

**કિસાસ** (બદલો) લેવા જનસમુદાય અતિઆગ્રહી અને ઉત્સુક છે. લોકોની લાગણીને વાચા આપતાં અમો આપનાથી વિનંતી કરીએ છીએં કે હઝરત ઉસ્માન રદીઅલ્લાહો અન્હોના હત્યારાઓ પ્રત્યે આપ તાત્કાલિક ચાંપતા (Effective) પગલા લઈને લોકોનું વિશ્વાસ સંપાદન કરવા પ્રત્યે લક્ષ આપો, તેવી આપને અમો અરજ ગુઝારીએ છીએ.

બન્ને સહાબી-એ-રસૂલની લાભદાયક સલાહનો અમીરૂલ મોઅમેનીને સહર્ષ સ્વીકાર કરીને વચન આપ્યું કે હઝરત ઉસ્માનના હત્યારાઓને તાત્કાલિક ઝડપી લઈને તેઓને કડકમાં કડક સજા કરવામાં હું અત્યારથી જ કાર્યરત થઈ જઈશ અને હઝરત ઉસ્માન રદીઅલ્લાહો ની હત્યામાં સીધી કે આડકતરી રીતે ભાગ લેનાર કોઈ પણ વ્યકિત છટકી નહીં શકે.

અમીરૂલ મોઅમેનીન **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોએ આપેલા વચન અને ઉત્તરથી સંતુષ્ટ થઈને બન્ને સહાબાએ હઝરત અલીનો આભાર વ્યકત કરી વિદાય લીધી. હઝરત અલી રદીઅલ્લાહો અન્હો પાસેથી નિકળીને હઝરત ઝુબૈર અને હઝરત તલ્હા તે લોકો પાસે આવ્યા કે જેઓ હઝરત ઉસ્માનના હત્યારાઓને ઝડપી લેવા આંદોલન ચલાવી રહયા હતા.

બન્ને સહાબીએ લોકોને વિશ્વાસ સંપાદન કરાવતાં જણાવ્યું કે, અમો અમીરૂલ મોઅમેનીનને રૂબરૂ મળીને આવ્યા છીએં અને અમીરૂલ મોઅમેનીન વચનબધ્ધ થયા છે કે તેઓ હઝરત ઉસ્માનના હત્યારાઓને વિના વિલંબે ઝડપી લઈને સખ્ત સજા આપશે. બન્ને સહાબીએ રસૂલ દ્વારા અમીરૂલ મોઅમેનીને આપેલી ખાત્રીની વિગત થી જનાક્રોશ શાંત પડી ગયો અને લોકો વિશ્વાસની કક્ષામાં હત્યારાઓ વિરૂધ્ધ કરવામાં આવનારી કાનૂની કાર્યવાહીની ઉચાટચિતે પ્રતિક્ષા કરવા લાગ્યા.

## ઈબ્ને સબા યહૂદીના ઉધામા અને શીઆ ફિર્કાની પ્રવૃતિને અતિ વેગવંતી બનાવવી

ઈબ્ને સબા તો અગાઉથી જ ''લશ્કરે હયદરી'' માં ભરતી થઈ ગએલો. હઝરત ઝુબૈર અને હઝરત તલ્હાને અમીરૂલ મોઅમેનીને આપેલ વચન અને ખાત્રી વાયુવેગે શહેરમાં પ્રસરી ગઈ. પોતાના માણસોને કાનૂનના પંજાથી બચાવવા ઈબ્ને



સબાએ વધુમાં વધુ સંખ્યામાં પોતાના માણસોને ''લશ્કરે હયદરી''માં ભરતી કરાવી દીધા. ત્યારબાદ ઈબ્ને સબાએ લોકોને ગુમરાહ અને મુર્તદ (વિચલીત) બનાવવાની પ્રવૃત્તિઓ એક મહા અભિયાન સ્વરૂપે આરંભી દીધી.

✪ સૌ પ્રથમ તેણે ખાનદાને નબ્વી એટલે કે એહલે બૈયતની સાથે મહોબ્બત અકીદત અને અપાર શ્રધ્ધા વ્યકત કરવાનું આરંભ્યું.

✪ લોકોને અહલે બૈયત પ્રત્યે અનહદ પ્રેમ અને અકીદતની લાગણી પ્રત્યે કેન્દ્રીત કર્યા અને ઉશ્કેર્યા.

✪ લોકોને હઝરત અલીની તરફદારી,સમર્થન અને વફાદારી માટે વચન બધ્ધ કર્યા અને હઝરત અલીના મુકાબલામાં કોઈને પણ મહત્વ ન આપવાની લાગણી બળવંત બનાવી અને ખિલાફતના હોદા માટે હઝરત અલી જ લાયક અને યોગ્ય છે, તેવી માનસિકતા કેળવી અને તેના ઉપર ભાર આપ્યો.

✪ હઝરત અલી રદીઅલ્લાહો અન્હોના વિરોધીઓને લેશમાત્ર મહત્વ આપવું નહીં અને તેઓ સદંતર લક્ષને પાત્ર નથી, તેવી લાગણી જન્માવી.

ઉપરોક્ત ચાર (૪) સુત્રી કાર્યક્રમને વ્યવસ્થિત પ્રચાર પધ્ધતિ અને પ્રસાર માધ્યમો દ્વારા વ્યાપક બનાવી. આ ચારેય બાબતો એવી ભ્રામક હતી કે કોઈએ પણ તેની વિરૂધ્ધ એક શબ્દ ઉચ્ચારેલ નહીં બલ્કે બધાએ હર્ષોલ્લાસ સાથે તેનો સ્વીકાર કરીને અતિ આદર સાથે તેનું સમર્થન કર્યુ. પરિણામે લોકોની નજરે ઈબ્ને સબા સાચો આશિકે એહલે બૈયત અને હઝરત અલીને સાચા અર્થમાં ચાહનારો નિખાલસ અકીદતમંદ તરીકે પંકાવવા લાગ્યો. લોકો તેની પ્રપંચી જાળમાં આબાદ ફસાઈ રહયા હતા.

જ્યારે સામાન્ય જન સમુદાયનો સંપૂર્ણ વિશ્વાસ કેળવી લીધો અને લોકોના સંપૂર્ણ સમર્થનની ખાત્રી થઈ ગઈ, તો ઈબ્ને સબાએ શતરંજની ચાલના નવા પાસા ફેંકવા શરૂ કર્યા જેમ કે :-

▣ પૈગમ્બરે ઈસ્લામ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ પછી સૌથી અફઝલ ઈન્સાન હઝરત અલી મુર્તઝા છે અને નબીએ અકરમ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ સાથે સૌથી નિકટનો સબંધ હઝરત અલીને છે. કેમ કે તેઓ નબીના વસી, ભાઈ અને જમાઈ છે.

પોતાની ઉપરોક્ત વાતના અનૂમોદન અને પુરાવારૂપે તેણે અમુક ખોટી અને સ્વંયે ઘડી કાઢેલી હદીષો લોકો સમક્ષ વર્ણન કરીને લોકોને અતિ પ્રભાવિત કરીને સંપૂર્ણ વિશ્વાસ અને ભરોસો મેળવી લીધો. આવી ઘડી કાઢેલી હદીષોના

આધારે જયારે લોકો હઝરત અલી રદીઅલ્લાહો અન્હોની ફઝીલત,મહાનતા અને ઉચ્ચ મરતબાનો સ્વીકાર કરતા થઈ ગયા, ત્યારે ઈબ્ને સબાએ એક અતિ માર્મિક મમરો એ મુકયો કેઃ-

- હઝરત અલી રદીઅલ્લાહો અન્હો રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલમના ''વસી'' (ઉતરાધિકારી) હતા. અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહેવસલ્લમે ખુલ્લા શબ્દોમાં તેઓને પોતાના ખલીફા બનાવેલા હતા અને આપની ખિલાફત કુરઆને મજીદની આયત **''ઈન્નમા-વલીય્યોકુમુલ્લાહો-વ-રસૂલોહૂ''** દ્વારા પુરવારિત છે. પણ સહાબાએ કપટ અને સત્તાની લાલસામાં રસૂલુલ્લાહની વસીય્યતનો અનાદર કર્યો, અલ્લાહ અને રસૂલના ફરમાનની ઈતાઅત કરી નહીં, હઝરત અલી મુર્તઝાનો હક માર્યો અને દુનિયાની લાલચમાં આવીને દીન (ધર્મ)થી પતિત (ભ્રષ્ટ) થઈ ગયા.
  (હવાલો :- **''તોહફ-એ-ઈષના-અશરિયા''** - લેખક : - હઝરત શાહ અબ્દુલ અઝીજ મુહદ્દીષ દહેલ્વી, ઈન્તેકાલઃ- સન હિજરી ૧૨૩૯, ઉર્દુ અનુવાદ, પ્રકાશક :- એતકાદ પબ્લીશીંગ હાઉસ, ન્યુ દિલ્હી, **પેઈજ નં. ૬**)
- ઈબ્ને સબા યહૂદીએ ઉપરોકત ભ્રષ્ટ માન્યતા પ્રચલિત કરતી વખતે શ્રોતાજનો અને તેની મહેફિલમાં ઉપસ્થિત શ્રધ્ધાળુઓ સમક્ષ હળાહળ દંભનું આડંબર અને ઢોંગ કરતાં એવું કહેતો કે અત્યારે તમારી સમક્ષ જે વાત કહી રહયો છું, તે સનાતન સત્ય અને કુરઆન તથા હદીષથી પુરવારિત છે. આ નકકર હકીકત ને એક વ્યવસ્થિત ષડયંત્રના આયોજન દ્વારા ગુપ્તતાના પડદાની પાછળ ધકેલી દઈને એહલે બૈયત ની સાથે હળાહળ અન્યાય કરવામાં આવેલ છે. મૌલા-એ-કાએનાતનો થતો પ્રથમ ખલીફા તરીકેનો હક અને અધિકાર છીનવી લઈને તેઓની સાથે પણ અત્યાચાર કરવામાં આવ્યો છે. જો હઝરત અલીએ ધાર્યુ હોત તો પોતાની શુરવીરતા અને બહાદુરીનો પરચો બતાવીને પોતાનો છીનવાયેલો હક મેળવી શકયા હોત, પણ તેમ કરવામાં મુસ્લિમોની અંદર આપસમાં તલવારો વીંઝાત અને ઈસ્લામને ભારોભાર નુકશાન વેઠવું પડત. જેથી હઝરત અલીએ કડવો ઘૂંટ પી જઈને સબર, ધૈર્ય, ધીરજ અને સહન શકિત (Enduraunce) થી કામ લઈને ચુપકીદી સેવી અને આંતરવિગ્રહના દુષણથી અલિપ્ત રહયા.
- ઈબ્ને સબા યહૂદીએ દંભના આડંબણથી વાણી ઉચ્ચારતા કહયું કે હું હકીકત અને



વાસ્તવિકતાથી સારી પેઠે માહિતગાર છું. જેથી તમારી સમક્ષ સત્યવાત મારા મનમાં રહેલી એહલે બૈયત અને હઝરત અલીની ભારોભાર મહોબ્બત અને અકીદતના જઝબાથી પ્રેરાઈને કહું છું. મારો મકસદ ફકત અને ફકત હક વાત કહીને તમને માહિતગાર કરવા છે. માટે આ વાતો તમારા હદય ઉપર કંડારી લો અને તેના ઉપર ગુપ્તતાનું આવરણ ઢાંકી દો. અતિ તકેદારીપૂર્વક આ વાતો લોકો સમક્ષ પહોંચાડીને તેઓને સત્ય હકીકત સમજાવો.

- ઈબ્ને સબા યહૂદીએ સખ્ત તાકીદ કરતાં કહયું કે તમારી સમક્ષ વર્ણન કરેલી સત્ય હકીકત ને ઘણી જ ગુપ્તતા સાથે પ્રચારિત અને પ્રસારિત કરવામાં એક ખાસ વાત પ્રત્યે લક્ષ આપશો કે મારૂં નામ કયાંય પણ ઉચ્ચારશો નહીં. હૂં પ્રસિધ્ધિ અને નામના નો ભુખ્યો નથી. ફકત દિલમાં રહેલી એહલે બૈયત અને હઝરત અલી રદીઅલ્લાહો અન્હોની મહોબ્બત અને અકીદતનો પડઘો પડે અને તેના રણકાર ગુંજી ઉઠે, એ જ મારી ખેવના અને અભિલાષા છે.
- ઈબ્ને સબા યહૂદીના ઉપરોકત નિવેદનના ફળ સ્વરૂપે તેણે વર્ણન કરેલી ઉપરોકત બાબતોની ચર્ચા લોકો માટે મુખ્ય મુદ્દાનો વિષય બની ગયો અને ખાસ કરીને હઝરત અલીના સૈન્ય ''લશ્કરે હયદરી''માં આ વિષયને અનુસંધિત ચર્ચા, દલીલો, વિવાદો, વાટાઘાટો અને મંત્રણાઓ આરંભાઈ. પ્રથમ ત્રણ (૩) ખલીફાઓ વિરૂધ્ધ ટીકા-ટિપ્પણ, દોષારોપ, આલોચના અને આક્રોશનો સિલસિલો શરૂ થઈ ગયો. મુનાઝરા (Debate) અને મારપીટ સુધી મામલો પહોંચી ગયો.
- ઈબ્ને સબા યહૂદીએ જોયું કે તેનું તીર ધાર્યા નિશાને જ લાગ્યું છે અને તેના મુખ્ય આશય અને મકસદ મુજબ મુસ્લિમોની વચ્ચે વાદ-વિવાદ અને ફિત્નાઓ શરૂ થઈ ગયા છે. અકીદાના મામલાના અનુસંધાને લોકો એકબીજાને ગળે વળગીને ગળાટૂંપો અને ફાંસો આપવા સુધીની હદે ઉશ્કેરાટ અને ઉતેજનાના આવેશથી લડવા લાગ્યા છે. એકબીજાની આબરૂ અને પ્રતિષ્ઠા હણવાની કક્ષાએ ઝનૂનપૂર્વક વર્ગવિગ્રહમાં લોકો એટલા બધા અટવાઈ ગયા છે કે હવે આપણા માટે એક નહીં બલ્કે અનેક રસ્તાઓ ખુલી ગયા છે. હવે ચોરી છૂપી કે છાનું માનું ગુપ્ત પ્રવેશ કરવાના બદલે હવે ખુલ્લમખુલ્લા મુસ્લિમ સંપ્રદાયની શાંતિ અને એકતાની અડીખમ દીવાલમાં અશાંતિના પલીતાનો ખીલો ઠોકી દેવાનો સમય પાકી ગયો છે.

**ઈબ્ને સબા યહૂદી** અતિ ચાલબાઝ, ખંધો, ચાલાક, ચબરાક, ભાંગફોડીયા પ્રવૃતિનો નિષ્ણાંત, વિવાદના બીજ રોપવામાં પારંગત, વિખવાદો ઉત્પન્ન કરવામાં ધૂર્ત અને તજજ્ઞ, ખટપટો ઉપજાવી કાઢવામાં હોશિયાર અને ચપળ હતો. સાથેસાથે તે પોતાની મધ ઝરતી જીભેથી એહલે બૈયતની અકીદત અને મહોબ્બત તથા ખાસ કરીને **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોની ફઝીલત અને અઝમતની પ્રેમસભર અમૃતવાણી દ્વારા લોકોને અતિ પ્રભાવિત કરી દીધેલા અને પોતાનું જબરૂં વર્ચસ્વ સ્થાપિત કરી દીધેલું. લોકો તેનીમહોબ્બતે અલી ની પ્રપંચી જાળમાં સપડાઈને એટલા બધા ભાવિક અને ઉર્મિલ (Emotional) થઈ ગએલા કે તેને ઈસ્લામનો સાચો હમદર્દ, શુભચિંતક, સહાનુભૂત અને હઝરતે અલીનો સાચો આશિક, સમર્થક, જાંનિસાર, પ્રાણ ન્યોછાવર કર્તા અને ભકિતભાવક સમજવા લાગ્યા. તેનો પડયો બોલ ઝીલાવવા લાગ્યો અને લોકો તેના ઉપર અંધશ્રધ્ધાની કક્ષામાં વિશ્વાસ કરવા લાગ્યા. આ બધા લાક્ષણિક લાયકાતોની દુષિતતાની સંગાથે ઈબ્ને સબા યહૂદીએ લખલૂટ અને પાણીની જેમ નાણાં વેરીને લોકોને પોતાના ભ્રમિત પ્રસંશકો અને આજ્ઞાંકિતો બનાવીને પોતાની આસુરી આણનું સામ્રાજય સ્થાપિત કરી દીધેલું.

◉ સફળતાના શિખરો સર કરવાની સફળતાએ **ઈબ્ને સબા યહૂદી** ના આત્મ વિશ્વાસને એટલું બધું પ્રેરકબળ અર્પણ કર્યું કે હવે તે પોતાનું અસ્લી અને રોદ્ર સ્વરૂપ બતાવવા ઉત્સુક બન્યો અને તેણે પોતાના ખાસ વિશ્વાસુ અને અંગત શિષ્યોનું એક મંડળ રચ્યું અને તે મંડળ ના બધા સભ્યો ખાનગીમાં ભેગા કરીને, સોગંદ ઉપર કટિબદ્ધ કર્યા અને એક અત્યંત ગુપ્ત ભેદ (રહસ્ય)નો ઘટસ્ફોટ કર્યો અને તે ભેદને અત્યંત ગુપ્તતાની તકેદારી સાથે મુસ્લિમ સમુદાયમાં પ્રચલિત કરવા માટેની પ્રેરણા આપી.

◉ ઈબ્ને સબા યહૂદીએ જે ગુપ્ત ભેદનો ઘટસ્ફોટ પોતાના અંગત અને ખાસ વિશ્વાસુ અનુયાયીઓ સમક્ષ કરેલો, તે નીચે મુજબ છે :-

**⊙ હઝરત અલી દ્વારા અમુક એવી બાબતો અસ્તિત્વમાં આવી છે કે જે કુવ્વતે ઈન્સાની (મનુષ્ય શકિત)થી બહાર છે. ⊙ હઝરત અલીની કરામતો ⊙ જાતીય પરિવર્તન કરી દેવાની ક્ષમતા ⊙ ગૈબની વાતોની જાણકારી આપવી ⊙ મૃતકોને જીવંત કરવા ⊙ અલ્લાહ તઆલાની ઝાત અને દુનિયાની**



**હકીકતનું વર્ણન કરવું ⊙ હાજર જવાબીની લાયકાત ⊙ શબ્દો અને વાકયોની વાકછટા, વાકચાતુર્ય અને વકતૃત્વ શકિત** (Eloguence) **⊙ ઈબાદત અને પરહેઝગારી ⊙ ઉચ્ચકક્ષાની બહાદૂરી ⊙ એવી શકિત અને તાકતનું પ્રદર્શન કે તેના જેવી તાકત દુનિયાએ ન જોઈ છે, કે ન સાંભળી છે.**

આટલું વર્ણન કર્યા બાદ ઈબ્ને સબા યહૂદીએ ઉપસ્થિત શ્રોતાજનોથી પ્રશ્ન પુછયો કે બોલો, શું તમો જાણો છો કે આ બધું હઝરત અલી રદીઅલ્લાહો અન્હો દ્વારા કયા કારણસર અસ્તિત્વમાં આવ્યું ?

ઈબ્ને સબા યહૂદી ના ઉપરોકત પ્રશ્નનો ઉત્તર આપતાં ઉપસ્થિત મંડળના સભ્યોએ ઐકી અવાજે કહયું કે અમો નથી જાણતા, અમો લાચાર છીએ, આપ જે કહો તે અમોને સ્વીકાર્ય છે. પણ જલ્દી બતાવો કે તે રહસ્ય શું છે?

લોકોની રહસ્યની જાણકારીની જિજ્ઞાસા અને ઉત્કંઠાની તાલાવેલી જોઈને ગરમ લોઢા ઉપર હથોડો ટીપતાં ઈબ્ને સબા યહૂદીએ કહયું કે :-

◉ **આ બધી ''ઉલૂહિયત'' એટલે ઈલાહ એટલે પુજનીય એટલે અલ્લાહ હોવાની ખાસીયતો (લક્ષણો) છે. ઈલાહ એટલે અલ્લાહ બશરીયતના લિબાસમાં એટલે કે મનુષ્ય સ્વરૂપમાં દર્શનીય છે. ગૈરફાની એટલે કે કદીનષ્ટ ન થનારી ઝાત સ્વંયને નષ્ટ થનારા લિબાસ એટલે કે મનુષ્ય સ્વરૂપે ખૂદને જાહેર કરે છે. ''ફઅ-લમૂ-ઈન્ના-અલીય્યન-હુવલ-ઈલાહો-લા-ઈલાહા-ઈલ્લા-હુવા''** અર્થાત :- ''જાણીલો, કે નિઃશંક અલી જ મઅબૂદ (પૂજનીય) છે. અલી સિવાય કોઈપણ મઅબૂદ (પૂજનીય) નથી.''

(હવાલો :- **''તોહફ-એ-ઈષના-અશરિયા''**, લેખક :- શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી, ઉર્દૂ અનુવાદ, પ્રકાશક :- એતકાદ પબ્લીશીંગ હાઉસ, ન્યૂ દિલ્હી, **પેઈજ નં. ૭**)

ઈબ્ને સબા યહૂદીના ભયંકર કાવત્રાના પરિણામે અસ્તિત્વમાં આવેલી

# ''જંગે-જમલ''

## પૂર્વ ભૂમિકા અને સંક્ષિપ્ત વર્ણન

**હઝરત ઝુબૈર ઈબ્ને અવામ** અને **હઝરત તલ્હા બિન ઉબૈદુલ્લાહ** રદીઅલ્લાહો અન્હુમા એ બન્ને મહાન સહાબીએ **અમીરૂલ મોઅમેનીન, હઝરત અલી** કર્મમલ્લાહો વજહહુના હાથ ઉપર ''બયઅત'' કરેલી ત્યારે અમીરૂલ મોઅમેનીનને તેઓને વચન આપેલું કે હઝરત ઉસ્માનના હત્યારાઓને વહેલીતકે ઝડપી લઈને કડક સજા કરવામાં આવશે.

હઝરત ઝુબૈર અને હઝરત તલ્હાએ અમીરૂલ મોઅમેનીનના વચન ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખીને હઝરત ઉસ્માનના હત્યારાઓ વિરૂધ્ધ ચળવળ ચલાવનારા લોકોને આશ્વાસન આપીને શાંતિ જાળવવા અપીલ કરેલી અને કહેલું કે હઝરત ઉસ્માનના હત્યારાઓ વિરૂધ્ધ ચાંપતા અને આકરા પગલા લેવાની અમીરૂલ મોઅમેનીનને જે ખાત્રી આપી છે, તેના ઉપર તેઓ અવશ્ય અમલ કરશે.

**પણ...**

**રાજધાની મદીના મુનવ્વરા** ની પરિસ્થિતી અત્યંત અંધાધૂંધી ભરી હતી. વાતાવરણ એટલું બધું ડહોળાએલું હતું કે કયારે શું થશે? કયાંથી નવો બંડ પોકારતો ફણગો ફૂટશે ? તે કહી શકાતું ન હોતું. ઉપરાંત હઝરત ઉસ્માનના હત્યારાઓ લશ્કરમાં ભરતી થઈ ગએલા. ઉપરાંત હત્યારાઓના નામો ખાતરીપૂર્વક મળેલા નહોતા. જેથી ફકત શંકાના આધારે લશ્કરમાં ભરતી થઈ ગએલા લોકોને અટકાયતમાં લેવાથી લશ્કરમાં બળવો થવાની નવી સમસ્યા ખડી થાય તેમ હતી. જેથી હઝરત અલી રદીઅલ્લાહો અન્હોએ હઝરત ઉસ્માનની હત્યાની ઉંડાણપૂર્વકની જાંચ અને નિરીક્ષણ (Investigation) કરવા ચુનંદા તપાસનીસોને કામે લગાડેલા. જેથી કડક સજાની અમલવારીમાં વિલંબ થઈ રહયો હતો.

બીજી તરફ ''કિસાસ'' (બદલા)ની માંગણી કરનારા લોકો **હઝરત ઝુબૈર** અને **હઝરત તલ્હા** રદીઅલ્લાહો અન્હુમાને દબાણ કરતા હતા કે અમીરૂલ મોઅમેનીનને આપેલી ખાત્રીની અમલવારીનું શું થયું ? આ બન્ને મહાન સહાબી મદીના શરીફની વર્તમાન પરિસ્થિતી અને હઝરત અલીની વહીવટી ગુંચવણો ઉકેલવાની મથામણથી સારી પેઠે વાકેફ હતા, જેથી હઝરત અલીને અસરકારક પગલા લેવામાં અનેક અડચણો અવરોધરૂપ હતી.

આ બન્ને સહાબીના મતે ફકત રાજધાની મદીના ના સમર્થકો દ્વારા હઝરત ઉસ્માનના ''કિસાસ''ની અમલવારી શકય નથી. માટે જો હઝરત અલીના હાથોને મજબૂત કરવા હોય તો **મકકા** અને **બસરા** ના સૈન્યને **મદીના રાજધાની**માં બોલાવીને હઝરત અલીના નિખાલસ પ્રયત્નને ટેકો અને સમર્થન આપવાની અત્યારે સખ્ત ઝરૂરત છે.

જેથી આ બન્ને સહાબીએ ખાનગી રાહે મકકા જવાનું નકકી કર્યુ, તેનું એક કારણએ પણ હતું કે, અત્યારે **ઉમ્મુલ મોઅમેનીન, હઝરત આએશા સિદ્દીકા** રદીઅલ્લાહો અન્હા મકકા શરીફમાં છે. જો તેઓ ના સહકારથી મકકા અને બસરા તથા આસપાસના વિસ્તારના લોકો મદીના આવી જાય તો હઝરત ઉસ્માનના હત્યારાઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં અમીરૂલ મોઅમેનીન **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોને સાથ અને સહકાર મળી રહેશે.

**ઈબ્ને સબા યહૂદી** એ જાસૂસો અને બાતમીદારો દ્વારા આ માહિતી મેળવી લીધી. જો આ બન્ને સહાબી હઝરત આએશાના સમર્થનથી મકકા અને બસરાના લોકોને અહીં લઈને આવશે, તો અમીરૂલ મોઅમેનીન તેઓના પ્રેરક બળ અને સાથથી ''કિસાસ''ના સખ્ત પગલાની અમલવારી વિના વિલંબે કરી નાખશે અને આપણું આવી બનશે.

ઈબ્ને સબા યહૂદીએ પોતાના અપરાધી માનસ (Criminal Mind) ને એક ભયંકર કાવત્રા માટે કાર્યરત કરી દીધો. ઈબ્ને સબા યહૂદીને હઝરત ઝુબૈર અને હઝરત તલ્હા **આંખમાં કણાની જેમ ખુંચતા હતા.** તેનું મુખ્ય કારણ એ હતું કે ''તેહરીકે-કિસાસ'' (બદલાની ચળવળ)ના મુખ્ય સુત્રધારો આ બન્ને સહાબી હતા. જેથી ઈબ્ને સબા યહૂદીએ એવી ભયંકર યોજના બનાવી કે **એક કાંકરે બે (૨) ના બદલે ચાર (૪) પક્ષી મરી જાય.** જેમ કેઃ-

(૧) હઝરત ઝુબૈર અને હઝરત તલ્હાને કાયમી ધોરણે માર્ગમાંથી હટાવી નાખવા, તે બન્નેની હત્યા કરી નાખવી.

(૨) મુસ્લિમ સંપ્રદાયમાં એવી અંદરો અંદર ની જંગ કરાવી નાખવી કે મુસ્લિમ સંપ્રદાયમાં કાયમી ધોરણે શત્રુતા અને વિખવાદના બીજ રોપાઈ જાય

(૩) આ જંગના કારણે હઝરત અલી એક નવી ઉપાધીમાં ગુંચવાઈ જશે. પરિણામે હઝરત ઉસ્માનના હત્યારાઓથી ''કિસાસ''નો મામલો ટલ્લે ચડી જશે.

(૪) મકકા અને બસરાથી હઝરત અલીને મદદરૂપ થવા મદીના આવતા સૈન્યને જ હઝરત અલીના સૈન્યથી અથડાવી દેવામાં આવે. બન્ને પક્ષે ખુવારી તો થવાની જ છે અને બન્ને પક્ષકારો મુસ્લિમો જ છે. પરિણામે મુસ્લિમ સંપ્રદાયને જબરૂં નુકસાન પહોંચાડવામાં આવશે.

(૫) કિસાસના પ્રકરણમાં મદદરૂપ થવા આવનારૂં મકકા અને બસરાનું લશ્કર મદદરૂપ થવાના બદલે યુધ્ધે ચડશે. કિસાસનો મામલો કાયમી ધોરણે રફેદફે થઈ જશે. યુધ્ધના ગંભીર પરિણામે હઝરત અલીની વહીવટી શકિત ખોટા માર્ગે ખર્ચાશે. પરિણામે આપણી ''શીઆ ફિર્કા''ના પ્રચાર અને પ્રસાર પ્રવૃતિ માટે મોકળું મેદાન મળી જશે. હઝરત અલી ખૂદ પોતે ઉપાધીઓમાં એવા ગુંચવાઈ જશે કે આપણી પ્રવૃત્તિઓ તેઓના ધ્યાને નહીં ચડે.

## સંજોગોની બલિહારી અને ઈબ્ને સબા યહૂદીની યોજનાનું ફળીભૂત થવું.

**હઝરત ઝુબૈર** અને **હઝરત તલ્હા** બન્ને જણા પોતાની સાથે અમુક સંખ્યામાં સૈન્ય લઈને મદીના મુનવ્વરાથી મકકા મોઅઝઝમા રવાના થયા. માર્ગમાં તેઓ એવું વિચારતા હતા કે મકકા શરીફ પહોંચીને **હઝરત આએશા** ને સમગ્ર પરિસ્થિતીથી વાકેફ કરશું પણ તેઓ હજુ માર્ગમાં જ હતા અને હઝરત આએશા મદીના શરીફ જવા મકકાથી રવાના થઈ ગયા. હઝરત આએશાની સાથે પણ માર્ગ સુરક્ષા માટે સૈન્ય હતું. માર્ગમાં બન્ને સહાબીનો ઉમ્મુલ મોઅમેનીનથી ભેટો થઈ ગયો.

હઝરત ઝુબૈર અને હઝરત તલ્હાએ મદીના શરીફની વર્તમાન પરિસ્થિતીનું વર્ણન કરીને કહયું કે હઝરત ઉસ્માન ની બેરહેમીથી હત્યા કરનારાઓ હયદરી લશ્કરમાં ભરતી થઈ ગયા છે અને હઝરત અલીનું એકલા હાથે તેઓને વશ કરવા



શકય નથી. અમો બન્નેએ હઝરત અલી રદીઅલ્લાહો અન્હોના હાથ ઉપર બયઅત કરી લીધી છે. અત્યારે વકતની પુકાર છે કે આ વિસ્તારના લોકોને આપણા સંગાથે લઈને મદીના પહોંચીએં અને હઝરત અલીના કિસાસ - મિશનમાં સહાયરૂપ બનીને હઝરત અલીના હાથ મજબૂત કરીએ.

**ઉમ્મુલ મોઅમેનીન હઝરત આએશા** એ પ્રત્યુતર આપતાં ફરમાવ્યું કે આ બાબતમાં હૂં પણ તમારી સાથે છું અને હઝરત ઉસ્માનની હત્યાનો બદલો લેવો જ જોઈએ. હઝરત આએશા દ્વારા સમમર્થન પ્રાપ્ત થતાં જ હઝરત ઝુબૈર અને હઝરત તલ્હાએ તે વિસ્તારના લોકોને હાકલ કરીને મોટી સંખ્યામાં સૈન્ય એકઠું કરી લીધું. સશસ્ત્ર સૈનિકોના સૈન્ય સાથે હઝરત આએશા, હઝરત ઝુબૈર અને હઝરત તલ્હા રદીઅલ્લાહો અન્હુમ મદીના તરફ રવાના થયા અને એક મકકમ અને નિખાલસ નિર્ધાર સાથે આ કાફલો આગળ વધી રહયો હતો.

**ઈબ્ને સબા યહૂદી** એ યેનકેન પ્રકારે **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોના કાને એવી વાત પહોંચાડી કે હઝરત ઝુબૈર અને હઝરત તલ્હા છુપી રીતે મદીનાથી રવાના થઈને હઝરત આએશાને મળવા મકકા ગયા છે અને મકકામાં તેઓએ મોટું સૈન્ય એકઠું કર્યુ છે અને તેઓનો ઈરાદો અશુભ છે. બની શકે છે કે તેઓ તમારા ઉપર આક્રમણ કરવા ચડી આવે. ઉપરાંત ઈબ્ને સબા યહૂદીએ હઝરત અલી રદીઅલ્લાહો અન્હો સુધી એવી ખોટી માહિતી પહોંચાડી કે હઝરત ઝુબૈર અને હઝરત તલ્હા બન્નેએ આપની ''બયઅત'' તોડી નાખી છે અને હવે ખુલ્લમ ખુલ્લા તમારી સામે મૈદાને પડયા છે. માટે સાવચેતી અને તાકીદના પગલા લેવામાં કોઈપણ જાતની કચાશ રાખવી હિતાવહ અને સુરક્ષાને અનુલક્ષીને યોગ્ય નથી.

આવી બાતમીઓ, ખબરો અને માહિતીઓ મળતા હઝરત અલીએ એવું વિચાર્યુ કે હઝરત ઝુબૈર અને હઝરત તલ્હા મારાથી જંગ કરવા મદીના ઉપર ચઢાઈ કરે અને અહીંનું વાતાવરણ પ્રદુષિત થાય, તેના કરતાં હૂં પોતે જ મકકા ચાલ્યો જાઉં તો ઉત્તમ રહેશે. કેમકે હઝરત આઈશા પણ હજજ કરવા ગયા હોવાથી હાલમાં મકકામાં છે. તો તેઓની દરમિયાનગિરી અને માધ્યમ દ્વારા હઝરત ઝુબૈર અને તલ્હાની સાથે સુલેહની વાટાઘાટો પણ થઈ શકશે. અને બન્ને પક્ષો વચ્ચે મકકામાં જંગ થવાની કોઈ શકયતા જ નથી. કેમ કે કોઈપણ પક્ષકાર લડવાના આશયથી લશ્કર લઈને મકકા નથી ગયું, જેથી મકકામાં યુધ્ધને અવકાશ જ નથી. બલ્કે ત્યાં સુલેહની મૌખિક વાટાઘાટો અને ચર્ચા - વિચારણા દ્વારા શાંતિપૂર્વક મંત્રણા થઈ શકશે અને ગેરસમજો દૂર થશે.

હઝરત અલી રદીઅલ્લાહો અન્હો ઉપરોક્ત નિખાલસ આશયથી પોતાની સાથે જૂજ અને મર્યાદિત સૈન્ય લઈને મદીના મુનવ્વરાથી મકકા મોઅઝ્ઝમા જવા માટે રવાના થયા. પણ ''હયદરી સેના''માં ઘૂસી ગએલા ઈબ્ને સબા યહૂદીના માણસોએ હઝરત અલી પ્રત્યેની લાગણીનો ખોટો દેખાડો અને દંભ આચરીને હઝરત અલીની સાથે તેઓની સુરક્ષા માટે પોતાના પ્રાણ અને સર્વત્ર ન્યોછાવર કરી દેવાની તત્પરતા બતાવીને સાથે આવવાની જીદ પકડી અને ધરાર સાથે આવ્યા. માર્ગમાં જે ગામ અને વસ્તી આવતી ત્યાંના લોકો પણ હઝરત અલીના લશ્કરમાં જોડાતા ગયા. પરિણામે મોટી સંખ્યામાં સૈન્ય બની ગયું. હઝરત અલી મદીનાથી મકકા જઈ રહયા હતા અને હઝરત આએશા મકકાથી મદીના આવી રહયા હતા. માર્ગમાં 'બસરા' નજીક બન્ને કાફલાનો ભેટો થઈ ગયો.

આમ અચાનક બન્ને કાફલાનો ભેટો થઈ જતાં બન્ને પક્ષકારો આશ્ચર્ય અને આનંદ સાથે એકબીજાને ભેટયા. ક્ષેમ-કુશળતા અને સુખશાંતિના એકબીજાએ ખબર અંતર પુછયા. ત્યારબાદ બન્ને લશ્કરે થોડા થોડા અંતરે પોતાની છાવણીઓ અને પડાવ નાખ્યા. ઉતારાની પ્રક્રિયાથી ઠરીઠામ થયા બાદ બન્ને પક્ષકારોની હઝરત આએશા સિદ્દીકા રદીઅલ્લાહો અન્હાના ''ખેમા'' (Tent/તંબુ)માં મિટીંગ થઈ અને બન્ને પક્ષકારો વચ્ચે સહકારની ભાવના સાથે જે પ્રેમાળ વાર્તાલાપ થયો, તેની એક ઝલક અત્રે રજૂ છે.

**<u>હઝરત અલી :–</u>** શું તમો બન્નેએ મારા હાથ ઉપર 'બયઅત' નથી કરી?
**<u>હઝરત ઝુબૈર :–</u>** બેશક! અમો બન્નેએ આપના હાથ ઉપર બયઅત કરી છે અને જયારે અમોએ 'બયઅત' કરેલી ત્યારે આપે વચન આપેલું કે હઝરત ઉસ્માનના કાતિલો વિરૂધ્ધ 'કિસાસ'ના ચાંપતા પગલાં આપ તરત જ લેશો. પણ બયઅત કર્યા બાદ અમો મદીના શરીફમાં રોકાઈને જોયું અને જાણયું કે હત્યારાઓ આપના લશ્કરમાં ભરતી થઈને પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરી લીધું છે. આપ તેઓ ઉપર કાર્યવાહી કરવા સતત પ્રયત્ન કરો છો, પણ તેમાં અનેક મુશ્કેલી હોવાના કારણે આપ હત્યારાઓ વિરૂધ્ધ કિસાસના પગલાની અમલવારી નથી કરી શકતા.
**<u>હઝરત અલી :–</u>** તો પછી તમારો અહીં મકકા મોઅઝ્ઝમા આવીને હઝરત આએશા સાથે મળીને શું કરવાનો ઈરાદો છે?
**<u>હઝરત ઝુબૈર :–</u>** અમો એ નિર્ણય ઉપર આવ્યા છીએં કે મકકા અને આસપાસના



વિસ્તારના મુસ્લિમોને ''કિસાસની ચળવળ''માં શામિલ કરીને મોટી સંખ્યામાં મુસ્લિમોને કિસાસ માટેની બુલંદી માંગણી કરવા એકઠા કરીને આપને સાથ-સહકાર આપવા મદીના લઈ આવીએં.
**<u>હઝરત અલી :–</u>** એ હકીકતની તો તમોને સંપૂર્ણ ખાત્રી છે કે હઝરત ઉસ્માન રદીઅલ્લાહો અન્હોની શહાદતમાં સીધી કે આડકતરી રીતે મારી કોઈપણ જાતની સંડોવણી નથી અને મારો દામન બિલ્કુલ પાક છે?
**<u>હઝરત ઝુબૈર :–</u>** નિઃશંક! આપના કથનમાં આપ બિલ્કુલ સાચા છો.
**<u>હઝરત અલી :–</u>** મૈં એવું સાંભળ્યું છે કે ''કિસાસ'' ના મામલા અનુસંધાને તમો બન્નેએ મારી ''બયઅત'' તોડી નાખી છે?
**<u>હઝરત ઝુબૈર :–</u>** યા ખલીફતુલ મુસ્લેમીન! અમોએ હરગિઝ આપની ''બયઅત'' તોડી નથી બલ્કે આજે પણઅમો આપની''બયઅત'' ઉપર જ કાયમ છીએં.
**<u>હઝરત અલી :–</u>** તો ''કિસાસ''ની બાબતમાં તમો મને સાથ આપી મને મજબૂત બનાવો. જેથી હૂં હત્યારાઓને પકડી પાડીને તેમના વિરૂધ્ધ કાર્યવાહી કરીને તેઓને સખ્તમાં સખ્ત સજા કરી શકું.
**<u>હઝરત ઝુબૈર :–</u>** એ અમીરૂલ મોઅમેનીન! અમો સંપૂર્ણપણે આપની સાથે છીએં. અને આપના આદેશને અનૂસરી દરેક પ્રકાર ની સેવા માટે તૈયાર છીએં.

ઉપરોક્ત વાતચીત પછી **હઝરત અલી** કર્રમલ્લાહો વજહુલ કરીમ અસરની નમાઝ પછી **હઝરત ઝુબૈર** રદીઅલ્લાહો અન્હોની છાવણીમાં તશરીફ લઈ આવ્યા. પ્રાથમિક વાર્તાલાપ પછી એક ''સુલેહનામુ'' તૈયાર કરવામાં આવ્યું. એગ્રીમેન્ટનું લખાણ તૈયાર થઈ ગયા બાદ તેનું વાંચન કરીને બન્ને પક્ષકારોને સંભળાવી દેવામાં આવ્યું. જેને સર્વાનુમતે માન્ય રાખવામાં આવ્યું. ફકત સહી, સિકકા જ કરવાના બાકી હતા. તે સમયે જ ''મગરીબ''ની નમાઝ માટે બન્ને છાવણીઓમાં ''અઝાન''ની સદા બુલંદ થઈ.

**હઝરત ઝુબૈર** રદીઅલ્લાહો અન્હોએ **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોથી વિનંતી કરતાં અર્ઝ કરી કે એ અમીરૂલ મોઅમેનીન! આપ અમારી છાવણીમાં મગરીબની નમાઝ ની ઈમામત ફરમાવો અને અમને આપની ''ઈકતેદા''માં નમાઝ પઢવાનો અવસર આપો, તો અમોને અત્યંત ખૂશી થશે. હઝરત અલીએ ફરમાવ્યું કે અત્યારે અંધારૂ થઈ ગયું છે.સુલેહનામા ઉપર આવતીકાલે સવારે સહી-સિકકા થશે. જેથી અત્યારે હૂં મગરીબની નમાઝ મારી છાવણીમાં જઈને પઢીશ. કેમકે મગરીબની

નમાઝ પછી મારા સલાહકારો અને સહાયકોને આ સુલેહનામા અંગે જાણ કરીશ. કેમકે તેઓનું મંતવ્ય અને સમર્થન પણ જરૂરી છે.

આટલું ફરમાવી ને હઝરત અલી રદીઅલ્લાહો અન્હોએ **હઝરત ઝુબૈર** સાથે મુસાફાહે અને મુઆનેકો (હસ્તધૂનન/ગળે મળવું) કરીને પ્રેમભર્યા ઉમળકા સાથે હઝરત ઝુબૈરની છાવણીથી વિદાય લઈને પોતાની છાવણીમાં પરતઆવ્યા.

## મુનાફિકોનું ભયંકર કાવત્રું અને યુધ્ધની અગ્નિની જવાળાઓના લબકારા

મગરીબની નમાઝ પછી અમીરૂલ મોઅમેનીન હઝરત અલી રદીઅલ્લાહો અન્હોએ પોતાના લશ્કરના મહત્વના હોદેદારો અને પોતાના ખાસ અંગત સલાહકારો અને સહાયકોને આ સુલેહનામા અંગેની જાણકારી આપી અને કહયું કે બધું નકકી થઈ ગયું છે, લખાણનો મુસદ્દો પણ તૈયાર થઈ ચુકયો છે. ફકત સહી-સિકકા બાકી છે. જે ઈન્શાઅલ્લાહ સવારના કરવામાં આવશે.

**હઝરત ઉસ્માન ગની** રદીઅલ્લાહો અન્હોની વિરૂધ્ધ બંડ પોકારનારા અને આપની હત્યા કરનારા અને વિશેષત મુનાફિકોના ગુરૂઘંટાલ **ઈબ્ને સબા યહૂદી** ના ચેલાઓ આ સુલેહનામાની વિગત જાણીને ફફડી ઉઠયા. તેઓના પગ તળેથી ધરતી ખસી ગઈ. તેઓને સંપુર્ણ ખાત્રી થઈ ચુકી હતી કે અમીરૂલ મોઅમેનીન **હઝરત અલી શેરે ખુદા** (કર્રમલ્લાહો વજહહુ) અને **હઝરત આઈશા, હઝરત ઝુબૈર** અને **હઝરત તલ્હા** રદીઅલ્લાહો અન્હુમ જો એક થઈ ગયા. જો તેઓનું સંગઠન થઈ ગયું અને તેઓ એકત્રિત થઈને હઝરત ઉસ્માન ગની રદીઅલ્લાહો અન્હોના હત્યારાઓ અને બંડખોરો વિરૂધ્ધ **'કિસાસ'**ની કાર્યવાહી કરશે, તો આપણી ખૈર નથી. આપણી ગરદનો સલામત નથી રહેવાની.

જેથી **'ઈશા'** ની નમાઝ પછી બંધ બારણે તેઓએ એક મિટીંગનું આયોજન કર્યુ. તે મિટીંગમાં ભાગ લેનારા દરેકને પોતાની જ ચિંતા હતી કે જો આ સુલેહનામુ અમલી બને તો સ્વંયને કેવી રીતે બચાવવું. આ અંગેની વિસ્તૃત ચર્ચા થઈ અને એવું નકકી કરવામાં આવ્યું કે સુલેહનામું ભલે લખાઈ ગયું હોય, તેમાં સહી-સિકકા કરવાના તો બાકી જ છે. તે આપણે ન થવા દઈએં, તો જ આપણા માટે



'સબ-સલામત'ની આલબેલનો રણકાર સાંભળવો શકય બને. જેથી તેઓ એ જે ભયંકર અને અધમ કૃત્ય આચર્યુ, તે નીચે પ્રમાણે હતું. :-

યોજના મુજબ **''લશ્કરે હયદરી''** માંથી ઈબ્ને સબા યહૂદીના ખાસ ચેલાઓ અને હઝરત ઉસ્માનના હત્યારાઓ મોડી રાત્રે પોતપોતાના તંબુમાંથી તીર-કામઠા અને તલવારો લઈને સાવચેતીપૂર્વક હળવેકથી બહાર નિકળ્યા અને બન્ને પક્ષકારોની છાવણી વચ્ચેનો જે ખુલ્લો મેદાન હતો, ત્યાં એકત્રિત થયા. બન્ને છાવણીના લોકો ઘસઘસાટ ઉંઘી રહયા હતા. કાવત્રાખોરો પૈકીના અર્ધાભાગના લોકોએ હઝરત ઝુબૈરની છાવણી તરફ અને બાકીનાઓએ હઝરત અલીની છાવણી તરફ 'તીરો' ફેંકવા શરૂ કર્યા. તીરંદાઝોએ ઝનૂનપૂર્વક બન્ને છાવણીઓ ઉપર સતત તીરોનો મારો કર્યો. અચાનક થએલા આ આક્રમણથી બન્ને છાવણીના સૈનિકો ફફડીને જાગી ઉઠયા. અનેક લોકો ઘાયલ થયા હતા. બન્ને પક્ષની છાવણીમાં હાહાકાર મચી ગયો. **''મારી નાખો''** અને **''કાપી નાખો''** એવા અવાજો બુલંદ થયા. ભયંકર શોરબકોર વચ્ચે અંધાધૂંધી ફેલાઈ ગઈ. બન્નેપક્ષની છાવણીના સૈનિકો હાથવગું હથિયાર લઈને રણમેદાનમાં કુદી પડયા. અચાનક એવા પડઘા લોકોના કાને અફળાયા કે **'સામા પક્ષના આગેવાનો સુલેહના ઢોલ વગાડી રહયા છે અને પોતાના માણસો દ્વારા આપણા ઉપર હુમલા કરાવી રહયા છે.'**

બન્ને પક્ષની છાવણીના લોકોને એવો ભ્રમ થયો કે સામાપક્ષે સુલેહનું નાટક રચીને વિશ્વાસઘાત કરી રાતના અંધકારમાં આપણે ઊંઘમાં હતા ને હુમલો કરી દીધો. **આ સુલેહનું નાટક છે. સુલેહના બહાને વિશ્વાસઘાત છે. ઊંઘતા અને બેખબર લોકો ઉપર હિચકારો હુમલો કરનારા દગાબાજોને રહેંસી નાખો. – કાપી નાખો – મારી નાખો – કટકા કરી નાખો – ખતમ કરી નાખો –** આવા અત્યંત ઉત્તેજક ઉદગારો સાથે બન્ને છાવણીના સૈનિકો મારી નાખો - કાપી નાખો ની ગગનભેદી નારાબાજી કરી રહયા હતા અને એક - બીજાને નેસ્તો - નાબૂદ કરી નાખવા લોહી તરસ્યા પિચાશની જેમ એકબીજાના પ્રાણ હણી રહયા હતા.

ગાઢ અંધકાર અને ધૂળની ઉડતી ડમરીઓના કારણે દ્રષ્ટિઓ ની શકિત સ્પષ્ટ દ્રષ્ય જોઈ શકવાની ક્ષમતા નહોતી ધરાવતી. બધી આંખોને ફકત ધૂંધળૂ ચિત્ર જ દ્રષ્ટિગોચર થતુ હતું. કોણ કોનાથી લડી રહયું છે, તે સ્પષ્ટ નહોતુ થતું. ફકત વિશ્વાસઘાત અને દગા-ફટકાની ચેષ્ટાથી ઉશ્કેરાઈને અને ઉત્તેજિત બનીને બન્ને

પક્ષના સૈનિકો ફક્ત મારો, કાપો અને હણી નાખોના પડકારા અને આચરણ દ્વારા જે પણ સામે આવતો તેનું માથું ધડથી અલગ કરી નાખતા હતા. મુસ્લિમો જ પોતાના મુસ્લિમભાઈઓને ઝનૂનપૂર્વક ગાજર-મૂળાની જેમ કાપી રહયા હતા. હૂં કોને મારી નાખુ છું અથવા કાપી નાખુ છું, તેની લેશમાત્ર દરકાર કોઈને નહતી. આડેધડ તલવારો અને ભાલાઓ વીંઝાતા હતા. ઘાયલો, મૃતકો અને ઢીબાઈ જનારાઓ ની કારમી ચીસો, કણસતા અને તડફતા ઝખ્મીઓના ચિતકારો વાતાવરણની ભયાનકતામાં વૃધ્ધિ કરી રહયા હતા.

**ઈબ્ને સબા યહૂદી**ના માણસો અને હઝરત ઉસ્માનના હત્યારાઓ બન્ને છાવણીમાં ઘૂસી ગએલા અને હઝરત આએશાની છાવણીમાં ઈબ્ને સબા યહૂદીના ચુનંદા અને લડાયક સૈનિકો વિશેષ પ્રમાણમાં ઘૂસી ગએલા. તેઓનો મુખ્ય ધ્યેય અને આશય **હઝરત ઝુબૈર** અને **હઝરત તલ્હા** રદીઅલ્લાહો અન્હુમાને શોધી કાઢીને શહીદ કરી દેવાનો હતો. આ બધા કિસાસની સજાના ભય અને અજ્ઞાત સંદેહના આક્રોશ અને ઉશ્કેરાટમાં મરણીયા બન્યા હતા અને અંતે તેઓ હઝરત ઝુબૈર અને હઝરત તલ્હા રદીઅલ્લાહો અન્હોને તલવારો અને ભાલાઓના અસંખ્ય પ્રહારો કરીને વીંધી નાખીને શહીદ કરી દીધા. અને હઝરત ઉસ્માન રદીઅલ્લાહો અન્હોની હત્યાના 'કિસાસ' (બદલા)ની ચળવળનો સમૂળગો નાશ કરી દીધો.

**'અશર–એ–મુબશ્શેરહ'** એટલે કે જે દસ (૧૦) વ્યક્તિઓને **હુઝૂરે અક્દસ, જાને ઈમાં** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે દુનિયામાં જ અને તેઓના જીવતા જ જન્નતી હોવાની બશારત આપેલી. જેના નામો **પેઈજ નં. ૩૧** ઉપર આપેલા છે. તે દસ (૧૦) પૈકીના નં. ૮ અને નં. ૯ **હઝરત તલ્હા બિન ઉબૈદુલ્લાહ** અને **હઝરત ઝુબૈર ઈબ્ને અવામ** રદીઅલ્લાહો અન્હો, એ બન્ને જલીલુલ-કદ્ર સહાબાનો અપરિહાર્ય ભોગ લઈ ને આ આકસ્મિક જંગ પૂરી થઈ.

**હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોને ખબર પડી કે **હઝરત ઝુબૈર** અને **હઝરત તલ્હા** બન્ને શહીદ થઈ ગયા છે, તો આપ બન્નેની મુબારક લાશો પાસે દોડી આવ્યા અને ચક્ષુઓથી અશ્રુઓની ધારા વહેતી સ્થિતીમાં ગળગળા અને વિલાપ તથા વિષાદથી ખિન્ન સ્વરે દિલગીરી અને ખેદ વ્યક્ત કરીને બન્નેની તારીફ કરી અને બન્નેનું જન્નતી હોવાની ગવાહી આપી.



# જંગે જમલ અનુસંધાને મહત્વની બાબતો

✪ 'ઈસ્લામ'ની અંદરો અંદરની આ પ્રથમ લડાઈ હતી. જે ઈસ્લામના સુવર્ણ ઈતિહાસમાં એક કલંક સ્વરૂપે 'જંગે-જમલ' ના નામે અંકિત છે.

✪ આ જંગનું નામ 'જંગે-જમલ' એટલા માટે પડી ગયું કે આ જંગમાં ઉમ્મુલ મોઅમેનીન, હઝરત આએશા સિદ્દીકા રદીઅલ્લાહો અન્હા ઊંટ ઉપર સવારી કરી ને આવેલા. અરબી ભાષામાં 'ઊંટ' (Camal) ને 'જમલ' કહેવામાં આવે છે. આ કારણે આ લડાઈનું નામ 'જંગે-જમલ' પડી ગયું.

✪ જંગે જલમની ઘટના હિજરી સન :- ૩૬ ના જમાદીલ આખર મહિનામાં બનેલી.

✪ આ જંગમાં બન્ને પક્ષના અંદાજે દસ હજાર (૧૦,૦૦૦) લોકો શહીદ થયાનું મોટાભાગના ઈતિહાસકારો લખે છે. પણ અલ્લામા જલાલુદ્દીન સુયૂતીના વર્ણન અનુસાર બન્ને પક્ષના કુલ તેર હજાર (૧૩,૦૦૦) લોકો શહીદ થએલા.

(હવાલો :- **'તારીખુલ–ખુલફા'** ઉર્દૂ અનુવાદ - **પેઈજ નં. ૩૭૧**)

✪ 'જંગે-જમલ'ના અનુસંધાને શીઆ ફિર્કાના અનુયાયીઓ હઝરત આએશા, હઝરત ઝુબૈર અને હઝરત તલ્હા રદીઅલ્લાહો અન્હુમને દોષિત ઠરાવે છે અને એવું કહે છે કે આ લોકોએ એહલે બૈયત અને ખાસ કરીને હઝરત અલી રદીઅલ્લાહો અન્હોથી યુધ્ધ માટે હઝરત ઉસ્માનની હત્યાના 'કિસાસ'નું બહાનું ઉપજાવી કાઢયું હતું.

✪ 'જંગે-જમલ'ના અનુસંધાને ખારજી ફિર્કાના અનુયાયીઓ હઝરત અલી રદીઅલ્લાહો અન્હોને દોષિત ઠરાવે છે અને એવું કહે છે કે હઝરત ઉસ્માન ગની રદીઅલ્લાહો અન્હો સંપૂર્ણ નિદોર્ષ હતા, તેમ છતાં તેઓને 'શહીદ' કરી દેવામાં આવ્યા છે. જેથી તેઓના હત્યારાઓ થી 'કિસાસ' (બદલા)ની માંગણી યોગ્ય બલ્કે અનિવાર્ય હતી. પણ હઝરત અલી 'કિસાસ' લેવા નહોતા ઈચ્છતા. જેથી કિસાસની ચળવળના મુખ્ય સુત્રધારોને હંમેશા માટે ચુપ કરી દેવા મદીનાથી છેક બસરા લશ્કર લઈને ગયા અને જંગે જમલનો દુઃખદ બનાવ બન્યો.

✪ 'જંગે-જમલ'ના અનુસંધાને 'એહલે સુન્નત વ જમાઅત'ના સત્ય પંથી અને જન્નતી અનુયાયીઓ બન્ને પક્ષકારોને નિર્દોષ ગણે છે. કોઈપણ એક પક્ષકારને

દોષિત ઠરાવવાના બદલે ઈબ્ને સબા યહૂદીના શાર્ગિદો અને હઝરત ઉસ્માનના હત્યારાઓને સાચા દોષિત પુરવાર કરે છે.

✪ 'જંગે-જમલ' અસ્તિત્વમાં આવશે, તેની બન્ને પક્ષકારોને કલ્પના જ ન હતી. 'બસરા' નામના સ્થળે જયારે બન્ને પક્ષકારોનો ભેટો થએલો, ત્યારે બન્ને પક્ષકારો અત્યંત ઉમળકા, ઉત્સાહ અને લાગણીથી ભેટેલા અને સુલેહ-શાંતિના વાતાવરણમાં સુલેહનામું તૈયાર થએલું. તેમ છતાં પણ જે લોકો હઝરત અલી રદીઅલ્લાહો અન્હોની અકીદત અને મહોબ્બતના દંભની પ્રેરક ચેષ્ટાની અયોગ્ય અને અનુપયુકત લાગણીની સહાનુભૂતિ અને અનુકંપાથી પ્રભાવિત થઈને હઝરત આએશા, હઝરત ઝુબૈર અને હઝરત તલ્હા રદીઅલ્લાહો અન્હુમ પ્રત્યે પૂર્વગ્રહની લાગણી હેઠળ દોષિત ઠેરવી, તેઓની શાનમાં ખોટા, અયોગ્ય, ભ્રષ્ટ, અશ્લિલ, હલકટ, બીભત્સ અને અણછાજતા શબ્દો બોલી તૌહીન કરે છે, તેઓનો 'હુબ્બે-અલી' એટલે કે 'અલી-પ્રેમ'નો દાવો વ્યર્થ છે. તે ભલે પોતાની ભ્રમિત માન્યતા હેઠળ પોતાને 'હયદરી' સમજતો હોય પણ તેવો ભ્રાંત શખ્સ હરગિઝ અલી પ્રેમી નથી બલ્કે 'અલી-શત્રુ' છે.

✪ હઝરત ઉસ્માન ગની રદીઅલ્લાહો અન્હોના હત્યારાઓથી બદલો લેવાની માંગણી કરનારાઓની માંગણી યોગ્ય હોવાનું ખુદ હઝરત અલી રદીઅલ્લાહો અન્હોએ પણ સ્વીકાર કરેલો. અને હત્યારાઓને શિક્ષા કરવામાં હઝરત અલી દ્વારા થઈ રહેલો વિલંબ પણ કાયદેસર હતો. જેનો સામાપક્ષે સ્વીકાર કરીને બન્ને પક્ષકારોએ એકબીજાને સાથ-સહકાર આપી, સંગઠિત અને એકત્રિત થઈને કિસાસનું મિશન સફળ બનાવવાની સમજૂતિ પણ કરી લીધેલી, પણ તેની અમલવારી પૂર્વે જ ફિત્ના અને ફસાદના આગ્રહી બંડખોરો, બળવાખોરો, હત્યારાઓ અને ઈબ્ને સબા યહૂદીના અનૂયાયીઓએ વિગ્રહની અગ્નિ એવા ભયંકર સ્વરૂપે પ્રગટાવેલી કે બન્ને પક્ષકારોમાંથી કોઈને ક્ષણભર વિચારવાની તક જ ન મળી અને નિરંકુશ આક્રોશ અને ક્રોધના આવેશ અને આવેગમાં સળગતામાં કૂદી પડયા.

✪ ''જંગે જમલ''નું અસ્તિત્વમાં આવવાની ઘટનાનું સંજોગો, પરિસ્થિતિ અને સંયોગો ને અનુલક્ષીને જો બારિકાઈથી તેનું નિરક્ષણ અને પૃથકરણ (Analysis) કરીને જો વિવરણ કરવામાં આવે, તો તે એ છે કે બન્ને પક્ષકારો નિર્દોષ, ગર્ભિત ભય, ગેર સમજ, ખોટી ઉતાવળ અને વિચારવાની તકની ઉણપ જ દોષિત પુરવાર થશે.



# 'વિટંબણાઓથી વ્યસ્ત અને વ્યતીત હઝરત અલી શૈરે ખુદાનું જીવન'

ત્રીજા ખલીફા **અમીરૂલ મોઅમેનીન, હઝરત ઉસ્માન ગની** રદીઅલ્લાહો અન્હોની ''શહાદત'' મુસ્લિમ સંપ્રદાય માટે એક ગોઝારી ઘટના હતી. આ ઘટનાના કારણે મુસ્લિમોની એકતા ક્ષીણ અને ભંગ થવાનો આરંભ થયો. વાતાવરણ એટલી હદે ડોહળાયેલું કે તેને નિયંત્રણ કરવું કઠીન હતું. ઈબ્ને સબા યહૂદીની ભાંગફોડીયા અને શીઆ ફિર્કાના પ્રચાર અને પ્રસારની ભ્રષ્ટ પ્રવૃત્તિઓ નિરકુંશ હદે ફુલીફાલેલી, જેના ઉપર કાબૂ મેળવવા મૌલા-એ-કાએનાત **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હો સતત મથી રહયા હતા પણ આપના માટે **એક સાંધે અને તેર તૂટે** જેવી વિકટ પરિસ્થિતિ નિર્માણ થએલી. મુસ્લિમોની અંદર અનેક ફાટાંઓ પડી ગયા હતા. મુસ્લિમ એકતા અને સંગઠન ફરી સ્થાપિત કરવા માટે ના આપ નકકર પગલા લઈ રહયા હતા પણ તે બધી સમસ્યાઓ સામે આપની સ્થિતિ **રાત થોડીને વેશ ઝાઝા** કહેવત ને સાર્થક કરતી હોય તેમ **સમય ઓછો ને કામ વધારે** જેવી હતી.

અધૂરામાં પૂરૂ **'જંગે જમલ'**ની દુઃખદ અને આઘાતજનક ઘટના અસ્તિત્વમાં આવી અને વાતાવરણ વધુ ડહોળાયું. પણ હઝરત અલીની કુનેહ, કોઠા સુઝ અને આગવી કાર્ય પધ્ધતીના કારણે ધીરે ધીરે શાંતિ સ્થાપિત થતી ગઈ અને પરિસ્થિતિ થાળે પડતી ગઈ. **ઈબ્ને સબા યહૂદી** અને ફિત્ના અંગેઝ ભાંગફોડીયા તત્વો માટે તે અસ્વીકૃત અને અસહય હતું. કેમકે તેઓને ખાત્રીની કક્ષામાં ભય હતો કે જો ખલીફા હઝરત અલી રદીઅલ્લાહો અન્હોને થોડીક પણ રાહત અને ફુરસદ મળી ગઈ, તો ચોકકસ તેઓ **'ખૂને – ઉસ્માન'** ના અપરાધીઓને વીણીવીણીને 'કિસાસ'ની એરણ ઉપર ઠોકાટીને ફાંસીના માંચડે લટકાવીને જ જંપશે. જેથી બંધ બારણે ચર્ચા વિચારણા કરીને સર્વાનુમતે એવું ઠરાવ્યું કે **હઝરત અલી** ને આરામથી બેસવા દેવાય નહીં, બલ્કે તેઓને સતત સમસ્યાઓ, વિટંબણાઓ, ઉપાધીઓ, વ્યથાઓ અને વિકટ પરિસ્થિતી ની મુશ્કેલીઓમાં જ સપડાએલા રાખવા અને.....?......?

## ⊙ **'જંગે સફફીન'ની ઘટના :-**

**સન હિજરી :- ૩૭** માં ઈબ્ને સબા યહૂદી આણિ કંપની કે જેનો મુખ્ય આશય અને ધ્યેય ઈસ્લામી એકતાને છિન્ન ભિન્ન કરી નાખવાનો હતો, તેઓએ એક અતિ ભયંકર કાવત્રું ઘડયું અને 'મુલ્કે શામ' (સિરિયા/Syria)ના ગર્વનર **હઝરત અમીર મુઆવિયા** અને **હઝરત અલી શૈરે ખુદા** રદીઅલ્લાહો અન્હુમા વચ્ચે યુધ્ધ નિર્માણની પરિસ્થિતિ ઉભી કરી દીધી અને સન. હિજરી- ૩૭ના સફર મહિનામાં 'સફફીન' નામના સ્થળે ધમસાણનું યુધ્ધ થયું. જેનું વર્ણન અહીં એટલા માટે તજી દેવામાં આવે છે કે આ યુધ્ધ એટલે કે **'જંગે સફફીન'** નું વિસ્તારપૂર્વકનું વર્ણન મારી હવે પછીની એટલે કે મારી લખેલી એકસો ઓગણ સીંતરમી (૧૬૯) કિતાબ **'હઝરત અમીર મુઆવિયા અને હકીકતોની એરણ'** માં આલેખવામાં આવશે. જેમાં યુધ્ધ માટેનું કાવત્રુ, પૂર્વ ભુમિકા, કારણો, ખટપટો, ગેરસમજો, ઉશ્કેરણીઓ, યુધ્ધના મંડાણ, આરંભ, યુધ્ધ વિરામ, પંચ નિમવાની સમજુતી, યુધ્ધના પરિણામો, મૃતકોની સંખ્યા વગેરેની વિસ્તારપૂર્વકની છણાવટ વાંચવા મળશે.

## ⊙ **'જંગે ખવારિજ' (ખારજિઓ સામે યુધ્ધ) :-**

**સન હિજરી ૩૮** માં 'બહરૂરા' નામના સ્થળે ખારજિયો એટલે કે હઝરત અલી રદીઅલ્લાહો અન્હોના લશ્કરના તે લોકો કે જેમણે હઝરત અલી અને હઝરત અમીર મુઆવિયા વચ્ચે થયેલી એક વર્ષ માટે યુધ્ધ વિરામની સમજૂતિના કારણે હઝરત અલી શૈરએ ખુદા રદીઅલ્લાહો અન્હોના વિરોધી થઈ ગએલા અને હઝરત અલીની ખિલાફતે-બરહકનો ઈન્કાર કરીને પોતાનું અલગ લશ્કર ઉભુ કરેલું. ખારજિયો લશ્કરી તાકત ક્ષેત્રે એટલા બધા સ્ટ્રોંગ હતા કે તેઓએ પોતાના ઉભા કરેલા લશ્કર દ્વારા હઝરત અલી ઉપર ચઢાઈ કરવાનું નકકી કરેલું. હઝરત અલી ને તેની જાણ થઈ જતાં આપે ખારજિઓનું નિકંદન કાઢી નાખવા **હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ** રદીઅલ્લાહો અન્હોની સરદારી હેઠળ એક લશ્કર રવાના કર્યુ. બન્ને સૈન્યો વચ્ચે ધમસાણનું યુધ્ધ અને જીવસટોસટની લડાઈ થઈ. જેમાં ખારજિઓ એ કારમો પરાજય વેઠવો પડયો. પરાજિત બનેલા ખારજિઓ 'નહેરવાન' નામના સ્થળે ભાગી ગયા અને ત્યાં સ્થાયી બની ગયા અને લૂંટફાટ તથા ડાકૂગિરી આરંભી દીધી. છેવટે મૌલાએ કાએનાત, હઝરત અલી શૈરે ખુદા રદીઅલલાહો અન્હો સ્વંય 'નહેરવાન' તશરીફ લઈ ગયા અને ખારજિઓ ઉપર આક્રમણ કરીને તેઓનો સફાયો કરી



નાખ્યો. ખારજિઓનો રહેબર અને નેતા 'ઝુલ-ષદયા' પણ આ આક્રમણમાં માર્યો ગયો.

(હવાલો :- **'તારીખુલ-ખુલફા'** - ઉર્દૂ અનુવાદ - **પેઈજ નં. ૩૭૨**)

## ખારજિઓ એ હઝરત અલી સહીત કુલ ત્રણ (૩) હસ્તીઓને શહીદ કરી દેવાનું કાવત્રું ઘડયું

જંગે જમલ, જંગે સફફીન અને જંગે ખવારિજ એ ત્રણેય (૩) જંગોમાં **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોનો હાથ ઉપર રહેલો. આપના સૈન્યને વિજય પ્રાપ્ત થએલો. ઉપરાંત ''જંગે જમલ'' પછી આપે રાજધાની મુલ્કે હિજાજના મશહૂર અને મુકદ્દસ શહેર મદીના મુનવ્વરાથી ખસેડીને **'ઈરાક'**ના શહેર **'કુફા'** લઈ ગએલા. રાજકીય વહીવટની સુવિધા અને સુરક્ષાના દ્રષ્ટિકોણને અનુલક્ષીને આપે આ નિર્ણય લીધેલો.

'જંગે ખવારિજ'માં ખારજિઓનું નિકંદન નિકળી ગએલું. હવે હઝરત અલી રદીઅલ્લાહો અન્હો સામે રણ મેદાનમાં સામી છાતીએ લડવાની તેઓમાં હામ બાકી નહોતી રહી. પણ **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોની દુશ્મનીનો લાવા તેઓ ના દિલોમાં ખદબદી રહયો હતો. જેથી ખારજી ફિર્કાના લોકો કે જેમાં **અબ્દુલ્લાહ બિન સબા યહૂદી** ના મળતિયાઓ અને હઝરત ઉસ્માનના હત્યારાઓ પણ શામેલ હતા. તેમણે એક ભયંકર કાવત્રુ રચ્યું. ખારજી ફિર્કાના ત્રણ (૩) ગુરૂઘંટાલો **(૧) અબ્દુર્રહમાન બિન મુલજિમ મુરાદી (૨) બર્ક ઈબ્ને અબ્દુલ્લાહ તમીમી** અને **(૩) અમ્ર ઈબ્ને બકીર તમીમી** કાવત્રા ના આયોજનની ચર્ચા-વિચારણા માટે અરબસ્તાનના પવિત્ર શહેર મકકા મોઅઝઝમા ખાતે એકઠા થયા અને એવું નકકી કર્યુ કે, ત્રણ (૩) વ્યકિતઓ એટલે કે ⊙ **હઝરત અલી** ⊙ **હઝરત અમીર મુઆવિયા** અને ⊙ **હઝરત અમ્ર બિન આસ** એ ત્રણ જણા મુસ્લિમ સંપ્રદાયમાં વિવાદ અને વિખવાદ માટે નિમિત છે. આ ત્રણ જણાના કારણે મુસ્લિમ જન સમુદાય ત્રસ્ત છે. માટે આ ત્રણ (૩) વ્યકિતઓની હત્યા કરી નાખીને વિખવાદ અને ફસાદની અગ્નિ કાયમી ધોરણે શાંત કરી નાખવી જોઈએં. જે માટે આપણે મોટું લશ્કર

એકત્રિત કરીને મહાયુધ્ધ કરવાની લેશમાત્ર આવશ્યકતા નથી બલ્કે આપણે ત્રણ (૩) જણા જ કાફી છીએ. ઝરૂરત છે સુઆયોજિત પ્લાનીંગની અને તે માટે આપણે નીચે દર્શાવ્યા મુજબ નિર્ધાર કરીએ કે :-

⊙ **હઝરત અલી ઈબ્ને અબી તાલિબને 'કુફા' ખાતે ઈબ્ને મુલજિમ**

⊙ **હઝરત મુઆવિયા બિન અબી સુફિયાનને 'દમિશ્ક' ખાતે બર્ક ઈબ્ને અબ્દુલ્લાહ** તથા

⊙ **હઝરત અમ્ર બિન આસને** 'મદીના' ખાતે **અમ્ર બિન બકીર શહીદ** કરી નાખે.

આ ત્રણેયની હત્યા અકે જ રાતે, એક જ સમયે કરી નાખવી અને હત્યા માટે (૧) **૧ લી રમઝાન** (૨) **૧૧, રમઝાન** અથવા (૩) **૧૭, રમઝાન** નકકી કરવામાં આવી. (હવાલો :- **''તારીખુલ –ખુલફા''** ઉર્દૂ અનુવાદ - **પેઈજ નં. ૩૭૩**)

# હઝરત અલીની શહાદત

ઉપરોક્ત યોજના મુજબ વર્ણનીય ત્રણ (૩) શૈતાનો પોતપોતાના નિર્ધારિત સ્થળોએ રવાના થયા. અબ્દુર્રહમાન બિન મુલજિમ મુરાદી ઉર્ફે **'ઈબ્ને મુલજિમ'** ઈરાકના શહેર **'કુફા'** પહોંચી ગયો. કુફા પહોંચીને ઈબ્ને મુલજિમે ત્યાં ના સ્થાનિક અને અગ્રણી ખારજિઓનો સંપર્ક કર્યો અને તેઓની સાથે મસલત અને વાટાઘાટ કરીને **તારીખ ૧૭,મી રમઝાન** નો દિવસ નકકી કર્યો. એવું નિશ્ચિત કરવામાં આવ્યું કે તારીખ ૧૭, મી રમઝાન સન હિજરી ૪૦ ની રાત્રે **હઝરત અલી શૈરે ખુદા** રદીઅલ્લાહો અન્હોને શહીદ કરી નાખવા.

તા. ૧૯મી રમઝાનના ફજરની નમાઝ પઢાવવા આપ પોતાના 'દોલત-કદા' (નિવાસ સ્થાને)થી નિકળ્યા. માર્ગમાં આવતા ઘરોના લોકોને નમાઝ માટે જગાડતા જગાડતા આગળ વધી રહયા હતા કે અચાનક ઈબ્ને મુલજિમે આપના 'મુબારક સર' (માથા) ઉપર જોરદાર તલવારનો પ્રહાર કરી દીધો. તલવારનો પ્રહાર એટલો બધો બળપૂર્વક કરવામાં આવેલો કે આપની પૈશાની (કપાળ)ને કાપીને કાનપટી સુધી ખૂંચી ગઈ અને મગજ સુધી કાપો પડયો. આ હુમલો થતાં જ આસપાસના લોકો દોડી આવ્યા અને 'ઈબ્ને મુલજિમ'ને પકડી લીધો.



તલવારનો ઘા અતિ ઘાતક હતો છતાં પણ આપ મંગળવાર અને બુધવારના દિવસ સુધી ઘાયલ હાલતમાં હયાત રહયા અને તા. ૨૧, રમઝાન સ.હિ. ૪૦ના પ્રમાણે ૨૮, જાન્યુઆરી ઈ.સ. ૬૬૧ ગુરૂવારના દિવસે આપની રૂહે મુબારક ખુદાએ તઆલાની બારગાહ પ્રત્યે ચાલી ગઈ.

હઝરત ઈમામ હસન, ઈમામ હુસૈન અને અબ્દુલ્લાહ બિન જાફર રદીઅલ્લાહો અન્હુમે આપને 'ગુસ્લ' આપ્યું. હઝરત ઈમામ હસને જનાઝાની નમાઝ પઢાવી.

હઝરત અલી શૈરેખુદા રદીઅલ્લાહો અન્હો ઉપર હુમલો કરીને આપને શહીદ કરી દેનારા હત્યારા **શૈતાન ઈબ્ને મુલજિમ** ને હુમલો કર્યા બાદ તરત જ પકડી લેવામાં આવ્યો હતો. તે ઝાલિમ હત્યારાના શરીરના ટુકડા કરીને એક ટોપલી (Basket)માં રાખીને આગ ચાંપી દેવામાં આવી અને હત્યારો રાખનો ઢગલો બનીને નાશ પામ્યો.

(હવાલો : **''તારીખુલ–ખુલફા''** - ઉર્દૂ અનુવાદ, **પેઈજ નં. ૩૭૪, ૩૭૫**)

અહીં સુધી ઈસ્લામનો આરંભથી અંત સુધીનો ઈતિહાસ બહુ જ સંક્ષિપ્તમાં પ્રસ્તુત કરેલ છે. જેથી વાંચક મિત્રોના સ્મરણપટમાં તે લખાણ અંકિત થઈ જાય, જેથી હવે પછીના પૃષ્ઠોમાં શીઆ ફિર્કાના બાતિલ અકીદાઓનું જે વર્ણન આવશે, તેને વર્ણનીય ઈતિહાસના ત્રાજવામાં જોખીને તેની ખરા-ખોટા હોવા અંગેની ચકાસણી કરવામાં સરળતા રહે.

હવે શરૂ થાય છે શીઆ ફિર્કાના ઉપદ્રવ, તેના સ્થાપક, આ ફિર્કાના વિસ્તરણ અંગેની પ્રવૃતિઓ, પ્રચાર અને પ્રસારની પદ્ધતિસર (Systematic) ચળવર અને દંભ, છલ, વિશ્વાસઘાત, લાંચ-રૂશ્વત વગેરે ઉપર આધારિત કાર્યશૈલીની વિસ્તૃત અને વિશ્વસનીય છણાવટ.

# અબ્દુલ્લાહ બિન સબા યહૂદી દ્વારા શીઆ ફિર્કાના વિસ્તરણ, પ્રચાર અને પ્રસારની છણાવટ

સૌ પ્રથમ આપણે **''શીઆ ફિર્કા''** ના નામકરણ અને **''શીઆ''** શબ્દના અર્થ અંગેની છણાવટ કરીએં. જેથી લખાણની અર્થસભરતા અને વાસ્તવિકતાના વર્ણનની સચોટતાનો આભાસ થાય.

**''શીઆ''** એટલે શું ? લુગત એટલે કે Dictionary (શબ્દ કોશ)થી જાણીએં :-

- **શીઆ** = ગિરોહ (સમૂહ) - મુસલમાનો કા વો ફિર્કા જો હઝરત અલી કો પયગમ્બરે ઈસ્લામ કે બાદ ખિલાફતના હકદાર માનતા હૈ - ઈમામિયા કે મઝહબ કા પૈરૂ (અનુયાયી)

(હવાલો :- **'ફિરોઝુલ-લુગાત'**, પેઈજ નં. ૮૫૫)

- **શીઆ** = Follower of Hazarat Ali

(હવાલોઃ - English - Urdu - English Dictionary by :- Dr. A.Haq - પેઈજ નં. ૯૮૯)

- **શીઆ**= ફિર્કા, તાઈફા - Partisans (સમર્થન કરનાર),Sect (ધાર્મિક સંપ્રદાય) Followers (અનુયાયી), Adherent (વળગી રહેવું, અનુષંગીપણુ, પક્ષને ટેકો) Denomination (ધાર્મિક સંપ્રદાયની વિશિષ્ટ સંજ્ઞા), Faction (ઝઘડનાર જુથ, સ્વાર્થ સાધુ)

(હવાલો : AL-Qamus Arabic English Dictionary, Page No. **531**)

શબ્દ કોશોના ઉપરોક્ત સંદર્ભોનો સારાંશ એ થયો કે **''શીઆ''** શબ્દ નો અર્થ મોટાભાગે **''અનુયાયી''** અને **''માનનારો''**ના અર્થમાં થાય છે. જેથી 'શીઆને - અલી' નો અર્થ હઝરત અલી રદીઅલ્લાહો અન્હોનો અનુયાયી અથવા હઝરત અલીને જ ખિલાફત નો હકદાર માનનારો થશે.

## શીઆ ફિર્કાનો આરંભ સૌ પ્રથમ હઝરત અલી ના 'લશ્કરે હયદરી' દ્વારા કરવામાં આવેલો

કાયદાના સકંજાથી બચવા ઈબ્ને સબા યહૂદીના માણસો અને હઝરત ઉસ્માન ગની ના હત્યારાઓ મોટી સંખ્યામાં હઝરત અલીના લશ્કરમાં ભરતી થઈ ગએલા. લશ્કરના સૈનિકોના સતત સંપર્કમાં રહેવાના કારણે સૈન્યના સૈનિકો ઉપર 'શીઆ ફિર્કા'ના અકીદાઓ, માન્યતાઓ, વિચારધારાઓ અને ઈસ્લામ ધર્મથી વિચલિતતાના ચિંતન અને મનનની વ્યાપક પ્રમાણમાં અસર પડી અને તે અસરના પ્રભાવના પરિણામરૂપે **'લશ્કરે હયદરી'**ના સૈનિકો ચાર (૪) વિભાગમાં વહેંચાઈ ગયા. (૧) **ફિર્કે-એ- શીઆ ઉલા** (૨) **ફિર્કે-એ-શીઆ તફઝીલિયા** (૩) **ફિર્કે-એ-શીઆ- સબ્બિય્યા** અને (૪) **ફિર્કે-એ- શીઆ- ગુલાત.**



હવે ઉપરોક્ત ચારેય (૪) વિભાગના અનુયાયીનું વિશ્લેષણ અને પૃથકકરણ (Analysis) નીચે મુજબ છે.

✪ **શીઆઉલા :-** (شیعہ اولیٰ)આ લોકોને ''શીઆ મુખ્લેસીન'' પણ કહેવામાં આવે છે. એટલે કે નિખાલસ અનુયાયીઓ એટલે કે **એહલે સુન્નત-વલ-જમાઅત** ના લોકો. આ લોકો મહાન સહાબાઓ અને અઝવાજે મુતહહરાત એટલે કે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની 'પૂનિત પત્નીઓ' (Holy Wifes) પ્રત્યેની સાચી માન્યતા, તેઓનું આદર સન્માન અને તેઓના માન-મરતબાની જાળવણી રાખનારા હતા. ઉપસ્થિત વાદ-વિવાદ અને વિખવાદના ઝઘડાઓથી દૂરરહીને પોતાના મનને દંભ, છલ, ધોકેબાઝી વગેરેથી પવિત્ર રાખીને નિસ્વાર્થપણે અને નિખાલસતાની સાથે **હઝરતે અલી** રદીઅલ્લાહો અન્હોનું અનુકરણ અને સમર્થન કર્યુ અને હઝરતે અલીના **'નિશાને-કદમ'** (પદચિહન) ઉપર જ ચાલ્યા. આવા લોકો જ **'શીઆ ઉલા'** અને **'શીઆ મુખ્લેસીન'** એટલે કે પ્રારંભિક નિખાલસ અનુયાયીઓ કહેવાયા, કહેવામાં આવે છે અને કયામત સુધી કહેવામાં આવશે. એટલે કે એહલે સુન્નત-વ-જમાઅતના સાચા અકીદાના ધારકો **'સુન્ની લોકો'**. આવા સાચા અને નિખાલસ સુન્ની મુસ્લિમોની ખૂદ હઝરત અલી રદીઅલ્લાહો અન્હોએ પોતાના ખુત્બાઓમાં તા'રીફ કરી અને તેઓના સાચા વલણની પ્રસંશા કરી.

✪ **શીઆ-તફઝીલિયા :-** (شیعہ تفضیلیہ)આ લોકો હઝરત અલી મુર્તઝા રદીઅલ્લાહો અન્હોને તમામ સહાબા ઉપર ફઝીલત આપે છે. સર્વોચ્ચ સહાબી માને છે. આ લોકો શીઆ ફિર્કાના બાની (સ્થાપક) **અબ્દુલ્લાહ બિન સબા યહૂદી**ના સામાન્ય કક્ષાના શિષ્યો હતા. જેમણે ઈબ્ને સબા યહૂદીએ અકીદાઓની બાબતમાં ઉત્પન્ન કરેલ સંદેહ, શંકા, વિચિત્ર તરંગ, કલ્પના, તર્ક, સંશય અને ભ્રમ માં નાખનારા શૈતાની સુચનોનો મહદઅંશે સ્વીકાર કરી લીધેલો. આવા માર્ગથી ભટકી ગએલા લોકોને ડરાવતાં અને ધમકાવતાં હઝરત અલી રદીઅલ્લાહો અન્હોએ ત્યાં સુધી ફરમાવ્યું કે જો મૈં કોઈ શખ્સના વિષે એવું સાંભળ્યું કે તે મને હઝરાતે શૈખૈન એટલે કે હઝરત અબુબક્ર અને હઝરત ઉમર ફારૂક રદીઅલ્લાહો અન્હુમા ઉપર ફઝીલત આપે છે, તો તે શખ્સ ને એંશી (૮૦) ફટકા (કોરડા) મારવાની સજા કરીશ.

✪ **શીઆ - સબ્બિય્યા :-** (شیعہ سبیہ)આ લોકોને 'તબર્રાઈ' પણ કહેવામાં આવે છે. આ લોકો **અબ્દુલ્લાહ બિન સબા યહૂદી**ના મધ્યમ કક્ષાના શિષ્યો હતા.

ઈબ્ને સબા યહૂદીના શિક્ષણને વિશેષ પ્રમાણમાં ગ્રહણ કરીને **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના મુકદ્દસ સહાબા-એ-કિરામને ઝાલિમ, ગાસિબ એટલે કે જબરદસ્તી કોઈનું હક મારનારા, કાફિર બલ્કે મુનાફિક માને છે. હઝરત ઉસ્માન ગનીની હત્યા અનૂસંધાન **ઉમ્મુલ મોઅમેનીન હઝરત આએશા, હઝરત ઝુબૈર** તથા **તલ્હા** અને **હઝરત અલી** ના મતભેદ અને વિવાદના કારણે ઈબ્ને સબા યહૂદીની દોરવણીથી શીઆ ફિર્કાના સમર્થક અને વિચારધારાના પ્રચારક બની ગયા. આ વિવાદ હઝરત ઉસ્માનની હત્યા ના કારણે ઉત્પન્ન થએલો, જેથી સૌ પ્રથમ હઝરત ઉસ્માનના વિરોધી બની જઈને હઝરત ઉસ્માનની વિરૂધ્ધ ટીકા અને ટિપ્પણ, દોષારોપણ, નિંદા, બદનક્ષી અને અપમાનજનક શબ્દો ઉચ્ચારવા માટે ઝબાન ખોલી. ઉપરાંત ત્રીજા ખલીફાની ખિલાફતનો પાયો પહેલા બે (૨) ખલીફાઓ **હઝરત અબુબક્ર સિદ્દીક** અને **હઝરત ઉમર ફારૂક** ની ખિલાફતને અનુસરીને હતો. જેથી આ બન્ને મહાન સહાબાની શાનમાં ગુસ્તાખી અને તૌહીન આરંભી. ઉપરાંત હઝરત ઉસ્માન ગની ને ત્રીજા ખલીફા તરીકે નિમણુંક આપનારા **હઝરત અબ્દુલ રહેમાન બિન ઔફ** અને તેમનું સમર્થન કરનારાઓની અસભ્ય વાણી-વિલાસ અને અપશબ્દો બોલીને તૌહીન અને ગુસ્તાખી કરવા લાગ્યા.

✪ **શીઆ–ગુલાત :–** (شیعہ غلاۃ) આ લોકો અબ્દુલ્લાહ બિન સબા યહૂદીના ખાસ અને ચુનંદા શિષ્યો અને અંગત મિત્રો હતા. આ બધા **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોની **ઉલૂહિયત** એટલે કે 'ઈલાહ' એટલે કે 'મઅબૂદ' એટલે કે 'પરસ્તીસને લાયક' એટલે કે 'પૂજનીય' એટલે કે અલ્લાહ અથવા ખુદા હોવું માનતા હતા. આ લોકોની ભ્રષ્ટ માન્યતાનું ખંડન કરતાં પહેલાં પ્રકારના 'મુખલિસ શીઆઉલા'એ દલીલ સ્વરૂપે પુરવાર કરી આપ્યું કે હઝરત અલીમાં 'ઉલૂહિયત'ની વિરૂધ્ધતાના મનુષ્ય (ઈન્સાન) હોવાના લક્ષણો ઉપલબ્ધ છે, તો અમુક લોકો હઝરત અલીને સ્પષ્ટ સ્વરૂપે 'ઈલાહ' માનવાથી ફરી ગયા. અને એક નવી માન્યતા ઉભી કરી કે હઝરત અલી સ્પષ્ટ સ્વરૂપે ભલે 'ઈલાહ' નથી પણ **અલ્લાહની રૂહ હઝરત અલીના શરીરમાં 'હુલૂલ' અને 'સરાયત'** કરી ગઈ છે. એટલે કે અલ્લાહની રૂહ હઝરત અલી માં સમાવેશ થઈ ગઈ છે. એટલે કે રૂહે ઈલાહી જિસ્મે અલીમાં Transmigration એટલે કે રૂહનું અન્ય દેહમાં પ્રવેશવું એ પ્રમાણે થઈ ગયું છે. (મઆઝલ્લાહ) અને પોતાના આ બાતિલ અકીદા માટે કુરઆને મજીદની આયતોના મનઘડત ભાવાર્થો ઘડી અને ઉપજાવી કાઢયા. ઉપરાંત હઝરત અલીના અમુક કથનો



અને કર્તવ્યોના હાસ્યાસ્પદ અને અર્થહીન અર્થઘટનો કરીને પોતાની માન્યતા ને યોગ્ય પુરવાર કરવાની મુર્ખામી આધારિત ચેષ્ટાઓ કરી.

## શીઆ ફિર્કાની જન્મકુંડળી અને જનન પ્રક્રિયા પછીની સ્પષ્ટ સ્થિતિ

મિલ્લતે ઈસ્લામીયાની એકતા અને સંગઠનનું નિકંદન કાઢી નાખનારા **''શીઆ–ફિર્કા''**નું જન્મ અને ઉપદ્રવ **''લશ્કરે હયદરી''**ના સૈનિકોની વિચારધારા સાથે **ઈબ્ને સબા યહૂદી**ની ચર્ચાઓના સમાગમ દ્વારા થયું. હયદરી લશ્કરના સૈનિકોનું ચાર (૪) ભાગોમાં વિભાજનનું વર્ણન હમણા જ વાંચકોએ વાંચ્યું. આ ચાર (૪) પ્રકારમાંથી ફકત પહેલો પ્રકાર **'શીઆ–ઉલા'** અને **'શીઆ મુખ્લેસીન'** જ સાચા અને હિદાયતના માર્ગે હતા. પ્રારંભમાં તેઓની ઓળખ ભલે 'શીઆઉલા'અને 'શીઆ મુખ્લેસીન'ની હતી પણ આગળ જતાં તેઓ **'એહલે સુન્ન્ત વ જમાઅત'** તરીકે ઓળખવામાં આવ્યા તેઓનાનામની આગળ જે **'શીઆ'** શબ્દ હતો, તે પણ ભૂંસાઈ ગયો અને સમયના વહાણા વીતતાં તેઓ ફકત **'સુન્ની'**ના ટુંકા નામે ઓળખાવવા લાગ્યા.

પહેલા પ્રકારના હિદાયત યાફતા લોકો સિવાયના બાકીના ત્રણ(૩) પ્રકારો ભયંકર વિચલિતતા ઉપર આધારિત અકીદાઓના લોકો છે. આ ત્રણ (૩) પ્રકારના **'શીઆ ફિર્કા'** ની ચર્ચા હવે શરૂ કરીએ છીએં.

શીઆ ફિર્કાના ત્રણેય ગુમરાહ અને વિચલિત પંથો અબ્દુલ્લાહ બિન સબા યહૂદીની પેદાશ છે. તે ત્રણેય પંથો નિીચે મુજબ છે :-

**(૧) તફઝીલી શીઆ :–** મૂળ અરબી શબ્દ 'તફઝીલીયા' છે. એટલે કે ફઝીલત આપવી. આ ફિર્કાના શીઆ લોકો હઝરત અલીને અન્ય તમામ સહાબા-એ-કિરામ ઉપર ફઝીલત (Superiority/શ્રેષ્ઠતા) આપે છે. જેથી આ ફિર્કાનું નામ **'તફઝીલી–શીઆ'** પડી ગયું.

**(૨) તબર્રાઈ–શીઆ :–** આ ફિર્કાનું મૂળનામ 'સબ્બિયાહ શીઆ' છે. અરબી ભાષામાં 'સબ્બુન' ( سَبٌّ ) એટલે 'ગાળ' (ભાંડવું) થાય છે. આ ફિર્કાના

લોકો સહાબાને ગાળો ભાંડે છે. અને લઅનત મોકલે છે. લઅનત કરવાને અરબી ભાષામાં **'તબર્રા'** (تبرّا) કહે છે. આ ફિર્કાના શીઆ લોકો સહાબા-એ-કિરામને તબર્રા એટલે કે લઅનત કરવાને સવાબ (પુણય)નું કામ સમજી વિશેષ પ્રમાણમાં સહાબા-એ-કિરામ ઉપર તબર્રા કરે છે. જેથી આ ફિર્કાનું નામ 'તબર્રાઈ શીઆ' પ્રચલિત થયું.

**(૩) <u>ગુલાત-શીઆ</u> :-** આ ફિર્કાનું મૂળ નામ 'શીઆ-ગુલાત' (شِیعۂ غُلَاۃ) છે. અરબી ભાષામાં 'ગુલાત' એટલે વખાણમાં 'Exces' એટલે કે અતિશય હદ બહાર અને વખાણ કરવામાં અતિરેક કરવું થાય છે. આ ફિર્કાના શીઆ લોકો હઝરત અલી રદીઅલ્લાહો અન્હોની તારીફ અને ફઝીલતમાં એટલી હદે 'ગુલૂ' એટલે વધારવામાં અતિરેક કરીને શરીઅતના મૂળ સિધ્ધાંત **'તૌહીદ'** (એકેશ્વર)ની વિરૂધ્ધ જઈને હઝરત અલીને ખુદાઈ દરજજા સુધી પહોંચાડી દે છે. જેથી આ ફિર્કાના લોકો 'ગુલાત-શીઆ' તરીકે ઓળખાયા. આ ફિર્કાના શીઆ અનુયાયીઓ એકદમ કટ્ટરપંથી હોય છે.

(હવાલોઃ- **'તોહફ-એ-ઈષના-અશરિયા'**, લેખકઃ- શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દીષ દહેલ્વી, ઈન્તેકાલ સન હિજરીઃ- ૧૨૩૯, ઉર્દુ અનુવાદ, **પેઈજ નં. ૭,૮,૯**)

ઉપરોક્ત મુખ્ય ત્રણ(૩) ફાંટાઓમાં વિભાજીત કરીને અબ્દુલ્લાહ **ઈબ્ને સબા યહૂદીએ શીઆ** ફિર્કાનો પાયો નાખ્યો. અંદાજે સન હિજરી-૩૦ અને સન હિ. ૪૦ વચ્ચેના સમયગાળા દરમિયાન આ ફિર્કાનો ઉપરોક્ત ત્રણ (૩) શાખાઓમાં જન્મ થયો.

ઉપરોક્ત ત્રણ (૩) ફિર્કા એટલે (૧) **તફઝીલી શીઆ** (૨) **તબર્રાઈ શીઆ** અને (૩) **ગુલાત શીઆ** માંથી નં. ૧ અને નં. ૩ ને પાછળ રાખીને નં. ૨ નો ફિર્કો એટલે કે તબર્રાઈ શીઆ ફિર્કો અતિ ઝડપથી પ્રસાર અને પ્રચાર પામીને વિશ્વ સ્તરે ફેલાઈ ગયો અને તેના અનુયાયી કલ્પનામાં ન આવે તેવી મોટી સંખ્યામાં અસ્તિત્વમાં આવ્યા. જેનું મુખ્ય કારણ એ છે કે :-

● સન હિજરી-૩૬ માં 'જંગે-જમલ, સન હિજરી ૩૭ માં જંગે સફફીન, સન હિજરી-૩૮ માં જંગે ખ્વારિજ, સન હિજરી - ૪૦માં **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોની શહાદતની ગોઝારી ઘટના, સન હિજરી- ૬૧ શહીદે કરબલા, **હઝરત ઈમામ હુસૈન** રદીઅલ્લાહો અન્હોની સહપરિવાર શહાદતની આઘાતજનક ઘટના, **હઝરત ઝૈદ ઈબ્ને અલી ઈબ્ને હુસૈન** એટલે કે **હઝરત ઈમામ**



**હુસૈન**ના પૌત્ર **હઝરત ઝૈદ** રદીઅલ્લાહો અન્હોની શહાદત મુખ્યત્વે અને ત્યાર બાદ ઔલાદે અલી અને ખાનદાને એહલે બૈયતના મુકદ્દસ શેહઝાદાઓની શહાદત, તેઓની સાથે ના-ઈન્સાફી, અત્યાચારો, ઝુલ્મો સિતમના અનેક બનાવોથી **તબર્રાઈ-શીઆ-ફિર્કા** ને પ્રચાર અને પ્રસાર માટેનું મોકળું મેદાન મળી ગયું. એહલે બૈયત ઉપર ઝુલ્મો-સિતમ થઈ રહયા છે અને આ સિલસિલો ઈસ્લામના પહેલા ખલીફાના સમયથી થઈ રહયો છે. ખિલાફતના સાચા હકદાર અને વારસદાર મૌલા અલી મુશ્કિલકુશા **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હોને ત્રણ (૩) ટર્મ સુધી વંચિત રાખીને **અબૂબકર, ઉમર** અને **ઉસ્માન** એ ત્રણેય જણા સમગ્ર સહાબાના સાથ-સહકારથી ખિલાફતના હોદા ઉપર ચડી બેઠા અને હઝરત અલી સાથે હળાહળ અન્યાય અને અત્યાચાર કરીને સન હિજરી-૧૧ થી સન હિજરી ૩૫ એટલે કે પચ્ચીસ (૨૫) વર્ષ સુધી ખિલાફતના હોદાથી દૂર હડસેલીને ખલીફતુલ-મુસ્લેમીનના સન્માનજનક પદ અને હોદાથી અળગા રાખ્યા. ફકત પાંચ થી સાત સહાબા સિવાયના બધા સહાબા એહલે બૈયતના દુશ્મન હતા અને બધાએ ભેગા મળીને હઝરત અલીને ખલીફાના હોદાથી મહેરૂમ રાખવાનું ષડયંત્ર રચેલું.'

● ઐતિહાસિક ઘટનાઓને પુરાવા સ્વરૂપે રજૂ કરીને તથા પહેલા ત્રણ ખલીફાઓના સમયની ઉપજાવી કાઢેલી ઘટનાઓ વર્ણવીને એહલેબૈયતના મુકદ્દસ ખાનદાન ઉપર બધા સહાબાએ ભેગા મળીને અત્યાચાર અને અન્યાયનો અતિરેક કર્યો છે, તેવા તર્ક-વિતર્ક સાથેના અર્થઘટનો દ્વારા ભોળા, અજ્ઞાન અને દિલોમાં એહલે બૈયતની મહોબ્બત અને અકીદત રાખનારા મુસ્લિમોને ભોળવ્યા, ઉશ્કેર્યા, તેઓની લાગણી અને શ્રધ્ધાની ભાવનાઓનો દુરપયોગ કરીને સમગ્ર સહાબા વિરૂધ્ધ તિરસ્કાર, ધિકકાર અને નફરતનું વાતાવરણ ખડું કરવામાં આવ્યું. એહલે બૈયતની સાચી મહોબ્બત રાખનારો કદી પણ આવા અન્યાયી અને અત્યાચારી સહાબાના સમુહને સન્માન આપી શકે નહીં. બલ્કે એહલેબૈયતની મહોબ્બતનો સાચો તકાઝો એ છે કે જયારે એહલે બૈયત ઉપર અમાનુષી ઝુલ્મો સિતમ થઈ રહયા હતા ત્યારેઆપણે **'યા અલી-હમ ન થે'** અને **'યા હુસૈન હમ ન થે'**ના કારણે આપણે એહલે બૈયત માટે પ્રાણન્યોછાવર નથી કરી શકયા બલ્કે કોઈપણ જાતની કુરબાની આપી શકયા નથી. માટે હવે **'કમ-અઝ-કમ'** આપણે એટલું તો જરૂર કરી શકીએ છીએં કે એહલે બૈયત ઉપર કરવામાં આવેલા અત્યાચારો અને અન્યાયોના અપરાધીઓ સહાબીઓના ઝુલ્મો-સિતમની દાસ્તાનો, તેઓના કાળા કરતુતો અને કોભાંડોની

કથની વર્ણન કરી, તેઓને ઉઘાડા પાડી, તેઓની ઉપર લઅનત કરવી, તે મહોબ્બતે એહલે બૈયતની પ્રથમ માંગ અને તકાઝો છે.

● ઉપજાવી કાઢેલા બનાવો અને હળાહળ જૂઠાણા ઉપર આધારિત ઘટનાઓ ચૌધાર આંસૂએ રડી રડીને, હૈયાફાટ રૂદન અને માથા કુટી કુટીને સહાબા-એ-કિરામ દ્વારા એહલે બૈયત ઉપર કરવામાં આવેલા કથિત ઝુલ્મો સિતમ વકતૃત્વ કળાની ધારદાર વર્ણન શૈલી અને ડોળડફોળ તથા ધાંધલ ધમાલના નાટકના દંભ દ્વારા રજૂ કરીને મુસ્લિમ જનસમુદાયને એહલે બૈયતની અકીદતનો જામ પીવડાવવાના ઓઠા હેઠળ સહાબા-એ-કિરામની શત્રુતાના ઘાતક ઝેરના મોટા મોટા પ્યાલા પીવડાવી દેવામાં 'તબર્રાઈ શીઆ ફિર્કા'ના માધાંતાઓ મહદઅંશે સફળ થયા અને પરિણામ સ્વરૂપે શીઆ પંથના તમામ ફિર્કાઓમાં 'તબરાઈ-શિઆ-ફિર્કો' કુદકે અને ભુસકે આગળ વધ્યો.

● ફિર્કાના પ્રચાર અને ફેલાવવામાં સૌથી પાછળ **'ગુલાત–શીઆ–ફિર્કો'** રહી ગયો. તેનું મુખ્ય કારણ એ છે કે તેઓનો અકીદો એવો હતો કે ◆ **હઝરત અલીમાં ઈલાહી સિફતો હોવાના કારણે તેઓ 'ઈલાહ' એટલે કે મઅબૂદ એટલે કે ખુદા છે.** આ માન્યતા અતિ કટ્ટરપંથીઓની હતી. જેનો સ્વીકાર ગણયા ગાંઠયા લોકોએ જ કર્યો. જેથી આ ફિર્કાના સંયોજકોએ તે અકીદાને થોડોક હળવો કરીને એક નવી વ્યાખ્યા અને માન્યતા રજૂ કરી કે ◆ **હઝરત અલી સ્પષ્ટ સ્વરૂપે ભલે 'ઈલાહ' નથી પણ અલ્લાહ તઆલાની રૂહ હઝરત અલીના શરીરમાં 'સરાયત' અને 'હુલૂલ' એટલે કે પ્રવેશી ચુકી છે.** આ અકીદો પણ અતિ ખતરનાક કક્ષાનો અને તૌહીદના ઉસૂલની સદંતર વિરૂધ્ધનું હતું. તેમ છતાં પણ અમુક લોકો મર્યાદિત સંખ્યામાં આ ફિર્કાનો સ્વીકાર કરેલો. પણ તેઓની આવી ભયંકર અને હળાહળ એકેશ્વર (તૌહીદ)ના નિયમોની વિરૂધ્ધની માન્યતા તેઓના દિલોમાં દ્રઢ સ્વરૂપં અંકિત થઈ નહીં. જેથી તેઓ એકાંતમાં ચિંતન અને મનન દ્વારા અથવા સગાં વ્હાલાઓ તથા સ્નેહીઓની નસીહત અને સત્ય દોરવણીના સુખદ ફળ સ્વરૂપે તેઓ પોતાના આવા બાતિલ અકીદાને તજી દેતા હતા. જેથી આ 'ગુલાત-શીઆ-ફિર્કો'બહુ જ મર્યાદિત અને અંકુશીત બનીને પ્રચાર, પ્રસાર અને વિસ્તરણમાં 'તબર્રાઈ-શીઆ-ફિર્કા'થી ઘણો જ હચમચી ગયો અને ધાર્યા મુજબ પ્રસિધ્ધિ અને સંચારના સંજોગો સ્થાપિત થઈ શકયા નહીં અને તેનો બહોળો ફેલાવો થયો નહીં.



● શીઆઓના ફિર્કાઓના વર્ગીકરણમાં નંબર (૧)નો ફિર્કો એટલે **'તફઝીલી–શીઆ–ફિર્કો'** અન્ય બે (૨) ફિર્કા એટલે કે નં. (૨) નો **'તબર્રાઈ–શીઆ–ફિર્કો'** અને નંબર (૩) નો **'ગુલાત–શીઆ–ફિર્કો'** એ બન્ને ફિર્કાની વચ્ચે અટવાઈ ગયો. કેમકે 'તફઝીલી-શીઆ-ફિર્કા'ના અનુયાયીઓ ફકત હઝરત અલી રદીઅલ્લાહો અન્હોને તમામ સહાબાથી અફઝલ હોવાની માન્યતા ધરાવે છે. 'તબર્રાઈ'ની જેમ સહાબા-એ-કિરામને અપશબ્દો બોલવા કે લઅનત કરવી એ બાબતોથી અલિપ્ત અને અળગા રહે છે. જેથી 'તબર્રાઈ-શીઆ' તેઓને શીઆપંથી ગણતા જ નથી. તેઓ ઉપર એવો આક્ષેપ કરે છેકે તેઓ 'શીઆ-ને-અલી' એટલે હઝરત અલીને માનનારા નથી. કેમ કે એહલે બૈયતના શત્રુઓ સહાબને ગાળો કાઢવાથી અને લઅનત મોકલવાથી દૂર અને તટસ્થ રહે છે, જેથી તેઓ એહલે બૈયતની મહોબ્બતનો સાચો હકક અદા નથી કરતા.

● **''તફઝીલી–શીઆ–ફિર્કા''** ના અનુયાયીઓ વર્ગીકણમાં નંબર (૩) એટલે કે 'ગુલાત શીઆ-ફિર્કા'ના તોહીદની વિરૂધ્ધના અને હળાહળ જૂઠા અકીદા એટલે કે અલ્લાહ તઆલાની રૂહનું હઝરત અલીના શરીરમાં પ્રવેશ કરવું. એ માન્યતાનો પણ સ્વીકાર નથી કરતા.જે થી **'ગુલાત–શીઆ–ફિર્કા'**ના અનુયાયીઓ તેઓને 'નવાસિબ' (نَوَاصِب) એટલે કે હઝરત અલીને નહીં માનનારા ખારજી સમજે છે. જેથી 'તફઝીલી-શીઆ-ફિર્કો' શીઆ પંથના અન્ય બે (૨) ફિર્કાઓની વચ્ચે અટવાએલો છે. **'ન રહે ઈધર કે – ન રહે ઉધર કે'** જેવી પરિસ્થિતિ આ ફિર્કા માટે નિર્માણ થએલી છે.

● શીઆ પંથના પાયાના ત્રણ (૩) ફિર્કાઓની અંદરના મતભેદો પરાકાષ્ટાએ પહોંચેલા છે. ત્રણેય ફિર્કાના અનુયાયીઓ એવું માને છે કે અમો જે માન્યતા ધરાવીએ છીએં, તે જ સત્ય છે. શીઆના અન્ય ફિર્કાઓની માન્યતા ખોટી છે. જેથી તેઓના મતભેદો અને વિવાદો એટલી હદે વકરેલા છે કે ત્રણેય ફિર્કાના લોકો એકબીજાને શીઆના બદલે 'ખારજી' માને છે અને એવું કહે છે કે હઝરત અલીના સાચા અકીદતમંદો અને અનુયાયીઓ ફકત અમો જ છીએં.

● સમયના બદલાતા પ્રવાહની સાથે 'શીઆ ફિર્કા'માં નવી નવી માન્યતાઓ અને નવી નવી વાતો ઉમેરાતી ગઈ. ઉપરાંત અનેક રહેબરો અને નેતાઓ ફૂટી નિકળ્યા. જે બધા નેતાઓનો અહંમ આપસમાં ટકરાતો રહયો અને વિવાદો સર્જાતા રહયા. જેથી અનેક નેતાઓ ફિર્કાના મૂળ અંશ ઘટકથી અલગ થઈને સ્વતંત્ર રીતે પોતાનો અલગ

મંડળ રચીને એક નવો ધાર્મિક સંપ્રદાય ઉભો કર્યો. આ રીતે નવા નવા પંથની રચના થતી ગઈ અને શીઆ ફિર્કાના મુખ્ય ત્રણ (૩) ઘટકો એટલે કે તફઝીલી, તબર્રાઈ અને ગુલાત શીઆની અનેક નવી નવી શાખાઓનું સર્જન થતું ગયું અને શીઆ ફિર્કો અનેક ઘટકો, શાખાઓ અને ફિર્કાઓમાં વિભાજીત થઈ ગયો.

(સૌજન્ય :- **'તોહફ-એ-ઈષના-અશરિયા'** લેખક :- શાહ અબ્દુલ હઝીઝ મુહદ્દિષે દહેલ્વી, ઈન્તેકાલ સન હિજરી ૧૨૩૯, ઉર્દૂ અનુવાદ, પ્રકાશક :- એતકાદ પબ્લીશીંગ હાઉસ, દિલ્હી, **પેઈજ નં. ૭,૮,૯,૧૦ અને ૧૧**)

# શીઆ ફિર્કાના અનેક અને વિવિધ ફિર્કાઓ

સમયના બદલાતા પ્રવાહોની સાથે શીઆ ફિર્કાના નેતાઓ, આલિમો, રહેબરો અને ઈમામો બદલાતા ગયા, અનેક ઈન્કેલાબો, ચળવળો અને વિખવાદોના ફળ સ્વરૂપે દંગા, ફસાદ, લડાઈ, ઝઘડા અને યુધ્ધો થયા. નેતાગિરી અને લીડરશીપ અનુસંધાને અનેક આંતરિક વિવાદો અને મતભેદો થયા. પરિણામે અનેક નેતાઓ પોતાના ટેકેદારોના સમુહને પોતાના સાથે રાખીને અલગ થયા. અલગ-અલગ પાર્ટીઓ અસ્તિત્વમાં આવી અને તે બધી પાર્ટીઓ મૂળ શીઆ ફિર્કાના **''પેટા ફિર્કા''** તરીકે જન્મી અને તે પેટા ફિર્કાઓ જે તે પેટા ફિર્કાના લીડરના નામે સબંધિત થઈને તે નામે ઓળખાયા.

**શીઆ ફિર્કા** ના મુખ્ય ત્રણ (૩) ઘટકો પૈકીના ઘટક નં. ૩ એટલે કે ''ગુલાત-શીઆ-ફિર્કા'' જુદા જુદા નામોથી **કુલ ચોવીસ (૨૪) ફિર્કાઓ**માં વિભાજીત થઈ ગયો. જેની રૂપ,રેખાની આછી અને સંક્ષિપ્ત ઝલક અત્રે પ્રસ્તુત છે. :-

## ગુલાત શીઆ ફિર્કાના ચોવીસ (૨૪) પેટા ફિર્કાઓનું વર્ણન



| નં | ફિર્કાનું નામ | નામ ઉર્દૂ માં | ફિર્કાનું વર્ણન, નામકરણ અને માન્યતાઓ વગેરે |
|---|---|---|---|
| ૧ | **સબાઈચા** | سَبَائِیہ | ⊙ ઈબ્ને સબાના કટ્ટરપંથી અનુયાયીઓ ⊙ હઝરત અલી ને માબૂદે હકીકી (સાક્ષાત પુજનીય) માને છે. ⊙ ઈબ્ને સબા ના નામે નામકરણ ⊙ હઝરત અલી શહીદ નથી થયા ⊙ આપની શકલમાં પરિવર્તન થઈ ગએલા શૈતાનને ઈબ્ને મુલજિમે મારેલ છે ⊙ હઝરત અલી હયાત છે અને વાદળાઓમાં છુપાએલા છે ⊙ આકાશમાં વિજળી થાય છે, તે આપના કોરડાનો ચમકારો છે. ⊙ વાદળો ગર્જે છે, તે આપનો અવાજ છે, જેથી જ્યારે આકાશમાં કડાકા-ભડાકા થાય છે, ત્યારે આ ફિર્કાના અનુયાયીઓ **'અસ્સલામો- અલયકા-યા અમીરૂલ- મોઅમેનીના'** પઢે છે ⊙ હઝરત અલી એક નિર્ધારિત મુદત પછી વાદળોમાંથી બહાર આવીને ધરતી તરફ પ્રયાણ કરશે ⊙ પોતાના શત્રૂઓને નેસ્તો-નાબુદ કરી નાખશે. |
| ૨ | **મુફદ્દલીય્યા** | مُفَضَّلِیَّہ | ⊙ મુફદ્દલ સૈરફીના અનુયાયીઓ ⊙ સબાઈય્યા ફિર્કાના લોકોની બદ ચલન પ્રવૃતિઓના કારણે અલગ થએલ છે. ⊙ જે નિસ્બત હઝરત ઈસા ને અલ્લાહથી હતી, તે નિસ્બત જ હઝરત અલીને અલ્લાહથી છે. ⊙ નબુવ્વત અને રિસાલતનો સિલસિલો કદી ખતમ નથી થતો જેથી જ - આ ફિર્કાના |

| નં | ફિર્કાનું નામ | નામ ઉર્દૂ માં | ફિર્કાનું વર્ણન, નામકરણ અને માન્યતાઓ વગેરે |
|---|---|---|---|
| | | | અનેક અનુય્યાયીઓ નબી અને રસૂલ હોવાનો દાવો કરે છે. |
| ૩ | સયરિગિયા | سَیرِغِیَہ | ⦿ સયરિગ નામના શીઆના અનુયાયીઓ ⦿ જે અકીદાઓ નં. ૨ મુફ્દ્લીય્યાનો છે, તે પ્રમાણે તેઓની પણ માન્યતાઓ છે. ⦿ તફાવત ફક્ત એટલો છે કે અલ્લાહની રૂહનો ફક્ત પાંચ જ હસ્તીઓમાં પ્રવેશ થયો માને છે. ⦿ હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ⦿ હઝરત અબ્બાસ ⦿ હઝરત અલી શૈરે ખુદા ⦿ હઝરત ઈમામ જાફર સાદિક અને - હઝરત અકીલ (રદીઅલ્લાહો અન્હુમ અજમઈન) |
| ૪ | બૈઝગીયા | بَیزِغیَہ | ⦿ બૈઝિગ ઈબ્ને યુનૂસના અનુયાયીઓ ⦿ હઝરત ઈમામ જાફર માટે ''ઈલાહ'' (ખુદા) હોવાનો અકીદો ધરાવે છે. ⦿ હઝરત જાફર પોતાની ઓરિજનલ શકલમાં દેખાતા નથી ⦿ જેને લોકો જાફર કહેતા હતા , તે તેઓનું અસ્લી સ્વરૂપ ન હતું ⦿ હઝરત જાફર સિવાય અન્ય કોઈમાં ''ઈલાહ'' હોવાની ક્ષમતા નથી ⦿ અલબત ''વહી''નું આવવું, મેઅરાજનું હાસિલ થવું, આલમે મલકૂત સુધી જવું, આ બધું દરેક ઈમામ માટે શકય છે. |
| ૫ | કામિલિયા | کَامِلیَہ | ⦿ અસ્હાબે કામિલ પંથના લોકો છે ⦿ ‘તનાસુખે અરવાહ’ એટલે કે ‘રૂહ’ |



| નં | ફિર્કાનું નામ | નામ ઉર્દૂ માં | ફિર્કાનું વર્ણન, નામકરણ અને માન્યતાઓ વગેરે |
|---|---|---|---|
| | | | (આત્મા) એક શરીરથી બીજા શરીરમાં તબદીલ (Transfer) થાય છે. ⦿ અલ્લાહની રૂહ સૌ પ્રથમ હઝરત આદમ નબી ત્યારબાદ અન્ય નબીઓમાં ટ્રાન્સફર થઈ ⦿ તમામ સહાબાને કાફિર કહે છે ⦿ હઝરત અલીને પણ કાફિર કહે છે, શા માટે ખિલાફતનો પોતાનો હક જતો કર્યો. |
| ૬ | મુગીરા | مُغیرَہ | ⦿ મુગીરા બિન સઈદ અજલી ના સાથીદારો છે ⦿ તેઓ નો અકીદો એ છે કે અલ્લાહ તઆલા એક નુરાની શખ્સની સૂરતમાં છે, જેના માથે તાજ અને દિલ હિકમતોનું ઝરણું છે. |
| ૭ | જનાહિયા | جَنَاحِیَہ | ⦿ આ લોકો પણ રૂહનું એક શરીરથી નિકળીને બીજાના શરીરમાં પ્રવેશ કરવાની માન્યતા ધરાવે છે. ⦿ અલ્લાહની રૂહ હઝરત આદમ, શીષ તથા અન્ય નબીઓના શરીરથી ટ્રાન્સફર થતી થતી નબી-એ-આખેરૂઝ-ઝમાનના શરીરમાં આવી ⦿ ત્યારબાદ હઝરત અલી, ઈમામ હસન અને હુસૈન તથા અન્યોના શરીરમાં આવી. ⦿ ઈમામત પણ આ પધ્ધતિ થી જ માને છે ⦿ અલ્લાહની રૂહનું મનુષ્યના શરીરમાં પ્રવેશવાનું નામ જ નબુવ્વત અથવા ઈમામત છે. ⦿ આ લોકો કયામતને નથી માનતા. ⦿ હરામ વસ્તુઓને હલાલ માને છે. |

| નં | ફિર્કાનું નામ | નામ ઉર્દૂ માં | ફિર્કાનું વર્ણન, નામકરણ અને માન્યતાઓ વગેરે |
|---|---|---|---|
| ૮ | **બયાનિયા** | بَنَانِیَہ | ⊙ બયાન ઈબ્ને સમઆન નહદીના અનુયાયીઓ ⊙ અલ્લાહની રૂહનું ઈન્સાનના શરીરમાં પ્રવેશવું નં. ૭ જનાહિયા ફિર્કાની જેમ માને છે. ⊙ ફકત એક તફાવત છે કે અલ્લાહની રૂહે છેલ્લે બયાન ઈબ્ને સમઆન નહદીના શરીરમા પ્રવેશ કર્યો. |
| ૯ | **મન્સૂરિયા** | مَنصُورِیَہ | ⊙ અબૂ મન્સૂર અજલીના સમર્થકો છે ⊙ નબુવ્વત ખત્મ નથી થઈ ⊙ સૃષ્ટિ કદીમ એટલે કે હંમેશા થી છે અને હંમેશાં રહેશે ⊙ શરીઅતના કાનૂનો મુલ્લાઓ એ ઘડી કાઢેલા છે ⊙ જન્નત અને દોઝખની કોઈ હકીકત નથી. ⊙ હઝરત ઈમામ બાકિર પછી અબૂ મન્સૂરની ઈમામત માને છે. |
| ૧૦ | **ગમામિયા અથવા રબીચ્યાહ** | غَمَامِیَہ یا رَبِیّعَہ | ⊙ તેઓનો અકીદો છે કે અલ્લાહ તઆલા મોસમે બહાર (વસંત)માં વાદળ સ્વરૂપે ધરતી ઉપર આવે છે અને દુનિયામાં આંટો મારીને ફરી આસમાનમાં ચાલ્યો જાય છે ⊙ ધરતીમાં ફળ, ફૂલ, ફ્રુટ, લીલોતરી વગેરે તેની બરકત છે. |
| ૧૧ | **ઉમ્વીયા** | اُموِیَہ | ⊙ એવું માને છે કે હઝરત અલી **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની નબુવ્વત અને રિસાલતમાં ભાગીદાર હતા. |
| ૧૨ | **તફવીઝીયહ** | تَفوِیضِیَّہ | ⊙ એવું માને છે કે અલ્લાહ તઆલા એ દુનિયા બનાવ્યા બાદ દુનિયાના બધા કામો |



| નં | ફિર્કાનું નામ | નામ ઉર્દૂ માં | ફિર્કાનું વર્ણન, નામકરણ અને માન્યતાઓ વગેરે |
|---|---|---|---|
| | | | હુઝૂરે અકદસ સલ્લાલ્લાહો ને સોંપી આપેલ છે અને જે કંઈપણ દુનિયામાં છે તે તેમના માટે જાઈઝ અને હલાલ કરી આપેલ છે ⊙ અમુક એવું માને છે કે હઝરત અલી રદીઅલ્લાહો અન્હોને સુપ્રદ કરી આપે છે. ⊙ અમુક **હુઝૂરે અકદસ** અને **હઝરત અલી** બન્નેને સોંપી આપવાનું માને છે. |
| ૧૩ | **ખિતાબિયા** | خِطَابِیَہ | ⊙ આ ફિર્કાના લોકો અબૂલ ખિતાબ મુહમ્મદ ઈબ્ને રબીબુલ અખદઅ અસદીના અનુયાયીઓ છે ⊙ તેઓ એવો અકીદો ધરાવે છે કે તમામ ઈમામો અલ્લાહ તઆલાના દિકરા છે ⊙ હઝરત અલી અને હઝરત જાફર એ બન્ને જણા 'ઈલાહ' (પુજનીય) છે. ⊙ હઝરત અલીને મોટા અને હઝરત જાફરને નાના 'ઈલાહ' (ખુદા) માને છે. ⊙ અબૂલ ખિતાબને પયગમ્બર માને છે. ⊙ તમામ ભુતપૂર્વ નબીયોએ નબૂવ્વત અબૂલ ખિતાબને સુપ્રદ કરી દીધેલી છે, તેની ફરમાંબરદારી બધા લોકો ઉપર ફર્ઝ છે ⊙ અબૂલ ખિતાબ પોતાના મિત્રોને ત્યાં સુધી કહેતો કે પોતાના મઝહબના અનુયાયીઓ માટે ખોટી કસમ ખાતા રહેજો. |
| ૧૪ | **મુઅમ્મરિયા** | مُعَمَّرِیَہ | ⊙ મુઅમ્મર નામના શીઆ ધર્મગુરૂના અનુયાયીઓ ⊙ ઈમામ જાફરની નબુવ્વતને |

| નં | ફિર્કાનું નામ | નામ ઉર્દૂ માં | ફિર્કાનું વર્ણન, નામકરણ અને માન્યતાઓ વગેરે |
|---|---|---|---|
| | | | માને છે. ⊙ તેમના પછી અબુલ ખિતાબને અને તેના પછી મુઅમ્મરને નબી માને છે. ⊙ મુઅમ્મર 'આખરી નબી' છે, જેથી તેના પહેલાના શરીઅતના બધા કાનૂનો ખંડિત તથા તજય છે. ⊙ શરીઅતના બધા કાનૂનો અને નિયમોના પાલનની જે મુશ્કેલીઓ છે, તે બધા નિયમો રદ કરી નાખવામાં આવ્યા છે. |
| ૧૫ | **ગુરાબિયા** | غُرابِيَہ | ⊙ એવું માને છે કે, અલ્લાહ તઆલાએ (વહી) નબુવ્વત દઈનેહઝરત જીબઈલને હઝરત અલી પાસે મોકલેલ પણ હઝરત જીબ્રઈલે ભૂલ કરીને હઝરત અલીના બદલે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહે વલ્લમને નબુવ્વત આપી દીધી ⊙ આ ફિર્કાના લોકો હઝરત જીબ્રઈલ ઉપર લઅનત મોકલે છે અને કહે છે કે 'લઅનતુલ્લાહે- અલા- સાહિબિરરિશે' (મઆઝલ્લાહ) |
| ૧૬ | **ઝુબાબિયા** | ذُبَابِيَہ | હઝરત અલીને ખુદા માને છે અને હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને નબી માને છે. |
| ૧૭ | **ઝમ્મિયા** | ذَمِّيَہ | ⊙ હઝરત અલીને ઈલાહ (ખુદા) માને છે ⊙ હઝરત અલી ખુદા છે અને તેણે હઝરત મુહમ્મદને લોકોને હઝરત અલી પ્રત્યે દાવત આપવા મોકલેલ ⊙ પણ હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે લોકોને હઝરત અલીના બદલે પોતાની તરફ બોલાવ્યા ⊙ |



| નં | ફિર્કાનું નામ | નામ ઉર્દૂ માં | ફિર્કાનું વર્ણન, નામકરણ અને માન્યતાઓ વગેરે |
|---|---|---|---|
| | | | આ લોકો હુઝૂરે અકદસની બુરાઈ આ કારણે કરે છે. |
| ૧૮ | **ઈષનૈનિયા** | اِثْنَينِيَہ | ⊙ હુઝૂરે અકદસ અને હઝરત અલી બન્નેને ખુદા માને છે ⊙ આ ફિર્કામાં બે (૨) ફાંટા છે. પહેલાં કહે છે કે હુઝૂરે અકદસની ખુદાઈ વધુ શકિતશાળી અને વર્ચસ્વ વાળી છે ⊙ બીજા ફાંટાવાળા કહે છે કે હઝરત અલીની ખુદાઈ વધુ શકિતશાળી અને વર્ચસ્વ ધરાવનારી છે. |
| ૧૯ | **ખમ્સીયા** | خَمسِيَّہ | ⊙ હુઝૂરે અકદસ, હઝરત અલી, ખાતુને જન્નત, ઈમામ હસન અને ઈમામે હુસૈન, એ પાંચેય વાસ્તવમાં એક જ છે અને પાંચેયમાં ફકત એક જ રૂહે ઈલાહી પ્રવેશ કરેલ છે. આ પાંચ જણા જ ખુદા છે. |
| ૨૦ | **નસીરિયા** | نَصِيرِيَہ | ⊙ એવું માને છે કે હઝરત અલી અને આપની ઔલાદમાં થી જેને આ લોકો ઈમામ માને છે તે બધાના શરીરમાં અલ્લાહની રૂહે પ્રવેશ કરેલો છે. ⊙ હઝરત અલી ના માટે **''ઈલાહ''** શબ્દનો ઉપયોગ કરે છે. |
| ૨૧ | **ઈસ્હાકિયા** | اِسحَاقِيَہ | ⊙ એવું માને છે કે, જમીન કદી પણ નબી વગરની ખાલી નથી રહી ⊙ હઝરત અલી અને ઈમામોના શરીરમાં રૂહે ઈલાહીના પ્રવેશને માને છે ⊙ અલબત્ત, એક બાબતમાં વિવાદ કરે છે કે |

| નં | ફિર્કાનું નામ | નામ ઉર્દૂ માં | ફિર્કાનું વર્ણન, નામકરણ અને માન્યતાઓ વગેરે |
|---|---|---|---|
| | | | હઝરત અલી પછી કોના શરીરમાં સૌ પ્રથમ રૂહે ઈલાહીએ પ્રવેશ કર્યો છે. |
| ૨૨ | ગલબાઈયા | غَلبَائِیَہ | ⊙ **ગલબા બિન અરૂઅ અસદી** નામના શીઆ ધર્મગુરૂના અનુયાયીઓ ⊙ હઝરત અલીને 'ઈલાહ' (ખુદા) માને છે. ⊙ હઝરત અલીને હુઝૂરે અકદસથી અફઝલ માને છે. ⊙ હુઝુરે અકદસે હઝરત અલીના હાથ ઉપર બયઅત કરેલી અને હઝરત અલીની તાબેદારી પોતાના માટે જરૂરી ઠરાવેલી. |
| ૨૩ | ઝરામિયા | ذَرَامِیَہ | ⊙ ઈમામતના પ્રચલિત સિલસિલા વિરૂધ્ધ નવો સિસિલો બનાવ્યો ⊙ શીઆ પેશ્વા **અબૂ મુસ્લિમ મરૂઝી** ના શરીરમાં રૂહે ઈલાહીનો 'હુલૂલ' (પ્રવેશ) માને છે. ⊙ ઈસ્લામી શરીઅત દ્વારા નકકી કરેલ 'ફર્ઝો'ને તજી દે છે ⊙ જે ચીઝો શરીઅતમાં હરામ ઠરાવવામાં આવી છે, તેને હલાલ માને છે. |
| ૨૪ | મુકનઈય્યા | مُقَنَعِیَّہ | ⊙ ઈમામ હુસૈન પછી શીઆ **પેશ્વા 'મુકનઅ'**ને ઈલાહ (ખુદા) માને છે. ⊙ કુલ ખુદા ચાર (૪) છે, તેવો અકીદો ધરાવે છે. |



શીઆ ફિર્કાના મુખ્ય ત્રણ (૩) ઘટકો પૈકીના નંબર ૩ એટલે કે **'ગુલાત શીઆ ફિર્કા'**ના ઉપરોક્ત ચોવીસ (૨૪) પેટા ફિર્કાઓનું કોષ્ટક સ્વરૂપે જે વર્ણન કર્યુ છે તેનો હવાલો નીચે મુજબ છે.

(હવાલો :- **''તોહફએ-ઈષા-અશરિયા''**, લેખક :- શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી, ઈન્તેકાલ : સન હિજરી ૧૨૩૯ (ઉર્દુ અનુવાદ) પ્રકાશક એતકાદ પબ્લીશીંગ હાઉસ - ન્યુ દિલ્હી, **પેઈજ નં. ૨૧ થી ૨૫** સુધી)

# સબિય્યા એટલે કે તબર્રાઈ શીઆ ફિર્કાના અનેક પેટા ફિર્કાઓ

ગુલાત શીઆ ફિર્કાના **ચોવીસ (૨૪) ફિર્કાઓ** નું જે રીતે વિગતવાર અને માહિતી સભર કોષ્ટક હમણાં જ વાંચક મિત્રોએ નિહાળવાનો લહાવો લીધો. તે પ્રમાણે ''તબર્રાઈ શીઆ ફિર્કા'' અને ''તફઝીલિયા શીઆ ફિર્કા''નું કોષ્ટક બનાવતાં પુસ્તકનું લખાણ અમર્યાદિત લંબાઈ ધારણ કરશે. જેથી ક્ષમા યાચના સાથે સંક્ષિપ્તમાં તે પેટા ફિર્કાઓની ફક્ત નામાવલી ગુજરાતી અને ઉર્દૂમાં અત્રે રજૂ છે.

● **ઝૈદિયા ફિર્કા :-** તે કુલ **દસ(૧૦)** પેટા ફિર્કાઓમાં વિભાજીત થએલો છે. **(૧)** ખાલિસ ઝૈદિયા (خالص زیدیه) **(૨)** જારૂદિયા (جارودیه) **(3)** ઝરેરિયા (جرریه) તેનું બીજું નામ સલમાનિયા (سلمانیه) **(૪)** તબરિયા ( تبریه )તેનું બીજું નામ તૌમિયા(تومیه)છે. **(૫)** નઈમિયા (نعیمیه) **(૬)** દકનિયા (دکنیه)**(૭)** ખશબિયા( خشبیه) **(૮)** યા'કૂબિયા ( یعقوبیه ) **૯)** સાલેહિયા(صالحیه) **(૧૦)** અમાઈયા (عمائیه)

● **ઈમામિયા ફિર્કા :-** તે કુલ **સત્તર (૧૭)** પેટા ફિર્કાઓમાં વિભાજીત થએલો છે. **(૧)** ખાલિસ ઈમામિયા (خالص امامیه) **(૨)** હસનિયા ( حسنیه ) **(3)** નફસિયા ( نفسیه ) **(૪)** હકમિયા ( حکمیه ) **(૫)** સાલમિયા ( سالمیه )

**(૬)** શૈતાનિયા ( شيطانيه ) **(૭)** ઝરારિયા ( ذرارِيه ) **(૮)** યૂનુસિયા ( يونسيه ) **(૯)** બદાઈયા ( بدائيه ) **(૧૦)** મુફવ્વિદા ( مفوّضه ) **(૧૧)** બાકિરયા ( باقريه ) **(૧૨)** હાસિરયા ( حاصريه ) **(૧૩)** નાવિસયા (ناوسيه) **(૧૪)** અમ્મારિયા ( عمّاريه ) **(૧૫)** રવાફિઝ ( روافض ) **(૧૬)** મુબારકિયા ( مباركيه )બીજું નામ કુરમુતિયા( قرمطيه ) **(૧૭)** મુશયમિયા ( مشيميه )

● **ઈસ્માઈલિયા ફિર્કો :–** તે કુલ **આઠ (૮)** પેટા ફિર્કાઓમાં વિભાજીત થએલો છે. **(૧)** ઈસ્માઈલિયા ખાલિસ(خالص اسماعيليه) **(૨)** અહમદિયા ( احمديه ) **(૩)** બાતિનિયા ( باطنيه ) **(૪)** શમતિયા ( شمطيه ) **(૫)** મેયમૂનિયા ( ميمونيه ) **(૬)** ખલફિયા ( خلُفيه ) **(૭)** બરકિઅયા ( برقعيه ) **(૮)** જનાબિયા ( جنابيه ).

● **કૈસાનિયા ફિર્કો :–** તે કુલ **પંદર (૧૫)** પેટા ફિર્કાઓમાં વિભાજીત થએલો છે. **(૧)** મુખ્તારિયા ( مختاريه ) **(૨)** કરયબિયા( كريبيه ) **(૩)** હર્બિયા ( حربيه ) **(૪)** અબ્બાસિયા ( عباسيه ) **(૫)** તય્યારિયા( طياريه ) **(૬)** ઈસ્હાકિયા ( اسحاقيه ) **(૭)** જનાબિયા ( جنابيه ) **(૮)** મર્વાનિયા ( مروانيه ) **(૯)** મેહદૂવિયા ( مهدويه ) **(૧૦)** મુકનઈયા ( مقنعيه ) **(૧૧)** રજઈય્યા( رجعيه ) **(૧૨)** મમ્તૂરિયા (ممطوريه) **(૧૩)** કતઈય્યા( قطعيه ) **(૧૪)** જાફરિયા( جعفريه ) **(૧૫)** મૌસૂવિયા (موسويه)

**● અહીં સુધીના વાંચનથી શીઆ ફિર્કા શાખાઓ સંખ્યાનું તારણ ●**

| | |
|---|---|
| **(૧) ગુલાત શીઆ ફિર્કો** | ૨૪ (ચોવીસ) |
| **(૨) ઝૈદિયા શીઆ ફિર્કો** | ૧૦ (દસ) |
| **(૩) ઈમામિયા શીઆ ફિર્કો** | ૧૭ (સત્તર) |
| **(૪) ઈસ્માઈલિયા શીઆ ફિર્કો** | ૦૮ (આઠ) |
| **(૫) કૈસાનિયા શીઆ ફિર્કો** | ૧૫ (પંદર) |
| **ટોટલ** ⟶ | **૭૪ (ચીમોતેર)** |



# વર્તમાન યુગના મોટા ભાગના શીઆ તબર્રાઈ શીઆ ફિર્કાના છે.

વાંચક મિત્રોને કદાચ જીજ્ઞાસા થતી હશે કે **'ગુલાત શીઆ ફિર્કા'** ના તો ચોવીસ (૨૪) પેટા ફિર્કા નું અલગ અલગ નામ અને માહિતી સાથે વર્ણન કર્યુ પણ **''તફઝીલી''** અને **''તબર્રાઈ''** શીઆ ફિર્કાનું અલગ અલગ વર્ણન કરવાના બદલે ફકત પેટા ફિર્કાઓ પૈકીના મુખ્ય પેટા ફિર્કાઓ ઝૈદિયા, ઈમામિયા, ઈસ્માઈલિયા અને કૈસાનિયા ફિર્કાઓનું મુખ્યત્વે અને તેના અનુસંધિત ફિર્કાઓના નામનો ઉલ્લેખ કરી દેવામાં આવ્યો છે અને **''તફઝીલીયા''** અથવા **''તબર્રાઈયા''** નું વર્ગીકરણ નથી કરવામાં આવ્યું તેનું કારણ શું છે?

ઘણા જ વિનય અને આદર સાથે વાંચકોની સેવામાં પ્રત્યુતર સ્વરૂપે ખુલાસો રજૂ છે કે સન હિજરી પચાસ (૫૦) થી લઈને સન હિજરી બસ્સો (૨૦૦) સુધી એટલે કે શીઆ ફિર્કાના આરંભના સમય કાળ દરમિયાન ''તફઝીલી'' અને ''તબર્રાઈ'' એ બન્ને શીઆ ફિર્કા પોતાની માન્યતા અને સાથે સાથે આચરણના કારણે સ્પષ્ટરૂપે અલગ અલગ સ્વરૂપે ઓળખવામાં આવતા હતા. પણ શીઆ ફિર્કાના મુખ્ય ત્રણ (૩) ઘટકો (૧) તફઝીલી, (૨) તબર્રાઈ અને (૩) ગુલાતમાંથી નં. ૧ અને નં. ૩ ને ફકત નામ પુરતું જ પ્રતિસાદ મળ્યું પણ નં. ૨ એટલે કે તબર્રાઈ ફિર્કાને જબરો પ્રતિસાદ અને સમર્થન મળવાના કારણે આ ફિર્કો વ્યાપક સ્વરૂપે વિશ્વસ્તરે ફેલાયો. તેની માન્યતાઓ, અકીદાઓ અને સિધ્ધાંતો સરળતા અને ઝડપથી લોકો સ્વીકારવા લાગ્યા. મુખ્ય ત્રણ (૩) ઘટકોના નં. ૧ અને નં. ૩ પ્રસાર અને વિસ્તરણ ક્ષેત્રે અતિ પછાત બની રહયા. જેથી વિસ્તરણ અને પ્રસાર માટે તબર્રાઈ સિધ્ધધાંતો સ્વીકારવા ઝરૂરી બન્યા પણ નં. ૩ નો ''ગુલાત શીઆ ફિર્કો'' અતિ કટ્ટરપંથી અને ચુસ્તપણે પોતાના સિધ્ધાંતોને વળગેલો હોવાનાકારણે તેણે ''તબર્રાઈ'' ફિર્કાને અનુસરવાનું સ્વીકાર્યુ નહીં. પોતાના સ્વતંત્ર ચોવીસ (૨૪) ફિર્કાઓમાં મર્યાદિત રહયું પણ નં. ૧ નો ''તફઝીલી ફિર્કો'' વ્યાપારિક અને રાજકીય દ્રષ્ટિકોણ દ્વારા નં. ૨ એટલે કે ''તબર્રાઈ'' ફિર્કાના અનેક સિધ્ધાંતોને સ્વીકારીને અનુસરવા લાગ્યો. જેથી આ

બન્ને ફિર્કા એટલે કે **''તફઝીલી શીઆ''** અને **''તબર્રાઈ શીઆ''** માં પ્રથમ દ્રષ્ટિનો જે તફાવત હતો, તેમાં ધૂંધકાર અને ઝાંખપ આવવા લાગી અને બન્ને જાણે એક બીજામાં વિલીન અને પીગળી ને એકરૂપ થઈને લય પામ્યા હોય, તેવો આભાસ થવા લાગ્યો. દાખલા તરીકે ''રાફઝી શીઆ ફિર્કો'' તેનો ઈતિહાસ પણ અતિ રસપ્રદ છે.

**હઝરત ઈમામ ઝૈનુદ આબેદીન**ના શેહઝાદા **હઝરત ઝૈદ બિન અલી બિન ઈમામ હુસૈન** કે જેઓ ''ઝૈદ શહીદ''ના મુબારક લકબથી મિલ્લતે ઈસ્લામીયામાં મશ્હુર છે. તે હઝરત ઝૈદ શહીદ કે જેઓ **શહીદે કરબલા ઈમામ હુસૈન** (રદીઅલ્લાહો અન્હુમ અજમઈન)ના સગા પૌત્ર હતા. તેઓ બાદશાહે વકત હિશામ બિન અબ્દુલ મલિક બિન મર્વાન સામેની જંગમાં જયારે ''કુફા'' અને ''ઈરાક'' પહોંચ્યા. તે વિસ્તારના અકીદતમંદ તફઝીલી શીઆ લગભગ બાર હજાર (૧૨,૦૦૦)ની સંખ્યામાં આપના લશ્કરમાં જોડાયા. ઉપરાંત ત્રીસ હજાર (૩૦,૦૦૦) તબર્રાઈ શીઆ પણ સાથે જોડાયા. લડાઈના મૈદાનમાં મહોબ્બતના દાવેદારો પીઠ બતાવીને નાસી ગયા. હઝરત ઈમામ ઝૈદ શહીદને એકલો મૂકીને ભાગી છુટયા. પરિણામ સ્વરૂપે આ જંગમાં **હઝરત ઝૈદ શહીદ** થઈ ગયા. અમુક નામ પુરતા અને ગણયા ગાંઠયા સાથીદારો જ હઝરત ઝૈદ શહીદની સંગાથે બાકી રહયા હતા. બાકીના મોટી સંખ્યાના મહોબ્બત અને અહલે બૈયતની અકીદતના ફણગાં ફૂંકનારા ''નૌ-દો-ગ્યારહ'' થઈ ગયા હતા. ઈમામ ઝૈદ શહીદને એકલો મુકીને નાસી જનારાઓ માટે ખૂદ હઝરત ઝૈદ શહીદે ત્યાં સુધી ફરમાવ્યું છે કે **''રફદૂના-ફ-હુમુર-રવાફિઝો''** (رَفَضُونَا فَهُمُ الرَّوافِض)એટલે કે :- ''તેઓએ આપણને છોડી દીધા જેથી તેઓ રવાફિઝ છે. ''

આ રાફઝીઓ ઈમામ ઝૈદ શહીદના સાથ છોડી નાસી જઈને પોતાના મકાનોમાં ભરાઈ બેઠા. પછી તેઓને ઈમામની ઝરૂરત પડી તો **ઈમામ હસને મુસન્ના ઈબ્ને ઈમામ હસને મુજતબા** ની ઈમામત સ્વીકારી અને મોટા ભાગનાઓએ **હઝરત ઈમામ બાકિર** ની ઈમામત નો સ્વીકાર કર્યો.

(હવાલો :- **''તોહફ-એ-ઈષના -અશરિયા''** - લેખક :- શાહ અ.અઝીઝ મુહદ્દિષ દહેલ્વી, **પેઈજ નં. ૧૦,૧૧,૧૨)**

આ રાફઝી લોકોએ આરંભમાં પોતાની ઓળખ **''ઈમામિયા''**ની રાખી પણ જયારે તેઓની અંદર ખટપટો અને વિવાદો ઉત્પન્ન થયા, જેથી **''હિશામિયા, સાલેમિયા, શયતાનિયા, ઝરારિયા અને મશયમિયા''** નામના પેટા શીઆ ફિર્કા અસ્તિત્વમાં આવ્યા.



ટૂંકમાં ફકત એટલું કે **''તફઝીલી-શીઆ''** અને **''તબર્રાઈ શીઆ''** એ બન્ને ફિર્કાના લોકોની આપસમાં અકીદા અને માન્યતાના ક્ષેત્રે એટલી બધી ભેળસેળ થઈ ગઈ કે તે બન્ને ફિર્કા અને તેના પેટા ફિર્કાના અનુયાયીઓના આચરણ સમાન કક્ષાના હોવાના કારણે પ્રથમ દ્રષ્ટિએ તફાવત કરવો અશકય થઈ ગયો કે કોણ તફઝીલી છે? અને કોણ તબર્રાઈ છે? પણ એટલું તો ચોકકસપણે પુરવારિત છે કે તફઝીલી શીઆ હોય કે પછી તબર્રાઈ શીઆ હોય, બન્ને પંથી શીઆ લોકો સહાબાએ કિરામની શાનમાં અવશ્ય ગુસ્તાખી કરે છે. ખાસ કરીને પ્રથમ ત્રણ (૩) ખલીફાઓ એટલે કે **હઝરત અબુબકર, હઝરત ઉમર** અને **હઝરત ઉસ્માન** (રદીઅલ્લાહો અન્હુમ)ને ગાળો કાઢે છે, લઅનત મોકલે છે. ઉપરાંત ઉમ્મુલ મોહમેનિન **હઝરત આએશા સિદ્દીકા, હઝરત ઝુબૈર** અને **હઝરત તલ્હા** રદીઅલ્લાહો અન્હુમ વિષે એવું ખરાબ બોલે છે કે કોઈપણ મુસલમાન તેને સહન કરી શકે નહીં.

જેથી જ વર્તમાન યુગના મોટાભાગના શીઆ લોકો **''તબર્રાઈ''** છે અને રાફઝી ફિર્કાના લોકો પણ તફઝીલી હોવાની સાથે સાથે પાકા તબર્રાઈ શીઆ છે.

આ'લા હઝરત, ઈમામ અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત, **ઈમામ અહમદ રઝા** મુહકિકબરેલ્વી રદીઅલ્લાહો અન્હો ફરમાવે છે કે :-

''اور روافض زمانہ تو ہرگز صرف تبرائی نہیں بلکہ علی العموم منکران ضروریات دین اور باجماع مسلمین قطعا کفار مرتدین ہیں۔ یہاں تک کہ علماء نے تصریح فرمائی کہ جو انہیں کافر نہ جانے خود کافر ہے۔''

:: **અનુવાદ** ::

**''વર્તમાન યુગના રાફઝીઓ ફકત તબર્રાઈ જ નહી બલ્કે મોટાભાગે તેઓ ઝરૂરિયાતે દીનનો ઈન્કાર કરનારા છે અને સમગ્ર મુસ્લિમોના એકમતે તેઓ નિઃશંક કાફિરો અને મુર્તદો છે. ત્યાં સુધી કે ઓલોમા-એ-મિલ્લતે ઈસ્લામીઆ એ સ્પષ્ટ વર્ણન કર્યુ છે કે જે શખ્સ તેઓ એટલે રાફઝીઓને કાફિર ન માને, તે ખૂદ પોતે પણ કાફિર છે. ''**

(હવાલો :- **''ફતાવા રઝવીયા''** (અનુવાદિત) જિલ્દ નં. **૧૪, પેઈજ નં. ૨૫૯)**

આ'લા હઝરત રદીઅલ્લાહો અન્હોના ઉપરોકત ફત્વા મુજબ **''રાફઝી''** ફિર્કાના લોકો ફકત **''તબર્રાઈ''** જ નહીં પણ તબર્રાઈથી પણ વધુ ખતરનાક અને ભયાનક ભ્રષ્ટ માન્યતાઓના કુફ્ર ના કીચડથી ખરડાએલા છે.

◉ રાફઝીઓ વિષે એક મહત્વનો હવાલો રજૂ છે :-

”وَفِـي الرَّوَافِضِ أَنَّ مَنْ فَضَّلَ عَلِيًّا عَلَى الثَّلَاثَةِ فَمُبْتَدِعٌ، وَإِنْ أَنْكَرَ خِلَافَةَ الصِّدِّيقِ أَوْ عُمَرَ -رَضِيَ اللَّهُ عَنْهُمَا -فَهُوَ كَافِرٌ “.

**حوالہ:۔** ”فتح القدیر“ ، مؤلف : علامه کمال الدین محمد بن عبد الواحد المعروف همام (المتوفی: ۸٦۱هـ)، ناشر : دار الفكر، بيروت(لبنان)، جزء: ۱، صفحه ۳۵۰

**ترجمہ:** ”اور روافض جو کہ حضرت علی رضی اللہ تعالیٰ عنہ کو تینوں خلفاء پر فضیلت دیتے ہیں، تو وہ بدعتی ہیں اور اگر وہ حضرت صدیق اکبر اور حضرت عمر رضی اللہ تعالیٰ عنہما کی خلافت کا انکار کرے تو وہ کافر ہے۔“

**:: ઉપરોક્ત ઉર્દૂ તર્જુમાનો ગુજરાતી અનુવાદ ::**

**''અને રાફઝી કે જે હઝરત અલી રદીઅલ્લાહો અન્હોને ત્રણેય ખલીફા ઉપર ફઝીલત આપે છે, જેથી તેઓ બિદઅતી છે અને જો હઝરત સિદ્દિકે અકબર અને હઝરત ઉમર રદીઅલ્લાહો તઆલા અન્હુમાની ખિલાફતનો ઈન્કાર કરે, તો તે કાફિર છે.''**

હવાલો :- **''ફત્હુલ-કદીર''** (અરબી) લેખક :- અલ્લામા કમાલુદ્દીન મુહમ્મદ બિન અબ્દુલ વાહિદ અલ-મઅરૂફ-બ-ઈબ્ને - હુમામ, ઈન્તેકાલ સન હિજરી :- ૮૬૧, પ્રકાશક :- દારૂલ ફિક્ર-બૈરૂત (લખનૌ) **જિલ્દ નં. ૧, પેઈજ નં. ૩૫૦.**

## શીઆ ફિર્કાના ઝડપી વિસ્તરણના મુખ્ય ચાર (૪) મહત્વના કારણો

**શીઆ ફિર્કા**ને ઈસ્લામી જનસમુદાય વચ્ચે અને વિશ્વસ્તરે અતિ ઝડપે અને વિશાળ સંખ્યામાં પ્રસરણ અને વિસ્તરણ પમાડવા માટે શીઆ ફિર્કાનો જયારે પાયો નાખવામાં આવ્યો, ત્યારથી જ **અબ્દુલ્લાહ બિન સબા યહૂદી** અને પ્રચાર ક્ષેત્રના નિષ્ણાંત એવા શીઆ માધાંતાઓએ **ચાર (૪) મુદ્દાની પ્રચાર નીતિ** ઘડી કાઢી અને રાજનીતિશાસ્ત્ર (Ethics) નિયમોને અનુસરીને અતિ ચુસ્તપણે તેનું પાલન કરીને પ્રવીણ પ્રચારકો અને વાકચાતુર્યના કુશળ વકતાઓ દ્વારા નિમ્નલિખિત ચાર (૪) મુદ્દાઓની અમલવારી કરીને શીઆ ફિર્કાની આગેકુચની હરણફાળમાં મહકત્વની ભુમિકા ભજવી અને ઘણા ટૂંકા સમયગાળામાં શીઆ ફિર્કાએ મિલ્લતે ઈસ્લામીઆની



અંદર જે અકલ્પનીય ફેલાવો કરેલો, તેના પરિણામ સ્વરૂપે કરોડોની સંખ્યાના એહલે ઈમાન મુસ્લિમો ઈમાનની અમુલ્ય દૌલતથી હાથ ધોઈ નાખીને ગુમરાહ અને બેદીન બનીને જહન્નમના માર્ગે ચાલી નિકળ્યા.

<u>શીઆ ફિર્કાના ચાર (૪) મુદ્દાઓ નો કાર્યક્રમ નીચે મુજબ છે.</u>

## નંબર :-૧
## ''એહલે બૈયત અને મુખ્યત્વે હઝરત અલીની ફઝીલત, મહાનતા અને મરતબાની ઉચ્ચતાનું વર્ણન''

એ હકીકતમાં લેશમાત્ર પણ શંકાને સ્થાન નથી કે દરેક મો'મિન મુસ્લિમના દિલમાં **હુઝૂરે અકદસ, જાને ઈમાં** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની અઝમત, મહોબ્બત અને ઈશ્ક ઠાંસી ઠાંસીને ભરેલ છે. બલ્કે ઈશ્કે -રસૂલનો જઝબો દીવાનગીના હદે પહોંચેલ છે. એક મો'મિન પોતાના પ્યારા આકા સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને એટલી હદે મહોબ્બત કરે છે કે, પ્યારા આકાથી નિસ્બત (સબંધ) ધરાવનાર વ્યકિત અને વસ્તુ માટે પોતાના પ્રાણ સુધ્ધા ન્યોછાવર કરવા સદા તત્પર રહે છે. આપ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના મુકદ્દસ મૂએ મુબારક (બાલ/વાળ)ને ઘણા જ અદબો-એહતરામની સાથે જાળવી અને સાચવી રાખે છે. દર વર્ષે બારહવીં શરીફના મહિનામાં તેની ઝિયારત એટલે કે દીદાર/દર્શન કરવા/કરાવવાનું આયોજન ઘણી જ ધામધૂમથી કરવામાં આવે છે અને બાલ મુબારકના દીદાર કરીને ધન્ય થઈ જવા માટે માનવ મહેરામણ ઉમટી પડે છે. લોકોનો ઘસારો નિયંત્રણ કરવા માટે અને દીદાર વખતે અદબો-એહતરામ અને શિસ્ત જાળવી રાખવા માટે વ્યવસ્થિત પ્રબંધ કરવામાં આવે છે.

તેવી જ રીતે જે વસ્તુઓ કે જેને **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના જિસ્મે અકદસ (પવિત્ર શરીર)થી કોઈ શારિરીક સબંધ નથી બલ્કે આપે તે વસ્તુઓનો પોતાના જીવનકાળ દરમિયાન ઉપયોગ કર્યો છે. જેમ કે આપે ધારણ

કરેલા વસ્ત્રો (મલ્બૂસાત), અસા મુબારક (લાકડી), ટોપી, નઅલૈન શરીફ (મોજડી મુબારક) અને અન્ય વસ્તુઓ ચૌદસો (૧૪૦૦) વર્ષોના વહાણા વીતી ગયા પછી પણ હજુ સુધી આશિકોએ ઘણા જ આદર અને સન્માનની સાથે જાળવી રાખી છે અને તેને એટલી હદે પ્રેમ કરે છે કે તેના માટે પોતાનું સર્વત્ર બલ્કે પ્રાણ પણ કુરબાન કરવામાં પોતાની સઆદત અને ખૂશનસીબી સમજે છે.

તો જે વસ્તુઓ કે જે નિર્જીવ છે, શરીરનો અંગ નથી. તેને કોઈ શારીરિક સબંધ નથી ફકત ઉપયોગમાં લેવા માટે તેનો સ્પર્શ કર્યો છે. જેથી તેને પ્યારા આકા સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના સંપર્ક અને સ્પર્શનો જ ફકત સબંધ છે, તેની આટલી બધી મહત્વતા, કદર, આદર, સન્માન, તઅઝીમ, મર્યાદા, અદબ, સત્કાર, માન અને પ્રમ ભાવનાની જીવંત લાગણી હોય, તો **પ્યારા આકા** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમથી જેને વંશીય લોહીનો સબંધ છે, જેની નસોમાં **પ્યારા આકા** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનું મુકદ્દસ ખૂન વહે અને ધબકે છે, તે મુકદ્દસ વંશજો , એહલે બૈયત એટલે કે સાદાતે કિરામની અઝમત અને તઅઝીમ તથા તેઓના માન-મરતબાની તઅઝીમ માટે મુસ્લિમોના દિલોની ન્યોછાવર ભાવના નું શું પુછવું? સૈયદ ના નામ ઉપર મુસ્લિમો પોતાની ગરદનો કપાવવા હસ્તા મુખે સદા તૈયાર જ હોય છે. તેવી જ રીતે સાદાતે - કિરામના શત્રુઓ નું ઢીમ ઢાળી દેવા પણ વિના સંકોચે અને વિલંબે ઉત્સુક હોય છે.

મુસ્લિમ જન સમુદાયની વર્ણનીય આદરની ભાવનાની લાગણીનો **ઈબ્ને સબા યહૂદી એન્ડ કંપની** એ સંપૂર્ણપણે ગેરલાભ ઉપાડયો અને **શીઆ ફિર્કા** ના પ્રચારનો મુખ્ય મુદ્દો સાદાતે કીરામ અને ખાસ કરીને તમામ સૈયદોના આકા, સય્યેદુત-સાદાત, મૌલા-એ-કાએનાત, **હઝરત અલી શૈરે ખુદા** રદીઅલ્લાહો અન્હોની ફઝીલત, અઝમત, મરતબાની બુલંદી અને મહોબ્બતની લાગણીને પ્રથમતા અને અગ્રતા આપી નીચે વર્ણન કર્યા મુજબનો કાર્યક્રમ બનાવ્યો.

(૧) સાદાતે કિરામ પ્રત્યે અપાર પ્રેમ અને આદરની લાગણી વ્યકત કરીને લોકોનો એવો વિશ્વાસ મેળવવો કે આપણે સાચા અર્થમાં સાદાતે કિરામના ગુલામો છીએં.

(૨) સાદાતે કિરામની ફઝીલત જે કુરઆન અને હદીષમાં છે, તેમાં અતિશ્યોક્તિથી કામ લઈને તેમાં ખુબ જ ભેળસેળ કરો અને સાદાતે કિરામનો મરતબો અંબિયા-એ-સાબેકીન ની સમકક્ષ વર્ણન કરો.



(૩) સાદાતે - કિરામને ગુમરાહ કરવા માટે તેઓના મગજમાં એવું ઠસાવો કે તમારી રગો (નસો)માં અંતિમ નબીનું પવિત્ર ખૂન વહે છે, જેથી તમો કદાપી જહન્નમમાં નહીં જાઓ, નેક અમલ કરો કે ન કરો, તમારા માટે જન્નતનો પરવાનો છે. આવા ભ્રમમાં ભોળા સાદાતે કિરામને નાખી શરીઅતની પાબંદીથી દૂર હડસેલી ને તેઓને બદ-અમલી અને ગુનાહિત પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખો.

(૪) સાદાતે-કિરામના મગજમાં એવું ઠસાવી દો કે કોઈ આલિમ, મુફ્તી, મુહદ્દિસ કે કોઈ પણ મુતકકી તમારી તુલના અને સરખામણીમાં આવી જ ન શકે. તમારે હવે દીની તા'લીમની પણ ઝરૂરત નથી. તમારો મરતબો એટલો બધો ઊંચો છે કે તમારી અઝમત અને મહાનતાના ગુણગાન કુરઆન અને હદીષમાં છે, માટે તમો નિચિંત રહો. નમાઝ-રોઝાની પાબંદીની તમને ઝરૂરત નથી. શરીઅત તમને લાગૂ જ નથી પડતી. સાદાતે કિરામને પાનો ચઢાવી , તકબ્બુર અને ઘમંડના દુષણમાં ધકેલી દેવા માટે ખોટી હદીષો અને બનાવટી હિકાયતોનો આશરો લઈને તેઓને સ્વંય ની મહાનતાના ભ્રમમાં રાખો.

(૫) હઝરત અલીની મહોબ્બત અને હઝરત અલી પ્રત્યેની અકીદતનો દંભ અને ખોટો દેખાડો વ્યકત કરીને લોકોને આકર્ષો અને તેઓની સમક્ષ હઝરત અલીની ફઝીલત, મહાનતા અને અઝમતના ગુણગાન ગાઓ અને લોકોને હઝરત અલીના અકીદતમંદ બનાવો.

(૬) હઝરત અલીના અકીદતમંદ બનેલાઓ સમક્ષ હઝરત અલીની એટલી બધી પ્રસંશા કરો કે લોકોને ફકત હઝરત અલી પ્રત્યે જ આસ્થા ઉત્પન્ન થાય. ધીરે ધીરે તેમાં જૂઠી હદીષો અને ઉપજાવી કાઢેલા પ્રસંગોના વર્ણન દ્વારા એવું સાબિત કરો કે હઝરત અલીનો મરતબો ભૂતકાળના બધા નબીઓથી વધુ છે. કેમકે તેઓ **હઝરત મુહમ્મદ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના કઝીન (કાકાના દિકરા) હોવા ઉપરાંત અતિ પ્રિય અને આદરણીય જમાઈ છે. બલ્કે અંતિમ નબીના સાચા વારસદાર, વસી અને ઉત્તરાધિકારી છે. ખિલાફતના સાચા હકકદાર પણ તેઓ જ છે.

(૭) હઝરત અલીની ખુદાદાદ કુવ્વત, તાકત અને વિસ્મય પમાડનારી શકિતના હૈરતઅંગેઝ પ્રસંગો વર્ણવીને બલ્કે તેમાં મીઠું મરચું મમળાવીને એવું પુરવાર કરો કે હઝરત અલીમાં જે શકિત છે, તે કદી પણ કોઈ મનુષ્યમાં હોઈ શકે જ નહીં. બલ્કે

ફકત અલ્લાહ તઆલામાં જ આ બધી શકિતઓ છે. માટે હઝરત અલી પણ ખુદાઈ મરતબો ધરાવે છે અથવા અલ્લાહની રૂહ હઝરત અલીના શરીરમાં પ્રવેશી ચુકી છે.

(૮) ઉપરોકત બાબતો લોકો ના મનમાં ઠસાવવા માટે કુરઆનની આયતો અને હદીષોના મનઘડત અને મનફાવતા અર્થઘટનો અને ભાવાર્થો રજૂ કરીને તથા ખોટી અને સદંતર જૂઠી હદીષો તથા હિકાયતો (પ્રસંગો) ઘડી કાઢીને હઝરત અલીનો મરબતો તમામ સહાબા, તમામ અંબિયા બલ્કે ખુદ હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમથી મોટો બલ્કે હઝરત અલીને 'ઈલાહ' એટલે કે 'અલ્લાહ' સાબિત કરવા માટે શીઆ ફિર્કાના માધાંતાઓ એ ઢાઢા પહોરના ગપગોળા ફેંકી સીધા-સાદા અને ભોળા-ભાલા, અજ્ઞાન મુસ્લિમોને પોતાની પ્રપંચી જાળમાં બરાબરના ફસાવીને તેઓને સ્વર્ગના સપનાઓ દેખાડીને પાકા શીઆ બનાવી દીધા અને તેઓની શ્રધ્ધા, આસ્થા, ભકિતભાવ, આદર અને સન્માનના મુખ્ય કેન્દ્રબીંદુ તરીકે ફકત **હઝરત અલી**ને જ અંકિત કર્યા. હઝરત અલી સિવાયના અન્ય સમકાલીનો પ્રત્યે ઉપેક્ષા અને અનાદરની ધૃણાસ્પદ ભાવના જન્માવી તેઓના ઈમાનો ધોળા દિવસે લૂંટી લીધા.

(૯) શીઆ ફિર્કાની પ્રચાર નીતિના વર્ણન પ્રથમ મુદ્દામાં મળેલી સફળતા પછી બાકીના ત્રણ (૩) મુદ્દાઓનો પ્રચાર ઘણો જ સરળ અને ઝડપી બની ગયો.

## <u>નંબર :-૨</u>

## ''સહાબા-એ-કિરામની શાન ઘટાડવી, સહાબાને લાયકાત વિહોણા, અન્યાયી, અત્યાચારી અને ખિલાફતની વહીવટી શકિતથી અજાણ, અજ્ઞાન, ડરપોક અને દગાખોર પુરવાર કરવા''

શીઆ ફિર્કાનો આરંભથી જ **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના મુકદ્દસ સહાબા-એ-કિરામ ઉપર પ્રત્યક્ષ આક્રમણ મુખ્ય ધ્યેય રહયો છે. પાંચ થી છ સહાબા સિવાય બધાને પોતાના આક્રમણના લક્ષ ઉપર લીધા છે.

(૧) સહાબા-એ- કિરામ રિદવાનુલ્લાહે તઆલા અલૈહિમ અજમઈનના પવિત્ર સમુહને અપમાનિત કરવા માટે શીઆ ફિર્કા દ્વારા વ્યવસ્થિત ષડયંત્ર



ચલાવવામાંઆવે છે અને સહાબા કિરામની શાનમાં ગુસ્તાખી કરવા માટે કાલ્પનિક ઘટનાઓ લખીને ઈસ્લામના ઈતિહાસને વિકૃત સ્વરૂપે ચીતરવામાં આવે છે.

(૨) હઝરત અલીને સમગ્ર સહાબાથી અફઝલ, લાયક, વીર-બહાદૂર, હોંશિયાર, ધર્મની બાબતોના વિશેષ જાણકાર, નબીના સાચા વફાદાર સાથી પુરવાર કરવા માટે અનેક ખોટી હદીષો અને ઘટનાઓ ઉપજાવી કાઢવામાં આવી છે.

(૩) **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ પછી ખિલાફતના સાચા હકદાર **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હો જ હતા. પ્રથમ ત્રણ(૩) ખલીફાઓમાં વહીવટી શકિતની ઉણપના કારણે ખલીફા બનવાની લાયકાત નહોતી.

(૪) સહાબા-એ-કિરામને બદનામ કરવા માટે અનેક ખોટી ઘટનાઓ ઉપજાવી કાઢી, જેથી મુસ્લિમોના દિલોમાં સહાબા-એ-કિરામના આદર અને સન્માનમાં ઓછપ આવે અને સહાબાની પ્રતિષ્ઠાને ઝાંખપ લાગે.

(૫) ઈસ્લામના પ્રથમ ત્રણ (૩) ખાલીફાઓ **હઝરત અબુબકર સિદ્દીક, હઝરત ઉમર ફારૂક** અને **હઝરત ઉસ્માન ગની** રદીઅલ્લાઓ અન્હુમ વિરૂધ્ધ શીઆ ફિર્કાના પ્રચારકો આગ ઝરતી વાણી દ્વારા શત્રુતાનું વિષ ઓકવામાં કશી કચાશ નથી રાખતા.

(૬) **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ પછી મિલ્લતે ઈસ્લામિયા ના સાચા રહેબર, આગેવાન અને તારણહાર ફકત હઝરત અલી જ હતા. હઝરત અલી સિવાય ના તમામ સહાબા લાયકાત વિહોણા હતા.

(૭) હઝરત અલી સિવાયના તમામ સહાબા ડરપોક, કાયર, દગાખોર અને ભાગેડુ હતા. જંગે ઓહદમાં ફકત હઝરત અલી જ હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની પડખે રહીને આપની રક્ષા કરેલ. અબૂબકર, ઉમર અને ઉસ્માન કાયરની જેમ પીઠ બતાવીને નાસી ગએલા. તેવું વર્ણન શીઆ ફિર્કાની કિતાબોમાં આલેખવામાં આવ્યું છે.

(૮) સહાબા-એ-કિરામે ઈસ્લામ સ્વીકાર કર્યા છતાં પણ જમાન-એ-જેહાલત એટલે કે અજ્ઞાનતાના કાળની બૂરી આદતો તેઓમાં બાકી હતી, બલ્કે ત્યાં સુધી કહેતાં અને લખતાં શીઆ ફિર્કાના મુલ્લાઓને શરમ નથી આવતી કે મઆઝલ્લા **હઝરત સિદ્દીક** અને હઝરત **ઉમર ફારૂક** રદીઅલ્લાહો અન્હુમા એ બન્નેના ઘરમાં બુત (મૂર્તિ) હતી અને તેઓ બન્ને ગુપ્ત રીતે તેની પૂજા કરતા હતા.

(૯) મઆઝલ્લાહ **હઝરત ઉમર ફારૂક** રદીઅલ્લાહો અન્હો ઉપર 'ઝિના' વ્યભિચારનો આરોપ લગાડતા કહે છે કે હઝરત અમીર મુઆવિયા રદીઅલ્લાહો અન્હોની પત્નિ હિન્દા સાથે હઝરત ઉમરના અનૈતિક સબંધો હતા.

(૧૦) નમાઝની ઈમામત કરવા માટે હઝરત ઝુબૈર અને હઝરત તલ્હા રદીઅલ્લાહો અન્હુમા જાહેરમાં ઝઘડતા હતા.

(૧૧) ઉપરાંત અન્ય સહાબા-એ-કિરામ ઉપર જાતજાતના અને ભાતભાતના ખોટા અને ઉપજાવી કાઢેલા આક્ષેપો કરીને તેઓની મહત્વતા ઘટાડવા માટે શીઆ ફિર્કાના પ્રચારકોએ નૈતિકતાના મુલ્યોનું નિકંદન કાઢી નાખીને ફકત જૂઠાણાનો આસરો લઈને અધર્મ આચરવામાં કોઈ કચાશ રાખી નથી.

(૧૨) ટૂંકમાં શીઆ ફિર્કાના પ્રચારકોએ સહાબા-એ-કિરામની શાનમાં તૌહીન અને બેઅદબી કરવાના આશયથી ખોટા પ્રસંગો,ઘટનાઓ અને હદીષોના ખોટા હવાલાઓ આપીને મુસ્લિમ સંપ્રદાયના લોકોમાં રહેલી સહાબા-એ-કિરામ પ્રત્યેની અકીદત અને મહોબ્બતની ભાવનાને ઠેસ પહોંચાડીને મુસલમાનોના દિલોથી સહાબા-એ-કિરામની મહત્વતા, અગત્યતા અને પવિત્રતા ઓછી કરવાની હીન પ્રવૃતિ ઘણી જ વ્યવસ્થિત ઢબે ચલાવી.

## નંબર :- ૩

## ''સહાબા-એ-કિરામે એહલે બૈયત અને મુખ્યત્વે હઝરત અલી સાથે કરેલા અન્યાય અને અત્યાચારની ઉપજાવી કાઢેલી કથની''

લોકોને સહાબા-એ-કિરામની વિરૂધ્ધ ઉશ્કેરવા અને સહાબા-એ-કિરામની શાનમાં લોકોને અપમાનજનક શબ્દો બોલવતા કરવા અને સહાબાની શાનમાં હીન કક્ષાની તોહીન કરવા માટે લોકોને પ્રેરવા અને ઉત્પાત કરવા માટે શીઆ ફિર્કાના પ્રચારકોએ એહલે બૈયત અને હઝરત અલીની મહોબ્બતનો સ્વાંગ રચીને હૈયાફાટ રૂદન અને છાતી તથા માથા કુટીને કરૂણ કલ્પાંતના ઉગ્ર શોક ઉપર



આધારિત તકરીરો (ભાણષો) કરીને લોકો સમક્ષ જુઠાણું ચલાવીને સહાબા-એ-કિરામ વિરૂધ્ધ ઝેર ઓકતાં એવો અપ્રમાણિક પ્રચાર કર્યો કે :-

(૧) પાંચ (૫) થી છ (૬) સહાબા સિવાયના તમામ અહલે બૈયતના દુશ્મન હતા.

(૨) એહલે બૈયત ઉપર અત્યાચાર, અન્યાય અને ઝુલ્મો-સિતમ ગુજારવામાં સહાબા-એ-કિરામે કંઈ જ બાકી નથી રાખ્યું.

(૩) **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ પછી ખિલાફતના સાચા હકદાર **હઝરત અલી** રદીઅલ્લાહો અન્હો જ હતા પણ બધા સહાબા એકઠા થઈને હઝરત અબુબકરને ખલીફા બનાવીને હઝરત અલી સાથે હળાહળ અન્યાય અને અત્યાચાર કર્યો છે.

(૪) **હઝરત અબુબકરે** પણ હઝરત અલી સાથે ખુલ્લમખુલ્લા અન્યાય અને પક્ષપાત ની નીતિ અપનાવીને પોતાના ઈન્તેકાલ પહેલા જ બીજા ખલીફા તરીકે હઝરત ઉમર ઉપર પસંદગી ઉતારીને બધા સહાબાને સહમત અને સંમત કરીને બીજી વખત હઝરત અલી ના ખલીફા થવાના હક ઉપર તરાપ મારીને અન્યાય કર્યો છે.

(૫) હઝરત ઉમર પછી ત્રીજા ખલીફા તરીકે હઝરત અલી સિવાય કોઈનો ચાન્સ લાગે તેમ નહોતો પણ હઝરત ઉમરના દિલમાં હઝરત અલીની શત્રુતા ભરેલી હતી, જેથી ત્રીજા ખલીફા માટે ચુંટણી પ્રક્રિયા, ઉમેદવારી, પંચ, વગેરેનું નાટક કરવાનું સુચન કરતા ગયા અને હઝરત ઉમરના ઈન્તેકાલ પછી ત્રીજા ખલીફા ચુંટવાની પ્રક્રિયાનું નાટક ત્રણ દિવસ સુધી ભજવાયું.

(૬) ત્રીજા ખલીફાના ઉમેદવાર **હઝરત અબ્દુરરહમાન બિન ઔફ** પણ હતા. ખલીફા ચુંટવાના નાટકના ત્રીજા દિવસે તેમણે પોતાની ઉમેદવારી પાછી ખેંચીને ખલીફા ચુંટવાનો સંપૂર્ણ અધિકાર મેળવી લીધો અને તે અધિકારનો દુરૂપયોગ કરીને હઝરત અલી પ્રત્યેની કટુતા અને શત્રુતાના પડઘો પાડીને ત્રીજા ખલીફા તરીકે પણ હઝરત અલીને વંચિત રાખીને ત્રીજા ખલીફા તરીકે **હઝરત ઉસ્માન ગની** ને બેસાડી દીધા. આમ ત્રીજી વખત પણ **હઝરત અલી**ને ખલીફા ન બનવા દીધા.

(૭) સન જિહરી :- ૧૧ થી સન હિજરી ૩૫ એટલે કે ૨૫, વર્ષ સુધી હઝરત અલીને ખલીફાના ઉચ્ચ હોદાથી એક વ્યવસ્થિત ષડયંત્ર હેઠળ મેહરૂમ

(વંચિત) રાખવામાં આવ્યા. પચ્ચીસ (૨૫) વર્ષ સુધી હઝરત અલીએ અન્યાય અને અપમાનનો કડવો ઘૂંટડો પીધલો અને બંડ કે બળવો ન કરીને પોતાની સજ્જનતા બતાવી પણ સહાબાએ અન્યાય અને અત્યાચાર કરવામાં કચાશ ન રાખી.

(૮) **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના ''**વસી**'' હોવાના કારણે **હઝરત અલી** જ પ્રથમ ખલીફા બનવાના હકદાર હતા. પચ્ચીસ (૨૫) વર્ષ સુધી હઝરત અલીનો હક માર્યા પછી છેક સન હિજરી :- ૩૫માં ના-છુટકે હઝરત અલીને ચોથા (૪) ખલીફા તરીકે નિમ્યા તો ખરી પણ હઝરતને સુખ ચૈન થી બેસવા ન દીધા.

(૯) **સન જિહરી :- ૩૫ થી સન હિજરી :- ૪૦** સુધીના લગભગ પોણા પાંચ વર્ષના ખિલાફત કાળમાં હઝરત અલીને વિટંબણાઓ અને સમયશ્યાઓમાં એવા ઉલ્ઝાવી દીધા કે હઝરત અલીને રચનાત્મક કાર્યો દ્વારા સિધ્ધીના સોપાનો સર કરવાની ફુરસદ ન મળી.

(૧૦) હઝરત અલીને વહીવટી ક્ષેત્રેઠરીઠામ થઈને કાયદો અને વ્યવસ્થાના નિયંત્રણ અને હઝરત ઉસ્માન ગનીની શહાદત પછી પ્રદુષિત થએલા વાતાવરણને સુધારીને નોર્મલ બનાવવામાં સાથ આપવાના બદલે **હઝરત આઈશા, હઝરત ઝુબૈર** અને **હઝરત તલ્હા** એ એક વ્યવસ્થિત આયોજન હેઠળ હઝરત અલીની સામે ખુલ્લમ ખુલ્લા લડવા મેદાનમાં આવ્યા અને સન હિજરી :- ૩૬માં ''જંગે-જમલ''ના નામે પ્રથમ ઈસ્લામિક આંતરિક યુધ્ધ થયું.

(૧૧) ખિલાફતના સુત્રો સંભાળ્યાના એક જ વર્ષમાં રાગદ્વેષ અને ઈર્ષાની આગમાં સળગતા સહબાઓએ સન હિજરી :-૩૬ માં યુધ્ધ કર્યું અને હજી તે યુધ્ધની અગ્નિના લબકારા શાંત નહોતા થયા કે સન **હિજરી :- ૩૭**માં એહલે બૈયતના કટ્ટર શત્રુ અને હઝરત અલીના ખુલ્લા શત્રુ **અમીર મુઆવિયાએ** હઝરત અલીથી યુધ્ધ કર્યું અને ઈસ્લામના ઈતિહાસની અંદરો અંદરની બીજી લડાઈ સ્વરૂપે ''**જંગે સફ્ફીન**'' અસ્તિત્વમાં આવી.

(૧૨) શીઆ ફિર્કાના પ્રચારકો રડી રડીને હઝરત અલીની મુશ્કેલીઓનું વર્ણન આગળ ધપાવતા બરાડા પાડી પાડીને કહે છે કે જુઓ, હજી ''જંગે સફ્ફીન''થી પરવારીને હઝરત અલીએ નિરાંતનો શ્વાસ પણ ન હોતો લીધો કે સન **હિજરી :- ૩૮** માં કહેવાતા અને નામના મુસ્લિમો એટલે કે



''**ખારજિઓ**'' સાથે જંગ થઈ. આ ખારજિઓને અંદરખાને સહાબાનું પીઠબળ હતું.

(૧૩) સન હિજરી :- ૪૦ માં હઝરત અલીની શહાદત પછી ''અમીરૂલ મોઅમેનીન''ના પદ માટે હઝરત અલીના જયેષ્ટ પુત્ર હઝરત ઈમામ હસન હકદાર હતા. તેઓની સાથે સમાધાનનું નાટક રચીને અમીર મુઆવિયા નામના સહાબીએ અન્યાય અને અત્યાચાર કરીને ઈમામે હસનને નિવૃત થઈ ઘરમાં બેસી જવાની ફરજ પાડી.

(૧૪) એટલું જ નહીં બલ્કે અમીર મુઆવિયાએ હઝરત ઈમામ હસનની પત્નિને અઢળક નાણા આપીને કાવત્રું ઘડયું અને ઈમામ હસનને તેમની પત્નિએ ઝેર આપીને શહીદ કરી દીધા.

(૧૫) હઝરત ઉમરને ખાનદાને અહલે બૈયત અને ખાસ કરીને **જિગર-પારએ-રસૂલ, ખાતૂને જન્નત, હઝરત ફાતેમા** રદીઅલ્લાહો અન્હોના દુશ્મન તરીકે ચીતરીને અનેક ઉપજાવી કાઢેલા પ્રસંગો, હૈયાફાટ રૂદન કરીને શીઆ ફિર્કાના પ્રચારકો વર્ણન કરે છે જેમ કે ⊙ **હઝરત ઉમરે ખાતુને જન્નત** ના ઘરને આગ લગાડી ⊙ ખાતુને જન્નત જયારે હામેલા (સગર્ભા) હતા, ત્યારે હઝરત ઉમરે તલવારની મુઠનો પ્રહાર તેઓ ના મુકદ્દસ બતન (પવિત્ર પેટ) ઉપર કર્યો. પરિણામે ઈસ્કાતે હમલ (કસુવાવડ) થઈ ગઈ ⊙ વાકેય--એ-ફિદક માં હઝરત ઉમરે ખાતુને જન્ન્તની વારસાગત જમીન હડપ કરી લીધી. ⊙ હઝરત ઉમરે ખાતુને જન્નતના ઘરમાં લૂંટફાટ કરી વગેરે.

આવા તો અનેક ઉપજાવી કાઢેલા અને અમુક બનાવોને વિકૃત સ્વરૂપે વર્ણન કરીને સહાબા-એ-કિરામ વિરૂધ્ધ તિરસ્કાર અને ધિક્કારની લાગણીનું વાતાવરણ સ્થાપિત કરીને અને એહલ બૈયતની ઉપર સહાબાએ કિરામ દ્વારા કરવામાં આવેલા કથિત અન્યાયો અને અત્યાચારોની કથની ''દાસ્તાને ઝુલ્મો સિતમ'' સ્વરૂપે ચીંખો નાખી નાખીને હેયાફાટ રૂદન, પોતાના કપડા ફાડીને, માથામાં લોખંડના પ્રહારો કરીને લોહી કાઢીને, હાથમાં અને પગમાં છરી, ચાકુના પ્રહારો કરીને લોહીલુહાણ બની જઈને વર્ણન કરતી વખતે એવું વાતાવરણ ખડું કરી દે છે કે શ્રોતાજનો વકતાની જાદુઈ સ્પીચ સાંભળીને ધ્રુસકે ધ્રુસકે રડવા મંડે છે. પછડાટો ખાય છે. આળોટે છે. માથા કુટે છે અને જાણે અજાણે શીઆ પંથનો અનુયાયી બની જઈને

સહાબાએ કિરામ રદીઅલ્લાહો અન્હુમ અજમઈનની મુકદ્દસ જમાઅતને અભદ્ર, અશ્લીલ અને અપશબ્દોના વાણી-વિલાસથી તૌહીન કરીને ઈમાનથી હાથ ધોઈ નાખે છે. શીઆ ફિર્કાના પ્રચાર મુદ્દાઓ પૈકીનો ત્રીજો (૩) મુદ્દો સંક્ષિપ્તમાં વર્ણન થઈ ગયો. હવે ચોથા (૪) મુદ્દા અંગે ચર્ચા કરીએ.

## નંબર :- ૪
## શીઆ બનવાના ફાયદાઓ
### શીઆ બની જાઓ - ગમે તે કરવાની છૂટ
### શરીઅતનું બંધન નહીં - ગુનાહ લાગૂ નહીં પડે
### પીળો પરવાનો પ્રાપ્ત - મોજ, મજા આનંદ કરો

મનની ચંચળતા એ માનવ-પ્રકૃતિની દુખતી નસ છે. દરેક વ્યક્તિ પોતાની મહેચ્છા પૂરી કરવાની ઝંખના કરે છે. પછી તેની ઈચ્છા યોગ્ય હોય કે અયોગ્ય હોય. મનની ચંચળતાને અંકુશમાં રાખવી કઠીન છે. મનની જે ઈચ્છા થાય, તે ગમે તે ભોગે કરી છુટવાની દરેક વ્યક્તિની ઉત્કટ કામના અને અભિલાષા હોય છે પણ બે (૨) પ્રકારના ભય તેને મર્યાદા અને સંસ્કાર પ્રેરિત સંકોચના વર્તુળની અંદર સીમિત રાખે છે. (૧) ધર્મના આદેશો અને (૨) સમાજ, ઘણી વખત એવા અવસરો પ્રાપ્ત થાય છે કે વ્યક્તિ પોતાની અયોગ્ય ઈચ્છા પૂરી કરી લેવાની તક મળી જાય છે પણ તેને બે (૨) પ્રકારના ભયો ધૃણાસ્પદ આચરણકરવા થી અટકાવે છે. (૧) આ કામ કરીને મઝહબના કાનૂન મુજબ હૂં ભયંકર પાપી અને અપરાધી ઠરીશ. કયામતના દિવસે મારા આ કૃત્ય બદલ મને દર્દનાક અઝાબ આપવામાં આવશે (૨) જો લોકોને મારા આ અધમ આચરણની જાણ થઈ ગઈ તો મારી સામાજિક પ્રતિષ્ઠતા ધૂળ-ધાણી થઈ જશે. સમાજ ના લોકોની નઝરમાં હૂં હલકો અને ભ્રષ્ટ પુરવાર થઈશ. ખાસ કરીને ભર જવાનીના લપસણા કાળમાં વાસનાની તૃપ્તિ માટે થનગનતા છેલબટાઉ જવાનીઆ પણ ધર્મ અને સમાજના ડરથી વિકારમય આચરણ કરતા અચકાય છે.

દરેક વ્યક્તિની ઉપરોક્ત માનસિકતાને દ્રષ્ટિ સમક્ષ રાખીને યુવા વર્ગ અને આનંદ-પ્રમોદ તથા ભોગ વિલાસની મનોવૃત્તિ ધરાવનારા લોકોને **શીઆ ફિર્કા** પ્રત્યે આકર્ષવા માટે શીઆ ફિર્કાના પ્રેરકો અને પ્રચારકોએ છૂટા હાથની લહાણી



કરીને સંસ્કાર અને સમાજ માટે લાંછન સ્વરૂપ આચરણોને ધર્મના ઓઠા હેઠળ રૂડું રૂપાળું નામ આપીને વિચલીતતાનો માર્ગ મોકળો કરી નાખ્યો અને ઝિના (વ્યભિચાર)ને પાપના બદલે પુણય ઠરાવવાની હીન ચેષ્ટા કરી છે.

ઉપરાંત ઈસ્લામી શરીઅતના નિયમોના પાલનની નૈતિકતા અને સદાચારને અનુરૂપ આચરણની નિતિમતાના નિયમોનું છેડેચોક ઉલંઘન કરીને એવો ઘંટરાવ કર્યો કે **શીઆ ફિર્કો અપનાવીને હઝરત અલીની મહોબ્બતના મહાસમુદ્ર માં ડુબકી મારી દો એટલે નજાતનો પરવાનો મળી ગયો. હવે તમને કોઈ પણ ગુનોહ લાગૂ નહીં પડે. જે મનમાં આવે તે કરી છૂટો, મનની ઈચ્છા પૂરી કરી લો. મનને મારો નહી. ફક્ત 'યા અલી'નો મહોબ્બત ભર્યો નારો તમારા માટે મજબૂત ઢાલ છે. કોઈપણ ગુનોહ તમને લાગૂ નહીં પડે.**

ઉપરોક્ત છેતરામણી અને લોભામણી સ્કીમની ધારી અસર પડી અને ઘોડાપૂર સ્વરૂપે અનેક લોકો **શીઆ ફિર્કા**ના અનુયાયીઓ બની ગયા. અહીં સંક્ષિપ્તમાં તેનો સારાંશ રજૂ છે.

(૧) શીઆ લોકોથી કયામતમાં હિસાબ લેવામાં નહિ આવે.
(૨) કયામતમાં શીઆ લોકો ઉપર જે નવાઝિશ થશે, તેને જોઈને અંબિયા-એ-કિરામ અલૈહિમુસ્સલાતો વસ્સલામને પણ ઈર્ષા થશે.
(૩) કયામતના દિવસે બિનઃ શીઆ (સુન્નીઓ) ને જ ગભરાટ અને તકલીફ થશે. શીઆ લોકોને કયામતમાં કાંઈ જ તકલીફ નહીં પડે.
(૪) હઝરત અલીની મહોબ્બત રાખનારા શીઆ લોકોને કોઈપણ પ્રકારનો ગુનોહ લાગુ નથી પડતો. કોઈપણ ગુનોહ નુકસાન નથી પહોંચાડતો.
(૫) શીઆ ચાહે ગુનાહે સગીરા (નાનો) કરે અથવા ગુનાહે કબીરા (મોટો) કરે, શીઆને અઝાબ નહીં થાય.
(૬) જેના દિલમાં હઝરત અલીની મહોબ્બત છે, તે ચાહે યહૂદી, ઈસાઈ અને હિન્દુ હોય, જન્નતમાં જશે.
(૭) મુતઆ એટલે કે ટેમ્પરેરી લગ્ન એવું નેક કામ છે કે તે કામ બધી ઈબાદતો અને ઈતાઅતો (ફરમાબરદારી)થી ઉત્તમ છે.
(૮) મુતઆ (متعہ) એટલે પુરૂષ અને સ્ત્રી એકબીજાના સંપર્કમાં આવે તો ગમે તેટલી નાની મુદત માટે લગ્ન બંધનથી જોડાઈ શકે છે. વકીલ અને ગવાહની લેશમાત્ર જરૂરત નથી. એકાંતમાં બન્ને એકબીજાને પત્નિ અને પતિ તરીકે

સ્વીકારે. આનંદ પ્રમોદ કરી કલાક અથવા બે (૨) કલાકમાં છુટા પડી શકે છે.

(૯) મુતઆ કરવું એવું નેક અને ફઝીલતનું કામ છે કે જેણે જીવન પર્યંત મુતઆ નથી કર્યું, કયામતના દિવસે તેનો ચહેરો અને દેખાવ વિકૃત બનાવી દેવામાં આવશે.

(૧૦) જેણે ઝિન્દગીમાં એક વખત મુતઆ કર્યું, તેનો દરજજો **હઝરત ઈમામ હુસૈન** જેવો, બે (૨) વખત કર્યું, તેનો **હઝરત ઈમામ હસન** જેવો, ત્રણ (૩) વખત કર્યું, તેનો **હઝરત અલી** જેવો અને ચાર(૪) વખત જેણે મુતઆ કર્યું, તેનો દરજજો **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ જેવો છે. (મઆઝલ્લાહ)

ઉપરોકત ફાયદાઓ, અઝમતો, પુણયોની પ્રગતિની શુભકામનાઓ અને દરજજાની બુલંદી અને ગમે તેવા પ્રકારનો ગુનાહ કરવાની પરવાનગી, એ બધી બાબતો ગમે તેને પ્રભાવિત કરીને અનેરૂં આકર્ષણ ઉત્પન્ન કરનારીઓ છે. ચંચળ મન અને આનંદ-પ્રમોદના રસીયાઓ કે જેઓ **''ફકત માણી લેવું''** અને **''મોજ મજા કરી લેવી''**ના આગ્રહી છે, તેઓ પલભરમાં શીઆ ફિર્કાના સિધ્ધાંતો અને લાભોની છેતરામણી બાહેંધરીમાં જકડાઈ જશે અને **''મઝહબના નામે મનોરંજન''** ની નીતિ અપનાવીને શીઆ પંથી બની જવામાં ક્ષણભરનો પણ વિલંબ નહીં કરે.

શીઆ ફિર્કાના પ્રચારના મુદ્દાનો નં. ૪ નો મુદ્દો એટલો બધો ફળદાઈ અને મનભાવન સ્વરૂપે ફળાઉ પુરવાર થયો કે અનેક કહેવાતા કથિત બ્રહમચર્યનું પાલન કરવાનો ઢોંગ કરનારા મનમાં સળવળતા રસીક કીડાની તૃપ્તિ અને શાંતિના આશાવાદની ઝંખનામાં શીઆ બની ગયા.

## શીઆ ફિર્કાના પ્રચાર માધ્યમના મુખ્ય ચાર (૪) મુદ્દાની છણાવટ

અહીં સુધીના પ્રચાર માધ્યમના મુદ્દાઓનાવર્ણનનું તારણ અને તાત્પર્ય એ છે કે લોકો ના મનની વૃત્તિઓ, ક્રિયાઓ અને સિદ્ધાંતોને અનૂસરીને શીઆ ફિર્કાના પ્રસાર અને પ્રચારમાં Psycho-Analysis (માનસ પૃથકકરણ) અને Psychology



(મનો વિજ્ઞાન)ના નિયમોનું ભરપુર ઉપયોગ કરીને શીઆ ફિર્કાનો અતિ વેગવંતો ફેલાવો કરવામાં શીઆ ફિર્કાના પ્રયોજકો અને પ્રચારકોએ કલ્પના બહારની જે સફળતા પ્રાપ્ત કરેલી, તે (૪) મુદ્દાઓ સંક્ષિપ્તમાં નીચે મુજબ છે :-

**(૧)** હઝરત અલી અને અહલે બૈયતની અઝમત, મહાનતા, મરતબો અને તેઓની મહોબ્બતની લાગણીને ઉશ્કેરવી.

**(૨)** સમગ્ર સહાબા એ કિરામ હઝરત અલીના મુકાબલે ખિલાફતની લાયકાત, વહીવટની ક્ષમતા, પવિત્રતા અને મહાનતામાં વામણા અને લાયકાત વિહોણા હતા અને તેઓનું અંગત આચરણ પણ અશોભનીય હતું.

**(૩)** સમગ્ર સહાબા-એ-કિરામ (પાંચ થી સાત ને બાકાત રાખીને) હઝરત અલી અને સાદાતે કિરામના દુશ્મન હતા. હઝરત અલીની ખિલાફતનો હક છીનવી ને અન્યાય કરેલો. ઉપરાંત ખાનદાને અહલે બૈયત ઉપર અત્યાચારો, અન્યાયો અને સિતમો ગુજારેલા અને અસહય ત્રાસ આપેલા.

**(૪)** શીઆ બની જવામાં એટલા બધા લાભો, ફાયદાઓ, નફો અને કમાણી છે, કે જેની ગણતરી તો શું કલ્પના પણ ન કરી શકાય. ઉપરાંત, શીઆ બની જવાથી અનેક છૂટછાટ, પરવાનગી અને આનંદ પ્રમોદની મોકળાશ અને સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે અને મોજ-મજા કરવાની વિપુલતા દ્વારા ધન્ય થઈ જવાય છે.

ઉપરોક્ત ચાર (૪) મુદ્દાઓની લોકોના મન ઉપર સચોટ અસર પાડવા શીઆ ફિર્કાના ધર્મગુરૂઓ, લેખકો, વકતાઓ, પ્રચારકો અને અનુયાયીઓ ષડયંત્ર યુકત વ્યવસ્થિત અપ્રમાણિક અને અસત્ય ભાષણો અને લખાણો દ્વારા લોક માનસને વિચલીત કરવા માટે નીચેની બાબતોને અનિવાર્ય બનાવી જેમ કે :-

⊙ હઝરત અલી અને અહલે બૈયતની ફઝીલત વર્ણન કવામાં અતિશ્યોકિત કરવી. ખોટી હદીષો ઘડી કાઢવી, ખોટા કિસ્સા કહાનીઓ ઉપજાવી કાઢવા, કુરઆનની આયતો અને હદીષોના મનમાનતા અનુવાદો, મનગમતા અર્થઘટનો અને કાલ્પનિક તર્કના ભાવાર્થો લોકો સમક્ષ વર્ણન કરવા.

⊙ સહાબા-એ-કિરામની મહત્વતા, અગત્યતા અને મહાનતાની જે લાગણી મુસ્લિમોના દિલોમાં અંકિત છે, તે ભૂંસી નાખવા જૂઠાણાંનો સહારો લઈને બનતા પ્રયાસો કરવા.

⊙ પાંચ થી સાત સહાબા સિવાયના બધા સહાબા એહલે બૈયત અને ખાસ કરીને **હઝરત અલી**ના શત્રુ હતા, તે પુરવાર કરવા નિતી-નિયમોના પ્રમાણિક

સિદ્ધાંતોને અભેરાઈએ ચડાવી દઈને જેટલી શક્તિ, ત્રેવડ અને આવડત હોય તેટલું ખોટું બોલવું, ઉપજાવી કાઢેલી કથિત ઝુલ્મો-સિતમની દાસ્તાન હૈયાફાટ રૂદન કરીને પ્રવચનોમાં સંવેદનશીલતાનું વાતાવરણ સ્થાપિત કરીને સહાબા-એ-કિરામની વિરૂધ્ધ ઝેર ઓકવું અને લોકોના દિલોમાં તેઓના પ્રત્યે ધૃણા, તિરસ્કાર અને નફરતની લાગણી જન્માવીને સહાબા-એ-કિરામનો મરતબો સમૂળું નાશ કરી દેવો.

⊙ સ્વર્ગના ભાવી સુખ ની આશાઓની સાથે સાથે દુનિયામાં જ સ્વર્ગાનંદની અનુભૂતિની લહાણી કરવી અને મુતઆ ના લાભોની ધરપત, ચંચળ મનની મોજ-મસ્તીની તૃપ્તિનો ઉપદેશ, પાપ-પૂણયની પરોજણમાંથી સ્વતંત્રતાની વધામણી આપીને મુસ્લિમ જનસમુદાયને સ્વછંદી, અધર્મી અને પાપાચારી બનાવી સંસ્કાર અને નૈતિકતાના મુલ્યોનું ચીરહરણ કરીને નમાલા, કાયર અને બાયલા બનાવી દેવા.

ઉપરોક્ત ચાર (૪) સુત્રી કાર્યક્રમની વ્યવસ્થિત આયોજન હેઠળ ની અમલવારી કરવા ચુસ્તતા અને અંધશ્રધ્ધાની મદિરાના કૈફનો પાનો ચઢાવીને મુસ્લિમોને ધર્મના સત્યપંથ એટલે કે **'સિરાતે-મુસ્તકીમ'** થી વિચલીત અને ગુમરાહ કરવા માટે શીઆ ફિર્કાના લેખકો અને સાહિત્યકારોએ પણ મહત્વની ભૂમિકા ભજવી છે. જેનો અંદાઝો શીઆ ફિર્કાની કિતાબોના સંદર્ભોના નિરક્ષણથી આવી જશે.

## ''રેહગુઝરે - બૂ તુરાબ''

**દુર્રે નજફ હૂં, ગોહરે પાક ખૂશાબ હૂં,**
**યઅની તુરાબે રેહગુઝરે બૂ તુરાબ હૂં.**

(અઝ :- હઝરત 'રઝા' બરેલ્વી)



**મુદ્દા નંબર :-૧ અહલે બૈયત અને હઝરત અલીની ફઝીલતના અનુસંધાને શિઆ ફિર્કાની આધારભૂત કિતાબો ના હવાલાઓ:-**

## જન્નતના દરવાજા ઉપર શું લખેલું છે ?

શીઆ ફિર્કાનો અકીદો છે કે :-

''જન્નતના દરવાજા ઉપર આ કલ્મો લખેલો છે કે '' **લા-ઈલાહા-ઈલ્લલાહ- મુહમ્મદુર્રસૂલુલ્લાહ-અલીયુન-અખૂ-રસૂલુલ્લાહ''** શીઆ ફિર્કાની કિતાબોમાં આ પ્રમાણે પણ લખેલું છે કેઃ- જન્નતના બધા દ્વાર ઉપર **''લા-ઈલાહા- ઈલ્લલ્લાહ- મુહમ્મદુન-હબીબુલ્લાહ-અલીયો-વલી-યુલ્લાહે – ફાતેમા – અમતુલ્લાહે''** લખેલું છે. ''

**-: હવાલો :-**

(૧) **''તઝકેરતુલ-ખવાસ''** (અરબી) લેખક :- સિબ્ત ઈબ્ને જોઝી, **પેઈજ નં. ૨૨.**
(૨) **''યનાબીઉલ-મુવદ્દતા''** (અરબી) લેખક :- હાફિઝ સુલયમાન ઈબ્ને ઈબ્રાહીમ કન્દૂઝી. (અવસાન સન હિજરી :- ૧૨૯૪) **પેઈજ નં. ૨૦૬**
(૩) **''મકતલે-હુસૈન''** (અરબી) લેખક :- અબૂલ-મુઅય્યદ ખવારજમી, પ્રકાશન સ્થાન :- ઈરાન, નૂતન આવૃતિ, **જિલ્દ નં. ૧, પેઈજ નં. ૧૦૮.**

## તમામ નબીઓ શા માટે દુનિયામાં આવેલા ?

⊙ હઝરત અલી રદીઅલ્લાહો અન્હો વિષે શીઆ ફિર્કાના લેખક દ્વારા એક મનઘડત હદીષ અત્રે રજૂ છે :-

**''હુઝૂર સલ્લાલ્લાહો અલૈહે વસલ્લમ ફરમાવે છે કે મેઅરાજની રાત્રે તમામ અંબિયાને જયારે મારી સમક્ષ ઉપસ્થિત કરવામાં આવ્યા, તો અલ્લાહ તઆલાએ મારાથી ફરમાવ્યું કે તેઓ થી પૂછો કે તમને શા માટે નબી બનાવીને મોકલવામાં આવેલા? તે બધા અંબિયાએ જવાબ આપ્યો કે,** ''લા-ઈલાહા- ઈલ્લલ્લાહો- વહદહુ'' **ની શહાદત, આપની નબુવ્વત અને અલી ઈબ્ને અબી તાલિબની વિલાયતના ઈકરાર માટે અમોને મોકલવામાં આવેલા.''**

**-: હવાલો :-**

''યનાબી ઉલ -મુવદ્દતા'' (અરબી) લેખક :- હાફિઝ સુલયમાન ઈબ્ને ઈબ્રાહીમ કન્દૂઝી બલ્ખી (અવસાન :- સન હિજરી :- ૧૨૯૪) પ્રકાશન વર્ષ ઈ.સ. ૧૩૦૮, ઈરાન, પેઈજ નં. ૨૩૮.

ઉપરોકત બન્ને હદીષો સદંતર ખોટી, મનઘડત અને ઉપજાવી કાઢેલી છે. હદીષની અનેક અને અસંખ્ય આધારભૂત કિતાબોમાંથી એક પણ કિતાબમાં બન્ને રિવાયતોનું નામો-નિશાન નથી. અલબત્ત, શીઆ મુસન્નિફો (લેખકો)ની અનેક કિતાબોમાં આ ખોટી હદીષો અવશ્ય પ્રાપ્ય છે. તે કિતાબોમાં ઉપરોકત બન્ને હદીષો ના અનુસંધાને જે હવાલાઓ લખેલા છે, તે પણ શીઆ ફિર્કાના લખેકોની કિતાબોના છે.એટલે એક શીઆ લેખકે ટાઢા પહોરની ગપ મારી, તેની તે ગપ ને અન્ય શીઆ લેખકોએ આધારભૂત અને વિશ્વસનીય સંદર્ભ સ્વરૂપે પોતાની કિતાબમાં લખી નાખી અને મૂળ ગપીદાસ લેખકની કિતાબનો હવાલો ટાંકી દીધો અને કિતાબના શીઆ લેખકનું નામ ઘણા જ ઈલ્કાબો,માનદ, સન્માનસૂચક ટાઈટલો જેમ કે **''ઈમામ''** ના સંબોધન દ્વારા લખ્યું હોય. અવસાનનું વર્ષ પાંચસો (૫૦૦) થી સાતસો (૭૦૦) વર્ષ પહેલાનું લખ્યું હોય છે. વર્તમાન યુગનો વાંચક જયારે આ કિતાબ વાંચે છે, તો ઘણા જ આદરથી વાંચે છે. સાતસો વર્ષ પહેલાના ઈમામની લખેલી કિતાબ છે, જેથી તેની સચોટતા અને ખરાપણા બાબત કશી જ શંકા કે કશો સંશય (વહેમ) નથી. આંખ બંધ કરી ને તેના ઉપર વિશ્વાસ મુકી શકાય. આવા ભરોસાની ભાવના સાથે કિતાબનું વાંચન કરે છે અને તેમાં વર્ણન કરેલી હળાહળ જૂઠી વાતોને સત્ય આધારિત સમજે છે, અને બહેકી જાય છે. તે અજ્ઞાન વાંચકને



લેશમાત્ર જાણકારી નથી હોતી કે આ કિતાબના લેખક તરીકે જે વ્યકિતના નામ આગળ **ઈમામ, મુહદ્દિષ,અલ્લામા, મુહક્કિક** અને **મુફ્તી**ના વિશેષણો ચોંટાડવામાં આવ્યા છે, તે મિલ્લતે ઈસ્લામિયાનો ઈમામ નથી બલ્કે **પાકો અને કટ્ટરપંથી ગાલી શીઆ** છે. તે લેખક ધર્મબંધૂઓને સિરાતે મુસ્તકીમ એટલે કે હિદાયતના માર્ગે દોરવણી કરનાર નથી બલ્કે ગુમરાહિયતની ઊંડી ખીણ માં ધકેલી દેનારો જલ્લાદ છે. અજ્ઞાનતા અને અજાણતાના અંધારની ગાઢ અને ગીચ તથા પ્રકાશ વિહોણા નિર્માલય પડછાયાની ઝાંખપથી પુસ્તકનું વાંચન કરે છે અને તેના ઉપર અંધ વિશ્વાસ મુકીને તે પુસ્તકમાં લખેલી બાબતને પોતાની અકીદત અને માન્યતાના કેન્દ્ર સ્વરૂપે મનમાં આરૂઢ કરે છે. તે ખોટી બાબતને પોતાની ધાર્મિક માન્યતા અને લાગણી બનાવે છે અને અતિ ઉત્સાહના આવેશ, આવેગ, ઉભરા, ઉશ્કેરાટ અને લાગણીના જુસ્સા સાથે પોતાના પરિવારજનો, સ્નેહીઓ, મિત્ર મંડળ અને ઓળખીતાઓ સમક્ષ વર્ણન કરે છે. પરિણામ સ્વરૂપે આ ખોટી માન્યતા વ્યાપકરૂપે પ્રચાર અને પ્રસાર પામી ને જાણયે-અજાણયે **શીઆ ફિર્કાના વિસ્તરણ માટે નિમિત્ત બને છે.**

આવી સેંકડો બલ્કે હજારોની સંખ્યામાં અસત્ય રિવાયતો અને હદીષો શીઆ ફિર્કાના પ્રચારકોએ મુસ્લિમ સમાજમાં પ્રચલિત કરી દીધી છે. જેને અનેક સુન્ની મુસ્લિમો પણ હઝરત અલી અને એહલે બૈયતની અકીદત અને મહોબ્બતની લાગણીના કારણે વગર વિચારે સાંભળે છે, સ્વીકારે છે બલ્કે આવકારે છે.

અહીં એટલી શકયતા નથી કે સાદાતે કિરામની મહોબ્બતના ઓઠા હેઠળ શીઆ ફિર્કાના પ્રચાર માટે કેટલી હદીષો અને કેવી કેવી ખોટી રિવાયતો અને સંપૂર્ણ પણે અસત્ય અને હળાહળ જૂઠાણા ઉપર આધારિત ઘટનાઓ ઉપજાવી કાઢીને તેને વ્યવસ્થિત પ્રચાર આયોજન દ્વારા મુસ્લિમ સંપ્રદાયમાં પ્રચલિત કરવામાંઆવી છે. જેથી સંક્ષિપ્તમાં તે ખોટી હદીષો અને રિવાયતોની એક ઝલક **''શીઆ ફિર્કાના બાતિલ અકીદાઓ''** રૂપે અહીં રજૂ છે.

શીઆ ફિર્કાના ખંડનમાં મિલ્લતે ઈસ્લામિયાના મહાન ઔલિયા, ઔલોમા અને ઈમામોએ મહાન સાર્વત્રિક ખિદમતો અંજામ આપીને અનેક યાદગાર અને ઐતિહાસિક કિતાબો લખી છે. તે બધા મહાનુભાવોની નામાવલિ અત્રે રજૂ કરવી શકય નથી. શીઆ ફિર્કાના ખંડનમાં **શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી**ના અતિ આદરણીય અને સન્માનીય ફરઝંદ, જલીલુલકદ્ર આલિમ, અનેક મહાન આલિમોના

ઉસ્તાદે મહોતરમ **હઝરત અલ્લામા શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દેહલ્વી** રદીઅલ્લાહો અન્હોએ **''તોહફ-એ-ઈષના-અશરિયા''** નામની ફારસીભાષામાં આઠસો (૮૦૦) પેઈજની જે કિતાબ તસ્નીફ ફરમાવી (લખી) છે. તે વાસ્તવમાં ''શીઆ ફિર્કાના ખંડનનું ઈન્સાઈક્લોપીડિયા'' (Encyclopadia) એટલે કે અનેક વિષયોને આવરી લેનારૂં વિશાળ જ્ઞાનકોશ છે. લગભગ બસ્સો (૨૦૦) વર્ષ પહેલા લખાએલી કિતાબનું ખંડન કે ઉતર લખવાથી વિશ્વસ્તરના નામચીન શીઆ આલિમો અને વિશ્વભરના શીઆ પંથીઓ નિરૂત્તર, ખામોશ, લાચાર, કાયર, અક્ષમ, અસમર્થ અને અશકત છે અને ઈન્શાઅલ્લાહ કયામત સુધી આવી જ કાયરતાની ભંગુર અને નાલેશીમાં જ સપડાએલા રહેશે.

આ કિતાબને વિશ્વસ્તરે ખ્યાતિ અને પ્રસિધ્ધી પ્રાપ્ત થએલી છે. અનેક ભાષાઓમાં તેના અનુવાદો થયા છે અને પ્રગટ થયા છે.

આ કિતાબમાં **શીઆ ફિર્કાનું ખંડન** જે સંસ્કાર અને સાહિત્યલક્ષી અંદાજમાં વિસ્તૃત છણાવટ, વાસ્તવિકતાનું સચોટ વર્ણન અને સંદર્ભ પુસ્તકોના હવાલાઓથી આપીને સચ્ચાઈના ઘંટ નો જે ટકોરો અને વિજય ઘોષણા કરી છે, તેનો ટંકાર અને ઘંટરાવ આજે પણ અજય યોધ્ધાની જેમ પોતાના સન્માન અને કિર્તિમાન સાથે અડીખમ છે.

ઉપરોકત કિતાબના સૈજન્યથી આ વિષય એટલે કે મુદ્દા નં. ૧ થી સબંધિત શીઆ ફિર્કા ના બાતિલ અકીદાઓ અને માન્યતાઓ અંગે વાંચક મિત્રોને માહિતીનો રસથાળ પીરસતાં સંક્ષિપ્તમાં સેવામાં રજૂ છે :-

- **ભુતકાળ ના તમામ નબીઓ ઉપર હઝરત અલીને ફઝીલત પ્રાપ્ત છે. એટલે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ સિવાયના તમામ અંબિયા-એ-કિરામ થી હઝરત અલી રદીઅલ્લાહો અન્હો અફઝલ છે. (હવાલો : તો.ઈ.અ. પેઈજ નં. ૯૫)**
- **હઝરત અલી એ તમામ ફરિશ્તાઓને તસ્બીહ અને તેહલીલની તાલીમ આપી છે. તેહલીલ ( تہلیل ) એટલે ''લા-ઈલાહા-ઈલ્લલ્લાહ'' કહેવું.** (હવાલો :- સદરહું - **પેઈજ નં. ૮)**
- **અલ્લાહ તઆલા હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ઉપર વહી મોકલતો રહયો કે મારાથી માંગ, કે જેથી તને ''હુબ્બે-અલી''ની હિદાયત કરૂં, એટલે કે હઝરત અલીની મહોબ્બતની પ્રેરણા આપું (હવાલો :- સદરહુ - પેઈજ નં. ૯૬)**
- **''મહાન અંબિયા-એ-કિરામ રાત - દિવસ પોતાની દુઆઓમાં અલ્લાહ તઆલાથી માંગતા હતા કે અમોને ''શીઆને-અલી''ના સમુહમાં દાખિલ કર.'' (હવાલો :- સદરહુ - પેઈજ નં. ૯૪)**
- **''શીઆ ફિર્કાના ધર્મગુરૂઓએ એક હદીષ ઘઢી કાઢી છે કે ''ઈન્ના-શીઅતા-અલિય્યીન-યગબેતોહુમુર-રૂસુલો-યવમલ-કયામતે'' તર્જુમો ''અલી ના શીઆ એવા મહાન છે કે કયામતના દિવસે અંબિયા-એ-કિરામને પણ તેઓની ઈર્ષા થશે'' (હવાલો :- સદરહું : પેઈજ નં. ૧૧૦)**
- **''એક મનઘડત હદીષનો શીઆ લોકો પ્રચાર કરે છે કે ''લવ-લા-અલીયુન -લમ્મા-ખલકલ્લાહુન-નબીય્યીના-વલ-મલાએકતા'' એટલે કે જો અલી ન હોત, તો અલ્લાહ તઆલા નબીઓ અને ફરિશ્તાઓને પૈદા ન કરત. '' (હવાલો :- સદરહુ - પેઈજ નં. ૧૧૨)**
- **''શીઆ લોકો એક તર્ક એ ઉપજાવે છે કે હઝરત અલી રદીઅલ્લાહો અન્હોની બુઝુર્ગી એવા મહાન મરતબે પહોંચી છે કે લોકો તેઓને ''ઈલાહ'' એટલે કે અલ્લાહ માનવા લાગ્યા.'' (હવાલો :- સદરહુ પેઈજ નં. ૧૨૮)**
- **ઈમામિયા શીઆ ફિર્કાનો એ અકીદો છેકે હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ પછી હઝરત અલી રદીઅલ્લાહો અન્હો ઉપર રસૂલની હૈસિયતથી ફરિશ્તાના માધ્યમથી ''વહી'' નાઝિલ થતી હતી. રસૂલ ઉપર નાઝિલ થતી ''વહી'' અને હઝરત અલી ઉપર નાઝિલ થતી ''વહી''માં ફકત એટલો તફાવત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ફરિશ્તાને જોઈ શકતા હતા પણ હઝરત અલી ફરિશ્તાને જોઈ નહોતા શકતા ફકત અવાજ સાંભળી શકતા હતા. (હવાલો :- સંદર્ભ પેઈજ નં. ૩૪૨)**
- **''તમામ અંબિયાએ કિરામના કમાલાત ફકત એક હઝરત અલીમાં મૌજૂદ હતા. '' (હવાલો :- ''મકતબે-હુસૈન'' (અરબી) લેખક :- અબૂલ મુઅય્યદ ખવારઝમી, પ્રકાશન સ્થળ :- ઈરાન, નૂતન આવૃતિ, જિલ્દ નં. ૧, પેઈજ નં. ૪૪)**
- **''અલ્લાહ તઆલાએ તમામ અંબિયા-એ-કિરામને હઝરત અલીની વિલાયત માટે મોકલેલા'' ✪ જો હઝરત અલી ન હોત, તો કોઈપણ નબી પેદા**

**ન થયો હોત. ✪ હઝરત અલીનો મરતબો તમામ અંબિયા–એ–કિરામથી વધુ છે. (હવાલો :– ''તોહફ–એ–ઈષના અશરિયા'' – ઉર્દુ અનુવાદ – પેઈજ નં. ૭૬૮)**

- ⊙ **''હઝરત અલીની સિફતો અલ્લાહ તઆલાની સિફતો (લાક્ષણિકતા અને વિશેષરૂપ=**Attribute/Adjective **) ની સમકક્ષ હતી.'' ✪ હઝરત અલીને બશર (મનુષ્ય) ન કહેવુ જોઈએ. (હવાલો :– સંદર્ભ પેઈજ નં. ૭૬૮)**
- ⊙ **કુરઆન શરીફમાં જે ''રબ્બુકા'' (એટલે તારો રબ) શબ્દ આવેલ છે. તેનાથી મુરાદ (આશય/**Purport**) હઝરત અલી છે. જેથી હઝરત અલી ''માલિકે–યવ–મિદ–દીન એટલે કે રોઝે–જઝા (કયામતના દિવસ)ના માલિક છે. '' (હવાલો :– સદરહુ પેઈજ નં. ૭૬૮)**

વર્ણનીય ઉપરોકત અકીદાઓ અને માન્યતાઓ સદંતર સ્વરૂપે કુરઆન અને હદીષના પાયાના નિયમોની વિરૂધ્ધ છે. બલ્કે **તોહીદ** (એકેશ્વર) ના અકીદાના મુળભૂત સિધ્ધાંતની વિરૂધ્ધ અને ખંડનકર્તા હોવાના કારણે ''શિર્ક'' છે. હઝરત અલી રદીઅલ્લાહો અન્હો અને એહલે બૈયતની ફઝીલત અને અઝમતના અનુસંધાને શીઆ ફિર્કાની ઉપરોકત માન્યતાઓના સત્ય, આધારભૂત,યોગ્ય, કુરઆન અને હદીષથી પુરવારિત કે મિલ્લતે ઈસ્લામિયાની વિશ્વસનીય અને સ્વીકૃત કિતાબોના હવાલા દ્વારા પુરવારિત નથી. શીઆ ફિર્કાના ધર્મગુરૂઓ, માધાંતાઓ, પ્રચારકો કે અનુયાયીઓ ઉપરોકત માન્યતાની યોગ્યતા પુરવાર કરી શકે તેવી ક્ષમતા જ નથી ધરાવતા. મનમાં જે આવ્યું તે લેખકોએ લખી નાખ્યું અને મુકરિરો (ભાષણકર્તાઓ) એ મોટેથી બાફી નાખ્યું. જેનો શીઆ ફિર્કાના અનુયાયીઓએ વગર વિચારે, વગર સમજે, વગર દલીલે ફકત આંધળી અકીદત (અંધશ્રધ્ધા)ના જોશમાં અતિ ઉત્સાહ સાથે આવકારી અને સ્વીકાર કરી લીધો અને મુસ્લિમ જનસમુદાયમાં પ્રચાર અને પ્રસારના માધ્યમ દ્વારા પ્રચલિત કરી દીધો. આ માન્યતાઓ પ્રચલિત કરવાનો મુખ્ય આશય એ હતો કે જયારે હઝરત અલી રદીઅલ્લાહો અન્હો તમામ અંબિયા-એ-કિરામથી મરતબા અને ફઝીલતમાં ઉચ્ચ છે, તો હઝરત અલીનું સમગ્ર સહાબા-એ-કિરામથી સર્વોચ્ચ હોવું નિઃશંક જ છે. હઝરત અલીની મરતબાની મહાનતા અને સાથે સાથે તેઓના સદગુણો, બહાદુરી, શકિત અને વહીવટી કુનેહ તથા અન્ય વિશેષતાઓના કારણે તમામ સહાબાથી ઉચ્ચ, મહાન અને નંબર વન (૧) હતા. જેથી પહેલા ખલીફા બનવા માટે તેઓ જ, ફકત તેઓ જ લાયક, યોગ્ય અને હકદાર હતા.



# શીઆ ફિર્કાના પ્રચારના મુદ્દા નં. ૨ એટલે કે સહાબા–એ–કિરામની વિરૂધ્ધ પ્રચાર કરવો

પ્રચાર મુદ્દા નં. ૧ ની વાતો લોકોના મગજમાં ઠસાવી દીધા બાદ શીઆ ફિર્કાના પ્રચારકો નેકસ્ટ સ્ટેપ તરીકે મુદ્દા નં. ૨ ને અતિ મહત્વ આપીને મુખ્ય અને મહત્વના મુદ્દા સ્વરૂપે લોકો સમક્ષ એવું વર્ણન કરે છે કે ફકત પાંચ થી સાત સહાબાને બાદ કરીને તમામે તમામ સહાબા એહલે બૈયત અને હઝરત અલીના દુશ્મન હતા. આ બધા સહાબાએ એકસંપ કરીને વ્યવસ્થિત કાવત્રાના આયોજન હેઠળ હઝરત અલીને ફકત ખલીફા નંબર એક બનવાથી વંચિત જ ન રાખ્યા બલ્કે બીજા અને ત્રીજા ખલીફા તરીકે પણ હઝરત અલીનો ચાન્સ લાગવા દીધો નહીં અને લગભગ પચ્ચીસ (૨૫) વર્ષો સુધી હઝરતને ખીલાફત ના પદ અને સન્માનથી દૂર હડસેલી ને જે અન્યાય અને અત્યાચાર કર્યો છે, તે કદી માફ કરી શકાય તેમ નથી. છેક સન હિજરી ૩૫ માં હઝરત અલી ચોથા ખલીફા તરીકે નિમણૂક પામ્યા. પહેલા, બીજા અને ત્રીજા ખલીફા તરીકે અબુબકર, ઉમર અને ઉસ્માન ચઢી બેઠા. આ ત્રણેય ખલીફાઓ હઝરત અલીની સામે લાયકાત અને ફઝીલત ના ક્ષેત્રે વામણા જ હતા, ખલીફા બનવાની તેઓમાં લાયકાત જ નહોતી. પણ શું થાય ? સહાબાનો સમગ્ર સમુદાય તેઓની સાથે હતો કેમકે બધા જ સહાબાના દિલોમાં એહલે બૈયત અને હઝરત અલી ની દુશ્મની ભરેલી હતી. ઈર્ષાની આગમાં સળગતા બધા સહાબાએ એક સંપ કરીને હઝરત અલીને ખિલાફતથી વંચિત રાખીને મનોવાંછિત ઈર્ષાનો પુરાવો પુરો પાડયો છે.

આ રીતે પરિચયની ઓપચારિકતાની બનાવટી પ્રસ્તાવના વર્ણન કરીને શીઆ ફિર્કાના પ્રચારકો સહાબા-એ-કિરામની વિરૂધ્ધ ઝેર ઓકવામાં કશી કચાશ બાકી નથી રાખતા. તેઓને ખિલાફત ના પદે ગેરલાયક ઠરાવવા તથા પ્રથમ ત્રણ ખલીફાઓના સમર્થકો સમગ્ર સહાબાએ કિરામની મહાનતા, મહત્વતા અને અગત્યતાને લાંછન લગાડવા ખોટા અને ઘડમાથા વગરના કિસ્સા-કહાનીઓ ઘડી કાઢીને તેઓ ઉપર અંગત આક્ષેપના આક્રમણો કરીને મુસ્લિમ જનસમુદાયમાં તેઓને બદનામ કરવા માટે જે કૃત્રિમ-બનાવો પોતાની કિતાબોમાં લખ્યા છે, તેના વાંચનથી એવી પ્રતીતી થાય છે કે શીઆ ફિર્કાના લેખકો, વકતાઓ અને પ્રચારકોમાં

લાજ-શરમ, સદાચાર, સત્યતા, સંસ્કાર અને નિતીના નિયમોથી બાર ગાઉ નું છેટું છે. શીઆ ફિર્કા દ્વારા સહાબા-એ-કિરામ વિરૂધ્ધ ઘડી કાઢેલા કૃત્રિમ બનાવો અને આરોપો એટલી વિપુલ સંખ્યામાં છે કે તે બધા કૃત્રિમ બનાવો અને ઘટનાઓનું ક્રમવાર ખંડન અને સમીક્ષા માટે અલગ એક દળદાળ પુસ્તકનું આલેખન થઈ જાય તેમ હોય, અહીં સંક્ષિપ્તમાં વાંચક મિત્રોની જાણકારી માટે શીઆ ફિર્કા દ્વારા કરવામાં આવેલા આક્ષેપો અને તેના અનુસંધાને ઘડી કાઢવામાં આવેલી ઘટનાઓનું ખંડન સચોટ કિતાબોના પુરવારિત સંદર્ભો દ્વારા ખાત્રી કરીને પ્રમાણિકતાના મૂલ્યોનું જતન કરીને ઘણી જવાબદારી સાથે અત્રે રજૂ છે.

## ''શીઆ ફિર્કા દ્વારા સહાબા-એ-કિરામ વિરૂધ્ધ આક્ષેપો-ઘટનાઓ''

### ⊙ હઝરત અબુબકર અને ઉમર જંગમાંથી ભાગી ગયા હતા :-

**''બેઃશક! તે બન્ને (અબુબકર અને ઉમર ફારૂક)ની મહોબ્બત કોઈ મહોબ્બત નથી. તેઓ લડાઈ માટે સૌથી આગળ નિકળ્યા અને પછી ભાગી છૂટયા. જો કે તે બન્ને સારી પેઠે જાણતા હતા કે ભાગવું ગુનાહે અઝીમ (મહાપાપ) છે. તે બન્નેએ હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના ઝંડા** (Flag) **ને ઝિલ્લત અને રૂસ્વાઈ (કલંક અને અપમાન)નું કાપડ પહેરાવી દીધું.''**

(હવાલો : **''નાસેખુત-તવારીખ''** - અરબી - લેખક ઈન્બે અબિલ હદીદ, પ્રકાશિત :- તેહરાન (ઈરાન) **જિલ્દ નં. ૨, પેઈજ નં.- ૨૭૫**)

**ભરૂચ** (ગુજરાત)ની **''અમીરૂલ-મોઅમેનીન-લાયબ્રેરી''** દ્વારા પ્રકાશિત પુસ્તક **''સરદારૂલ અંબિયા હઝરત મોહંમદ મુસ્તફા** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)**નું મુબારક જીવન ચરિત્ર''** લેખકો :- ઈબ્રાહીમ બી. પટેલ તથા મોલ્વી હુસૈન અહમદ પટેલ. આવૃતિ :- પહેલી, પ્રકાશન વર્ષ ડીસેમ્બર - ૨૦૦૯, **ભાગ નં. ૨, પેઈજ નંબર ૩૨૯ થી પેઈજ નં. ૩૩૫** (ગુજરાતી)માં સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે, જંગે ઓહદ માં હઝરત અબુબકર સિદ્દીક, હઝરત ઉમર ફારૂક અને **હઝરત ઉસ્માન ગની** (રદીઅલ્લાહો અન્હુમ) ચાલુ લડાઈએ પીઠ બતાવીને નાસી ગયા હતા.



### ⊙ હઝરત અલીના દુશ્મન તરીકે જલીલુલકદ્ર સહાબાનું લીસ્ટ :-

શીઆ ફિર્કાના અનુયાયીઓ અને સમર્થકોની ઘણી જ જૂની પ્રણાલિકા છે કે તેઓ ગમે તેને કોઈપણના આધાર, પુરાવા કે સાબિતી વગર ''દુશ્મને અલી'' અને ''દુશ્મને એહલે બૈયત''નું ટાઈટલ ઘણી જ સરળતાથી આપી દે છે. શરીઅતની પાબંદીની અગ્રતા અથવા ''હકગોઈ''ની મહત્વતાની વાત ઉચ્ચારો એટલે તે તરત જ છંછેડાઈને રાતો-પીળો થઈ જશે અને અસભ્ય અને અસંસ્કારી વાણી પ્રકોપનો જલ્વો દેખાડી દેશે અને સાથે **''દુશ્મને અલી''**ના ટાઈટલની નવાઝિશ વિશેષ ભેટ સ્વરૂપે નફામાં. સહાબાએ કિરામ રિદવાનુલ્લાહે તઆલા અલૈહીમ અજમઈન ની મુકદ્દસ જમાઅતને અશ્લીલ શબ્દોમાં ભાંડવામાં શીઆ ફિર્કાના લોકોને કોઈ ક્ષોભ કે શરમ નથી આવતી. બલ્કે સહાબા-એ-કિરામની શાનમાં ગુસ્તાખી અને તૌહીન કરવાને તેઓ ઉત્તમ ઈબાદત સમજે છે.

ભોળા અને અજ્ઞાન મુસ્લિમોની એહલે બૈયત પ્રત્યેની અકીદતનો દુરૂપયોગ કરીને સહાબા-એ-કિરામ પ્રત્યે ગેર સમજ અને દુરાગ્રહની ભાવના ઉશ્કેરવા માટે મનમાં આવે તેવી ઘટના અને પ્રસંગ લખી નાખે છે  અને તેના તારણરૂપે સહાબા-એ-કિરામને એહલે બૈયતના દુશ્મન પુરવાર કરવાની મલિન ચેષ્ટા કરે છે.

જલીલુલ-કદ્ર સહાબા-એ-કિરામના મુબારક નામોનું લીસ્ટ પોતાની કિતાબોમાં હઝરતે અલી અને એહલે બૈયતના દુશ્મનો અને વિરોધીઓ તરીકે લખે છે. મુખ્યત્વે ✪ હઝરત અબુબકર સિદ્દીક ✪ હઝરત ઉમર ફારૂક ✪ હઝરત ઉસ્માન ગની ને તો અહેલે બૈયતના મહાશત્રુ તરીકે ચીતરે છે. ઉપરાંત અનેક મશહૂર અને મહાન સહાબાએ કિરામને દુશ્મને અલી અને દુશ્મને એહલે બૈયત તરીકે વર્ણવે છે. જેમ કે ✪ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ ✪ હઝરત ઝુબૈર ઈબ્ને અવામ ✪ હઝરત તલ્હા ઈબ્ને ઉબેદુલ્લાહ ✪ હઝરત અબૂ હુરૈરા ✪ હઝરત મુગીરા બિન શોઅબા ✪ હઝરત ઉર્વા બિન ઝુબૈર ✪ હઝરત અમ્ર ઈબ્ને સઈદ ઈબ્ને આસ ✪ હઝરત સુમરા બિન જુન્દુબ - હઝરત અનસ બિન માલિક - હઝરત અબૂ મસઊદ અન્સારી ✪ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર ✪ હઝરત અબૂ મૂસા અશ્અરી ✪ હઝરત કઅબ ઈબ્ને અહબાર ✪ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર ✪ હઝરત દેહાક બિન કૈસ ✪ હઝરત સઈદ બિન મુસય્યબ ✪ હઝરત ઝૈદ બિન ષાબિત વગેરે (રદીઅલ્લાહો તઆલા અન્હુમ)

(હવાલા માટે જુઓ :- **''શર્હે-ઈબ્ને-અબિલ-હદીદ''** (અરબી) **જિલ્દ નં. ૪, પેઈજ નં. ૪૬૩ થી પેઈજ નં. ૪૭૭,** બ-હવાલા :- **''સહમે-મસ્મૂસ''** લેખક:-ગુલામહુસૈન નજફી શીયઈ, **પેઈજ નં.૧૦૭.**)

⊙ **નમાઝની ઈમામત કરવા માટે હઝરત ઝુબૈર અને તલ્હા વચ્ચે લડાઈ :-**

શીઆ ફિર્કાની મશ્હૂર કિતાબ ''તારીખે યાકૂબી'' માં ''જંગે-જમલ''ના વર્ણનમાં એક પ્રસંગ લખ્યો છેકેઃ-

''નમાઝનો સમય થયો, તલ્હા અને ઝુબૈર વચ્ચે આપસમાં ઝઘડો થયો અને તે બન્ને એક-બીજાને પાછળ ધકેલી દઈને નમાઝની ઈમામત કરવા આગળ વધતો હતો. ત્યાં સુધી કે નમાઝ કઝા થઈ ગઈ. લોકોએ શોરબકોર મચાવી દીધો કે એ અસ્હાબે મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ! નમાઝનો તો વિચાર કરો. જેથી મોટી અમ્મા આઈશાએ ફરમાવ્યું કે એક દિવસ તલ્હાનો દિકરો મુહમ્મદ જમાઅત કરાવે અને એક દિવસ ઝુબૈરનો દિકરો અબ્દુલ્લાહ નમાઝ પઢાવે. જેથી બન્નેએ પોતાની સાળીના ચુકાદા મુજબ સમાધાન કરી લીધો.''

(હવાલો :- **''તારીખે યાકૂબી''** (અરબી) લેખક :- અહમદ બિન અબી યાકૂબ ઈસ્હાક ઈબ્ને જાફર અબ્બાસી, અવસાન સન હિજરી ૨૮૪, **જિલ્દ નં. ૨, પેઈજ નં. ૧૭૦**)

⊙ **સહાબા-એ-કિરામ ઉપર વંશીય અને વ્યકિતગત આક્ષેપોનો તોપમારો :-**

શીઆ ફિર્કાના પ્રખર આલિમ, વકતા અને લેખક **યૂસુફ બિન ફરગલ્લી શમ્સુદ્દીન અબૂલ મુઝફફર સિબ્ત ઈબ્ને જોઝી બગદાદી** એ એક કિતાબ લખી છે. જેનું નામ ''તઝકેરતુલ-ખવાસ'' છે. ઈબ્ને જોઝી અવસાન સન હિજરી- ૬૫૪ ની આ કિતાબ ઈરાનના શહેર ''તહેરાન''થી પ્રગટ થયેલી છે. આ કિતાબ મૂળ સ્વરૂપે અરબી ભાષામાં છે. આ કિતાબના વાંચનથી એવી શંકા ઉત્પન્ન થાય છે કે શું લેખકે ચરસ અને ગાંજાના નશામાં આ કિતાબ લખી છે? કેમકે આ કિતાબમાં સહાબા-એ-કિરામની વિરૂધ્ધ એટલી બધી હલકી કક્ષાની બકવાસ અને આડેધડ આક્ષેપબાઝી કરવામાં આવી છે કે વિવેક બુદ્ધિ, સભ્યતા, સંસ્કારિતા, શિષ્ટાચાર, લાજશરમ અને લજ્જાને સંપુર્ણપણે તિલાંજલી આપીને ઈર્ષાની અગ્નિ, તિરસ્કારનો ધૂંધવાટ, નફરતનો વલોપાત, શત્રુતાનો અજંપો અને બદલાની ભાવનાનો બકવાટ



કરવાની ચંચળતાનો અતિરેક જ દ્રષ્ટિગોચર થાય છે. જેનો અંદાઝો સદરહુ પુસ્તકના નીચે લખેલા સંદર્ભો દ્વારા આવી જશે :-

**(૧) હઝરત અબૂબકર સિદ્દીકની ખિલાફત દુષણ (બુરાઈ) ઉપર આધારિત હતી, જેથી આવા શખ્સને કતલ કરી દેવો જોઈએ. (પેઈજ નં. ૬૧)**

**(૨) હઝરત અબૂબકર અને ઉમરે સ્વાર્થવૃતિ અને આકાંક્ષાની લાલસામાં હઝરત અલીને હુકૂમતનો હક આપ્યો નહીં અને હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના સ્પષ્ટ આદેશનું ઉલંઘન કર્યુ. (હવાલા માટે જુઓ :- પેઈજ નં. ૬૨)**

**(૩) હઝરત અબૂબકર સિદ્દીકમાં ખલીફા બનવાની લાયકાત ન હતી.(હવાલા માટે જુઓ પેઈજ નં. ૬૨)**

**(૪) હઝરત અમ્ર ઈબ્ને આસના બારામાં પાંચ (૫) શખ્સોએ એવો દાવો કરેલો કે આ અમારો પુત્ર છે. (હવાલા માટે જુઓ :- પેઈજ નં. ૬૨)**

જેઓ અર્થ મઆઝલ્લાહ એ થયો કે સહાબી-એ-રસૂલ હઝરત અમ્ર ઈબ્ને આસ રદીઅલ્લાહો અન્હોની વાલેદાએ પાંચ (૫) શખ્સોની સાથે અનૈતિક સબંધો રાખેલો અને ઝના (વ્યભિચાર) કરેલો. જેના પરિણામે તેણીને હમલ (ગર્ભ) રહેલો પણ એવું સ્પષ્ટ નકકી નહોતું થતું કે કઈ વ્યકિત દ્વાર ગર્ભ રહેલો છે. જેથી પાંચ જણાએ દાવો કરેલો કે આ અમારો બેટો છે.

**(૫) હઝરત અમીર મુઆવિયાના ચાર (૪) બાપ હતા અને તેઓની વાલેદા 'હિન્દા' ઝાનિયા (વ્યભિચારી) હતી. (હવાલા માટે જુઓ :- પેઈજ નં. ૨૦૨)**

**(૬) હઝરત ઉમર ફારૂકે 'હિન્દા' એટલે કે હઝરત અમીર મુઆવિયાની વાલેદાની સાથે 'ઝના' (વ્યભિચાર) કરેલો. (હવાલા માગટે જુઓ :- પેઈજ નં. ૨૦૩)**

હવે શીઆ ફિર્કાની અન્ય કિતાબોના હવાલા રજૂ છે.

⊙ **હઝરત ઉસ્માનગની અને શહીદ કરી નાખવા માટે હઝરત આઈશા સિદ્દીકા એ જ લોકોને ઉશ્કેરેલા અને હત્યા માટે પ્રેરણા આપેલી.**

**''હઝરત આઈશા એ હઝરત ઉસ્માનગનીની હત્યા માટે લોકોને ઉશ્કેરેલા અને ત્યાં સુધી કહેલું કે આ લાંબી દાઢીવાળાને કતલ કરી નાખો, તે કાફિર થઈ ગયો છે. ''**

(હવાલાઓ :- (૧) ''કિતાબુલ - ફુતૂહ'' (અરબી) લેખક :- અહમદ બિન આષમ કૂફી, અવસાન સન હિજરી :- ૩૧૪, પ્રકાશન સ્થળ :- મદીના મુનવ્વરા. જિલ્દ નં. ૨, પેઈજ નં. ૨૪૯.

(૨) **''રવઝતુસ-સફા''** (ફારસી) લેખક :- મુહમ્મદ મીર ખ્વાન્દ, અવસાન સન હિજરી :- ૯૦૩, પ્રકાશન સ્થળ :- લખનૌ (ભારત) **જિલ્દ નં. ર, પેઈજ નં. ૪૭૮**

ઉપરોક્ત બન્ને હવાલાઓ મનમાં આવ્યું તે લખી નાખ્યું થી વિશેષ કોઈપણ આધાર કે પુરાવા વિહોણા છે. ફક્ત શીઆ ફિર્કાના લેખકો દ્વારા લખવામાં આવેલી હલકી અને નિમ્ન કક્ષાની ''ચોપડીઓ''માં જ આ ઈબારત લખેલી છે. મિલ્લતે ઈસ્લામિયાના મહાન લેખકોની કોઈપણ વિશ્વસનીય અને આધારભૂત કિતાબમાં તેનું નામો-નિશાન નથી. ફક્ત હઝરત આઈશા સિદ્દીકા રદીઅલ્લાહો અન્હાને હઝરત ઉસ્માનગની રદીઅલ્લહો અન્હોના હત્યારા તરીકે બદનામ કરવા માટે આ મનઘડત વાત ઉપજાવી કાઢી છે.

⊙ **હઝરત ઉસ્માન ગનીની લાશ ત્રણ (૩) દિવસ સુધી કફન-દફન વગર પડી રહેલી. એક પગ કુતરા કાપીને લઈ ગએલા :-**

**હઝરત ઉસ્માન ગની** રદીઅલ્લાહો અન્હોની શહાદતના અનુસંધાને શીઆ ફિર્કા માટેની વિશ્વસનીય અને આધારભૂત કિતાબમાં નીચે મુજબનું દિલ કંપાવી દેનારૂ મનઘડત લખાણ છે કે :-

**''હઝરત ઉસ્માન ગની કે શહીદ હો જાને કે બાદ તીન (૩) તીન દિન તક ઉસકી ના'શ (લાશ) કુડે કિરકટ કે એક ઢેળ (ઉકરડાના ઢગલા) પર પડી રહી. હત્તા કે આપ કી ટાંગ કુત્તે કાટ કર લે ગએ. ફિર કહીં જા કર હઝરત અલી મુર્તઝા રદીઅલ્લાહો અન્હોંને ઉન્હેં દફન કરને કા હુકમ દિયા. એક મિસ્રી શખ્સ ઔર દૂસરે બહોત સે લોગોં ને કહાં કે ઈન્હેં યહૂદિયોં કે કબ્રસ્તાન મેં હી દફનાયા જાએ.''**

નોટ :- અરબી ઈબારતનો ઉર્દુ અનુવાદ ગ્રહણ :- **''મીઝાનુલ-કિતાબ''** (ઉર્દુ) લેખક :- મુહકિકે ઈસ્લામ, હઝરત મૌલાના મુહમ્મદ અલી, પ્રકાશકઃ- મકતબા નૂરિયા હસનિયા, બિલાલ ગંજ, લાહોર - પાકિસ્તાન, પ્રકાશન વર્ષ :- ઓગષ્ટ - ૧૯૯૩, **પેઈજ નં. ૧૯૦.**

(હવાલો :- **''કિતાબુલ-ફૂતુહ''** (અરબી) લેખક :- અહમદ બિન આષમ કૂફી, અવસાન સન હિજરી :- ૩૧૪, **(જિલ્દ નં. ર, પેઈજ નં. ર૪૭)**



⊙ **હઝરત આઈશા સિદ્દીકાની હત્યા અમીર મુઆવિયાએ કરી છે :-**

ગપગોળા હાંકવામાં શીઆ ફિર્કાના પ્રચારકોને કોઈપણ પહોંચી ન શકે. કયાં ની વાત કયાં ફિટ કરી દેવી, કયાં કઈ વાર્તા રચી નાખવી અને કયાં કઈ ઘટનાનું અસ્તિત્વ ઉપજાવી કાઢવું, એ બધા જુઠાણા અને કૃત્રિમ સર્જનોમાં શીઆ ફિર્કાના લેખકો અને પ્રચારકો પાવરધા છે.કલ્પના બહારની એક નવી કહાની ઘડી કાઢી કે ઉમ્મુલ મોઅમેનીન, **હઝરત આઈશા સિદ્દીકા** રદીઅલ્લાહો અન્હાની હત્યા કરીને તેઓને કુવામાં દાટી દેવાનું અધમ કૃત્ય **હઝરત અમીર મુઆવિયા** રદીઅલ્લાહો અન્હોએ આચરેલું. શીઆ ફિર્કાની ફારસી ભાષામાં અસલ કિતાબનો ઉર્દુ અનુવાદ ગુજરાતી લિપિયાંતર નીચે રજૂ કર્યુ છે.:-

**''એક દિન મુઆવિયાને આઈશા સે કહેલા ભેજા કે આજ આપ કી દાવત હૈ ઔર દાવત કા સામાન યે કિયા હૈ અપની કયામગાહ મેં ખુફિયા તૌર સે એક કુંવા ખુદવાયા ઔર ઉસ કા મુંહ ખસ વ ખાશાક** (કચરો, એંઠવાડ) **સે ભર દિયા, ઔર ઉસ પર આબનૂસ** (કઠણ કાળા લાકડા અબનૂસ) **કી કુર્સી ડાલ દી. જબ બીબી આઈશા ઉસ મકાન મેં તશ્રીફ લાઈં, તો મુઆવિયાને ઉસ કુંવે કી તરફ ઈશારા કિયા કે ઈસ પર તશ્રીફ રખેં. આઈશા કદમ રખતે હી કુંવે મે ગિર પડી. મુઆવિયાને ઉસ કુંવે કો ચુને** (Lime) **સે ભરવા દિયા ઔર બંદ કર દિયા ઔર મદીના વાપસ આ ગએ. ''**

(હવાલો :- **''હબીબુસ્સચર''** (ફારસી) લેખક :- ગિયાસુદ્દીન મુહમ્મદ ઈબ્ને હુમામુદ્દીન, અવસાન સન હિજરી :- ૯૪૩, પ્રકાશન સ્થળ :- મુંબઈ, **જિલ્દ નં. ૩, પેઈજ નં. ૮૫.**

વાંચક મિત્રોથી વિનંતી છે કે ઉપરોક્ત રિવાયતમાં કેટલી હદે ગપગોળા હાંકવામાં આવ્યા છે, તે જુઓઃ-

- હઝરત **આએશા સિદ્દીકા** રદીઅલ્લાહો અન્હા **''મદીના મુનવ્વરા''**માં રહેતા હતા, જયારે **હઝરત અમીર મુઆવિયા** રદીઅલ્લાહો અન્હો **''દમિશ્ક''** (મુલ્કેશામ/Syria)માં રહેતા હતા. તો ''દઅવત'' એટલે જમવાની દઅવત કયા સ્થળે હતી ? મદીનામાં કે દમિશ્કમાં?
- જો મદીનામાં હતી તો હઝરત અમીર મુઆવિયા સન હિજરી :- ૫૯ માં મદીના શરીફ આવેલા, તેનો પુરાવો શું છે?
- હઝરત આએશા સિદ્દીકાની વફાત સન હિજરી ૫૯ માં છે, જો આ ઘટના સાચી હોય,

તો તે ઘટના સન હિજરી ૫૯ માં જ થઈ હોવી જોઈએ.

✸ જો આ ઘટના ''દમિશ્ક''માં બની હોય, તો સન હિજરી ૫૯ માં હઝરતે આએશા દમિશ્ક તશરીફ લઈ ગએલા, તેનો પુરાવો શું છે?

✸ હઝરત આએશાને જમવાનું આમંત્રણ હઝરત અમીર મુઆવિયાએ કોના મારફત મોકલેલું? લેખિત આમંત્રણ મોકલેલું ? કે મૌખિક આમંત્રણ હતું?

✸ જમવાનું આમંત્રણ લૈખિત અથવા મૌખિક, જે કંઈપણ હોય, તે આમંત્રણ આપવા હઝરત અમીર મુઆવિયાના પ્રતિનિધી તરીકે કોણ આવેલું ? તેનું નામ શું હતું? કયાંનો રહેવાસી હતો?

✸ જમવાનું આમંત્રણ આપવા આવેલો શખ્સ સહાબી હતો, તાબઈ હતો, તબએ-તાબઈ હતો કે અન્ય કોઈ?

✸ આમંત્રણ આપવાની સેવા બજાવનાર શખ્સ કયાંથી કયાં ગએલો ?

✸ જો કોઈ વ્યકિત મારફત આમંત્રણ મોકલવાનું પુરવાર ન કરી શકો, તો ફકત એટલું બતાવી દો કે આમંત્રણનો સંદેશો કયા માધ્યમ દ્વારા પાઠવવામાં આવેલો ? ટપાલ, તાર, કે ટેલીફોન દ્વારા ? (ગપ મારો તો વાંધો નથી)

✸ હઝરત આએશા સિદ્દીકાએ આમંત્રણનો સ્વકીાર કરીને પોતાના આગમનની જાણ હઝરત અમીર મુઆવિયાને કઈ વ્યકિત મારફત કે કયા સંદેશ વાહક માધ્યમ દ્વારા કરેલી? તેનો સચોટ પુરાવો રજૂ કરી શકશો?

✸ હઝરત આએશા જમવા પધારવાના છે તેની જાણ અમીર મુઆવિયાને થઈ, એટલે કિતાબની ઈબારત **''ઔર દા'વત કા સામાન યે કિયા''** મુજબ હઝરત અમીર મુઆવિયાએ તડામાર તૈયારીઓ શરૂ કરી, બરોબર ને?

✸ પધારવાની જાણ અને તશરીફ આવરી એટલે કે પધરામણી વચ્ચે કેટલા સમયનો અંતર હતો?

✸ તે સમય ગાળા દરમિયાન હઝરત અમીર મુઆવિયાએ બધી તૈયારી પૂરી કરી લીધેલી?

✸ કિતાબની ઈબારતમાં વર્ણન કર્યા મુજબ - કુવો ખોદવો - કુવાના મુખને કચરા, ઐંઠવાડ કે અન્ય વસ્તુઓ દ્વારા બંધ કરવું - તેના ઉપર આબનુસ કાળા લાકડાની ખુરશી રાખવી, આ બધી તૈયારીઓ સ્વીકૃતી ના સંદેશા અને પધરામણી વચ્ચેના સમયમાં આટોપી લેવામાં આવી હતી?

✸ કુવો કેટલા ફુટ ઊંડો ખોદેલો ? કુવો ખોદવા માટે કેટલા માણસોને કામે લગાડેલા?



✸ ખુરશી તો માની લઈએં કે પહેલેથી તૈયાર હતી પણ ખુરશીને કુવા ઉપર ગોઠવવા માટે કુવાના મુખને એવી રીતે બંધ કરવો કે કુવાનો ખાડો અકબંધ રહે અને કુવાની અંદરનો પોલાણ બૂરાઈ એટલે કે ભરાઈ ન જાય અને ફકત ઉપરના ભાગે જમીનને સમતલ કરીને આબેહૂબ જમીનનું સ્વરૂપ આપી દઈને તેના ઉપર ખુરશી મુકી દેવી કે કાવત્રાનો ભોગ બનનાર વ્યકિતને લેશમાત્ર શંકા ન જાય કે ખુરશીની નીચેના ભાગે ઊંડો ખાડો છે.

✸ દા'વતની મિજબાની માણવા હઝરતે આએશા રદીઅલ્લાહો અન્હા એકલા જ પધારેલા કે સંગાથે કોઈ હતું? કેટલી વ્યકિતઓ સાથે હતી? સ્ત્રીઓ કેટલી હતી અને પુરૂષો કેટલા હતા?

✸ જો હઝરત આએશા સમુહમાં હઝરત અમીર મુઆવિયાને ત્યાં જમવા આવેલા, તો તેઓ કેટલા માઈલનું અંતર કાપીને આવેલા ? પ્રવાસના વાહનો શું હતા? હાથી, ઘોડા, ઉંટ, ગધેડા કે અન્ય? (ગપ મારીને મોટરકાર કહેવાની મનાઈ છે, કેમકે તે સમયમાં મોટર કારની શોધ નહોતી થઈ, તો પ્લેન કે હેલીકોપ્ટર નો તો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો)

✸ જો હઝરત આએશા સમુહમાં નહીં બલ્કે એકલા જ આવેલા, તો પ્રવાસ કેવી રીતે ખેડેલો ? ઊંટ ઉપર સવાર થઈને આવેલા, તો ઉપર પાલખી અથવા ડોલી (Litter) માં બેસીને આવેલા ? ઊંટને દોરવીને કોણ ચાલ્યું?

✸ હઝરત આએશા જો સમુહમાં નહોતા આવ્યા અને એકલાં જ આવેલા, તો તદ્દન એકલા તો નહીં જ આવેલા. ઊંટબાન, ખાદિમા, ખાદિમ કે માર્ગદર્શક બે-ચાર જણા તો અવશ્ય સાથે જ હતા. તો હઝરત આએશા કાવત્રાનો ભોગ બનીને ખુરશી ઉપર બેસતાં જ કુવાની અંદર ધકેલાઈ ગએલા, ત્યારે આ લોકો એ હઝરત આએશાને બચાવવા કશું જ કર્યુ નહીં? રાડોરાડ કે ચીસાચીસ કરીને બચાવો બચાવો ના પોકારો પણ ન કર્યા?

✸ બની શકે કે આ લોકોએ હઝરત આએશાને બચાવવાનો પ્રયત્ન કર્યો હોય, પણ હઝરત અમીર મુઆવિયાએ તે બધાને પણ મારી નાખ્યા?

✸ કિતાબની ઈબારતના શબ્દો **''આઈશા કદમ રખતે હીં, કૂવે મેં ગિર પડીં''** ત્યારબાદના શબ્દો છે કે **''મુઆવિયાને ઉસ કૂંવે કો ચુને** (Lime) **સે ભરવા દિયા''** તો શું હઝરત અમીર મુઆવિયાએ ચુનાનો જથ્થો મોટા પ્રમાણમાં પહેલેથી મંગાવી ને તૈયાર રાખેલો ?

✸ ચુનો જ શા માટે પસંદ કર્યો? માટી, રેતી, પત્થર કે કાંકરી શા માટે નહીં ? શું નજીકમાં ચુનો ઉત્પાદન કરતી ફેકટરી કે ચુનાના ભઠ્ઠા હતા?

✸ એક પ્રશ્ન એ પણ ઉપસ્થિત થાય છે કે કૂવામાં પાણી હતું કે નહીં? ઉપરાંત, જે ચુના દ્વારા કૂવાને બૂરવામાં આવેલ તે ચૂનો પાવડર સ્વરૂપે હતો કે ગાંગડા (Lumps) સ્વરૂપે હતો ? કેમ કે જો કૂવામાં પાણી હોય અને તેમાં ચૂનાના ગાંગડા નાખવામાં આવે, તો ચૂનાના ગાંગડા ફૂટે અને પાવડર બની જાય. આ પ્રક્રિયા દરમિયાન ચૂનાના ગાંગડામાંથી અતિશય ગરમી નિકળે અને ધૂમાડો ફેલાય. તે ગરમીનું ઉષ્ણતામાન એટલું બધું હોય કે તેમાં જે કંઈપણ વસ્તુ નાખી દેવામાં આવે, તે પીગળી જાય અથવા સળગી જાય. ઉપરાંત ચુનાના ગાંગડાની સરખામણીમાં ચુનાનો પાવરડ વધુ જગ્યા રોકે અને સંગ્રહ સ્થાન (Store Place) નું ક્ષેત્રફળ વધુ જોઈએ. જેથી જો હઝરત આઈશાને કૂવામાં ધકેલી દઈને હઝરત અમીર મુઆવિયાએ ચુના દ્વારા કુવો બૂરી દીધો હોય, અને જો કુવામાં પાણી હોય, તો ચુનાના ગાંગડા ફુટવાના કારણે ઉત્પન્ન થતી અગ્નિ સ્વરૂપની ગરમીમાં માનવ શરીરના અંગો ફકત હાડપિંજર જ બાકી રહે અને તે હાડપિંજર ચુનામાં એવી રીતે અટવાઈ જાય કે તેને અલગ કરવું પણ કઠીન બની જાય.

✸ શીઆ લેખકથી ફકત એક જ પ્રશ્ન છે કે કુવામાં ધકેલાયા બાદ અને ચુનામાં દબાઈ ગયા બાદ હઝરત આઈશાનું મુકદ્દસ શરીર હાથ લાગેલું કે નહીં? જો હાથ લાગેલું તો તેની શું દશા હતી?

✸ અસત્યના નિષ્ણાંત એવા શીઆ લેખકની વર્ણનીય ઈબારતમાં છે કે **''મુઆવિયા ને ઉસ કૂંવે કો ચૂને સે ભરવા દિયા ઔર બંદ કર દિયા ઔર મદીના વાપિસ આ ગએ.''** જેનો સ્પષ્ટ અર્થ એ થયો કે આ ઘટના મદીના મુનવ્વરા શહેરમાં નહોતી બની બલ્કે ખૂદ લેખકના શબ્દો **''અપની કયામગાહ મેં ખૂફિયા તૌર સે એક કૂંવા ખુદવાયા''** મુજબ આ ઘટના હઝરત અમીર મુઆવિયાના રહેઠાણે (ઘરે) બનેલી અને હઝરત અમીર મુઆવિયાનું રહેઠાણ એટલે કે મકાન એટલે કે નિવાસ સ્થાન **''દમિશ્ક''**માં હતું.

✸ ''મદીના શરીફ'' (અરબસ્તાન) થી ''દમિશ્ક'' (સિરીયા) સુધીનું અંતર **૧૩૨૪, k.m.** છે તો પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે, હઝરત અમીર મુઆવિયાની દા'વત જમવા માટે હઝરત આએશા એ એક હાજર, ત્રણસો ચોવીસ (૧૩૨૪)k.m.નો પ્રવાસ ખેડયો? અને જો પ્રવાસ ખેડયો, તો તે પ્રવાસ કેટલા દિવસોમાં પૂરો થયો?



✸ ચોકકસ ખાત્રીપૂર્વક કહી શકાય છે કે આજથી લગભગ ચૌદસો (૧૪૦૦) વર્ષો પહેલા પ્રવાસનના ઝડપી વાહનો હતા જ નહીં. તો પુરવાર થયું કે ૧૩૨૪ કિલો મીટરનું અંતર ફકત એક દિવસમાં તો કાપી જ ન શકાય બલ્કે અનેક દિવસો બલ્કે અનેક અઠવાડિયા લાગે, પણ આ ઘટના વર્ણન કરનાર ડીંગબાઝ શીઆ મહાશયની કિતાબની ઈબારતના શબ્દો જુઓ **''એક દિન મુઆવિયાને આઇશા સે કહેલા ભેજા કે આજ આપ કી દા'વત હૈ.''** એટલે કે જે દિવસે જમણવારનું આયોજન કરેલું, તે દિવસે જ આમંત્રણ પાઠવેલું.

✸ જે દિવસે આમંત્રણ મળ્યું, તે દિવસે જ હઝરત આએશા દા'વત ખાવા પહોંચી ગયા? દાવત બપોરના લંચ (Lunch) સમયની હતી કે રાતના ડીનર (Dinner) ની?

✸ આમંત્રણ દિવસે જ મળેલું એટલે આગલી રાત્રે પ્રવાસ આરંભીને પ્રવાસનો પંથ કાપવો શરૂ નહોતો કર્યો બલ્કે સવારે (દિવસે) આમંત્રણ મળતા જ એકપણ ક્ષણનો વિલંબ કર્યા વગર ચાલી નિકળયા? માની લો કે આમંત્રણ રાતના ભોજનનું હતું, તો આખો દિવસ પ્રવાસ પંથ કાપતાં કાપતાં ૧૩૨૪ k.m. ના અંતરે સંધ્યા સમયે મદીના મુનવ્વરાથી દમિશ્ક પહોંચી ગયા?

આટલો ઝડપી પ્રવાસ હઝરત આઈશા રદીઅલ્લાહો તઆલા અન્હાએ કયા ઝડપી વાહન દ્વારા કરેલો? તેની માહિતી આ ઘટના આલેખનારા શીઆ ફિર્કાના ગપ્પી અને ''ફેકુ'' લેખક આપી શકે તેમ છે?

✸ હઝરત આઈશા રદીઅલ્લાહો અન્હા હઝરત અમીર મુઆવિયાના ઘરે ગયા અને તેણીને હઝરત અમીર મુઆવિયા દ્વારા પકાવી રોખલા સ્વાદિષ્ટ ભોજન આરોગવાનો અવસર જ પ્રાપ્ત ન થયો. કેમ કે જતાંની સાથે જ હઝરત અમીર મુઆવિયાએ આગતા-સ્વાગતાની પ્રણાલિકા વ્યકત કરી કૂવા ઉપર રાખેલી ખુરશી ઉપર બેસવાની હઝરત આઈશાને વિનંતી કરેલી.

✸ હઝરત અમીર મુઆવિયાની વિનંતીને માન આપીને હઝરત આઈશા કૂવા ઉપર રાખેલી ખુરશી ઉપર બિરાજમાન થયા... અને... અમીર મુઆવિયાનું કાવત્રું સફળ થયું અને હઝરત આઈશા... ધડામ....કરીને... કુવાના ખાડામાં ગરકાવ થઈ ગયા કે તરત જ કુવો ચુના દ્વારા બૂરી નાખવામાં આવ્યો.

✸ જેવા જ હઝરત આઈશા કુવામાં દફન થઈ ગયા કે તરત જ હઝરત અમીર મુઆવિયા લેખકના ગપગોળા મુજબ **''મદીના વાપસ આ ગએ.''** જેનો સીધો અને સરળ અર્થ એ થયો કે હઝરત અમીર મુઆવિયા હઝરત આઈશાની હત્યા

કરીને ફરાર થઈ ગયા અને ફરાર થઈને મદીના ભાગી ગયા.

- ✸ કોઈપણ અપરાધી અપરાધ કર્યા પછી ઘટના સ્થળેથી ફરાર થઈ જાય, તેની પાછળ નો આશય ફકત એ હોય છે કે તેની કાયદાની ચુંગાલમાં ફસાઈને ધરપકડ ન થઈ જાય. જેથી તે સુરક્ષિત સ્થળે આશરો લેવા ભાગી જાય છે.
- ✸ વર્ણનીય કૃત્રિમ ઘટનામાં શીઆ ફિર્કાના લેખકે સાક્ષાત મુર્ખાઈનું પ્રદર્શન કરીને હત્યા ની ઘટનામાં એવું વર્ણન કર્યુ છે કે, કાવત્રાને અંજામ આપ્યા બાદ હઝરત અમીર મુઆવ્યિા મદીના શરીફ ચાલ્યા ગયા, પણ મદીના શહેર આ અપરાધિક ઘટના બાદ હઝરત અમીર મુઆવિયા માટે હરગિઝ સુરક્ષિત આશ્રય સ્થાન ન હતું.
- ✸ કેમ કે હઝરત આઈશા સિદ્દીકા રદીઅલ્લાહો અન્હા અમીર મુઆવિયાને ત્યાં દા'વતમાં જવા માટે મદીના શરીફ ખાતેના પોતાના નિવાસ સ્થાનેથી રવાના થએલા, ત્યારે ગુપ્ત રીતે કે ચોરી છૂપી થી તો નહોતા નિકળેલા, બલ્કે પરિવારજનો, સમર્થકો અને આપ્તજનોને કહીને નિકળેલા કે હૂં અમીર મુઆવિયાને ત્યાં જમવા જાઉં છૂં.
- ✸ ગપીદાસ શીઆ લેખકના વર્ણન મુજબ દા'વતમાં ગયા પછી હઝરત આઈશા પાછા નહોતા આવ્યા કેમ કે હઝરત અમીર મુઆવિયાએ રચેલા કાવત્રાનો ભોગ બનીને કૂવામાં દફનાઈ ગયા હતા. જેથી તેઓ દા'વતમાંથી પરત પાછા ન આવતાં કુટૂંબીજનો બલ્કે સમગ્ર શહેરમાં હાહાકાર મચી ગયો હશે કેમ કે **હઝરતે આઈશા સિદ્દીકા** કોઈ સામાન્ય સ્ત્રીપાત્ર ન હતા બલ્કે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના પૂનિત પત્નિ હોવાના નાતે સમગ્ર મિલ્લતે ઈસ્લામિયાના ''માઁ'' હતા. જેથી જ ઉમ્મુલ મોઅમેનીનનું દા'વતમાં ગયા બાદ ગુમ થઈ જવું કોઈ નાની-સૂની બાબત ન હતી. આ બાબત અવશ્ય ચર્ચાનો વિષય બની હશે જ.
- ✸ હઝરત આઈશાનું દા'વતમાં ગયા બાદ ગુમ થઈ જવું સમગ્ર મદીના શહેર માટે ચિંતા, વ્યથા અને જિજ્ઞાસાનું કારણ બન્યુ હશે. દરેક વ્યકિત આપના માટે ફિકરમંદ અને વ્યથિત બનેલ હશે. વ્યાપક ધોરણે આપની શોધખોળ આરંભવામાં આવી હશે.
- ✸ ચિંતા, વ્યથા અને તપાસના વાતાવરણ વચ્ચે હઝરત અમીર મુઆવિયા જાહેરમાં દેખા દે, તો લોકો અવશ્ય વિસ્મયતા પામે. કેમ કે જેની દાવત ખાવા મહેમાન આઈશા ગયા, તેણીનો તો અતો પતો નથી પણ યજમાન દેખાઈ રહયા છે,



હઝરત અમીર મુઆવિયા કોઈ સામાન્ય કક્ષાના વ્યકિત નહોતા બલ્કે સમગ્ર ઈસ્લામી સામ્રાજયના બાદશાહ હતા.

- ✸ હઝરત અમીર મુઆવિયાના 'રાજા' (બાદશાહ) હોવાના પુરાવારૂપે સરકારે દો આલમ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનો મુબારક ઈર્શાદ (હદીષ) અત્રે રજૂ છે.

### :: હદીષ શરીફ ::

عَـنْ سَـفِينَةَ، قَالَ سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ " :الْخِلَافَةُ بَعْدِى ثَلَاثُونَ سَنَةً، ثُمَّ تَكُونُ مُلْكًا"،

**حوالہ:۔**

(۱) **"الإحسـان فی تقريب صحيح ابن حبان"**، مؤلف: محمد بن حبان بن أحمد بن حبان (المتوفى: ۳۵۴هـ)، ناشر: مؤسسة الرسالة، بيروت(لبنان)، طبع اول: ۱۹۸۸ء، **جزء:۱۵، صفحه: ۳۹۲**

(۲) **"المعجم الكبير"**، مؤلف: سليمان بن أحمد بن أيوب أبو القاسم الطبرانی (المتوفى: ۳۶۰هـ)،ناشر: مكتبة ابن تيمية -القاهرة(مصر)، **جلد: ۷، صفحه: ۸۳**

(۳) **"شرح الزرقانی علی المواهب اللدنية"**، مؤلف: أبو عبد الله محمد بن عبد الباقی الزرقانی المالكی (المتوفى:۱۱۲۲هـ)، ناشر: دار الكتب العلمية، بيروت(لبنان)، طبع اول: ۱۹۹۶ء، **جزء: ۷، صفحه: ۴۱۸**

**ترجمہ:۔**

''حضرت سفینہ سے مروی ہے، وہ فرماتے ہیں کہ میں نے رسول اللہ ﷺ کو ارشاد فرماتے ہوئے سنا کہ:۔ میرے بعد تیس سال تک خلافت ہوگی، پھر بادشاہت ہوگی۔''

ઉપરોકત હદીષના ઉર્દૂ અનુવાદનો ગુજરાતી ભાષાંતર :-

**''હઝરત સફીના રદીઅલ્લાહો અન્હોથી રિવાયત છે, તેઓ ફરમાવે છે કે મૈં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને ઈર્શાદ ફરમાવતા સાંભળ્યા છે કે** મારા પછી ત્રીસ (૩૦) વર્ષો સુધી ખિલાફત રહેશે, પછી બાદશાહત હશે.''

હદીષ શરીફની ઉપરોકત આગાહી (Prophecy/ભવિષ્યવાતણી) સચોટ સ્વરૂપે પુરવાર થઈનેરહી.

| | વર્ષો | મહિના | દિવસો |
|---|---|---|---|
| હઝરત અબૂબકર સિદ્દીકની ખિલાફત નો સમય :- | ૦૨ | ૦૩ | ૦૯ |
| હઝરત ઉમર ફારૂકે આઝમની ખિલાફતનો સમય :- | ૧૦ | ૦૭ | ૦૬ |
| હઝરત ઉસ્માન ગની ની ખિલાફત નો સમય :- | ૧૧ | ૧૧ | ૧૯ |
| હઝરત અલીશૈરે ખુદાની ખિલાફતનો સમય :- | ૦૪ | ૦૮ | ૨૯ |
| **ટોટલ** | **૨૯** | **૦૭** | **૦૩** |

ઉપર મુજબની ગણતરી પ્રમાણે પહેલા ખલીફા હઝરત અબુબકર સિદ્દીકથી ચોથા ખલીફા હઝરત અલી મુર્તઝા રદીઅલ્લાહો અન્હુમા એમ કુલ ચાર (૪) ખલીફાઓની ખિલાફતનો સમય ગાળો **૨૯ વર્ષ + ૦૭, મહિના + ૦૩** દિવસ નો છે. ત્યાર બાદ **હઝરત ઈમામ હસન** ખલીફા તરીકે ફકત છ (૬) મહિના રહયા છે. જે હિસાબે હદીષ શરીફના ફરમાન મુજબ કુલ **૩૦, વર્ષ + ૦૧, મહિનો + ૦૩ દિવસ** ખિલાફતનો કાળ રહયો. સન હિજરી :- ૪૧માંહઝરત ઈમામ હસને ખિલાફતના કારભારથી સન્યાસ લઈ લીધો અને સન હિજરી ૪૧ના માહે રબીઉલ આખરમાં તખ્તે ખિલાફત નો હવાલો હઝરત અમીર મુઆવિયા ને સુપ્રત કરી દીધો અને ત્યાર થી હઝરત અમીર મુઆવિયાનું શાસનકાળ આરંભાયું અને આપ ઈસ્લામના પ્રથમ બાદશાહ તરીકે પ્રસિધ્ધ થયા. જેવું કે હદીષ શરીફમાં છેકે **હુઝૂરે અકદસ, જાને ઈમાં આલિમે મા-કાના-વમા-યકૂનો** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે **હઝરત અમીરે મુઆવિયા** થી સંબોધીને ફરમાવ્યું કે **''એ મુઆવિયા! જયારે તમો બાદશાહ બની જાઓ, તો પ્રજાની સાથે સદવર્તન કરજો''**

(હવાલો :- તારીખુલ ખુલફા-અુનવાદ - **પેઈજ નં. ૪૦૫**)



**હવે આપણે ચર્ચાના મૂળ વર્ણન પ્રત્યે પરત આવીએ.**

* હઝરત અમીર મુઆવિયા **''બાદશાહે વકત''** (તે સમયના રાજા) હતા. જેથી સમગ્ર મુલ્કે હિજાજ (અરબસ્તાન) ની દરેક વ્યકિત તેઓને ઓળખતી હતી. હઝરત આઈશાની હત્યા કરીને તેઓ મદીના શરીફમાં ફરાર વ્યકિત તરીકે ગુપ્તપણે સ્થાયી થઈ જ ન શકે.
* ભોજન આમંત્રણમાં જનાર મહેમાન ગુમ અને યજમાન મૌજૂદ- શું મદીના શરીફના લોકો અને હઝરત આઈશાના પરિવારજનોએ હઝરત અમીર મુઆવિયાથી હઝરત આઈશા વિષે કોઈપણ જાતની પુછપરછ જ ન કરી?
* જો હઝરત આઈશા ના પરિવાજનો, સ્નેહીઓ, સમર્થકો અને મદીનાની પ્રજાને લેશમાત્ર પણ શંકા હઝરત અમીર મુઆવિયા પ્રત્યે ઉત્પન્ન થઈ હોત, તો શું હઝરત અમીર મુઆવિયા મદીનાથી હેમખેમ બલ્કે જીવતા બચી ને જઈ શકયા હોત?

## રહસ્યમય ગૂંચવાડો - મહત્વનો પ્રશ્ન

* **શીઆ ફિર્કા** ના ગપગોળાના તોપચી (Gunner) ગિયાસુદ્દીન ઈબ્ને હુમામુદ્દીને પોતાની કિતાબ **''હબીબુસ્સચર''**નામી તોપથી જૂઠાણાનો ગોળો છોડીને ભરડી નાખ્યું કે અમીર મુઆવિયાએ કાવત્રું કરીને હઝરત આઈશાને કુવામાં ધકેલી દઈને કૂવાને ચુના દ્વારા ભરી દીધો.
* જેનો સ્પષ્ટ અર્થ એ થયો કે વર્ણનીય ચુનો ભરેલો કૂવો હઝરત આઈશાની કબર એટલે કે 'મઝાર શરીફ' બની ગયો.
* પણ ઈતિહાસ એ હકીકતનો મૂકસાક્ષી છે કે **ઉમ્મુલ મોઅમેનીન, હઝરત માઁ આએશા સિદ્દીકા** રદીઅલ્લાહો અન્હાની મુકદ્દસ આરામગાહ (કબર) **મદીના શરીફ** ના વિશ્વ વિખ્યાત અને અફઝલ કબ્રસ્તાન **''જન્નતુલ-બકીઅ''**માં છે.
* હઝરત આએશા સિદ્દીકાની પાક-તુર્બત (કબર) જન્નતુલ-બકીઅ કબ્રસ્તાનમાં છે, તેના પુરાવા હદીષશરીફ, તવારીખ (ઈતિહાસ) તથા અન્ય આધારભૂત કિતાબોમાં મૌજૂદ છે. જે પૈકીનો એક મહત્વપૂર્ણ હવાલો શીઆ ફિર્કાના લેખકના મંતવ્યની વિરૂધ્ધનો રજૂ છે.

✸ મિલ્લતે ઈસ્લામિયાની વિશ્વસનીય અને આધારભૂત કિતાબોમાં મહત્વનું સ્થાન ધરાવનારી કિતાબો પૈકીની એક મહત્વપૂર્ણ કિતાબનો હવાલો જુઓ: -

”وَقَدْ كَانَتْ وَفَاتُهَا فِي هَذَا الْعَامِ سَنَةَ ثَمَانٍ وَخَمْسِينَ، وَقِيلَ قَبْلَهُ بِسَنَةٍ، وَقِيلَ بَعْدَهُ بِسَنَةٍ، وَالْمَشْهُورُ فِي رَمَضَانَ مِنْهُ وَقِيلَ فِي شَوَّالٍ، وَالْأَشْهَرُ لَيْلَةَ الثُّلَاثَاءِ السَّابِعَ عَشَرَ مِنْ رَمَضَانَ، وَأَوْصَتْ أَنْ تُدْفَنَ بِالْبَقِيعِ لَيْلًا، وَصَلَّى عَلَيْهَا أَبُو هُرَيْرَةَ بَعْدَ صَلَاةِ الْوِتْرِ، وَنَزَلَ فِي قَبْرِهَا خَمْسَةٌ، وَهُمْ عَبْدُ اللَّهِ وَعُرْوَةُ ابْنَا الزُّبَيْرِ بْنِ الْعَوَّامِ، مِنْ أُخْتِهَا أَسْمَاءَ بِنْتِ أَبِي بَكْرٍ، وَالْقَاسِمُ وَعَبْدُ اللَّهِ ابْنَا أَخِيهَا مُحَمَّدِ بْنِ أَبِي بَكْرٍ، وَعَبْدِ اللَّهِ بْنِ عَبْدِ الرَّحْمَنِ بْنِ أَبِي بَكْرٍ.“

**حوالہ:۔**

”البداية والنهاية“، مؤلف: علامه أبو الفداء إسماعيل بن عمر بن كثير المعروف بابن كثير (المتوفى: ۷۷۴ھ)، ناشر: دار الفكر، بيروت (لبنان) سن اشاعت: ۱۴۰۷ھ،

جزء: ۸ ، صفحه: ۹۴

**ترجمہ:۔**

”اور آپ کی وفات ۵۸ھ میں ہوئی، بعض لوگوں کے مطابق ۵۷ھ اور بعض کے مطابق ۵۹ھ میں ہوئی اور مشہور ماہ رمضان ۵۸ھ ہے، ماہ شوال کا بھی قول ہے۔ اور جو سب سے زیادہ مشہور ہے وہ یہ کہ ۱۷ شوال منگل کی رات تھی۔ آپ کی وصیت تھی کہ آپ کو جنت البقیع میں رات کے وقت دفن کیا جائے، حضرت ابو ہریرہ رضی اللہ تعالیٰ عنہ نے وتر کی نماز ادا کرنے کے بعد آپ کی نماز جنازہ پڑھائی۔ ان کی قبر میں پانچ لوگ اترے۔ حضرت زبیر بن عوام کے دونوں بیٹے عبداللہ اور عروہ رضی اللہ تعالیٰ عنہما (اور یہ دونوں حضرت عائشہ کی بہن حضرت اسماء کے صاحبزادے ہیں)، اور حضرت عائشہ کے بھائی محمد بن ابوبکر کے دونوں صاحبزادے قاسم اور عبداللہ (رضی اللہ تعالیٰ عنہم) اور عبداللہ بن عبدالرحمٰن بن ابوبکر۔“



**‘‘અને આપની (હઝરત આએશા)નીવફાત સન હિજરી – ૫૮ માં થઈ. અમુક લોકોના મતે સન હિજરી – ૫૭ અને અમુકના કથન મુજબ સન હિજરી ૫૯માં થઈ. અને મશ્હૂર વાત એ છે કે માહે રમઝાન હિજરી – ૫૮ માં વફાત થઈ. માહે શવ્વાલ અંગે પણ વિધાન છે, જે વિશેષ પ્રચલિત છે, તે એ છે કે ૧૭, મી શવ્વાલ મંગવારની રાત હતી, આપની વસિય્યત હતી કે મને રાતના સમયે જન્નતુલ–બકીઅ માં દફન કરવામાં આવે. હઝરત અબૂ હુરૈરા રદીઅલ્લાહો અન્હોએ વિત્રની નમાઝ અદા કર્યા પછી આપની નમાઝે જનાઝા પઢાવી. તેઓની કબ્રમાં પાંચ (૫) જણા ઉતરેલા. હઝરત ઝુબૈર ઈબ્ને અવામના બન્ને દિકરા અબ્દુલ્લાહ અને ઉર્વા આ બન્ને હઝરત આઈશાની બહેન અસ્માના ફરઝંદો છે. અને હઝરત આઈશાના ભાઈ મુહમ્મદ ઈબ્ને અબૂબકરના બે દિકરા કાસિમ અને અબ્દુલ્લાહ અને અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુર્રહમાન બિન અબૂબકર.’’**

હવાલો :- **‘‘અલ–બદાયા– વન–નેહાયા’’** (અરબી) લેખક :- અલ્લામા અબૂલ ફિદા ઈસ્માઈલ બિન ઉમર બિન કષીર Alias -ઈબ્ને કષીર, ઈન્તેકાલ:- સન હિજરી ૭૭૪, પ્રકાશક:-દારૂલ ફિક્ર, બૈરૂત (લેબનૌન) પ્રકાશન વર્ષ:- **સન હિજરી ૧૪૦૮, જિલ્દ નંબર ૮, પેઈજ નં. ૯૪.**

ઉપરોક્ત હવાલા દ્વારા પુરવાર થયું કે :-

✸ **ઉમ્મુલ મોઅમેનીન હઝરત આએશા સિદ્દીકા** રદીઅલ્લાહો અન્હોનો ઈન્તેકાલ મદીના શરીફમાં થએલો અને આપને ‘‘જન્નતુલ-બકીઅ’’ કબ્રસ્તાનમાં દફન કરવામાં આવ્યા.

✸ અનેક સહાબા એ કિરામ અને તાબેઈને-કિરામ આપના જનાઝામાં શરીક થએલા. **હઝરત અબૂ હુરૈરા** રદીઅલ્લાહો અન્હોએ નમાઝે જનાઝા પઢાવેલી.

✸ આપને દફન કરવા આપના ખાસ અંગત સ્નેહી અને પરિવારના પાંચ (૫) શખ્સો કબરમાં ઉતરેલા. જેઓના નામ અને આપની સાથેનો સબંધ નીચે મુજબ છે.

(૧) હઝરત ઝુબૈર ઈબ્ને અવામના બે (૨) ફરઝંદો હઝરત **અબ્દુલ્લાહ** અને હઝરત **ઉર્વા**. આ બન્ને હઝરત આઈશાના બહેન હઝરત અસ્માના દિકરાઓ હોવાના કારણે આપના ભાણેજ હતા.

(૨) હઝરત મુહમ્મદ ઈબ્ને અબૂબકર એટલે કે આપના ભાઈ ના બે (૨) દિકરા હઝરત કાસિમ અને હઝરત **અબ્દુલ્લાહ** આ બન્ને આપના ભત્રીજા હતા.

(૩) હઝરત આઈશાના ભાઈ હઝરત અબ્દુર્રહમાનના દિકરા હઝરત અબ્દુલ્લાહ કે જે આપના ભત્રીજા હતા.

✱ મદીનાશરીફનો ઉમટી પડેલો માનવ મહેરામણ અને નજીકના સગાઓ ની હાજરીમાં હઝરત આઈશાને મદીના શરીફના કબ્રસ્તાન **''જન્નતુલ-બકીઅ''**માં સુપુર્દે ખાક કરવામાં આવ્યા, તે એ વાતનો પુરાવો હતો કે જેને દફન કરવામાં આવેલા તેઓ **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના ઝવજ-એ-મહોતરમા (પૂનિત પત્નિ) **ઉમ્મુલ મોઅમેનીન હઝરત આએશા સિદ્દીકા** રદીઅલ્લાહો અન્હા જ હતા.

✱ પણ શીઆ ફિર્કાના લેખકે વર્ણન કરેલી ઘટના મુજબ હઝરત આએશાને તો હઝરત અમીર મુઆવિયાએ કૂવામાં ધકેલીને ચૂનાથી દફન કરી દીધેલા. તો હવે આ આઈશા કે જેઓ આધારભૂત કિતાબ **''અલ-બેદાયા-વન-નેહાયા''**ના હવાલાથી મદીના શરીફમાં દફન થયાનું પુરવાર થયું છે, તે આઈશા કોણ?

✱ કેમ કે હઝરત આએશા ને તો શીઆ ફિર્કાની ભ્રષ્ટ માન્યતા મુજબ હઝરત અમીર મુઆવિયા એ કૂવામાં દફનાવી દીધેલા. તો હવે મદીના શરીફમાં દફન થનારા હઝરત આઈશા કોણ? તેઓ કયાંથી આવ્યા?

✱ કૂવામાં દફન થઈ ચુકેલા હઝરત આઈશાને કૂવો ખોદી તેઓની લાશને બહાર કાઢીને મદીના લાવીને દફનાવેલા?

✱ કૂવામાંથી ખોદીને બહાર કાઢવામાં આવેલી લાશની હાલત શું હતી? દમિશ્કથી મદીના શરીફ સુધી એટલે કે **૧૩૨૪** K.M. ના લાંબા અંતરે લાશ કેવી રીતે લાવ્યા? શીઆ લેખકને ફરી વિનંતી કે એમ્બ્યુલન્સ કે શબ વાહિનીમાં લાવેલા, તેવી વધારાની એક ગપ મારશો નહીં.

✱ ૧૪૦૦ વર્ષ પહેલા ડેડબોડીને લાંબા અંતરે ટ્રાન્સફર કરવાના કોઈ ટાંચા વાહનો હતાં જ નહીં, જેથી કુવામાંથી ખોદીને લાશ, મદીનાશરીફ લાવવું શકય જ નહોતું. જેથી ખાત્રી પૂર્વક કહી શકાય કે કૂવામાંથી ખોદીને હઝરત આએશાની લાશ મદીના શરીફ નહોતી લાવવામાં આવી.

✱ જેથી ફલિત થયું કે શીઆ લોકો જેને કૂવામાં ઘરબી દેવામાં આવેલા, તે હઝરત આઈશાની કથિત લાશ કૂવામાં જ પડી રહી, તો મદીના શરીફમાં જેને



દફનાવવામાં આવેલા તે હઝરત આઈશાની લાશ કોની હતી?

✱ કોકડું બરાબરનું ગુંચવાયું છે.એકના બદલે બે-બે હઝરત આઈશાની લાશો નો મામલો ઉપસ્થિત થયો છે. હવે એ શોધવાનું છે કે કઈ આએશા ઓરિજનલ ? અને કઈ ડુપ્લીકેટ?

✱ ઈસ્લામનો પ્રમાણિક ઈતિહાસ અને મિલ્લતે ઈસ્લામિયાના મહાન અને પ્રખર આલિમો, ઈમામો,સંશોધકો, ચિંતકો અને લેખકોની ઢગલાબંધ આધારભૂત, વિશ્વસનીય અને પ્રમાણિત કિતાબોમાં સેંકડોના સંખ્યામાં હવાલાઓ અને પૂરાવાઓ ઉપલબ્ધ છે કે મદીના શરીફના પવિત્ર કબ્રસ્તાન જન્નતુલ બકીઅ માં જે આએશા ને દફન કરવામાં આવેલા, તે આએશા એટલે મુસ્લિમ સંપ્રદાયની **પવિત્ર માઁ, ઉમ્મુલ મોઅમેનીના, હઝરત આએશા સિદ્દીકા** રદીઅલ્લાહો અન્હા જ હતા. એટલે કે ઓરિજનલ આએશા.

✱ તો જેને અમીર મુઆવિયાએ કૂવામાં દફનાવી દીધેલી તે આઈશા કોણ હતી? શું તે ડુપ્લીકેટ આઈશા હતી?

✱ ઉતર સ્પષ્ટ છે કે તે આઈશા ઓરિજનલ પણ નહોતી અને ડુપ્લીકેટ પણ નહોતી ? તો પછી કોણ હતી?

✱ **શીઆ ફિર્કા** ના વિકૃત મનોવૃતિ ધરાવનાર ગપાટી લેખકના સડેલા ભેજાની ઉપજનો તાયફાવેડો હતો. કલ્પનાના ઘોડા દોડાવીને એક ઘટના ઉપજાવી કાઢી અને **એક કાંકરે બે (૨) પક્ષી મારવાની** મુર્ખામી કરી નાખી. હઝરત અમીર મુઆવિયાને હઝરત આઈશાના હત્યારા પુરવાર કરવા અને હઝરત આએશાનો ઈબ્રતનાક અને કરૂણ અંજામ વર્ણવીને બન્ને હસ્તીઓની શાનમાં ગુસ્તાખી કરવાના દુષ્ટ અને હીન આશયથી એક કૃત્રિમ અને બનાવટી ઘટના ઉપજાવી કાઢી.

✱ ઈતિહાસના વિશ્વસનીય પૂરાવાઓ દ્વારા કરવામાં આવેલ વિસ્તૃત ખંડન અને રદિયા (Confutation) દ્વારા **ગપીદાસ શીઆ ફિર્કાના લેખક** ની બાજી ઉંધી વળી ગઈ છે અને એક કાંકરે બે (૨) પક્ષી મારવાની ચાલબાજી કરીને જે કાંકરો ફેંકયો હતો, તે કાંકરો તોતીંગ પથ્થરમાં રૂપાંતર અને રિબાઉન્ડ થઈને કાંકરો ફેંકનારના માથામાં અફળાયો છે અને લેખકના ટાલકામાં નામોશીના અનેક ઢીમડા ઉપસી આવ્યા છે.

# ''શીઆ લેખકોની પોકળતા નો ઘટસ્ફોટ''

સહાબા-એ-કિરામ રદીઅલ્લાહો અન્હુમની શાનમાં ગુસ્તાખી અને બેઅદબી ઉપર આધારિત કાલ્પનિક અને કૃત્રિમ ઘટનાઓ ઘડી કાઢવામાં શીઆ ફિર્કાના લેખકો પારંગત છે.આવી ઘટનાઓ ઉપજાવી કાઢવાનો આશય એ હોય છેકે આવી ઘટનાઓ વાંચી કે સાંભળીને મુસ્લિમ જનસમુદાયના દિલોમાં સહાબા-એ-કિરામની જે અકીદત અને મહોબ્બતનો દરિયો ઉછળે છે, તેમાં ઓટ અને ઓછપ આવે અને સહાબા-એ-કિરામની અઝમત, અગત્યતા, મહત્વતા અને મહાનતામાં ઘટાડો અને ખામી આવે.

સામાન્ય મુસ્લિમોને શીઆ લેખકોના આવા કૃત્રિમ બનાવો અને કાલ્પનિક ઘટનાઓની અસત્યતા અને જૂઠાણાની લેશમાત્ર જાણકારી નથી હોતી. બલ્કે આ કિતાબનો લેખક શીઆ પંથી છે, તેની પણ ખબર નથી હોતી. વર્તમાન યુગમાં પરિસ્થિતિ એટલી હદે વણસેલી છે કે શીઆ ફિર્કાના લેખકોની કિતાબો મુસ્લિમ સમાજમાં ''સુન્ની સાહિત્ય'' તરીકે પ્રચલિત કરી દેવામાં આવી છે.

અહીં સુધી અમુક જ ઘટનાઓ વર્ણન કરવામાં આવી છે અને તેના ઉપર કોઈપણ જાતનું વિવેચન કે આલોચના (Comment) કરવામાં નથી આવી. અલબત, હઝરત આઈશાને હઝરત અમીર મુઆવિયાએ કૂવામાં ધકેલી દઈને હત્યા કરી નાખી છે, તે કૃત્રિમ ઘટનાના ખંડન અને રદિયામાં વિસ્તૃત આલોચના કરવામાં આવી છે અને તે કૃત્રિમ ઘટનાની પોકળતાના ચીંથરા ઉડાવી નાખવામાં આવ્યા છે.

હઝરત આએશા અને હઝરત અમીર મુઆવિયા રદીઅલ્લાહો અન્હુમાને અનુલક્ષીને ઉપજાવી કાઢેલી ઘટનાની આલોચના કરીને તેની પોકળતા જે રીતે ઉઘાડી પાડવામાંઆવી છે, તેવી આલોચના અન્ય ઘટનાઓ વિષે પણ લખી શકાય તેમ છે પણ તેમ કરવામાં પુસ્તક અતિ દળદાર થઈ જવાની ભીતિ છે. જેથી હવે પછી શીઆ ફિર્કાના લેખકો દ્વારા ઉપજાવી કાઢેલી આવી બનાવટી ઘટનાઓ અનુસંધાને વિસ્તૃત વિવેચન કે આલોચના કરવામાં નહીં આવે. ચાલો.... એક કૃત્રિમ ઘટના પ્રત્યે દ્રષ્ટિપાત કરીએં.



## ⊙ ''હુઝૂરે અકદસે હઝરત ઉમરની દિકરી હફસાને તલાક આપી, તો હઝરત ઉમર ખુબ જ રડયા અને પોતાના માથામાં ધૂળ પણ નાખી''

શીઆ ફિર્કા દ્વારા ઉપજાવી કાઢેલી એક મનઘડત ઘટના જુઓ :-

**''બીબી હફસા અપની તુંદ મીઝાજી કી વજહ સે અઝવાજે-નબી મેં ખાસ્સી શોહરત રખતી થીં ઔર ઉસસે હુઝૂર કો સદમા હોતા થા. જનાબને ઉસે તલકા દેને કા ઈરાદા કિયા– દૂસરી રિવાયત મેં હૈ કે દે દી –જબ હઝરત ઉમર કો માલૂમ હૂવા તો રોએ ઔર સરમે ખાક ભી ડાલી.''**

(હવાલો :- **''માતમ ઔર સહાબા''** : લેખક :- ગુલાબ હુસૈન નજફી શીઆ, **પેઈજ નં. ૮૯.**

બ- હવાલા :- **''મીઝાનુલ-કુતુબ''** :લેખક :- શૈખુલ હદીષ અલ્લામા મુહમ્મદ અલી. પ્રકાશક :- મકતબા - નૂરિયા - બિલાલ ગંજ- લાહોર (પાકિસ્તાન) **પેઈજ નં. ૭૭**)

અરબસ્તાનમાં ઝમાન-એ-જાહેલિયતથી કાફિરો અને મુશરિકોમાં એક પ્રથા પ્રચલિત હતી કે મુસીબત અથવા માઠા સમાચાર સાંભળીને મોટા સાદે રડીને માથામાં ધૂળ માટી નાખવી. આ ઘટના વર્ણન કરીને શીઆ ફિર્કા દ્વારા એવી વાયકા પ્રચારિક કરવાની ચેષ્ટા કરવામાં આવી છે કે, **હઝરત ઉમર ફારૂકે આઝમ** રદીઅલ્લાહો અન્હોના વર્તન અને આચરણમાં ભૂતકાળના કાફિરો અને મુશરિકોના લક્ષણો બાકી હતા. અને માઠા સમાચાર ઉપજાવી કાઢવા એવી ગપ મારવામાં આવી છે કે મઆઝલ્લાહ **ઉમ્મુલ મોઅમેનીન હઝરત હફસા બિન્તે ઉમર** રદીઅલ્લાહો અન્હાને તેઓના ખરાબ વર્તન અને કષ્ટદાયક આચરણના કારણે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે તેઓને **''તલાક''** આપી દીધી અને પોતાની પુત્રીને તલાક મળેલ છે, તેવી જાણ થતાં હઝરત ઉમર ફારૂક રડેલા અને પોતાના માથામાં ધૂળ નાખેલી.

## ⊙ ''હઝરત અબૂબકર સિદ્દીક અને હઝરત ઉમર ફારૂક મૂર્તિપૂજક હતા'': (મઆઝલ્લાહ)

અંબિયા-એ-કિરામ પછી જેઓની ગણના **''સર્વોચ્ચ''** અને **''સર્વોત્તમ''** બશર તરીકે થાય છે, તે મુકદ્દસ ઝાતે ગિરામી **હઝરત સય્યેદના સિદ્દીકે અકબર** અને જે માર્ગથી તેઓ પસાર થાય તે માર્ગેથી શયતાન પસાર નથી થતો,

તેવી મહાન શખ્સીયત **હઝરત સય્યેદેના ઉમર ફારૂક** રદીઅલ્લાહો અન્હુમા ઉપર ઢંગ-ધડા વગરનો અને હાસ્યાસ્પદ બલ્કે સંપૂર્ણ મુર્ખામી ઉપર આધારિત આક્ષેપ કરતાં શીઆ ફિર્કાના જૂઠા પ્રચારકોએ એવી અફવા પ્રચલિત કરવાની કુઃચેષ્ટા કરી છે કે :-

**''તયમી અને અદવી નામના બે (૨) બૂત (મૂર્તિઓ) અબૂબકર અને ઉમરના ઘરોમાં ગુપ્ત રીતે રાખવામાં આવ્યા હતા. આ બન્ને તેની પૂજા કરતા હતા.''**

(હવાલા માટે જુઓ :- **''તોહફ-એ-ઈષના-અશરિયા''**(ઉર્દુ) **પેઈજ નં. ૭૩૪ અને ૭૭૨**)

આવો જ ઈલ્ઝામ મહાન સહાબી-એ-રસૂલ હઝરત સલમાન ફારસી રદીઅલ્લાહો અન્હો ઉપર પણ લગાડે છે. (હવાલો :- **સદર**)

⊙ **''હઝરત આઈશાએ એક પારકી છોકરીનું પાલન પોષણ કરીને ઉછેર કરેલ અને તેનો ઉપયોગ યુવાનોનો શિકાર કરવા કરતી :-'' (મઆઝલ્લાહ)**

**''કમળો હોય તેને પીળું દેખાય''** અને **''અન્ન એવા ઓડકાર''** એ બન્ને કહેવતોને સાર્થક કરતી શીઆ ફિર્કાની મનોવૃતિ અને વિચાર સરણીનો પડઘો પાડતી એક અતિ ધૃણાસ્પદ ઘટનાનું આલેખન શીઆ ફિર્કાના લેખકોએ કરતા લખ્યું છે કેઃ-

**''ઈન્ના-આઈશતા-શરફત-જારેયતન-વ-કાલત-લઅલ્લના-નસીદો-બેહા-ફત્યાના-કુરૈશિન''** (તર્જુમા) :- ''આઈશાને અપની પાલી હૂઈ એક લડકી કો આરાસ્તા કિયા ઔર કહા કે કુરૈશ કે બઅઝ જવાનો કા ઈસ લડકી સે શિકાર કરૂંગી''

(હવાલા માટે જુઓ :- **''તોહફ-એ-ઈષના-અશરિયા''** ઉર્દુ અનુવાદ :- **પેઈજ નં. ૬૬૬**)

મઆઝલ્લાહ ! ષુમ્મા મઆઝલ્લાહ! ઉપરોક્ત ઈબારતનો ભાવાર્થ એ છે કે હઝરત આઈશા સિદ્દીકાએ એક પારકી છોકરીનું પાલન પોષણ (Fostering) કરેલું અને તેણીને શણગારીને કહયું કે આ છોકરી દ્વારા કૌમે કુરૈશના અમુક જવાનોનો શિકાર કરીશ. એટલે કે તે છોકરીની મોહજાળ માં ફસાવીને નવયુવાન કુરૈશી છોકરાઓનો શિકાર કરીશ. કેવી ગંદી અને હલકટ વિકાર વૃત્તિનો આક્ષેપ કોઈપણ જાતના આધાર-પૂરાવા વગર ''ઉમ્મુલ-મોઅમેનીન'' એટલે કે સમગ્ર મુસ્લિમ જગતની આદરણીય માતા ઉપર શીઆ લોકો કરી રહયા છે.



⊙ **''દર વર્ષે ફરિશ્તા અબુબકર અને ઉમરને કબ્રમાંથી ''મિના''માં લાવે છે અને શૈતાનને કાંકરી મારવાના સ્થળે ફાંસી આપે છે :-'' (મઆઝલ્લાહ)**

હઝરત અબૂબકર સિદ્દીક અને હઝરત ઉમર ફારૂકે આઝમ રદીઅલ્લાહો અન્હુમા પ્રત્યે મનમાં ધરબાએલી શત્રુતા અને કટુતાનો ઉભરો ઠાલવતાં શીઆ ફિર્કાની બુદ્ધિના પોપટ ઉડી ગયા છે. બન્ને મહાન સહાબી-એ-રસૂલની શાનમાં ગુસ્તાની અને બેઅદબી કરતાં ત્યાં સુધી લખી નાખ્યું કે :-

**''હર સાલ મૌસમે હજ મેં ''મિના'' મેં અબૂબકર વ ઉમર કો ફરિશ્તે વૈસે હી તાઝા-બ-તાઝા નિકાલતે હૈં ઔર ''મકામે- રમીએ- જેમાર'' (શૈતાનને કાંકરીઓ મારવાનું સ્થાન) મે દોનોં કો ''સૂલી'' (ફાંસી) પર ચઢાતે હૈં.''**

(હવાલો :- **''તોહફ-એ-ઈષના-અશરિયા''** (ઉર્દૂ અનુવાદ) **પેઈજ નં. ૭૭૨**)

શીઆ ફિર્કાના સૂધબુધ વિહોણા લેખકના ઉપરોક્ત વિધાનના અનુસંધાને વિવેચન અને આલોચના સ્વરૂપે એટલું બધું લખી શકાય તેમ છે કે અગાઉના પૃષ્ઠોમાં હઝરત અમીર મુઆવિયા દ્વારા હઝરત આઈશાની કૂવામાં ધકેલી દઈને કરવામાં આવેલી હત્યાના અનુસંધાને આલોચનાત્મક વિવેચનથી પણ વિશેષ લખી શકાય તેમ છે. ટૂંકમાં ફક્ત એટલું કે જેને શીઆ ફિર્કાના લેખકે ગુસ્તાખી અને અપમાનના આશયથી જે ફકરો લખ્યો છે, તે ફકરાથી જ હઝરત અબૂબકર સિદ્દીક અને હઝરત ઉમર ફારૂક રદીઅલ્લાહો અન્હુમા ની **''હયાતે અબદી''** એટલે કાયમી જીવંત હોવાની મહાનતા પુરવાર કરી શકાય તેમ છે.

⊙ **હઝરત ઉમર પોતાના પૂર્વજોના વંશજ નહોતા બલ્કે ''વલદુઝઝના'' હતા. (મઆઝલ્લાહ)**

મશ્હૂર કહેવત છે કે માણસ પ્રેમ અને શત્રુતામાં આંધળો થઈ જાય છે. શીઆ ફિર્કાના લેખકે હઝરત ઉમર ફારૂકે આઝમ રદીઅલ્લાહો અન્હોની શત્રુતાના આવેશમાં આંધળા બનીને ત્યાં સુધી લખી નાખ્યું છે કે :-

**''ઉમર પુશ્તે ''ખત્તાબ'' સે ન થે, વલદુઝ-ઝના થે''**

(હવાલો :- **''તોહફ-એ-ઈષના અશરિયા''** (ઉર્દૂ અનુવાદ) **પેઈજ નં. ૭૭૨**)

વ્યક્તિગત અથવા વંશીય આક્ષેપની ચેષ્ટા શત્રુતાની પરાકાષ્ટતાની ચાડી ખાય છે. વિરૂધ્ધમાં લખવા માટે કંઈપણ ન જડયું, તો હવાતિયા અને ફાંફાં મારીને વંશીય આક્ષેપ ઉપર ઉતરી આવ્યા. હઝરત ઉમર રદીઅલ્લાહો અન્હો વિષે ત્યાં સુધી

બકવાસ લખી નાખી કે આપ પોતાના પિતા ''ખતાબ''ના વંશીય સંતાન એટલે કે કાયદેસરના અને શુધ્ધ ચારિત્ર્યની જાળવણીના ફળસ્વરૂપે અવતરેલા સંતાન ન હતો બલ્કે મઆઝલ્લાહ ''વલદુઝ-ઝના'' એટલે કે વ્યભિચારના પરિણામે અનધિકૃત અનૌરસ (Bastard) પુત્ર હતા. કોઈ આધાર, પુરાવા, સાબિતી, સાક્ષી કે સ્પષ્ટતાપૂર્વકનું પ્રમાણ પુરૂ પાડતું કારણ કે પુરાવા વગર જે મનમાં આવ્યું તે લખી નાખ્યું.

## ⊙ સહાબાએ કુરઆન શરીફમાં પરિવર્તનો અને ફેરફારો કર્યા છે :-

સહાબા-એ-કિરામ અને મુખ્યત્વે હઝરત શૈખેન (હઝરત અબુબકર અને ઉમર) તથા હઝરત ઉસ્માન ઉપર તથા સામાન્યત સમગ્ર સહાબાના સમુહ ઉપર એવો આરોપ લગાડે છે કે તેઓએ કુરઆન શરીફની અનેક આયતો અને સૂરતો કાઢી નાખી છે અથવા બદલી નાખી છે. હળાહળ જૂઠાણા ઉપર આધારિત આક્ષેપ કરતાં શીઆ ફિર્કાના લોકો કહે અને લખે છે કે :-

**''ઉસ્માન ઈબ્ને અફ્ફાન બલ્કે અબૂબકર અને ઉમર ને ભી કુરઆન શરીફ કો બદલ  ડાલા ઔર બહોત આયતેં ઔર સૂરતેં કે એહકામો–ફઝાઈલે અહેલે બૈયત મેં નાઝિલ હૂઈ થીં, ઉન કો કુરઆન સે ગિરા દિયા. ઈસ લિયે કે ઉન આયતોં વ સૂરતોં મેં એહલે બૈયત કી ઈતાઅત કા હુકમ ઔર ઉનકી મુખાલેફત સે મુમાનેઅત ઔર ઈખ્તેયાર કરના  મહોબ્બત ઉનકી ઔર બૈઝારી દુશ્મનો ઔર મુખાલિફો સે, ઔર ઉન દૂશ્મનો કે નામ, ઔર લઅન–તઅન કરનાર ઉન કો, યે સબ બાતેં થીં, શૈખેન ઔર ઉસ્માન કો નિહાયત શાકો–ગિરાં હૂઈં ઔર બઅઝ ફઝાઈલ એહલે બૈયત કે ઐસે મઝકૂર થે, જિસ સે ઉન કે હસદ કી રગ જુંબિશ મેં આઈ, સબ મૌકૂફ કર દીં''**

ઉપરાંત :- **''તમામ સહાબાને આંહઝરત સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ કી નસીહતો–વસીય્યકે ખિલાફ ઈત્તેફાક કર કે ગસબે હક એહલે બૈયત કા કિયા હૈ.''**

(હવાલો : **''તોહફ–એ–ઈષના–અશરિયા''** (ઉર્દૂ અનુવાદ) **પેઈજ નં. ૭૧, ૯૩ અને ૭૭૬**)

શીઆ ફિર્કાનો આ અકીદો કુરઆને શરીફના ઈર્શાદની વિરૂધ્ધનો છે. કુરઆન શરીફ અલ્લાહ તઆલાની વિશ્વ સ્તરે એવી અદ્વિતિય અને અજોડ કિતાબ છે કે તેની હિફાઝત (રક્ષણ) ખૂદ અલ્લાહ તઆલા ફરમાવે છે. જેથી જ કુરઆનમાંથી



એકપણ શબ્દ કે અક્ષર કાઢી નાખવું કે નાબૂદ કરી દેવું તે તો બહુ મોટી વાત છે, કુરઆન નો એક પણ શબ્દ તેના મૂળ સ્થાનેથી હટી નથી શકતો. જેથી જ સમગ્ર માનવજાતિ એકત્રિત થઈને પણ કુરઆન શરીફનો એક શબ્દ પણ કાઢી નાખવો કે સ્થાન પરિવર્તન કે ઉલટસૂલટ કરી નથી શકતી કેમ કે :-

કુરઆન કરીફમાં અલ્લાહ તઆલા ઈર્શાદ ફરમાવે છે કે :-

**'ઈન્ના નહનૂ નઝઝલન–ઝ–ઝિકરા–વ–ઈન્ના–લહૂ–લહાફિઝૂન'**

(કુરઆન શરીફ, પારા નં. ૧૪, સૂર-એ-હજર, આયત નં. ૯)

તરજુમો :- **''બેશક, હમને ઉતારા હૈ યે કુરઆન, ઔર બેશક, હમ ખૂદ ઉસ્કે નિગેહબાન હૈ''** (કન્ઝુલ-ઈમાન)

તફસીર :- **''તેહરીફ વ તબદીલ ઔર ઝિયાદતી વ કમી સે ઉસ કી હિફાઝત ફરમાતે હૈં, તમામ જિન–વ–ઈન્સ ઔર સારી મખ્લૂક કે મકદૂર મેં નહીં કે ઉસ મેં એક હર્ફ કી કમી–બૈશી કરે યા તગય્યુર વ તબ્દીલ કર સકે ઔર ચૂંકે અલ્લાહ તઆલાને કુરઆને કરીમ કી હિફાઝત કા વા'દા ફરમાયા હૈ, ઈસ લિયે યે ખુસૂસિયત સિર્ફ કુરઆન શરીફ હી કી હૈ, દૂસરી કિસી કિતાબ કો યે બાત મયસ્સર નહીં''**

(હવાલો :- **''તફસીર–ખઝાઈનુલ–ઈરફાન''**, મુફસ્સિર હઝરત સદરૂલ અફાઝિલ અલ્લામા સૈયદ નઈમુદ્દીન સાહેબ મુરાદાબાદી, **પેઈજ નં. ૪૧૯**)''

કુરઆન શરીફની ઉપરોક્ત આયતના અનુવાદ અને તફસીર (વિવરણ) દ્વારા પુરવાર થયું કે કુરઆન શરીફમાંથી એક અક્ષરનો ઘટાડો-વધારો, બદલી નાખવું કે પરિવર્તન કરી દેવું, સમગ્ર સૃષ્ટિ માટે અશકય છે. કેમ કે ખૂદ અલ્લાહ તબારકા-વ-તઆલા એ કુરઆન શરીફના રક્ષણનું વચન આપ્યું છે. આ વિશિષ્ટતા ફકત કુરઆન શરીફને જ પ્રાપ્ય છે. અન્ય કોઈ કિતાબને આવી વિશિષ્ટતા પ્રાપ્ત નથી.

તેમ છતાં - શીઆ ફિર્કાના લોકોનો અકીદો છે કે કુરઆન શરીફમાંથી એવી સૂરતો અને આયતો કે જેમાં એહલે બૈયત અને હઝરત અલીની તા'રીફ, મહત્વતા, અગત્યતા, વિશિષ્ટતા, મહત્તા, પ્રતિભા, ગૌરવ અને મહિમા નું વર્ણન છે, તે બધી સૂરતો અને આયતો સહાબા-એ-કિરામે અને મુખ્યત્વે ઈસ્લામના પ્રારંભિક ત્રણ (૩) ખલીફાઓ એ ભેગા મળીને કુરઆન શરીફમાંથી કાઢી નાખી છે. શીઆ ફિર્કાની આ માન્યતા કુરઆન શરીફના ફરમાનની વિરૂધ્ધની છે.

## શીઆ ફિર્કાના પ્રચારના મુદ્દા નં. ૩ = સહાબા–એ–કિરામ એહલે બૈયત અને ખાસ કરીને હઝરત અલીના શત્રુ હતા અને તેઓએ એહલે બૈયતની સાથે અન્યાય અને અત્યાચાર કર્યો છે = તેવો પ્રચાર કરવો.

પ્રચારના મુદ્દા નં. ૨ દ્વારા લોકોના મગજમાં એવું ઠસાવી દેવામાં આવ્યું કે સમગ્ર સહાબા-એ-કિરામ અજ્ઞાન, જકકી, અન્યાયી, અત્યાચારી, સ્વાર્થી, લાલચુ અને લાયકાત વિહોણા સત્તાધીશો હતા. આવું ઠસાવી દીધા બાદ પ્રચારનો મુદ્દો નં. ૩ શરૂ કર્યો કે આ બધા સહાબા અહલે બૈયત અને ખાસ કરીને હઝરત અલીના દુશ્મન હતા. એહલે બૈયતની કુરઆન અને હદીષમાં વર્ણન કરવામાં આવેલી ફઝીલત અને અઝમત તેઓ સાંખી શકતા નહોતા, ઈર્ષાની અગ્નિમાં સળગતા હતા અને તક મળતાં પોતાના મનમાં એકત્રિત થએલી શત્રુતાનો વિષ ઓકીને એહલે બૈયતને અન્યાય અને અસહય અત્યાચારનો ભોગ બનાવતા હતા.

ઉપરોક્ત મુદ્દાને ફળીભુત કરવા શીઆ ફિર્કાના લેખકો અને વકતાઓએ અનેક બનાવટી હદીષો, કૃત્રિમ ઘટનાઓ અને કાલ્પનિક બનાવો મરચું મસાલો ભંભેરીને તથા એહલે બૈયત ઉપર થએલા અન્યાય અને અત્યાચાર રડી રડીને અને માથા કુટીને સંવેદનાનું નાટક ભજવીને લોકો સમક્ષ રજૂ કર્યા અને એવી કાન ભંભેરણી કરી કે પાંચ થી સાત સહાબા સિવાયના તમામ સહાબા દુશ્મને એહલે બૈયત હતા. શીઆ ફિર્કાના વકતા પ્રચારકો વકતૃત્વ કળાની અનોખી શૈલી અને વર્ણન શકિતની લાક્ષણિકતા ના જાદૂથી લોકોના દિલોમાં સહાબા-એ-કિરામની વિરૂધ્ધ નફરત, તિરસ્કાર, ધૃણા, ક્રોધ, ધિકકાર, તુચ્છકાર, ઉદ્ધતાઈ, અનાદર, ખિન્નતા અને ઉપેક્ષાની લાગણી જન્માવી અને તેના ઉપર એહલે બૈયતની મહોબ્બતના નામે જવલનશીલ પ્રવાહીનો છંટકાવ કરીને એહલે બૈયતના દુશ્મનો પ્રત્યે બદલાની ભાવનાનો સંચાર કર્યો અને એવું પ્રદુષિત વાતાવરણ ખડું કરી દીધું કે લોકો સત્ય



હકીકત જાણયા વગર કે સચ્ચાઈ શું છે? તેની ખાત્રી કર્યા વગર પુર્વગ્રહનો શિકાર બનીને એવી માન્યતા ધરાવતા થઈ ગયા કે એહલે બૈયતના દુશમનોનું બીજું નામ સહાબા-એ-કિરામ છે. લોકોને પૂર્વગ્રહની મદિરાના કૈફમાં ઝુમાવી, લથડાવી, ડગમગાવી અને બહેકાવીને જાણયે-અજાણયે શીઆ પંથી બનાવી નાખ્યા અને સહાબા-એ-કિરામથી નફરત કરનારા બનાવી દીધા.

આ મુદ્દા નં. ૩ના પ્રચાર અને પ્રસારમાં જે જૂઠી વાતો અને ઘટનાઓનો મારો ચલાવવામાં આવ્યો છે, તેમાંની અમુકનું સંક્ષિપ્ત વર્ણન અત્રે રજૂ છે.

## ''શીઆ ફિર્કાનો સહાબા–એ–કિરામ ઉપર જબરો પ્રહાર''

શીઆ ફિર્કાના લેખકો, વકતાઓ અને પ્રચારકો તથા સમગ્ર શીઆ પંથી લોકોએ સહાબાએ કિરામ વિરૂધ્ધ અપરંપાર અને અપ્રશસ્ત પ્રચાર કરવામાં કંઈ જ બાકી નથી રાખ્યું. અનેક ખોટી હદીષો, પ્રસંગો અને ઘટનાઓ ઉપજાવી કાઢી છે. ઉપરાંત, એહલે બૈયતના હિતને સંબંધીત પ્રસંગોને વિકૃત સ્વરૂપે વર્ણન કરીને તાણી-ખેંચીને એવા જૂઠા તારણ ઉપજાવી કાઢયા છે કે તેના દ્વારા એવું પુરવાર કરવાની મિથ્યા ચેષ્ટા કરે છે કે પાંચ થી સાત સહાબા સિવાયના તમામ સહાબી એહલે બૈયતના હિત શત્રુ અને એહલે બૈયત ઉપર અત્યચાર અને અન્યાય કરનારા હતા. એહલે બૈયતની વારસાગત મિલ્કતો પણ લૂંટી લીધેલી અને તેઓને નિરાધાર અને દયનીય અવસ્થામાં મુકી દીધેલા. પોતાના દ્વારા કરવામાં આવેલા આક્ષેપના પુરાવા રૂપે ઘણી સંવેદના સાથે ''બાગે-ફિદક'' (باغ فدک)નું વર્ણન કરે છે. કરૂણા અને અનુકંપાની લાગણીને ઉત્તેજિત કરીને અને તેમાં કથિત અત્યાચારનો મસાલો મમળાવીને એવું વાતાવરણ સર્જી દે છે કે વાંચક અને શ્રોતા એહલે બૈયતની મહોબ્બતના પ્રલયમાં તણાઈ જાય છે અને જાણે કે અજાણે કોઈ જાતની ખાત્રી, માહિતી કે પુરાવા વગર ફકત શીઆ લોકોના પ્રચારના ચક્રવ્યુહમાં ફસાઈ જઈને સહાબા-એ-કિરામ વિરૂધ્ધ અપરિહાર્ય ગેરસમજ અને પૂર્વગ્રહના અણગમામાં અટવાઈ જાય છે અને સહાબા-એ-કિરામની વિરૂધ્ધ અણછાજતા અપશબ્દો અને ગુસ્તાખી ભર્યા વાકયો ઉચ્ચારતા થઈ જાય છે.

# ''ફિદકના પ્રસંગની વાસ્તવિક છણાવટ''

આક્રંદના ધુમધડાકા અને રૂદનના બરાડા, સંવેદનનાની ચીસો અને ઝુલ્મો-સિતમના વલોપાતના કૃત્રિમ ડુસકાં ભરીને તથા મગરમચ્છના આંસૂ રેલાવીને શીઆ પ્રચારકો મુસ્લિમ જનસમુદાયની લાગણીને ઉશ્કેરીને અન્યાયની પરાકાષ્ઠાનું વર્ણન કરતા એવા ઉધામા મચાવે છે કે તેઓની નાટયકળાની અદા અને વકતૃત્વ કળા ની છટાથી ભલભલો હોંશિયાર માણસ પણ અંજાઈ જાય અને લપસી પણ જાય.

## ⊙ <u>આક્ષેપ</u> ⊙

**''અબૂબકરને ફાતેમા કો ઉન કે બાપ કે તર્કે સે વિરષા ન દિયા. પસ ફાતેમા ને કહાં, એ અબી-કુહાફા! તૂં તો તેરે બાપ સે મીરાષ પાએ ઔર મૈં અપને બાપ સે મીરાષ ન પાઉં, યે કૌના ઈન્સાફ હૈ?''**

(હવાલો :- **''તોહફ-એ-ઈષના-અશરિયા''** (ઉર્દૂ અનુવાદ) લેખક :- શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી, ઈન્તેકાલ :- સન હિજરી ૧૨૩૯, પ્રકાશકઃ- એ'તકાદ પબલિશીંગ હાઉસ, દિલ્હી, **પેઈજ નં. ૫૬૮**)

ઉપરોકત આક્ષેપનો શીઆ ફિર્કાના પ્રચારકો સહાબા-એ-કિરામની વિરૂધ્ધ એ- ગ્રેડ ના હથિયાર તરીકે ઉપયોગ કરે છે અને લોકોને ઉશ્કેરતાં કહે છે કે જુઓ, સહાબા કેટલા નિર્દયી, અત્યાચારી અને અન્યાયી હતા કે **ખાતૂને જન્નત, હઝરત ફાતેમા** રદીઅલ્લાહો અન્હાને સગા-બાપ ની મિલ્કતમાંથી હિસ્સો આપ્યો નહીં અને ખલીફા હોવાના હોદ્દાનો દુરૂપયોગ કરીને હઝરત ફાતેમા બિન્તે રસૂલે ખુદાની જમીન કે જે **''બાગે-ફિદક''** ના નામે ઓળખાતી, તે કિંમતી મિલ્કત હડપ કરી ગયા અને હકદારનો હક મારીને અન્યાય અને દુરોચાર આચર્યો, એહલે બૈયતને વારસાની વંચિત કરી નાખીને દિલી શત્રુતાનો પુરાવો પાડયો છે.



# <u>-: આક્ષેપનો જવાબ :-</u>

વર્ણનીય આક્ષેપનો જડબાતોડ જવાબ અને સંતોષકારક ખુલાસા માટે સૌ પ્રથમ આપણે **હુઝૂરે અકદસ, રહેમતે આલમ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની ઔલાદ (સંતાનો) ની વિગત જાણીએ :-

**⊙ <u>હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની મુકદ્દસ ઔલાદ :-</u>**

| નં. | સંતાનનું નામ | જાતિ | કોની કુખેથી જન્મેલ | જન્મ | વફાત |
|---|---|---|---|---|---|
| ૧ | હઝરત ઝેનબ | પુત્રી | હ. ખદીજતુલ કુબ્રા | ૨૭ વર્ષ હી. પૂર્વે | સ.હિ.-૮ |
| ૨ | હઝરત કાસિમ | પુત્ર | હ. ખદીજતુલ કુબ્રા | ૨૪-વર્ષ હી.પૂર્વે | ૨૨ વર્ષ હિ. પૂર્વે |
| ૩ | હઝરત અબ્દુલ્લાહ ★ | પુત્ર | હ. ખદીજતુલ કુબ્રા | એલાને નબુ-વ્વત પછી | દોઢ વર્ષે ઈન્તેકાલ |
| ૪ | હઝરત રૂકય્યા | પુત્રી | હ. ખદીજતુલ કુબ્રા | હિ. પૂર્વે | સ.હિ.-૨ |
| ૫ | હઝરત ઉમ્મે કુલષૂમ | પુત્રી | હ. ખદીજતુલ કુબ્રા | હિ. પૂર્વે | સ.હિ.-૯ |
| ૬ | હઝરત ઈબ્રાહીમ | પુત્ર | હ. મારિયા કુબ્તીયા | સ.હિ.-૮ | સ.હિ.૧૦ |
| ૭ | હઝરત ફાતેમતુઝઝહરા | પુત્રી | હ. ખદીજતુલ કુબ્રા | ૧૩-વર્ષ હી. પૂર્વે | હુઝૂર પછી ૬, મહિના |

**<u>નોટ :-</u>** (૧) ઉપરોકત કોષ્ટક મુજબ કુલ સાત (૭) ઔલાદમાંથી **છ (૬) ઔલાદ** નો ઈન્તેકાલ **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની જાહેરી હયાતના સમય દરમિયાન થઈ ગએલો. **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે જયારે દુનિયાથી પર્દો ફરમાવ્યો ત્યારે આપના સંતાનમાં ફકત **એક** સંતાન **હઝરત ફાતેમા** હયાત હતા.

(૨) **''તાહિર''** અને **''તૈયબ''** આ બન્ને નં. ૩ ના લકબ છે.

⊙ **હુઝૂરે અકદસની અઝવાજે મુતહહેરાની દુનિયાથી પર્દો કર્યા વખતની પરિસ્થિતી :–**

| નં. | ઝવજા મુબારક–પૂનિત પત્નિનું નામ | હુઝૂર થી કયારે નિકાહ | હયાત કે વફાત |
|---|---|---|---|
| ૧ | હઝરત ખદીજા બિન્તે ખુવૈલદ | હિજરતના ૨૮, વર્ષ પહેલા | વફાત |
| ૨ | હઝરત સૌદા બિન્તે ઝમ્આ | હિજરતના ૩, વર્ષ પહેલા | હયાત |
| ૩ | હઝરત આએશા બિન્તે અબુબકર સિદ્દિક | સન હિજરી - ૩ | હયાત |
| ૪ | હઝરત હફસા બિન્તે ઉમર ફારૂક | સન હિજરી - ૩ | હયાત |
| ૫ | હઝરત ઝૈનબ બિન્તે ખુઝયમા | સન હિજરી - ૩ | વફાત |
| ૬ | હ.ઉમ્મે સલ્મા હિન્દ બિન્તે અબીઉમય્યા | સન હિજરી - ૪ | હયાત |
| ૭ | હઝરત જુવૈરિયા બિન્તે હારિષ | સન હિજરી - ૫ | હયાત |
| ૮ | હઝરત ઝૈનબ બિન્તે જહશ (અસદિયા) | સન હિજરી - ૫ | હયાત |
| ૯ | હ. ઉમ્મે હબીબા બિન્તે અબૂ સુફિયાન | સન હિજરી - ૭ | હયાત |
| ૧૦ | હઝરત સફિયા બિન્તે હયૈયી (ઈસ્રાઈલિયા) | સન હિજરી - ૭ | હયાત |
| ૧૧ | હઝરત મૈમૂના બિન્તે હારિષ આમિર | સન હિજરી - ૭ | હયાત |
| ૧૨ | હઝરત મારિયા બિન્તે શમઉન કુબતિયા | સન હિજરી - ૭ | હયાત ★ |

**નોટ :–** **(૧)** ઉપરોકત કોષ્ટક મુજબ કુલ :- બાર (૧૨) પત્નિોમાંથી **બે (૨) પત્નિઓ** નો **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની જાહેરી હયાતના સમય દરમિયાન ઈન્તેકાલ થઈ ગએલો. હુઝૂરે અકદસે જયારે દુનિયાથી પર્દો ફરમાવ્યો ત્યરે **દસ (૧૦)** પત્નિઓ હયાત હતી.

**(૨)** નં. ૧૨ ★ હઝરત મારિયા કુબતિયા કનીઝ (ગુલામ) હતા. જેથી વારસદાર તરીકે તેઓનો સમાવેશ નહીં થાય.

⊙ **દુનિયાથી પર્દો કર્યો ત્યારે હુઝૂરે અકદસની મિલ્કતો :–**

હુઝૂરે અકદસ, જાને આલમ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે જયારે આ ફાની દુનિયાથી પર્દો ફરમાવ્યો, ત્યારે આપે નીચે મુજબની બે (૨) પ્રકારની મિલ્કતો તજેલી :-

**(૧)** સ્થાવર મિલ્કત અને **(૨)** જંગમ મિલ્કત



**(૧)** **સ્થાવર મિલ્કતની વિગત :–** (Immovable Fixed Property)

✪ બની નઝીરની જમીન ( بنی نضیر )

✪ ખૈબરની જમીન ( خیبر )

✪ ફિદકની જમીન ( فدک ) - જે બાગે ફિદકના નામે ઓળખાતી.

**(૨)** **જંગમ મિલ્કતની વિગત :–** (Movable Property)

✪ દરાઝગોશ જાનવર (ગર્દભ) ✪ હથિયારો (શસ્ત્રો)

✪ પહેરણ મુબારક ✪ ચાદર શરીફ ✪ રોજીંદા વપરાશના કપડા.

(હવાલો :- **'મદારેજુન્નબુવ્વત'** - ઉર્દુ અનુવાદ - લેખક : શૈખ મુહકિક શાહ અબ્દુલ હક મુહદ્દિષ દહેલ્વી. ઈન્તેકાલ :- સન હિજરી ૧૦૫૨, પ્રકાશક :- અદબી દુનિયા - દિલ્હી, **જિલ્દ નં. ૨, પેઈજ નં. ૭૫૭**)

## સ્થાવર મિલ્કતોની ઉપજ અને આવકનો હુઝૂરે અકદસ દ્વારા સખાવતી કાર્યો કરવામાં આવતા

વર્ણનીય ત્રણ (૩) સ્થાવર મિલ્કતો પૈકીની **''ફિદક''**ની જમીનની ઉપજ અને તે દ્વારા થતી આવક વિશેષ હતી. તે જમીન અતિ ફળદ્રુપ હતી અને તેમાં ફળફળાદી વિગેરેની ઉપજ બહુ જ સારી હતી. આ જમીન **''બાગે–ફિદક''**ના નામે પણ ઓળખાતી હતી.

સ્થાવર મિલ્કતોની આવકમાંથી **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ દ્વારા ⊙ બની હાશિમના નિઃસહાય અને અનાથ બાળકોને નાણાંકીય સહાય ⊙ અપરણિત જવાન યુવતિઓના લગ્ન કરાવી દેવા ⊙ ગરીબો-ફકીરો અને જરૂરિયાતમંદોની ઝરૂરતો પૂરી પાડવી ⊙ અઝવાજે મુતહહરાતના જીવન નિર્વાહનો ખર્ચ આપવો ⊙ જે મુજાહિદે લશ્કરે ઈસ્લામ પાસે કોઈ જાતનું શસ્ત્ર ન હોતું, તેને શસ્ત્રો અપાવી દેવા ⊙ મુસ્લિમોની ભલાઈ, ખુદાની રાહમાં ખર્ચ કરવો તથા અન્ય ભલાઈ અને અનિવાર્ય ધાર્મિક કામો માટે ખર્ચ કરવો.

સ્થાવર મિલ્કતોની ઉપજની આવકના સદુપયોગનો ઉપરોકત સિલસિલો **હુઝૂરે અકદસ, માલિકે કૌનૈન** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની ઝાહેરી હયાત મુબારકમાં કાયમી ધોરણે પ્રચલિત અને અમલમાં રહયો.

સ્થાવર મિલ્કતોના અનુસંધાને ‘‘**સુનને અબૂ દાઉદ**’’ની હદીષમાં ત્યાં સુધી રિવાયત છે કે **ખાતૂને જન્નત, હઝરત ફાતેમા** રદીઅલ્લાહો અન્હાએ **હુઝૂરે અકદસ, માલિકે કૌનેન** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમથી તે મિલ્કતો પોતાને આપી દેવાની માંગણી કરેલી. પણ **હુઝૂરે અકદસ** રહેમતે આલમ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે હઝરત ફાતેમાની વિનંતીનો અસ્વિકાર ફરમાવીને તેઓને આ મિલ્કતો અતા ફરમાવેલી નહીં.

(હવાલો :- **‘‘મદારેજુન્નબુવ્વત’’** (ઉર્દુ અનુવાદ) **ભાગ નં. ૨, પેઈજ નં. – ૭૬૧**)

**⊙ ‘‘મદારેજુન્નબુવ્વત’’ની ઉપરોક્ત ઈબારતના સમર્થન અને ટેકામાં ‘‘સુનને અબી દાઉદનો હવાલો અત્રે રજૂ છે :–’’**

عَنِ الْـمُغِيرَةِ، قَالَ :جَـمَـعَ عُـمَـرُ بْـنُ عَبْـدِ الْعَزِيزِ بَنِى مَرْوَانَ حِينَ اسْتُخْلِفَ، فَقَالَ :إِنَّ رَسُـولَ اللَّهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ :كَـانَتْ لَهُ فَدَكُ، فَكَانَ يُنْفِقُ مِنْهَا وَيَـعُـودُ مِـنْهَـا عَلَى صَغِيرِ بَنِى هَاشِمٍ، وَيُزَوِّجُ مِنْهَا أَيِّمَهُمْ، وَإِنَّ فَاطِمَةَ سَأَلَتْهُ أَنْ يَـجْـعَلَهَا لَهَا فَأَبَى، فَكَانَتْ كَذَلِكَ فِى حَيَاةِ رَسُولِ اللَّهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ، حَتَّـى مَـضَـى لِسَبِيلِهِ، فَلَمَّا أَنْ وُلِّىَ أَبُو بَكْرٍ رَضِىَ اللَّهُ عَنْهُ، عَمِلَ فِيهَا بِمَا عَمِلَ الـنَّبِىُّ صَـلَّـى اللهُ عَلَيْهِ وَسَلَّمَ، فِى حَيَاتِهِ حَتَّى مَضَى لِسَبِيلِهِ، فَلَمَّا أَنْ وُلِّىَ عُمَرُ عَـمِـلَ فِيهَـا بِـمِثْلِ مَـا عَمِلَا حَتَّى مَضَى لِسَبِيلِهِ، ثُمَّ أَقْطَعَهَا مَرْوَانُ، ثُمَّ صَارَتْ لِـعُـمَرَ بْنِ عَبْدِ الْعَزِيزِ، قَالَ عُمَرُ يَعْنِى ابْنَ عَبْدِ الْعَزِيزِ :فَرَأَيْتُ أَمْرًا مَنَعَهُ رَسُولُ الـلَّـهِ صَـلَّـى الـلهُ عَلَيْهِ وَسَلَّمَ فَاطِمَةَ رضى الله تعالىٰ عنها، لَيْسَ لِى بِحَقٍّ، وَأَنَا أُشْهِـدُكُـمْ أَنِّـى قَـدْ رَدَدْتُهَا عَلَى مَا كَانَتْ يَعْنِى عَلَى عَهْدِ رَسُولِ اللَّهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ

**حوالہ:۔**

”سنن أبى داود“، مؤلف: امام أبو داود سليمان بن الأشعث الأزدى السِّـجِسْـتـانـى (المتوفى:۲۷۵هـ)، ناشر: المكتبة العصرية، صيدا، بيروت، جزء:۳،صفحه:۱۴۴



**ترجمہ:۔**

’’حضرت مغیرہ فرماتے ہیں کہ جب حضرت عمر بن عبدالعزیز خلیفہ بنے تو بنومروان کو جمع کر کے فرمایا کہ بیشک رسول اللہ ﷺ کے واسطے فدک تھا، لہذا آپ اس سے خرچ فرماتے ، بنی ہاشم کے چھوٹے چھوٹے بچوں کو اس سے عنایت فرماتے اور غیر شادی شدہ عورتوں کی اسی سے شادی کراتے ۔ حضرت فاطمہ نے آپ سے اسے اپنے لئے مانگا تو آپ نے انکار فرمادیا۔ یہ سلسلہ حضور اکرم کی مکمل زندگی چلتا یہاں تک آپ اس ظاہری دنیا سے تشریف لے گئے ۔ جب صدیق اکبر خلیفہ ہوئے تو فدک میں آپ نے وہی معاملہ کیا جو حضور اکرم ﷺ کا رہا یہاں تک آپ بھی اس دار فانی سے تشریف لے گئے ۔ جب حضرت عمر نے خلافت کی باگ ڈور سنبھالی تو آپ نے بھی فدک کے معاملہ میں وہی راہ اپنائی جو دونوں گزشتہ صاحبوں نے اپنائی تھی یہاں تک کہ آپ بھی اس جہاں سے کوچ کر گئے ۔ پھر مروان نے اس کو اپنی جاگیر میں لیا پھر وہ عمر بن عبدالعزیز کی تحویل میں آ گیا۔ لہذا میں نے غور وفکر کیا کہ جس شئی کے لئے رسول اللہ ﷺ نے سیدہ فاطمہ کو منع فرمادیا تو اس میں میرا بھی کوئی حق نہیں ہے ۔ اور میں تم سب کو گواہ بناتا ہوں کہ میں نے اسے اسی دستور پر پھیر دیا جیسا وہ عہد رسالت میں تھا۔‘‘

⊙ ઉપરોક્ત અરબી ઈબારતના ઉર્દુ તર્જુમાનો ગુજરાતી લિપીયાંતર :-

**‘હઝરત મુગીરા ફરમાવે છે કે જયારે હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ ખલીફા બન્યા ત્યારે ‘બનુ મર્વાન’ (મર્વાન ના વંશજો) ને એકઠા કરી ને ફરમાવ્યું કે બે શક ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ માટે ‘ફિદક’ હતું. જેથી આપ તેની આવક માં થી ખર્ચ કરતા હતા. બની હાશિમ કબીલાના સગીર બાળકોને તેમાં થી અર્પણ કરતા હતા. અપરણિત સ્ત્રીઓની શાદી નો ખર્ચ તેમાં થી આપતા હતા. હઝરત ફાતેમા એ આપનાથી તે મિલ્કત પોતાના માટે માંગી, તો આપે ઈન્કાર ફરમાવી દીધો. ખર્ચ કરવા નો આ સિલસિલો હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની સંપૂર્ણ જાહેરી હયાતમાં ચાલતો રહયો. ત્યાં સુધી કે આપ આ જાહેરી દુનિયા થી તશરીફ લઈ ગયા.**

**જયારે સિદ્દીકે અકબર ખલીફા બન્યા તો ‘ફિદક’ની આવક થી તે પ્રણાલિકા જાળવી રાખી જે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે આરંભેલી. ત્યાં સુધી કે હઝરત સિદ્દીકે અકબર પણ આ ફાની દુનિયા થી તશરીફ લઈ ગયા.**

જયારે હઝરત ઉમરે ખિલાફત નો કારભાર સંભાળ્યો તો આપે પણ 'ફિદક'ની આવકના અનુસંધાને તે માર્ગ જ અપનાવ્યો કે જે બન્ને પૂર્વ મહાનુભાવો નો હતો. ત્યાં સુધી કે હઝરત ઉમર પણ આ દુનિયા થી કૂચ કરી ગયા.

ત્યાર બાદ (વારાફરતી) મર્વાને તે મિલ્કતને પોતાના નિયંત્રણ માં લીધી. તેના પછી તે મિલ્કત હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ (એટલે કે મારા) વહીવટ હેઠળ આવી ગઈ. જેથી મૈં ચિંતન અને મનન કર્યું કે જે મિલ્કત માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે સય્યેદા ફાતેમા ને આપી દેવાથી મનાઈ ફરમાવી, તો આ મિલ્કત માં મારો કોઈ હક-હિસ્સો નથી. અને હૂં તમો બધાને શાક્ષી બનાવું છું કે આ મિલ્કતની આવક અંગે તે પ્રથા જ ફરી જાળવી રાખી જે પ્રથા અહદે રિસાલત એટલે કે નબીએ પાકના સમય માં હતી.'

## હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ પછી સ્થાવર મિલ્કતોના ટ્રસ્ટી હઝરત અબૂબકર બન્યા.

**હુઝૂરે અકદસ** સલ્લલાહો અલૈહે વસલ્લમની અંગત મિલ્કતો એટલે કે સ્થાવર મિલ્કતો **(૧) બની નઝીરની જમીન (૨) ખૈબરની જમીન અને (૩) ફિદકની જમીન** આ ત્રણેય પ્રોપર્ટીઓનો વહીવટ અને સંચાલન **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે જાહેર હિતના કામો અર્થે કરેલો અને જાણે **'વકફ પ્રોપર્ટી'** હોય, તે પ્રમાણે તેનું સંચાલન અને નિયંત્રણ થયું. જો કે ત્રણેય પ્રોપર્ટી **હુઝૂરે અકદસ** ની અંગત મિલ્કત હતી.

**હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે દુનિયાથી પર્દો ફરમાવ્યા બાદ આ ત્રણેય પ્રપોર્ટીના વહીવટદાર (ટ્રસ્ટી) **હઝરત અબૂબકર સિદ્દીક** બન્યા. **હઝરત સિદ્દીકે અકબર** રદીઅલ્લાહો અન્હોએ ઉપરોકત ત્રણેય પ્રોપર્ટીઓનું સંચાલન તે પ્રમાણે જ કરવાનું નકકી કર્યુ, જે પ્રમાણે **સરકારે દો આલમ** સલ્લલ્લાહો અલૈહે



વસલ્લમ પોતાની જાહેરી હયાતના સમયકાળ દરમિયાન ફરમાવતા હતા.

**ખાતૂને-જન્નત હઝરત ફાતેમા** રદીઅલ્લાહો અન્હા એક દિવસ ખલીફતુલ મુસ્લેમીન, અમીરૂલ મોઅમેનીન, **હઝરત અબૂબકર સિદ્દીક** રદીઅલ્લાહો અન્હોની ખિદમતમાં તશ્રીફ લાવ્યા અને પોતાના વાલિદે-માજિદ **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની મિલ્કતમાંથી વારસો માંગ્યો. **હઝરત અબૂબકરે** સવિનય હઝરત ફાતેમાને વારસો આપવાનો ઈન્કાર ફરમાવ્યો અને કહયું કે **''નબીની પ્રોપર્ટી વારસદારોમાં વારસા તરીકે કદી વહેંચણી થઈ શકે નહી, તેવું હદીષમાં ફરમાને નબી છે.''** હવાલો પ્રસ્તુત છે :-

''حدیث پاک میں مروی ہے انامعشرالانبیاء لانرث ولانورث ماترکناہ صدقۃ۔ ہم گروہ انبیاء وہ ہیں جو نہ کسی کی میراث لیتے ہیں اور نہ ہماری کوئی میراث کوئی لیتا ہے، جو کچھ ہم ترکہ چھوڑیں وہ صدقہ ہے اور عمدہ جو کچھ کہ حضور اکرم ﷺ نے بعد وصال چھوڑا۔ ایک دراز گوش، اسلحہ، قمیص مبارک، چادر شریف اور اسی قسم کے کچھ اور لباس اور بنی نضیر، خیبر اور فدک کی زمین تھی جو حضور اکرم ﷺ کے لئے خاص تھی۔ اور اس سے ازواج مطہرات کے نفقہ، اور مسلمانوں، فقراء و مساکین کی ضروریات میں جو حضور ﷺ کی بارگاہ میں آتے تھے خرچ فرماتے تھے۔ جب حضور اکرم اس جہاں سے تشریف لے گئے اور حضرت ابوبکر صدیق رضی اللہ تعالیٰ عنہ خلیفہ ہوئے تو سیدہ فاطمہ بنت رسول اللہ حضرت ابوبکر کے پاس تشریف لائیں اور میراث طلب فرمائی۔ حضرت ابوبکر صدیق نے میراث نہ دی۔ اس پر سیدہ فاطمہ رضی اللہ عنہا نے فرمایا کہ جب آپ انتقال فرمائیں گے تو کون آپ کا وارث ہوگا۔ فرمایا میری اہل واولاد۔ اس پر فرمایا'' پھر کیا بات ہے کہ میں اپنے والد کی میراث کی وارث نہ بنوں۔'' حضرت صدیق نے فرمایا: میں نے رسول اللہ ﷺ نے سنا ہے کہ فرمایا ہماری میراث نہ ہوگی۔ لیکن میں حضور اکرم کا خلیفہ ہوں اور ہر اس شخص کی عیالداری کروں گا جس کی رسول اللہ ﷺ عیالداری فرماتے تھے اور میں ان اموال کو جو حضور اکرم نے چھوڑا ہے اس جگہ پر خرچ کروں گا جہاں رسول اللہ ﷺ اپنے عیال اور مسلمانوں کے حوائج وضروریات وغیرہ پر کرچ کرتے تھے۔''

**حوالہ:۔**

''مدارج النبوۃ'' (مترجم) مصنف:۔ شیخ محقق، حضرت شیخ عبدالحق محدث دہلوی، المتوفیٰ ۱۰۵۲ھ، ناشر: ادبی دنیا (دہلی)، جلد:۲، صفحہ:۷۵۶ اور ۷۵۷

⊙ ઉપરોક્ત ઉર્દુ ઈબારત નો ગુજરાતી અનુવાદ :-

**'હદીષે પાક માં વર્ણન છે કે 'અમો નબીઓ નો સમુહ કોઈ નો વારસો નથી લેતા અને અમારો વારસો પણ કોઈ નથી લેતું. અમો જે કંઈ પણ છોડી ને જઈએ છે તે સદકો છે.' અને ઉત્તમ તે છે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે દુનિયા થી પર્દો ફરમાવી ને તજ્યું. એક ગદર્ભ જાનવર, હથિયારો, ખમીસ મુબારક, ચાદર શરીફ અને તે પ્રકાર ના અન્ય પહેરવેશો તથા બની નઝીર, ખૈબર અને ફિદક ની જમીનો હતી. જે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની અંગત મિલ્કત હતી. જેની આવક માંથી અઝવાજે મુતહહરાત (પૂનિત પત્નિઓ)ના ભરણ પોષણ અને મુસલમાનો, ફકીરો, મિસ્કીનો કે જેઓ હુઝૂરે અકદસની બારગાહ માં હાજત લઈને આવતા, તેઓ ના માટે ખર્ચ ફરમાવતા હતા.**

**જયારે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ દુનિયા થી તશરીફ લઈ ગયા અને હઝરત અબૂબકર સિદ્દીક રદીઅલ્લાહો અન્હો ખલીફા બન્યા, તો હઝરત સય્યેદા ફાતેમા બિન્તે રસૂલુલ્લાહ સ્વંય હઝરત અબૂબકર પાસે તશરીફ લાવ્યા અને વારસો માંગ્યો. હઝરત અબૂબકરે વારસો આપ્યો નહીં. જેથી સય્યેદા ફાતેમા રદીઅલ્લાહો અન્હા એ ફરમાવ્યું કે જયારે તમારો ઈન્તેકાલ થશે, તો કોણ આપના વારસદાર બનશે ? હઝરતે સિદ્દીકે પ્રત્યુત્તરમાં ફરમાવ્યું કે મારો પરિવાર અને મારા સંતાનો. જેથી હઝરત ફાતેમા એ ફરમાવ્યું કે તો પછી એવી શું વાત છે કે હૂં મારા પિતા ના વારસા ની વારસદાર ન બનું. ?**

**હઝરત સિદ્દીકે અકબરે ફરમાવ્યું કે મૈં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ થી સાંભળ્યું છે કે અમારો વારસો નહીં થાય. પણ હૂં પોતે હુઝૂરે અકદસ નો ખલીફા છું અને હૂં તે દરેકનું ભરણ પોષણ કરીશ, જેનું ભરણ પોષણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ફરમાવતા હતા. અને હૂં તે સંપતિ કે જે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ મુકી ગયા છે, તેને ત્યાં જ ખર્ચ કરીશ જયાં-જયાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ પોતાના પરિવાર અને મુસ્લિમો ની જરૂરિયાતો અને હાજતો વગેરે માટે ખર્ચ કરતા હતા.'**



# હઝરત ફાતેમાને નારાજ કરવાનો હઝરત અબૂબકર સિદ્દીક ઉપર શીઆ ફિર્કાનો આક્ષેપ

ઉપરોક્ત પ્રસંગના અનુસંધાને **શીઆ ફિર્કા** ના પ્રચારકો **હઝરત સિદ્દિકે અકબર** રદીઅલ્લાહો અન્હોને ''દુશ્મને-એહલે-બૈયત''ના પુરાવા સ્વરૂપે રજૂ કરીને પોતાની કિતાબોમાં કલમની ટાંક તૂટી જાય ત્યાં સુધી અને પ્રવચનોમાં ગળુ ફાટી જાય ત્યાં સુધી બરાડા નાખીને કહે છે કે :-

**''અબૂબકર ને 'ફિદક' ફાતેમા કો ન દિયા ઔર હરચંદ કે પયગમ્બર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને 'હિબા' કિયા થા. ઔર દા'વા હઝરત ફાતેમા કા ન સુના. ઔર ગવાહ તલબ કિયે. આપ હઝરત અલી ઔર ઉમ્મે અયમન કો ગવાહી કે વાસ્તે લાઓ લેકિન ઉન્હોને કહા કે એક મર્દ ઔર એક ઔરત કી ગવાહી કાફી નહીં હૈ, બલ્કે એક ઔરત ઔર ચાહિયે. હઝરત ફાતેમા નિહાયત ગુસ્સા હૂઈ ઔર બોલના છોડ દિયા. હાલાં કે પયગમ્બર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને ફરમાયા હૈ કે 'મન-અગદબહા-અગદબની' યઅની જિસને ફાતેમા કો ગુસ્સા દિલાયા, મુઝ કો ગુસ્સા દિલાયા ''**

(હવાલો :- **''તોહફ-એ-ઈષના-અશરિયા''** ઉર્દૂ અનુવાદ - **પેઈજ નં. ૫૭૫**)
**<u>નોટ :-</u> હિબા** - કોઈને આપી દેવું (હવાલો :- **''ફિરોઝુલલુગાત'' પેઈજ નં. ૧૪૩૧**)

**હઝરત સિદ્દીકે અકબર** રદીઅલ્લાહો અન્હોને એહલે બૈયતના દુશ્મન પુરવાર કરવાના પુરાવારૂપે ઉપરોક્ત ઘટના પણ તદ્દન બનાવટી અને ઉપજાવી કાઢેલી છે. પ્રખ્યાત અને આધારભૂત તથા વિશ્વસનીય કિતાબોમાં કયાંય પણ એવો ઉલ્લેખ નથી કે **હઝરતે ફાતિમા** રદીઅલ્લાહો અન્હાએ **'હિબા'**નો દાવો કરેલો. શીઆ લોકોના કહેવા મુજબ હઝરત ફાતેમા એ એવો દાવો કરેલો કે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે પોતાની જાહેરી હયાતમાં આ જમીન મને આપી

દીધેલી અને પોતાના દા'વાના સાક્ષી રૂપે **હઝરત અલી** અને **હઝરતે ઉમ્મે અયમન** રદીઅલ્લાહો અન્હુમાને રજૂ કરેલા.

આ ઘટના પણ સદંતર ખોટી, ઉપજાવી કાઢેલી અને તરકટ જ છે. શીઆ લોકો ફક્ત **''મહોબ્બતે અલી''** અને **''મહોબ્બતે ફાતેમા''**નો ખોટા દાવો જ કરે છે. પણ હકીકત એ છે કે સહાબા-એ-કિરામની દુશ્મનીમાં **હઝરત અલી** અને **હઝરત ફાતેમા** રદીઅલ્લાહો અન્હુમાના પવિત્ર દામન ઉપર પ્રપંચનું કીચડ ઉછાળવાની ગુસ્તાખી કરી રહયા છે. **શું ખાતુને જન્નત જેવી મુકદ્દસ ઝાતે ગિરામી હિબાનો ખોટો દાવો કરી શકે? શું આવા ખોટા દાવામાં બનાવટી શાક્ષીની ભૂમિકા હઝરત અલી ભજવી શકે?**

કદાપી નહીં, દુન્યવી મિલ્કતની લાલચમાં ખાતુને જન્નત ઉપર હિબાના ખોટા દાવાનો આરોપ અને તેવા ખોટા દાવાના સાક્ષી બનવાનો હઝરત અલી ઉપર આરોપ લગાડીને શીઆ ફિર્કાના લોકો પોતાની અસલિયત જાહેર કરી રહયા છે કે હમારી શાન યે હૈ કિ **''હમ કહેતે કુછ હૈં ઔર કરતે કુછ હૈં''**

અલબત્ત... હઝરત ખાતૂને જન્નત ફાતેમતુઝઝહરા રદીઅલ્લાહો અન્હાએ સરકારે દો આલમ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની મિલ્કતમાંથી **''વારસો''** માંગેલો અને વાલિદે બુઝુર્ગવારની મિલ્કતમાંથી શહેઝાદી પોતાના **''વારસાઈ હક''**નો હિસ્સો માંગે તેમાં કશું જ ખોટું નથી પણ આ જન્નતી શહેઝાદીના વાલિદ અને અન્યોના વાલિદમાં એટલો બધો તફાવત છે કે સમગ્ર માનવજીવો આ શહેઝાદીના વાલિદની સરખામણીમાં કશી જ વિસાત કે ગજું નથી રાખતા.

કેમ કે અન્યોના વાલિદોની મિલ્કત વારસા સ્વરૂપે વારસદારોમાં વહેંચણી થઈ શકે છે. તેઓની વિધવાઓ પુનઃ લગ્ન કરી શકે છે. પણ **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની મિલ્કત વારસા સ્વરૂપે વહેંચણી કરી શકાશે નહીં. તેવી જ રીતે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે દુનિયાથી પર્દો ફરમાવ્યા બાદ આપની વિધવા પત્નિઓ પુનઃ લગ્ન નહીં કરી શકે. કેમ કે હરામ છે. કુરઆને શરીફમાં નબીની પત્નિને અન્ય સાથે પુનઃ લગ્ન કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે. જેમ કે :-



## -: આયત શરીફ :-

وَما كانَ لَكُمْ أَنْ تُؤْذُوا رَسُولَ اللّٰهِ وَلا أَنْ تَنْكِحُوا أَزْواجَهُ مِنْ بَعْدِهِ أَبَداً إِنَّ ذٰلِكُمْ كانَ عِنْدَ اللّٰهِ عَظِيماً **(پارہ:۲۲،سورہ احزاب،آیت نمبر:۵۳)**

ترجمہ:۔ ''اور تمہیں نہیں پہنچتا کہ رسول اللہ کو ایذا دو اور نہ یہ کہ ان کے بعد کبھی ان کی بیویوں سے نکاح کرو۔ بیشک یہ اللہ کے نزدیک بڑی سخت بات ہے۔'' (کنزالایمان)

### تفسیر

(۱) اجتمع الْعُلَمَاءُ قَاطِبَةً عَلَى أَنَّ مَنْ تُوُفِّيَ عَنْهَا رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ من أزواجه أنه يحرم على غيره تزوجها مِنْ بَعْدِهِ، لِأَنَّهُنَّ أَزْوَاجُهُ فِي الدُّنْيَا وَالْآخِرَةِ وَأُمَّهَاتُ الْمُؤْمِنِينَ

حواله:. "تفسير القرآن العظيم" (المعروف بتفسير ابن كثير)،مؤلف: أبو الفداء إسماعيل بن عمر بن كثير البصرى ثم الدمشقي (المتوفى: ۴۷۷هـ)، ناشر: دار الكتب العلمية، بيروت(لبنان)، **جلد: ٦، صفحه: ۴۰۳**

ترجمہ:۔ '' تمام علماء کا اس پر اتفاق ہے کہ جن ازواج مطہرات کو چھوڑ کر نبی کریم ﷺ اس ظاہری دنیا سے تشریف لے گئے ،ان سے کسی بھی شخص کا شادی کرنا حرام ہے، کیونکہ وہ دنیا و آخرت میں حضور ﷺ کی ازواج ہیں اور مؤمنین کی مائیں ہیں۔''

(۲) ''جس عورت سے حضور ﷺ نے عقد فرمایا، وہ حضور کے سوا ہر شخص پر ہمیشہ کے لئے حرام ہوگئی۔ اسی طرح وہ کنیزیں جو باریاب خدمت ہوئیں اور قربت سے سرفراز ہوئیں وہ بھی اسی طرح سب کے لئے حرام ہیں۔''

حوالہ:۔ ''تفسیر خزائن العرفان''، مفسر: صدرالافاضل حضرت سید نعیم الدین مرادآبادی (المتوفی:۔ ۱۳۶۷ھ)۔اوپر مذکور سورۂ احزاب کی آیت نمبر:۵۳ کی تفسیر کے تحت

વાંચક મિત્રોની સરળતા માટે ઉપરોક્ત આયતનો જે ઉર્દુ તર્જુમો છે, તેનો ગુજરાતી અનુવાદ અને તફસીરમાં આપવામાં આવેલા બે (૨) હવાલાઓ પૈકી હવાલા નંબર- ૧ એટલે કે ''તફસીરે કબીર''ની અરબી ઈબારતના ઉર્દૂ તર્જુમાનો ગુજરાતી અનુવાદ અત્રે રજૂ છે :-

## -: આયતનો ગુજરાતી અનુવાદ :-

**''અને તમને એ બાબત યોગ્ય નથી કે રસૂલુલ્લાહને તકલીફ (કષ્ટ) આપો. અને તમારા માટે યોગ્ય નથી કે કયારેય પણ તેઓની પત્નિઓથી નિકાહ કરો. નિઃશંક, આ અલ્લાહની નઝદીક બહુ જ સખ્ત વાત છે'' (કન્ઝુલ ઈમાન)**

## -: તફસીરનો ગુજરાતી અનુવાદ :-

**''તમામ ઓલોમા આ વાત ઉપર સંગઠીત છે કે જે પૂનિત પત્નિઓને મૂકીને નબી-યે-કરીમ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ આ જાહેરી દુનિયાથી તશરીફ લઈ ગયા, તે પત્નિઓથી કોઈપણ શખ્સનું શાદી કરવું હરામ છે. કેમ કે તેઓ દુનિયા અને આખેરતમાં હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની અઝવાજ (પત્નિઓ) છે અને મુસ્લિમોની માઁ છે.''**

(હવાલો :- **''તફસીર ઈબ્ને કષીર''** - મુફસ્સિર :- અબૂલ ફિદા ઈસ્માઈલ ઈબ્ને ઉમર ઈબ્ને કષીર બસરી, દમિશ્કી, ઈન્તેકાલ :- સન હિજરી ૭૭૪. પ્રકાશક :- દારૂલ કુતુબિલ અરબીયા, બૈરૂત (લેબનોન) - **જિલ્દ નં. ૬, પેઈજ નં. ૪૦૩)**

## ⊙ નબીનો વારસો વહેંચણી નહી થાય, તે અંગેની હદીષ :-

قَالَ أَبُو بَكْرٍ :إِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ :لاَ نُورَثُ، مَا تَرَكْنَا صَدَقَةٌ.

حوالہ:- (۱)**"صحیح البخاری"** ، مؤلف: امام محمد بن إسماعيل أبو عبدالله البخاری الجعفی(المتوفیٰ: ۲۶۱ھ)، ناشر: دار طوق النجاة(مصر)، طبع اول: ۱۴۲۲ھ، **جزء:۵، صفحه: ۱۳۹**

(۲)"**مسند الإمام أحمد بن حنبل**"، مؤلف: أبو عبد الله أحمد بن محمد بن حنبل بن هلال الشيبانی (المتوفی: ۲۴۱ھ)، ناشر:مؤسسة الرسالة، بيروت، طبع اول: ۱۴۲۱ھ ، **جزء: ۱۶ ، صفحه:۴۷**

(۳)"**المعجم الأوسط**"، مؤلف: سليمان بن أحمد بن أيوب امام أبو القاسم الطبرانی (المتوفی: ۳۶۰ھ)، ناشر: دار الحرمين -القاهرة(مصر)،**جزء: ۵، صفحه: ۲۶**

(۴)"**كنز العمال**"، مؤلف: علاء الدين علی بن حسام الدين ابن قاضی خان القادری الهندی البرهانفوری (المتوفی:۹۷۵ھ)، ناشر: مؤسسة الرسالة، بيروت، طبع خامس: ۱۴۰۱ھ،**جزء:۱۲ ، صفحه: ۴۸۸**

ترجمہ:- ''حضرت ابوبکرصدیق فرماتے ہیں کہ نبی کریم ﷺ نے فرمایا: ہماری وراثت تقسیم نہیں کی جاتی ہے، جو کچھ ہم چھوڑ کر جائیں وہ صدقہ ہے۔''



## ⊙ ઉપરોક્ત હદીષના ઉર્દૂ તર્જુમાનો ગુજરાતી અનુવાદ :-

**''હઝરત અબૂબકર સિદ્દીક ફરમાવે છે કે નબી-એ-કરીમ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે ફરમાવ્યું કે અમારો વારસો વહેંચણી કરવામાં નથી આવતો. જે કંઈપણ મૂકીને અમો જઈએ છીએ, તે સદકો છે.''**

**-: હવાલો :-**

(૧) **''સહીહ બુખારી શરીફ''** : સંપાદક :- ઈમામ મુહમ્મદ બિન ઈસ્માઈલ અબૂ અબ્દુલ્લાહ બુખારી, ઈન્તેકાલ :- સન હિજરી ૨૬૧, પ્રકાશકઃ- દાર તોકુન્નજાત, ઈજિપ્ત, આવૃતિ પહેલી, પ્રકાશન વર્ષ સ.હિ. ૧૪૨૨, **જિલ્દ ૫, પેઈજ નં. ૧૩૯.**

(૨) **''મુસ્નદે ઈમામ અહમદ બિન હમ્બલ''** - સંપાદક :- ઈમામ અબૂ અબ્દુલ્લાહ અહમદ બિન મુહમ્મદ બિન હમ્બલ બિન હિલાલ શયબાની, ઈન્તેકાલ સ.હિ. ૨૪૧, પ્રકાશક :- મુઅસસતુર - રિસાલા - બૈરૂત (લેબનોન) **- જિલ્દ - ૧૬, પેઈજ - ૪૭.**

(૩) **''અલ-મોઅજમે-અવસત''** - સંપાદક :- સુલયમાન બિન અહમદ બિન ઐયૂબ ઈમામ અબૂલ કાસિમ તિબ્રાની, ઈન્તેકાલ :- સન હિજરી - ૩૬૦, પ્રકાશક :- દારૂલ હરમૈન - કૈરો (ઈજિપ્ત) - જિલ્દ નં. ૫, **પેઈજ નં. ૨૬.**

(૪) **''કન્ઝુલ-ઉમ્માલ''** - સંપાદક :- અલાઉદ્દીન અલી બિન હિસામુદ્દીન ઈબ્ને કાઝીખાન કાદરી બુરહાનૂરી, ઈન્તેકાલ :- સ.હિ. ૯૭૫, પ્રકાશકઃ - અલ મુઅસસતુર - રિસાલા - બૈરૂત (લેબનૌન) આવૃતિ :- પાંચમી, પ્રકાશન વર્ષ :- સન હિજરી :- ૧૪૦૧, **જિલ્દ નં. ૧૨, પેઈજ નં. ૪૮૮.**

ઉપરોકત હદીષના અનુસંધાને તમામ સહાબા, તાબેઈન, તબએ-તાબેઈન, મુજતહેદીન, મુસ્તમબેતીન, મુજદ્દેદીન, મુહદ્દેષીન, મુહકેકીન, અઈમ્મ-એ-કિરામ, ઓલમાએ ઈઝામ, સૂફિયા, સુલ્હા અને મિલ્લતે ઈસ્લામીયાના મહાન આલિમો એ બાબતે એકમત છે કે **અંબિયા-એ-કિરામે દુનિયાથી પર્દો ફરમાવતી વખતે જે કંઈપણ માલ અને મિલ્કત મૂકી હોય, તે વારસદારોમાં વહેંચણી નહી થાય, કેમ કે તે સદકો છે.**

**<u>નોટ :-</u>**

**સદકા** = ખૈરાત, વો ચીઝ જો ખુદા કે નામ પે દી જાએ.
(ફિરોઝુલ્લુગાત પેઈજ નં. ૮૬૧)

**સદકા** = Sacrifice, Welfare (Eng. ur. Eng.Dic.by A.Haq Page No. - 992)

**Sacrifice** (સેક્રિફાઈસ) = કોઈ વ્યક્તિ કે ધ્યેયને કંઈ અર્પણ કરવું.
(Gala's E.G.Dic. Page - 840)

**Welfare** (વેલ્ફેઅર) = જન કલ્યાણ કાર્ય (Gala's Eng-Guj-Eng. Dict. Page No. 1049)

ઉપરોકત હદીષશરીફના હુકમ મુજબ અને હદીષ શરીફના શબ્દ ''સદકા''ના અર્થો વિવિધ શબ્દકોશો દ્વારા જાણીને તે અંગેની છણાવટનો તારણ ફકત એ થશે કે **હુઝૂરે અકદસ** તથા તમામ અંબિયા-એ-કિરામ (અલા-નબીય્યેના-વ-અલૈહીમુસ્સલાતો-વસ્સલામ) નો **વારસો જે માલ-મિલ્કત સ્વરૂપે છે, તે વારસાઈ હક મુજબ વારસદારો વચ્ચે વહેંચણી કરવામાં નહી આવે પણ તે માલ મિલ્કત સદકા સ્વરૂપે ખુદાની રાહમાં જન કલ્યાણના કાર્યોમાં ઉપયોગ કરવામાં આવશે. શરીઅતનો આ બિન-વિવાદી અટલ અને અફર કાનૂન છે.**

## ઉપરોકત હદીષને અનૂસરીને હઝરત સિદ્દીકે અકબરે હુઝૂરે અકદસની મિલ્કત વારસદારો વચ્ચે વહેંચણી કરવાનો ઈન્કાર કરેલો

**શીઆ ફિર્કા**ના પ્રચારકો ''**બાગે-ફિદક**''ના વારસાઈ હક અનુસંધાને ઉગ્ર અને ઝનૂની હોબારો મચાવીને અમીરૂલ મોઅમેનીન **હઝરત સિદ્દીકે અકબર** રદીઅલ્લાહો અન્હોને એહલે બૈયતના શત્રુ તરીકે ચિતરે છે. લોકોને ઉશ્કેરે છે કે જુઓ અબુબકર કેવા નિર્દયી, અન્યાયી અને અત્યાચારી હતા કે **ખાતૂને-જન્નત બીબી ફાતેમા**ને સગા બાપની મિલ્કતમાંથી ભાગ આપવાથી મેહરૂમ કરી દીધા. નબીએ પાકનું ફકત એક જ સંતાન **માઁ-ફાતેમા** હયાત હતા. બાકીની બધી



**''ઔલાદે-નબી''** અલ્લાહને પ્યારી થઈ ગઈ હતી. ફકત એક શેહઝાદી જ બાકી હતા. નબીની મહોબ્બતનો તકાઝો તો એ હતો કે સામે ચાલીને અબુબકરે બધી મિલ્કત નબીની શેહઝાદીના કદમોમાં ધરી દેવી જોઈતી હતી, તેના બદલે હઝરત **માં-ફાતેમા** એ મિલ્કતમાંથી વારસો માંગ્યો, તો એહલે બૈયતના દુશ્મન અબૂબકરે વારસો આપવાનો ઈન્કાર કરી દીધો. નર્યો અન્યાય અને ઝુલમ કર્યો. (ધ્રુસકે ધ્રુસકે રડીને તથા માથા કૂટીને સંવેદનાનું વાતાવરણ ખડું કરવા નાટકીયો આક્રંદ કરે છે) તેઓના આવા ઢોંગ-ધતૂરાનો જડબાતોડ જવાબ માટે નીચેના હવાલો જુઓ :-

عَنْ عُرْوَةَ، عَنْ عَائِشَةَ، أَنَّهَا قَالَتْ :إِنَّ أَزْوَاجَ النَّبِيِّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ حِينَ تُوُفِّيَ رَسُولُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ أَرَدْنَ أَنْ يَبْعَثْنَ عُثْمَانَ بْنَ عَفَّانَ إِلَى أَبِي بَكْرٍ، فَيَسْأَلْنَهُ مِيرَاثَهُنَّ مِنَ النَّبِيِّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ، قَالَتْ عَائِشَةُ لَهُنَّ: أَلَيْسَ قَدْ قَالَ رَسُولُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ :لَا نُورَثُ مَا تَرَكْنَا فَهُوَ صَدَقَةٌ.

**حوالہ:**

(۱) **"صحيح مسلم"**، مؤلف: امام مسلم بن الحجاج أبو الحسن القشيرى النيسابورى (المتوفى: ۲۶۱هـ، ناشر: دار إحياء التراث العربى -بيروت، جزء:۳، صفحه: ۱۳۷۹

(۲) **"سنن أبى داود"**، مؤلف: امام أبو داود سليمان بن الأشعث الأزدى السِّجِسْتانى (المتوفى:۲۷۵هـ)، ناشر: المكتبة العصرية، صيدا، بيروت، جزء:۳،صفحه: ۱۴۴

(۳) **"موطأ الإمام مالك"**، مؤلف: امام مالك بن أنس بن مالك بن عامر الأصبحى المدنى (المتوفى: ۱۷۹هـ)، ناشر: دار إحياء التراث العربى، بيروت -لبنان سن اشاعت: ۱۴۰۶هـ، جزء:۲، صفحه: ۲۹۳

**ترجمہ:** حضرت عروہ سے مروی ہے، وہ حضرت عائشہ صدیقہ رضی اللہ تعالیٰ عنہا سے روایت کرتے ہیں کہ آپ فرماتی ہیں کہ جب نبی کریم ﷺ اس ظاہری دنیا سے تشریف لے گئے تو ازواج مطہرات نے حضرت عثمان بن عفان رضی اللہ تعالیٰ عنہ کو حضرت ابوبکر کے پاس بھیجنے کا ارادہ کیا تا کہ حضرت عثمان حضرت ابوبکر سے ازواج مطہرات کے لئے حضور کے مال میں سے ان کی وراثت مانگیں۔ حضرت عائشہ نے ان سے فرمایا کہ کیا رسول اللہ ﷺ نے یہ نہیں فرمایا: ہم میراث نہیں چھوڑتے، جو کچھ ہم چھوڑ کر جائیں وہ صدقہ ہے۔

## ⦿ ઉપરોક્ત અરબી ઈબારતના ઉર્દૂ તર્જુમાનો ગુજરાતી અનુવાદ :-

**''હઝરત ઉર્વાથી રિવાયત છે , તેઓ હઝરત આએશા સિદ્દીકા રદીઅલ્લાહો અન્હાથી રિવાયત કરે છે કે તેણીએ ફરમાવ્યું કે જ્યારે નબી–એ–કરીમ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ આ જાહેરી દુનિયાથી તશરીફ લઈ ગયા, તો અઝવાજે મુતહહરાતે (પૂનિત પત્નિઓ) હઝરત ઉસ્માન બિન અફફાન રદીઅલ્લાહો તઆલા અન્હોને હઝરત અબૂબકરની પાસે મોકલવાનો ઈરાદો કર્યો, જેથી હઝરત ઉસ્માન હઝરત અબૂબકરથી અઝવાજે મુતહહરાત માટે હુઝૂરે અકદસના માલમાંથી વારસો માંગે, હઝરત આએશાએ તે બધી અઝવાજને સંબોધીને ફરમાવ્યું કે શું રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે એવું નથી ફરમાવ્યું ? કે અમો વારસો નથી મૂકી જતા. જે કંઈપણ અમો મૂકીને જઈએ, તે સદકો છે''**

**–: હવાલો :–**

(૧) **''સહીહ–મુસ્લિમ''** - સંપાદક :- ઈમામ મુસ્લિમ બિન હિજાજ અબૂલ હસન કશીરી-નૈશાપૂરી, ઈન્તેકાલ :- સહ હિજરી :- ૨૬૧, પ્રકાશક :- દાર અહયાઈત તુરાષુલ અરબી, બૈરૂત (લેબનોન) **જિલ્દ નં. ૩, પેઈજ નં. ૧૩૭૯.**

(૨) **''સુનને અબી દાઉદ''** - સંપાદક :- ઈમામ અબૂ દાઉદ સુલયમાન બિન અશઅષ, અઝદી, સજિસ્તાની - ઈન્તેકાલ સન હિજરી - ૨૭૫, પ્રકાશક :- અલ મકતબતુલ અસ્રિયા, સેયદા-બૈરૂત, **જિલ્દ નં. ૩, પેઈજ નં. ૧૪૪.**

(૩) **''મોઅતા ઈમામ માલિક''** - સંપાદક :- ઈમામ માલિક બિન અનસ બિન માલિક બિન આમિર અસ્બહી મદની, ઈન્તેકાલ સન હિજરી - ૧૭૯ , પ્રકાશકઃ- દારૂ અહયાઈત તુરાષિલ અરબી, બૈરૂત (લેબનોન) પ્રકાશન વર્ષ :- સન હિજરી ૧૪૦૬, **જિલ્દ નં. ૨, પેઈજ નં. ૨૯૩.**

ઉપરોક્ત હવાલાથી એ વાત પુરવાર થાય છે કે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની મિલ્કતમાં તમામ અઝવાજ (પત્નિઓ) નો વારસાઈ હક થતો હતો પણ બધી અઝવાજમાં **હઝરત આએશા** ઈલ્મે હદીષના વિશેષ જાણકાર હતા. સમગ્ર અઝવાજે પોતાનો વારસો મેળવવા **હઝરત ઉસ્માન ગની**ના માધ્યમ દ્વારા **હઝરત અબૂબકર સિદ્દીક** પાસે માંગણી કરવાનું વિચારતા હતા. **હઝરત**



**આએશા**ને આ બબાતની જાણ થઈ તો તેઓએ અઝવાજે મુતહહેરાત (પૂનિત પત્નિઓ)ને તેમ કરતા અટકાવ્યા અને સંબોધીને કહયું કે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના માલથી વારસો મેળવવાનો પ્રયત્નો કરો નહીં. કેમ કે નબીનો માલ વારસદારોમાં વહેચણી થઈ શકે નહીં. કેમ કે તેઓ જે કંઈ પણ મુકીને જાય છે, તે સદકો છે.

પુરવાર થયું કે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના વારસદાર કફત હઝરત ફાતેમા જ નહોતા બલ્કે તમામ પૂનિત પત્નિઓ પણ વારસદાર હતી. ફકત એટલું જ નહીં પણ અન્ય એક વારસદાર પણ હતા. અને તે વારસદાર **હુઝૂરે અકદસ** માલિકે કૌનેન સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના **''સગા કાકા'' હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ** રદીઅલ્લાહો અન્હો હતા.

શરીઅતે ઈસ્લામીમાં દરેક મૃતક વ્યક્તિના વારસદારોને તે મરહૂમની સંપતિમાંથી શું હિસ્સો મળે તે અંગેના નિયમો અને કાનૂનો નકકી કર્યા છે. આ કાનૂનો ઉમ્મતીને જ લાગૂ પડે છે. નબીને તે કાનૂનો લાગૂ નથી પડતા. કેમ કે હદીષ શરીફમાં ઈર્શાદ **''ફ નબીય્યુલ્લાહે–હય્યુન''** એટલે કે અલ્લાહના નબી હયાત છે, માલ વારસદારોને મૃતક એટલે કે ગુજરી જનાર એટલે કે અવસાન પામનાર વ્યકિતનો મળે છે. અલ્લાહના નબીઓ હયાત (જીવંત) છે. જેથી તેઓનો માલ વારસદારોમાં તકસીમ (વહેચણી) નહીં થાય. ઉપરાંત, તેઓની પત્નિઓ પણ પુનઃ લગ્ન નહીં કરી શકે, જે અંગેની હદીષ હમણા જ વાંચકોએ વાંચી છે.

આલા હઝરત ઈમામે ઈશ્કો-મહોબ્બત, મુજદ્દિદે દીનો-મિલ્લત, **ઈમામ અહમદ 'રઝા' મુહક્કિક બરેલ્વી** રદીઅલ્લાહો અન્હો ફરમાવે છે કે :-

**અંબિયા કો ભી અજલ આની હૈ – મગર ઐસી કે ફકત આની હૈ.**
**ફિર ઉસી આન કે બાદ ઉનકી હયાત – મિષલે ષાબિક વહી જિસ્માની હૈ.**
**રૂહ તો સબ કી હૈ ઝિન્દા, ઉન્કા – જિસ્મે પુરનૂર ભી રૂહાની હૈ.**
**ઉસ કી અઝવાજ કો જાઈઝ હૈ નિકાહ – ઉસ કા તર્કા બટે જો ફાની હૈ.**
(''હદાઈકે બખ્શીશ'' - હિસ્સા :- ૨, પેઈજ નં. ૯૪)

**હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના માલ-મિલ્કતમાં કોઈ ને પણ હિસ્સો મળે કે વારસાઈ હકક થાય, તેવો સવાલ જ પૈદા નથી થતો. પણ જો આપના વારસદારોને વારસો આપવામાં પણ આવે, તો નીચે મુજબ ની પરિસ્થિત થાય.

## ⊙ **હુઝૂરે અકદસના વારસદારો :-**

| નં. | વારસદાર ની વિગત | સંબંધ | કેટલા ટકા મળે ? |
|---|---|---|---|
| ૧ | હઝરત અબ્બાસ બિન અ. મુત્તલિબ | સગા કાકા | ૩૭.૫% |
| ૨ | હઝરત ફાતેમા ખાતુને જન્નત | શેહઝાદી (દિકરી) | ૫૦.૦% |
| ૩ | ૯, જીવીત પૂનિત પત્નિઓ | પત્નિઓનો | ૧૨.૫% |
| | | ટોટલ | ૧૦૦% |

ધારો કે જો **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના માલમાં વારસાઈ લાગૂ પાડી અમલ કરવામાં આવે, તો **ખાતૂને જન્નત, હઝરત ફાતેમા** એકલા જ વારસદાર ન હતા. શરીઅત કાનૂન મુજબ **'ઈલ્મે મીરાષ'**ના કાનૂન મુજબ અન્ય **દસ (૧૦)** વારસદારો પણ હતા. જેમનો પણ અર્ધો હિસ્સો (૫૦%) થાય. હઝરત અબ્બાસ ના ૩૭.૫ અને ૯, અઝવાજના ૧૨.૫ ટકા મળીને કુલ ૫૦% તો હઝરત ફાતેમા સિવાયના અન્યોને ફાળે જાય. તો પછી શીઆ લોકો એવા રોદણાં શા માટે રડે છે કે **હઝરત ફાતેમા**નો હક આપ્યો નહીં અને હડપ કરી ગયા. જો મઆઝલ્લાહ! અન્યાય જ કર્યો છે (તમારા મતે) તો હઝરત ફાતેમાની સાથે અન્ય દસ(૧૦) ને પણ થયો છે. ખૂબીની વાત તો એ છે કે **હઝરત અબૂબકર સિદ્દીક**ને મુખ્ય અપરાધી અને મુખ્ય અન્યાયકર્તા કહીને વખોડવામાં આવે છે અને હકદારોનો હક મારી નાખ્યો છે, એવું કહીને બદનામ કરવાની ચેષ્ટા કરવામાં આવે છે, તો જેને અન્યાય થયો છે અને જેનો હક કરવામાં આવ્યો છે, તેમાં ખૂદ સિદ્દીકે અકબરના શહેઝાદી (દિકરી) હઝરત આએશા પણ છે.

એક મહત્વનો હવાલો સેવામાં પ્રસ્તુત છે :-

جواب اس طعن کا یہ ہے کہ ابوبکر نے جو منع میراث کا حضرت فاطمہ رضی اللہ تعالیٰ عنہا سے کیا، محض بسبب سننے اس نص پیغمبر صلی اللہ علیہ وسلم کے تھا کہ آں حضرت صلی اللہ علیہ وسلم سے سنی تھی نہ کہ بسبب عداوت و بغض فاطمہ رضی اللہ تعالیٰ عنہا کے، اس دلیل سے کہ اگر میراث ٹھہرتی تو ازواج مطہرات کو بھی ترکۂ پیغمبر سے حصہ پہنچتا اور عائشہ رضی اللہ تعالیٰ عنہا ابوبکر رضی اللہ تعالیٰ عنہ کی دختر بھی ازواج سے تھیں، پس اگر ابوبکر کو فاطمہ سے بغض وعداوت تھی تو ازواج مطہرات اور ان کے باپ بھائی خصوصاً خود اپنی لڑکی کہ حضرت عائشہ تھیں ان سے کیا عداوت تھی جو سب کو محروم المیر اث کیا؟۔ عباس رضی اللہ تعالیٰ عنہ ابتدائے خلافت سے ابوبکر رضی اللہ تعالیٰ عنہ کے رفیق و مشیر تھے، ان کو کیوں محروم المیر اث کیا؟۔

**حوالہ:۔** ''تحفۂ اثناعشریہ'' (مترجم)، مصنف: شاہ عبدالعزیز محدث دہلوی علیہ الرحمہ، المتوفی: ۱۲۳۹ھ، ناشر: اعتقاد پبلشنگ ہاؤس (نئی دہلی)، باب:۱۰، صفحہ:۵۶۹



## ⊙ ઉપરોકત ઉર્દૂ ઈબારતનો ગુજરાતી અનુવાદ :-

**''જવાબ આ આક્ષેપનો એ છે કે હઝરત અબૂબકરે વારસાની વહેંચણીની જે વર્ણતુંક હઝરત ફાતેમા રદીઅલ્લાહો અન્હાથી કરેલી, તેનું ફકત એક જ કારણ હતું કે આપે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમથી જે હદીષ સાંભળેલી, તે હદીષ દ્વારા પ્રત્યક્ષ સ્પષ્ટીકણ થઈ ગએલું. હઝરત અબૂબકરે હઝરત ફાતેમા પ્રત્યે કિન્નાખોરી, દ્વેષભાવ કે વેરભાવના કારણે વારસાની વહેચણી નિષેધ નહોતી કરી. જો વારસદારોને તેઓના હક મુજબ વારસાની ફાળવણી કરી દેવામાં આવે, તો અઝવાજે મુતહહેરાત (પુનિત પત્નિઓ)ને પણ હુઝૂરે અકદસની મિલ્કતથી વારસો મળત અને હઝરત અબૂબકરની દુખ્તર (પુત્રી) હઝરત આઈશા પણ પૂનિત પત્નિઓ પૈકીના એક હતા. જો હઝરત અબુબકરે કિન્નાખોરી, દ્વેષભાવ અને શત્રુતાના કારણે વારસો નહોતો આપ્યો, તો હઝરત આએશાથી શું દુશ્મનાવટ હતી ? પોતાની સગી દિકરીને પણ વારસા હક થી મેહરૂમ (વંચિત) શા માટે કરી દીધી? હઝરત અબ્બાસ કે જેઓ ખિલાફતકાળના આરંભથી જ હઝરત અબુબકરના પરમ મિત્ર, અંગત સલાહકાર, હિતેચ્છુ અને સમર્થક હતા, તેઓને વારસા હક થી શા માટે મેહરૂમ કર્યા.?''**

**-:હવાલો :-**

**'તોહફા-ઈષના-અશરિયા'** (ઉર્દુ અનુવાદ), લેખકઃ- શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી, ઈન્તેકાલ સન હિજરીઃ- ૧૨૩૯, પ્રકાશકઃ- એતકાદ પબ્લીશીંગ હાઉસ, દિલ્હી. **બાબ (પ્રકરણ)નં. ૧૦-પેઈજ નં.૫૬૯**

ટૂંકમાં ખલીફ-એ-અવ્વલ, અમીરૂલ મોઅમેનીન, **હઝરત સિદ્દીકે અકબર** રદીઅલ્લાહો અન્હોએ કોઈની પણ સાથે કોઈપણ જાતનો પુર્વગ્રહ, રાગદ્વેષ, કિન્નાખોરી કે વેરભાવ રાખ્યા વગર ફકત એક જ કારણસર બધા વારસદારોના વારસાઈ હકો રદ કરી દીધા અને તે કારણ એ હતું કે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનો ઈર્શાદે ગિરામી છે કે **અમો વારસો નથી મુકી જતા. જે કંઈ પણ અમો મુકીને જઈએ, તે સદકો છે.**

## ''હઝરત અબુબકર પછી ''બાગે ફિદક'' તથા અન્ય મિલ્કતો હઝરત ઉમર ફારૂકના વહીવટ અને નિયંત્રણ હેઠળ આવી''

હઝરત સિદ્દીકે અકબર રદીઅલ્લાહો અન્હોએ ઉપરોકત ફરમાને હદીષને અનુલક્ષીને બધા વારસદારોના વારસાઈ હક સ્થગિત કરી દીધા. થોડોક ઉહાપો અને ગણગણાટ થયો પણ થોડા જ સમયમાં પરિસ્થિતી થાળે પડી ગઈ. હઝરત સિદ્દીકે અકબરે ત્રણેય (૩) સ્થાવર મિલ્કતો ⊙ બની નઝીરની જમીન ⊙ ખૈબરની જમીન અને બાગે ફિદકની જમીનની ઉપજ અને આવકનો ઉપયોગ **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની પ્રણાલિકાનો ચુસ્તપણે અમલ કરીને રાહે ખુદામાં ખર્ચ કરીને તથા ભલાઈ અને જન કલ્યાણના નેક કામોમાં કર્યો.

હઝરત સિદ્દીકે અબકર રદીઅલ્લાહો અન્હોએ દુનિયાથી પર્દો ફરમાવ્યો. આપના પછી બીજા ખલીફા તરીકે **હઝરત ફારૂકે આઝમ** રદીઅલ્લાહો અન્હો નિયુકત થયા એટલે ઉપરોકત ત્રણેય સ્થાવર મિલ્કતો હઝરત ઉમરની ''તેહવીલ'' એટલે કે વહીવટ અને નિયંત્રણ હેઠળ આવી. હઝરત ફારૂકે આઝમે બન્ને પૂર્વજો એટલે કે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ અને હઝરત અબૂબકર સિદ્દીક રદીઅલ્લાહો અન્હોની પ્રણાલિકા જાળવી રાખી. હઝરત ઉમર ફારૂકની ખિલાફતના આરંભિક દિવસોમાં વર્ણનીય સ્થાવર મિલ્કતો વિષે થોડોક સળવળાટ થએલો. જે અંગેની હદીષ અત્રે રજૂ છે. : -

عَنِ الزُّهْرِيِّ، قَالَ :أَخْبَرَنِي مَالِكُ بْنُ أَوْسِ بْنِ الحَدَثَانِ النَّصْرِيُّ، أَنَّ عُمَرَ بْنَ الخَطَّابِ رَضِيَ اللَّهُ عَنْهُ دَعَاهُ، إِذْ جَاءَهُ حَاجِبُهُ يَرْفَا، فَقَالَ :هَلْ لَكَ فِي عُثْمَانَ، وَعَبْدِ الرَّحْمَنِ، وَالزُّبَيْرِ، وَسَعْدٍ يَسْتَأْذِنُونَ؟ فَقَالَ :نَعَمْ فَأَدْخِلْهُمْ، فَلَبِثَ قَلِيلًا ثُمَّ جَاءَ فَقَالَ :هَلْ لَكَ فِي عَبَّاسٍ، وَعَلِيٍّ يَسْتَأْذِنَانِ؟ قَالَ :نَعَمْ، فَلَمَّا دَخَلَا قَالَ عَبَّاسٌ :يَا أَمِيرَ المُؤْمِنِينَ اقْضِ بَيْنِي وَبَيْنَ هَذَا، وَهُمَا يَخْتَصِمَانِ فِي الَّذِي أَفَاءَ اللَّهُ عَلَى رَسُولِهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ مِنْ بَنِي النَّضِيرِ، فَاسْتَبَّ عَلِيٌّ،



وَعَبَّاسٌ، فَقَالَ الرَّهْطُ :يَا أَمِيرَ المُؤْمِنِينَ اقْضِ بَيْنَهُمَا، وَأَرِحْ أَحَدَهُمَا مِنَ الآخَرِ، فَقَالَ عُمَرُ : اتَّئِدُوا أَنْشُدُكُمْ بِاللَّهِ الَّذِي بِإِذْنِهِ تَقُومُ السَّمَاءُ وَالأَرْضُ، هَلْ تَعْلَمُونَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ، قَالَ :لاَ نُورَثُ مَا تَرَكْنَا صَدَقَةٌ يُرِيدُ بِذَلِكَ نَفْسَهُ؟ قَالُوا :قَدْ قَالَ ذَلِكَ، فَأَقْبَلَ عُمَرُ عَلَى عَبَّاسٍ، وَعَلِيٍّ فَقَالَ :أَنْشُدُكُمَا بِاللَّهِ، هَلْ تَعْلَمَانِ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ قَدْ قَالَ ذَلِكَ؟ قَالاَ :نَعَمْ.

**حوالہ:**

**"صحیح البخاری"، مؤلف: امام محمد بن إسماعيل أبو عبدالله البخاری الجعفی، ناشر :دار طوق النجاة ،مصر، سن اشاعت: ۱۴۲۲ھ، جزء:۵،صفحہ:: ۸۹**

**ترجمہ:**

''امام زہری فرماتے ہیں کہ مجھے مالک بن اوس بن حدثان نصری نے خبر دی کہ انہیں حضرت عمر بن خطاب رضی اللہ تعالیٰ عنہ نے بلایا، میں آپ کے پاس تھا کہ اچانک آپ کا خادم یرفا آپ کی بارگاہ میں حاضر ہوااور اس نے کہا کہ حضرت عثمان، حضرت عبدالرحمٰن ،حضرت زبیر اور حضرت سعد رضوان اللہ تعالیٰ علیہم اجمعین اندر آنے کی اجازت چاہتے ہیں۔آپ نے فرمایا کہ انہیں آنے دو۔تھوڑی دیر بعد خادم نے پھر آ کر کہا کہ حضرت علی اور حضرت عباس رضی اللہ تعالیٰ عنہما اجازت چاہتے ہیں۔آپ نے انہیں بھی اجازت عطا فرمائی۔ان دونوں حضرات کے داخل ہونے کے بعد حضرت عباس نے کہا: اے امیر المؤمنین! میرے اور ان کے درمیان فیصلہ فرمادیجئے۔یہ دونوں حضرات اس مال غنیمت کے بارے میں تنازع کا شکار ہو گئے تھے جو اللہ رب العزت نے اپنے نبی کو بنی نضیر میں سے عطا فرمایا تھا۔اور ان حضرت علی وعباس رضی اللہ تعالیٰ عنہما کے درمیان تکرار بڑھ گئی۔اس آئی ہوئی جماعت نے کہا کہ اے امیر المؤمنین ان دونوں حضرات کا فیصلہ فرمادیں اور ان دونوں کو ایک دوسرے سے راحت دلائیں۔آپ نے فرمایا کہ آپ سب حضرات سنجیدگی اختیار کریں۔میں تم سب کو اس ذات کی قسم دیتا ہوں جس کے حکم سے زمین وآسمان قائم ہیں۔کیا تم جانتے ہو کہ نبی کریم ﷺ نے ارشاد فرمایا کہ ہمارے مال کا کوئی وارث نہیں ہوتا، اور جو ہم چھوڑ جاتے ہیں وہ صدقہ ہے (اور آپ نے اس فرمان سے اپنی ذات مراد لی تھی)؟۔سب نے کہا کہ حضور نے ایسا ہی فرمایا تھا۔پھر حضرت عمر نے سیدنا عباس اور حضرت علی رضی اللہ تعالیٰ عنہم کے پاس آ کر ارشاد فرمایا کہ کیا تمہیں علم ہے کہ حضور نے ایسا ہی فرمایا تھا؟ ان دونوں حضرات نے کہا:۔ہاں حضور نے ایسا ہی فرمایا تھا۔''

## ⊙ ઉપરોક્ત ઉર્દૂ તર્જુમાનો ગુજરાતી અનુવાદ :-

**ઈમામ ઝહરી ફરમાવે છે કે મને માલિક બિન ઔસ બિન હદષાન નસ્રી એ જાણ કરી કે તેઓને હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ રદીઅલ્લાહો અન્હોએ બોલાવ્યા છે. હૂં આપની પાસે હતો કે અચાનક આપનો ખાદિમ 'યરફા' આપના દરબારમાં હાઝિર થયો અને તેણે કહયું કે – હઝરત ઉસ્માન – હઝરત અબ્દુર્રહમાન – હઝરત ઝુબૈર અને હઝરત સઅદ રદીઅલ્લાહો અન્હુમ અંદર પ્રવેશવાની રજા માંગે છે. આપે ફરમાવ્યું કે તેઓને અંદર આવવા દો. થોડીક વાર પછી ખાદિમે ફરી આવીને કહયું કે – હઝરત અલી અને – હઝરત અબ્બાસ રદીઅલ્લાહો અન્હુમા પણ અંદર આવવાની ઈજાઝત માંગે છે. આપે તે બન્નેને પણ અંદર આવવાની રજા આપી. આ બન્નેએ અંદર પ્રવેશ્યા બાદ હઝરત અબ્બાસે કહયું કે એ અમીરૂલ મોઅમેનીન! મારા અને એમના વચ્ચે ફેંસલો કરી દો. આ બન્ને એટલે કે હઝરત અલી અને હઝરત અબ્બાસ વચ્ચે તે માલે ગનીમત વચ્ચે વિવાદ થઈ પડેલો જે અલ્લાહ તઆલાએ પોતાના નબી ને બની નઝીરમાં અતા કરેલો. હઝરત અલી અને હઝરત અબ્બાસ વચ્ચેના વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા પ્રથમ આવેલા મંડળે કહયું કે એ અમીરૂલ મોઅમેનીન! આ બન્નેના ઝઘડાનો નિરાકરણ ફરમાવી દો અને બન્નેને એકબીજા પ્રત્યે સહાનુભૂતિ અપાવો.**

**આપે ત્યાં ઉપસ્થિતોને સંબોધીને ફરમાવ્યું કે તમો બધા ગંભીર થઈ જાઓ, હૂં તમો બધાને તે મુકદ્દસ ઝાતની કસમ આપુ છું, જેના હુકમથી આકાશ, ધરતી સ્થિર છે. શું તમો જાણો છો ? કે નબી–એ–કરીમ સલ્લલ્લાઓ અલૈહે વસલ્લમે ફરમાવ્યું કે, ''અમારા માલનો કોઈ વારસદાર નથી હોતો, અને જે કંઈપણ અમો મુકી જઈએ છીએં, તે સદકો છે. '' (અને આપે આ ફરમાન દ્વારા સ્વંય પોતાની ઝાતને આશય બનાવેલ. ) બધાએ કહયું કે હુઝૂરે આવું જ ફરમાવ્યું હતું. ત્યારબાદ હઝરતે ઉમરે હઝરત અબ્બાસ અને હઝરત અલી રદીઅલ્લાહો અન્હુમની સમીપ આવીને ઈરશાદ ફરમાવ્યું કે શું તમો જાણો છો કે હુઝૂરે આવું જ ફરમાવ્યું હતું? તે બન્નેએ કહ્યું કે, હા. હુઝૂરે આવું જ ફરમાવ્યું હતું.**



**–: હવાલો :–**

**''સહીહ બુખારી શરીફ''** સંપાદકઃ- ઈમામ મુહમ્મદ બિન ઈસ્માઈલ અબૂ અબ્દુલ્લાહ બુખારી જઅફી, ઈન્તેકાલ સન હિજરી- ૨૬૧, પ્રકાશક :- દાર તૌકુન્નજાત, ઈજિપ્ત - પ્રકાશન વર્ષ :સ.હિ. ૧૪૨૨. **જિલ્દ નં. ૫, પેઈજ નં. ૮૯.**

ઉપરોક્ત હદીષ શરીફ દ્વારા પુરવાર થયું કે **સરકારે–દોઆલમ હુઝૂરે અકદસ** ની હદીષ કે અમારો માલ વારસો નહીં બલ્કે સદકો છે. તે બિલ્કુલ સહીહ અને સચોટ છે. કેમ કે હઝરત ઉમરે આ હદીષની ચોકસાઈની ખાત્રી (૧) હઝરત ઉસ્માન (૨) હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ (૩) હઝરત ઝુબૈર ઈબ્ને અવામ (૪) હઝરત સઅદ (૫) હઝરત અબ્બાસ અને (૬) હઝરત અલી રદીઅલ્લાહો અન્હુમ જેવા જલીલુલ કદ્ર મહાન સહાબાના અનુમોદન અને સમર્થન દ્વારા કરાવી લીધી.

પુરવાર થયું કે હઝરત અબુબકર સિદ્દીક અને તેઓના પછી હઝરત ઉમર ફારૂકે **હુઝુરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના પરિવારજનોને વારસાથી વંચિત કર્યા છે, તેમાં કશું જ અજુગતું કે અન્યાયનું આચરણ નહોતું બલ્કે હદીષ ઉપર અમલવારી હતી.

હઝરત ઉમર ફારૂકે આઝમ રદીઅલ્લાહો અન્હોએ ખિલાફતનો હોદો સંભાળ્યો તો આપે પણ બાગે-ફિદકની જમીન તથા અન્ય સ્થાવર મિલ્કત અનુસંધાને **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ અને **હઝરત અબૂબકર સિદ્દીક** રદીઅલ્લાહો અન્હોનું અનુકરણ કરી ને તે મિલ્કતોની ઉપજની આવકને સદકા રૂપે ખુદાની રાહમાં જનકલ્યાણના કામોમાં જ ખર્ચ કરી. શીઆ ફિર્કાના અનુયાયીઓને ફક્ત એટલું જ કહેવાનું કે સહાબા-એ-કિરામને અહલે બૈયતના દુશ્મન ચિતરવા બાગે-ફિદક ની જમીનને મુખ્ય મુદ્દો બનાવીને જે પ્રચાર કરો છો, તમો ફક્ત એક જ વાત કરો છો કે **હઝરત ફાતેમાની બાગે ફિદકની જમીન અબુબકર અને ઉમરે આપી નહીં અને હડપ કરી ગયા. ફાતેમાનો વારસાઈ હક મારીને અન્યાય કરેલ છે.** પણ અમોએ અહીં સુધીના વર્ણનથી અલ-હમ્દોલિલ્લાહ! પ્રકાશિત સૂર્યની જેમ પુરવાર કરી દીધું છે કે સ્થાવર મિલ્કતના સમગ્ર પ્રકરણમાં હઝરત અબુબકર અને હઝરત ઉમરે લેશમાત્ર અન્યાય નથી કર્યો બલ્કે **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના ફરમાનનું ચુસ્તપણે પાલન કર્યુ છે. અને તે ફરમાનનું પાલન કરવામાં **હઝરત અબુબકરે** પોતાની શેહઝાદી હઝરત

આએશાને તથા **હઝરત ઉમર ફારૂકે** પોતાની શેહઝાદી **હઝરત હફસા** ને વારસાઈ હકથી મેહરૂમ કરેલ છે. તો શું તે બન્ને મહાન ઝાતે ગિરામી પોતાની પુત્રીઓના પણ દુશ્મન હતા? શું પોતાની સગી પુત્રીઓ સાથે પણ અન્યાય કરેલો ?

## ફિદકની જમીન અને અન્ય જમીનોનું વહીવટ અને નિયંત્રણ હઝરત ઉમરે પોતાની ખિલાફત ના કાળમાં હઝરત અબ્બાસ અને હઝરત અલીને સોંપી આપેલો.

**શીઆ ફિર્કાના લોકો !** હવે **'જિગર થામ કે પઢના.'** કેમ કે જે જમીનોનો વિવાદ ઊભો કરીને મહાન સહાબાને બદનામ કરવા માટે ના શસ્ત્ર તરીકે ઉપયોગ કરેલો, તે વિવાદિત જમીનો **હઝરત ઉમર ફારૂકે આઝમ**ના સમયથી જ **હઝરત અલી** અને હઝરત અબ્બાસને સોંપી દેવામાં આવેલી. ત્યારબાદ **હઝરત અબ્બાસ** તે જમીનોના વહીવટી કાર્યથી સ્વેચ્છાએ નિવૃત થઈ જતાં, તે બધી સ્થાવર મિલ્કતો ફકત **સૈયદુસ્સાદાત, મૌલા-એ-કાએનાત, હઝરત અલી શેરેખુદા** રદીઅલ્લાહો અન્હોના વહીવટ, નિયંત્રણ, કબ્જા અને સંચાલનમાં આવેલી. બાગે ફિદકની જમીન તથા ખૈબર અને બની નઝીરની જમીન જયારે હઝરત અલીના વહીવટ અને નિયંત્રણમાં આવી, ત્યારે હઝરત અલીએ પણ તે જમીનની ઉપજની આવકનો ઉપયોગ ⊙ **હુઝૂરે અકદસ** સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ⊙ **હઝરત અબૂબકર સિદ્દીક** અને ⊙ **હઝરત ઉમર ફારૂક** રદીઅલ્લાહો અન્હુમાને અનૂસરીને રાહે ખુદામાં જનકલ્યાણના કામોમાં જ સદુપયોગ કર્યો અને તેમાં વારસાઈ હકની બજવણી કરી નહીં અને **ખાતુને જન્નત હઝરત ફાતેમા, હઝરત અબ્બાસ** ની ઔલાદો અને **અઝવાજે મુતહહેરાત** એટલે કે સીધી લીટીના હકદાર વારસદારોને કંઈ પણ આપ્યું નહીં. તો શું મઆઝલ્લાહ ! **હઝરત અલીને પણ શીઆ લોકો અન્ય સહાબાની જેમ દુશ્મને એહલે બૈયત કહેશે?** શીઆ લોકો જવાબ આપે.



## હઝરત અલી પછી બાગે ફિદકનું શું થયું ?

### ⊙ સૌ પ્રથમ એક મહત્વના સંદર્ભ પ્રત્યે દ્રષ્ટિપાત કરીએ :-

اس کے بعد وہ حضرت عباس اور حضرت علی رضی اللہ عنہما کے قبضہ میں رہا۔ پھر حضرت عباس پر حضرت علی نے غلبہ پالیا۔ پھر حضرت علی کے بعد حضرت امام حسن بن علی کے قبضہ میں رہا، ان کے بعد حضرت امام حسین بن علی کے قبضہ میں رہا، ان کے بعد علی بن حسین کے قبضہ میں، ان کے بعد زید بن حسن بن علی رضی اللہ عنہم اجمعین کے قبضہ میں رہا۔ اس کے بعد مروان کے ہاتھ چڑھ گیا جو امیر تھا اور مروانیوں کے ہاتھ سے حضرت عمر بن عبدالعزیز رضی اللہ تعالیٰ عنہ کے قبضہ میں پہنچا۔''

**حوالہ:۔** ''مدارج النبوۃ'' (مترجم)، مصنف: محقق علی الاطلاق، حضرت شیخ عبدالحق محدث دہلوی علیہ الرحمہ (المتوفی ۱۰۵۲ھ)، ناشر: ادبی دنیا (دہلی)، جلد:۲، صفحہ: ۷۶۱

### ⊙ ઉપરોકત ઉર્દૂ ઈબારતનો ગુજરાતી અનુવાદ :-

**''ત્યારબાદ તે મિલ્કતો હઝરત અબ્બાસ અને હઝરતે અલી રદીઅલ્લાહો અન્હુમાના કબ્જામાં રહી. પછી હઝરત અબ્બાસ ઉપર હઝરત અલીનું વર્ચસ્વ સ્થાપિત થયું, પછી હઝરત અલી બાદ હઝરત ઈમામ હસન બિન અલીના કબ્જામાં, ત્યારબાદ હઝરત ઈમામ હુસૈન બિન અલીના કબ્જામાં, ત્યારબાદ અલી બિન હુસૈન (ઝૈનુલ આબેદિન) અને હસન બિન હસન એ બન્ને ભાઈઓના કબ્જામાં, આ બન્ને ભાઈઓ વારાફરતી વહીવટ કરતા. ત્યાર બાદ ઝૈદ બિન હસન બિન અલી બિરાદર ઝાદા ઈમામ હુસૈન બિન અલી રદીઅલ્લાહો અન્હુમના કબ્જામાં રહી. ત્યાર બાદ આ મિલ્કત 'મર્વાન'ના હાથમાં ચઢી ગઈ કે જે હાકિમ હતો. ત્યાર બાદ મર્વાનિયોના હાથમાંથી હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝના કબ્જામાં આ મિલ્કત આવી.''**

હવાલો :- **''મદારેજુન્નબુવ્વત''** (ઉર્દૂ અનુવાદ) લેખક :- મુહકિક અલલ ઈત્લાક, હઝરત શેખ અબ્દુલહક મુહદ્દિષ દહેલ્વી, ઈન્તેકાલ :- સન હિજરી - ૧૦૫૨, પ્રકાશક :- અદબી દુનિયા - દિલ્હી, **જિલ્દ નં.૨, પેઈજ નં. ૮૬૧.**

✪ હવે આપણે ''**બાગે-ફિદક**'' તથા અન્ય જમીનોની વહીવટી અને નિયંત્રણ ક્ષેત્રે થએલી બદલીઓ સંક્ષિપ્ત વિગત ફકત એક જ દ્રષ્ટિએ નિહાળીએ :-

| **નં.** | **કોનો કબ્જો, વહીવટ અને નિયંત્રણ** | |
|---|---|---|
| ૧ | હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ | મૂળ માલિક પ્યારા નબી |
| ૨ | હઝરત અબુબકર સિદ્દીક રદીઅલ્લાહો અન્હો | ઈસ્લામના પહેલા ખલીફા |
| ૩ | હઝરત ઉમર ફારૂકે આઝમ રદીઅલ્લાહો અન્હા | ઈસ્લામના બીજા ખલીફા |
| ૪<br>૪A | હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ અને<br>હઝરત અલી ઈબ્ને અબી તાલિબ<br>રદીઅલ્લાહો અન્હુમા બન્ને વચ્ચે સંયુકત } | હુઝૂર અકદસના કાકા<br>ઈસ્લામના ચૌથા ખલીફા |
| ૫ | હઝરત ઈમામ હસન બિન અલી | હઝરતઅલીના જયેષ્ઠ પુત્ર |
| ૬ | હઝરત ઈમામ હુસૈન બિન અલી | પુત્ર. શેહઝાદ-એ-અલી શહીદે કરબલા |
| ૭ | હઝરત ઈમામ અલી બિન હુસૈન (ઝૈનુલ આબેદીન) તથા હઝરત ઈમામ હસન મુષના તથા હસન - બન્ને વચ્ચે સંયુકત | હઝરત ઈમામ હુસૈનના શેહઝાદાતથા હઝરત ઈમામ હસનના શેહઝાદા |
| ૮ | હઝરત ઈમામ ઝૈદ બિન હસન બિન અલી | હઝરત ઈમામ હસનના શેહઝાદા |
| ૯ | મર્વાન બિન હકમ | ( x ખોટી વ્યકિત) |
| ૧૦ | હઝરત ઉમર બિન અબ્દુલઅઝીઝ | ○ પહેલી સદીના મુજદ્દિદ<br>○ ફારૂકે આઝમની પૌત્રીના પુત્ર |

ઉપરોકત નં. ૨ એટલે કે **હઝરત અબુબકર સિદ્દીક** થી લઈને નં. ૧૦ સુધી **હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ** સુધીમાંથી નંબર ૯ મર્વાન બિન હકમને બાદ કરતાં **કુલ નવ (૯)** નફૂસે-કુદસિયા કે જેમણે **હુઝૂરે અકદસે** પર્દો ફરમાવ્યા પછી વારસા તરીકેની મિલ્કતો **(૧) બાગે ફિદકની જમીન (૨) ખૈબરની જમીન અને (3) બની નઝરિની જમીન** નું વહીવટ અને સંચાલન તે મુજબ જ કર્યો, જે પ્રમાણે



હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે વહીવટ ફરમાવ્યો. નંબર ૯, મર્વાન ને બાદ કરતા નં. ૨ થી નં. ૧૦ સુધીના **કુલ નવ (૯)** વહીવટદારોએ ઉપરોકત સ્થાવર મિલ્કતમાંથી એક પણ વારસદારને વારસાઈ હક આપ્યો નહીં અને તે મિલ્કતોની ઉપજની આવકનો રાહે ખુદામાં જન કલ્યાણના કાર્યોમાં સદ ઉપયોગ કર્યો. તે બધાએ વારસદારોને મિલ્કતમાંથી વારસાઈ હકની બજવણી ન કરી. તો પછી ફકત **નં. ૨ હઝરત અબુબકર** અને **નં. 3 હઝરત ઉમર** ઉપર જ શા માટે આક્ષેપ કરવામાં આવે છે કે આ બન્ને જણાએ એહલે બૈયત પ્રત્યે શત્રુતા અને પૂર્વગ્રહની ભાવનાના કારણે એહલે બૈયતને મિલ્કતમાંથી વારસો આપ્યો નહિં, હળાહળ અન્યાય કર્યો અને મિલ્કત હડપ કરી ગયા.

જો **નંબર - ૨** અને **નંબર - 3** ના મહાનુભાવો મિલ્કતો હડપ કરી જ ગયા હતા, તો પછી તે મિલ્કતો **નંબર-૪** થી **નંબર - ૧૦** (નંબર ૯ ને બાદ કરતા) બાકીના **આઠ (૮)** મહાનુભાવોના કબ્જામાં વહીવટ કરવા માટે શા માટે આવી ? વધુ આશ્ચર્યની વાત તો એ છે કે હઝરત ઉમર પછી ના વહીવટદારોમાંથી **સાત (૭)** વ્યકિત એવા વહીવટદારો હતા કે **જેઓ ઉચ્ચકક્ષાના એહલે બૈયત બલ્કે એહલે બૈયતના આગેવાન અને સરદારો હતા.** આ બધાએ પણ ''**બાગે ફિદકની જમીન**'' અને અન્ય સ્થાવર મિલ્કતોમાં વારસાઈ હક શા માટે અમલી ન બનાવ્યો? **શું તેઓ પણ હઝરત અબુબકર અને હઝરત ઉમરની જેમ એહલે બૈયતના દુશ્મન હતા ?** એક વિશેષ હવાલો જુઓ :-

''اور دلیل ثبوت وصحت اس خبر کی بلکہ تمام اہلِ بیت پر حضرت امیر المؤمنین رضی اللہ تعالیٰ عنہ سے لے کر آخر تک یہ ہے کہ جب ترکہ آنحضرت ﷺ کا ان کے قبضہ میں پڑا تو حضرت عباس اور ان کی اولاد سب کو خارج کیا اور دخل نہ دیا۔ اور ازواج کو بھی ان کا حصہ نہ دیا۔ پس اگر میراث ترکہ پیغمبر ﷺ میں جاری ہوتی تو یہ بزرگوار کہ شیعہ کے نزدیک معصوم ہیں اور اہل سنت کے نزدیک محفوظ ہیں کس طرح یہ حق تلفی صریح روا رکھتے۔ کیونکہ باجماع اہل سیر اور تواریخ والوں اور علمائے حدیث کے ثابت اور طے شدہ ہے کہ متروکہ آنحضرت ﷺ کا خیبر اور فدک وغیرہ سے عمر بن خطاب رضی اللہ تعالیٰ عنہ کے عہد میں حضرت علی اور حضرت عباس رضی اللہ تعالیٰ عنہما کے اختیار میں تھا۔ حضرت علی نے حضرت عباس پر غلبہ کیا اور بعد علی مرتضیٰ کے حسن

بن علی، ان کے بعد حسین بن علی پھر علی بن حسین اور حسن بن حسن رضی اللہ تعالیٰ عنہم اجمعین کے ہاتھ آیا کہ دونوں اس میں تداول کرتے رہے یعنی ایک دوسرے کے اختیار میں جاتا تھا۔ ان کے بعد زید بن حسن بن علی متصرف ہوئے رضی اللہ تعالیٰ عنہم اجمعین۔ پھر مروان کے قبضہ میں کہ وہ امیر تھا پڑا اور مروانیوں کے اختیار میں رہا حتی کہ نوبت خلافت عمر بن عبدالعزیز کی پہنچی۔ یہ ایک شخص عادل تھا اس نے کہا کہ میں اس چیز کو جس کے لئے پیغمبر خدا صلی اللہ علیہ وسلم نے حضرت فاطمہ کو منع کیا اور روانہ رکھا اور نہ دیا، نہ لوں گا۔ میرا اس میں کوئی حق نہیں ہے۔ میں اس کو پھیرتا ہوں، پس اس کو اولاد فاطمہ پر لوٹا دیا۔ پس بعمل ائمۂ معصومین کے اہل بیت سے معلوم ہوا کہ ترکہ آنحضرت صلی اللہ علیہ وسلم کا میراث نہ تھا نہ حکم میراث اس میں جاری ہوا۔ اب آیتِ میراث نے حدیث مذکور سے خصوصیت پائی۔"

**حوالہ:۔**

"تحفۂ اثنا عشریہ" (مترجم)، مصنف: حضرت شاہ عبدالعزیز محدث دہلوی علیہ الرحمہ (المتوفی: ۱۲۳۹ھ)، ناشر: اعتقاد پبلشنگ ہاؤس (نئی دہلی)، باب: ۱۰، صفحہ: ۵۷۰ اور ۵۷۱

## ⊙ ઉપરોક્ત ઉર્દૂ ઈબારતનો ગુજરાતી અનુવાદ :-

**''અને આ બાબતની સાબિતી અને સચ્ચાઈ બલ્કે સમગ્ર એહલે બૈયત અને ખાસ કરીને અમીરૂલ મોઅમેનીન (હઝરત અલી) થી લઈને છેવટ સુધી એ છે કે જયારે ''તર્કો'' એટલે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે પર્દો ફરમાવીને જે માલ-મિલ્કત તજેલી, તેના ઉપર જયારે તેઓનો કબ્જો થયો, તો હઝરત અબ્બાસ અને તેમના સંતાનો બધાને વારસાથી વંચિત કરી દીધા. અને કંઈ જ ન આપ્યું અને અઝવાજ (પૂનિત પત્નિઓ)ને પણ તેઓનો વારસાઈ હક આપ્યો નહીં. જેથી જો પયગમ્બર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના તજેલા માલમાં ''મિરાષ'' (વારસાઈ હક) અમલમાં આવે, તો હઝરત અલી કે જેઓ શીઆ પંથીઓની દ્રષ્ટિએ ''માસૂમ'' છે અને એહલે બૈયતની દ્રષ્ટિએ ''મેહફૂઝ'' છે, તે હઝરત અલીએ વારસદારોનો હક મારવાનું શા માટે માન્ય રાખ્યું? કેમકે ઈતિહાસકારો, સમીક્ષકો અને હદીષો ના જાણકાર**



**વિદ્વાનો એ બાબતે એકમત, એકત્રિત અને સ્વીકૃતકર્તા છે. નબીએ કરીમ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે પોતાની પાછળ છોડેલી ખૈબર અને ફિદકની મિલ્કતો હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ ના ખિલાફતના કાળમાં હઝરત અલી અને હઝરત અબ્બાસના સંયુકત અધિકાર અને સત્તા હેઠળ હતા. ત્યારબાદ હઝરત અલીનું હઝરત અબ્બાસ ઉપર વર્ચસ્વ સ્થાપિત થયું અને તે મિલ્કતો હઝરત અલીની સ્વતંત્ર સત્તા હેઠળ આવી. હઝરત અલી મુર્તઝા પછી આ મિલ્કતો હસન બિન અલી, તેમના પછી હુસૈન બિન અલી ત્યાર બાદ અલી બિન હુસૈન અને હસન બિન હસન રદીઅલ્લાહો અન્હુમ અજમઈન ના કબ્જામાં આવી અને આ બન્ને વારાફરતી વહીવટ કરતા હતા એટલે કે એક ના પછી બીજા ના નિયંત્રણમાં આ મિલ્કતો જતી હતી. ત્યારબાદ ઝૈદ બિન હસન બિન અલી ના વહીવટ હેઠળ આવી. ત્યારબાદ મર્વાનના કબ્જામાં આવી કેમ કે મર્વાન હાકિમ (અમલદાર) હતો. અમુક સમય સુધી આ મિલ્કતો મર્વાનીઓ ના કબ્જામાં રહયા બાદ આ મિલ્કતો ખલીફા ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝના કબ્જામાં આવી. ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ ન્યાયપ્રિય શખ્સ હતા. તેમણે કહયું કે હૂં તે મિલ્કતો કે જેના માટે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે હઝરત ફાતેમાને મનાઈ કરી અને આપવાનું યોગ્ય ન રાખ્યું. હૂં તે મિલ્કતો નહી લઊં, મારો તેમાં કોઈ અધિકાર નથી. હૂં તેને પરત કરૂ છું - આમ કહી તેમણે આ મિલ્કતો ઔલાદે ફાતેમાને પરત આપી દીધી. એહલે બૈયતના નિર્દોષ ઈમામોના વલણ દ્વારા પુરવાર થયું કે હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે તજેલી મિલ્કતોમાં કોઈને વારસો નહી મળે અને તેમાં વારસાઈ હક પણ લાગૂ નહી પડે. વારસા અંગેની કુરઆનની આયતનું આ હદીષ દ્વારા વિશેષતા પ્રાપ્ત થઈ.**

હવાલો: **''તોહફ-એ-ઈષના-અશરિયા''** (ઉર્દૂ અનુવાદ) લેખક :- શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દીષ દહેલ્વી - ઈન્તેકાલ :- સન હિજરી - ૧૨૩૯, પ્રકાશક:- એતકાદ પબ્લીશિંગ હાઉસ, દિલ્હી **પેઈજ નં. ૫૭૦ અને પેઈજ નં. ૫૭૧.**

# શીઆ ફિર્કાના ગાલ ઉપર તમતમતો તમાચો!!

બાગે ફિદકની જમીનના મામલાને મુખ્ય ધ્યેય અને આશય બનાવી **હઝરત અબુબકર સિદ્દીક** અને **હઝરત ઉમર ફારૂકે આઝમ** રદીઅલ્લાહો અન્હુમાના પવિત્ર દામન ઉપર કુટિલતાનો કાદવ ઉછાળી તેઓને એહલે બૈયતના શત્રુ, એહલે બૈયતની વારસાઈ મિલ્કત હડપ કરી જઈને અન્યાય કરનારા અને અત્યાચારી કહેનાર શીઆ ફિર્કાના બેશરમ ચહેરાના ખડબચડા ગાલ ઉપર તમતમતો તમાચો ચોંટાડી દઈને હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે દહેલ્વી રદીઅલ્લાહો અન્હો ફરમાવે છે કે :-

''بالفرض اگر وصیت واقع ہوئی ہو اور ابو بکر رضی اللہ تعالیٰ عنہ کو اس کی اطلاع نہ ہوئی نہ گواہوں سے ثبوت کو پہونچی تو وہ خود معذور ہوئے، لیکن حضرت امیر رضی اللہ تعالیٰ عنہ کو اپنی خلافت میں کیا عذر تھا کہ اس وصیت کو جاری نہ فرمایا بلکہ موافق اگلے دستور کے فقیروں اور مسکینوں اور مسافروں میں تقسیم کرتے رہے۔ اگر اپنا حصہ تقسیم کرتے رہے خدا تعالیٰ کی راہ میں تو حسنین رضی اللہ تعالیٰ عنہما اور ان کی بہنوں کو ان کی ماں کی میراث سے کیوں محروم کیا۔''

**حوالہ:۔**

''**تحفۂ اثنا عشریہ**'' (مترجم)، مصنف: حضرت شاہ عبدالعزیز محدث دہلوی علیہ الرحمہ (المتوفی: ۱۲۳۹ھ)، ناشر: اعتقاد پبلشنگ ہاؤس (نئی دہلی)، باب: ۱۰، صفحہ: ۵۸۰

⊙ ઉપરોકત ઉર્દૂ ઈબારતનો ગુજરાતી અનુવાદ :-

**''ધારી લો કે જો વારસાઈ લાગૂ પડી હોય અને તે અંગેની કોઈ વસીય્યત હોય અને તે વસીય્યતની હઝરત અબૂબકર રદીઅલ્લાહો અન્હોને તેની જાણકારી ન મળી હોય અને સુક્ષમ સાક્ષીઓ દ્વારા વસીયતની કોઈ ગવાહી ન મળી હોય અને હઝરત સિદ્દીકે અકબર વારસાઈ લાગૂ ન કરતા હોય, તો**



**તેઓનું આ આચરણ ક્ષમ્ય છે – પણ હઝરત અલી રદીઅલ્લાહો અન્હોને પોતાની ખિલાફતના કાળમાં એવું શું કારણ હતું કે તે વસીય્યત પૂરી ન કરી. બલ્કે અગાઉની પ્રણાલિકા અને પ્રથા મુજબ મિલ્કતોની આવક ફકીરો, મિસ્કિનો અને મુસાફિરોમાં તકસીમ કરતા રહયા, જો સ્વંયનો હિસ્સો ખુદાની રાહમાં ખૈરાત કરી નાખ્યો હોત, તો ઠીક છે, પણ ઈમામે હસન અને ઈમામે હુસૈન રદીઅલ્લાહો અન્હુમા અને તેઓની બહેનોને તેઓની વાલેદા (માઁ) ના વારસાથી શા માટે મેહરૂમ (વંચિત) કર્યા.''**

**હવાલો :–** ''તોહફા-ઈષના-અશરિયા'' ઉર્દૂ અનુવાદ) - લેખક :- શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી - ઈન્તેકાલ :- સ.હિ. ૧૨૩૯, પ્રકાશકઃ એતકાદ પબ્લીશિંગ હાઉસ, દિલ્હી, પ્રકરણ-૧૦, **પેઈજ નં.– ૫૮૦.**

વાંચક મિત્રોથી વિનંતી કે બાગે-ફિદકના વારસા વિવાદનું હવે આપ સાહેબો માટે સંપૂર્ણપણે સંતોષપ્રદાન કરતો ખુલાસો થઈ ગયો હશે. સંપૂર્ણ સંતોષદાયક ખુલાસો પ્રદાન કરવા ઘણી વિસ્તૃત ચર્ચા કરવી પડી છે. આ પ્રમાણે જો દરેક આક્ષેપના અનુસંધાને વિસ્તૃત આલોચનાત્મક ચર્ચા કરશું તો પુસ્તક દળદાર બની જશે. માટે અન્ય આક્ષેપો અંગે કોઈ વિવેચન કર્યા વગર ફકત આક્ષેપ પ્રત્યે નિર્દેશન કરી દેવામાં આવે છે. ઈન્શાઅલ્લાહ! અન્ય પુસ્તકોના આલેખનમાં આ કમી પૂરી કરી દેવામાં આવશે. અને દરેક આક્ષેપનો 'બાગે-ફિદક'ના આક્ષેપના જવાબની જેમ જડબાતોડ જવાબ લખવામાં આવશે.

# શીઆ ફિર્કાના સહાબા પર અન્ય આક્ષેપો

**–: આક્ષેપ :–**

**'હઝરત ઉમર ફારૂક રદીઅલ્લાહો અન્હોએ ખાતૂને જન્નત હઝરત ફાતેમાનું મકાન સળગાવી નાખ્યું અને આપના પડખામાં તલવારનો એવો પ્રહાર કર્યા કે જેના કારણે આપનો હમલ સાકિત થઈ ગયો.** (હમલ એટલે ગર્ભ પડી ગયો. કસુવાવડ થઈ ગઈ.)'

(હવાલો :- **'તોહફા ઈષના અશરિયા'** - ઉર્દૂ અનુવાદ - **પેઈજ નં. ૬૦૫**)

**-: આક્ષેપ :-**

**'હઝરત ઉમરે માલે ગમીનત (લડાઈમાં પ્રાપ્ત થતી સંપતિ) માંથી એહલે બૈયતનો જે પાંચમો ભાગ થાય તે આપ્યો નહીં અને કુરઆનના હુકમની વિરૂધ્ધતા કરી.'**

(હવાલો :- **'તોહફાએ ઈષના અશરિયા'** - ઉર્દૂ અનુવાદ :- **પેઈજ નં. ૬૨૧**)

**-: આક્ષેપ :-**

**'તમામ સહાબા હઝરત અલીની દુશ્મની અને હઝરત ફાતેમાને કષ્ટ પહોંચાડવા માટે એકત્રિત થઈ ગએલા અને હઝરત અલીથી લડાઈ કરી.'**

(હવાલો :- **સદર - પેઈજ નં. ૭૦૯**)

આવા તો અનેક મનઘડત અને ઉપજાવી કાઢેલા આક્ષેપો સહાબા-એ-કિરામ રદીઅલ્લાહો અન્હુમ અજમઈનના શિરે થોપીને એવું સાબિત કરવાની મિથ્યા ચેષ્ટા કરે છે કે સહાબા-એ-કિરામની સમગ્ર જમાઅત એહલે બૈયત અને ખાસ કરીને હઝરત અલી અને હઝરત ફાતેમા રદીઅલ્લાહો અન્હુમાના દુશ્મન હતા.

**શીઆ ફિર્કાના પ્રચારનો મુદ્દો નં. ૪**

**શીઆ બની જવામાં લાભમલાભ = પાપ લાગે જ નહીં = આનંદ પ્રમોદની છૂટછાટ = સ્વર્ગનો પીળો પરવાનો પ્રાપ્ત = નર્કમાં જવાનો ભય જ નહીં = આ-જા-ફસા-જા ની સ્કીમ=તબાહી અને બરબાદી**

આ કિતાબના **પેઈજ નં. ૯૯** ઉપર શીઆ ફિર્કાના પ્રચાર માધ્યમના મુદ્દા નં. ૪ ના અનુસંધાને ઘણી જ છણાવટ કરીને વિસ્તૃત માહિતી પ્રદાન કરી દેવામાં આવી છે. જેનો ફરી એક વખત વાંચન કરી જવા વિનંતી છે.

